


ભારતી સાહિત્ય સંઘ · અમદાવાદ · મુંબઈ

ભારતી-પ્રકાશન : ૯૭

ઘરની વહુ

લેખક

શ્રી. પ્રભાવતીદેવી સરસ્વતી

અનુવાદક

શ્રી. લાભુબેન મહેતા

ભારતી સાહિત્ય સંઘ

પો. બો. નં. ૭૩ અમદાવાદ

પો. બો. નં. ૯૭૮ મુંબઇ

ટે. નં. ૨૨૦૫૭

[illegible]ં શ્રેષ્ઠ શિખર એવરેસ્ટ

નદીઓમાં સૌથી પવિત્ર ગંગાજી

અને

તમાકુ • તપકીર(છીંકણી) • જરદા

આ બધું ખરીદવાનું સતત ૧૦૦ વર્ષથી પ્રગતિ કરી રહેલું

મહાગુજરાતનું માનીતું કારખાનું

મહાસુગંધી સ્નફ વર્કસ

—અમારી પ્રખ્યાત રજિસ્ટર્ડ બનાવટો—

ખાસ ઘસવા માટે જ
“ મુકુલ સ્નફ ”
ટૂથ પાવડર

ટૂથ પાવડર જેવા જ સ્વાદવાળી આ તપકીર દાંત ઉપરની છારી ખેરવી નાખી દાંત મજબૂત કરે છે.

નાના ટીનના ૦–૪–૦ મોટા ટીનના ૦–૭–૦

ખાસ સૂંઘવા માટે જ
“મેડિકેટેડ તપકીર”

ઔષધિમિશ્રિત મનોહર સુગંધીવાળી કાળી ઘૂંટેલી તપકીર.

શીશી ૧ના ૦–૩–૦: શીશી ૧૨ ના ૧–૧૪–૦

૨ ઔંસ–૪ ઔંસના પેકીંગમાં : રતલ ૧ના રૂ. ૪–૦–૦

ઘસવા–સૂંઘવા માટે
રાણીસિંહ છાપ
મહાસુગંધી તપકીર

તેના ઔષધિયુક્ત ગુણો, તેની મૃદુ ચિરસ્થાયી શીતળ સુવાસ અને તેનો કુદરતી રંગ તમને તુરત પસંદ પડી જશે.

૨ ઔંસ–૪ ઔંસના ટીનના સુંદર પેકીંગમાં : રતલ ૧ ના રૂ. ૨–૦–૦

આ સિવાય પાનમાં ખાવા માટે સુવાસિત જરદા, હુક્કીની તમાકુ, ઊંચી પાંદડીની સાદી તપકીરો વગેરે અનેક બનાવટો અમારે ત્યાં તૈયાર થાય છે. એક જ પોસ્ટકાર્ડ લખો અને વળતી જ ટપાલે અમારું બધું સચિત્ર મફત સાહિત્ય તમને મળી જશે. **વેપારીઓને ખાસ લાભ અપાય છે.**

મ હા સુ ગં ધી સ્ન ફ વ ર્ક સ

પ્રો. ધોળકિયા રણછોડદાસ ઝીણાભાઈ

સિહોર (કાઠિયાવાડ) B. S. Ry.

સુધાને–

નવરચના ભેટપુસ્તક પાંચમું

પહેલી આવૃત્તિ • મે ૧૯૪૧

o

• અનુક્રમ •

• પ્રકાશક •
લક્ષ્મીદાસ પુરુષોત્તમ ગાંધી
ભારતી સાહિત્ય સંઘ
ત્રણ દરવાજા • અમદાવાદ

• મૂલ્ય •
ભેટઆવૃત્તિ
૧-૪-૦
પાકું પૂઠું
૧-૮-૦

• મુદ્રક •
ઈશ્વરલાલ મોતીલાલ
ઓરિયેન્ટલ પ્રિન્ટિંગ વર્ક્સ
પાનકોરનાકા • અમદાવાદ

૧

સળગતું સ્મરણ

ટપાલી આવીને કેટલાક કાગળો નાખી ગયો.

ચંદ્રમોહન બસુ એ વખતે તકિયાને અઢેલીને તમાકુ પીતા હતા. આવેલી ટપાલને એમણે માત્ર એકવાર ઉપર ઉપરથી જોઈ લીધા.

એક લગ્નપત્રિકા, એક કાશીથી ગુરુદેવનો પત્ર, જેમાં તેઓ તુરતમાં જ આવે છે એવા સમાચાર હતા; ત્રીજો પત્ર નદિયા જિલ્લાના મહેરપુર ગામથી એક મિત્રનો, અને ચોથો હતો રૂદ્રપુરની પોસ્ટઓફિસની છાપવાળો.

આ છેલ્લા પત્રે ચંદ્રમોહનનું ધ્યાન જરા વધુ ખેંચ્યું એટલે સૌથી પહેલો એમણે એ પત્ર હાથમાં લીધો.

કવર ફોડીને એક ક્ષણમાં નજર ફેરવી લીધી. તુરત જ ધૃણાથી એમનું મોં બગડી ગયું અને હાથમાંથી પત્ર નીચે ફેંકી દઈને ફરીવાર તેઓ તમાકુ પીવા લાગ્યા.

પત્ર ન ફોડયો હોત તો જ સારું થાત. આ રીતે પત્ર આવવાની કાંઈ નવાઈ ન હતી. આ પહેલાં પણ ઘણા પત્રો આવેલા અને બધા જ પાછા વાળ્યા હતા.

ઘણીવાર સુધી તમાકુ પીધે રાખ્યા બાદ હોકામાં કોલસા

નથી એનો ખ્યાલ આવ્યો, તમાકુ પણ ક્યારની બળી ગઈ હતી.

સરખી રીતે ફરીવાર બેસવા જતાં ફરીવાર એ પત્ર પર નજર પડી એટલે વળી પત્ર ફરીવાર ઉપાડયો. પત્ર રૂદ્રપુરથી ગઈ-કાલની તારીખનો હોય એમ લાગતું હતું. રંજનની મા ચંદ્રમોહનની વેવાણનો લખેલો એ પત્ર હતો.

હમેશની એ એક જ વાત–અનૂલાને તેડાવવાની આજીજી.

પરંતુ હવે એ વાતમાં માલ નથી, કાંઇ થઈ શકવાનું પણ નથી.

અનૂલા સાથેના રંજનના વિવાહ પાછળ એક મોટો ઈતિહાસ છે.

કેટલીક વાર ન બનવાનું બની જાય છે. કહેવત છે કે, વિધિના લેખ મિથ્યા નથી થતા તે વાત સાચી છે. અનૂલાના વિવાહ સંબંધમાં એ તદ્દન સાચું ઠર્યું છે.

પુષ્કળ પૈસાપાત્ર ચંદ્રમોહન બસુની લાડીલી કન્યા અનૂલા, અને તેનો વિવાહ થયો દૂરના ગામડાના ગરીબ રંજન સાથે.

ચંદ્રમોહનની વિધવા બહેન જ આ લગ્નનું મૂળ હતી. રૂદ્રપુરમાં એના સાસરાનાં મકાન હતાં, ત્યાં એ અનૂલાને કયારેક કયારેક લઈ જતી. ચંદ્રમોહનને એમાં કાંઇ વાંધા જેવું લાગતું નહિ. વિધવા બહેન તેની પાસે જ રહેતી. વરસે એકવાર આઠ–દસ દિવસ રૂદ્રપુર જઈ જમીનનું મહેસૂલ અદા કરી આવતી. પહેલાં પણ અનૂલા ઘણીવાર તેની સાથે રૂદ્રપુર ગઈ હતી. છેલ્લી વખતે આઠ વર્ષની અનૂલાનું લગ્ન એ ત્યાં જ પતાવી દેશે એવો તો ચંદ્રમોહનને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો.

રંજનની ઉંમર એ વખતે માત્ર પંદર વર્ષની હતી. સ્થિતિ

પણ ખાસ સારી હતી એવું કાંઈ નહોતું. થોડી એવી જમીન હતી એમાંથી ગમે તેમ કરીને નિર્વાહ ચલાવતો.

અરુંધતી સાથે રંજનની માને કયે વખતે શું વાત થઈ હશે તે તો કોણ જાણે, પણ એ વચનનું પાલન આ વિવાહથી થયું.

આ વાત જ્યારે કલકત્તા ચંદ્રમોહન પાસે પહોંચી ત્યારે તેની સ્થિતિ શું થઈ હશે એનું સહેજે અનુમાન કરી શકાય છે.

એકાદ કલાક સુધી ઘરમાં આમતેમ આંટા માર્યા, નોકરને ધમકાવ્યા, સૌના પર ક્રોધ કર્યો અને છેવટે પોતાની મેળે શાંત થયા.

તેમના ભાઈ અમરેશે સાંત્વન આપ્યું. 'જે બની ગયું છે તે હવે ન બન્યું કરી શકાશે નહિ. હિંદુ–વિવાહ એ કાંઈ ફેરવી શકાય એવો સંબંધ નથી.'

તોપણ ચંદ્રમોહન જોરજોરથી બોલવા લાગ્યો કે, 'તે આ વિવાહને પ્રમાણિત ગણશે નહિ.'

અમરેશે સમજાવ્યું, 'એમ કશું થઈ શકે નહિ, તમે પોતે વકીલ છો, 'હિંદુ કાયદો' ફરી એકવાર ઉથલાવી જુઓ એટલે ખબર.'

વકીલ ચંદ્રમોહન ચુપ થઈ ગયા.

ત્યારપછી એના કડક પત્રને લીધે અનૂલા પાછી આવી ગઈ, પણ અરુંધતી ફરીવાર આવી નહિ.

ચંદ્રમોહને જમાઈની કશી તપાસ કરી નહિ, વિવાહ સંબંધે પુત્રીને એક પણ પ્રશ્ન કર્યો નહિ, જાણે કશું બન્યું નથી એ રીતે જ એણે પુત્રીને આવકારી લીધી.

દિવસ પર દિવસ વીતવા લાગ્યા.

ચંદ્રમોહનની પત્ની હતી નહિ, અનૂલા ફઈની પાસે જ ઊછરી હતી. બે ભાઈઓ હતા, પણ તેઓ આવી વાતમાં કાંઈ માથું મારતા નહિ.

વૃદ્ધ દાસી શ્યામાએ એકવાર અનૂલાને સેંથીમાં સિંદૂર પૂરી દીધેલું ત્યારે ચંદ્રમોહને એને પકડીને સારી પેઠે મારેલી; ત્યારપછી કોઈએ કદી અનૂલાના સેંથામાં સિંદૂર જોયું નહિ.

અનૂલા જેમ નિશાળે જતી એમ જ જવા લાગી. ક્રમે એણે મૅટ્રિક અને 'એફ. વાય.' પસાર કરી દીધાં. હાલ તે કોલેજના ચોથા વરસમાં ભણે છે.

આજે પણ એક દિવસ તેનો વિવાહ થયો હતો તેની ઝાંખી સ્મૃતિ એને જાગી ઊઠે તો અનૂલા અન્યમનસ્ક થઈ જાય છે, પરંતુ તે એટલી વાર માટે જ.

ચંદ્રમોહન પર આ દસ વર્ષ સુધીમાં સામા પક્ષેથી લગભગ દસ–બાર પત્રો આવ્યા હતા, પણ કોઈ પત્રનો એણે સ્વીકાર કર્યો નહોતો—બધા પત્રો પાછા ફેરવ્યા હતા.

માત્ર આજે જ આ પત્ર એનાથી લેવાઈ ગયો ને ફોડાયો. એ પત્ર અનૂલાના હાથમાં આવે અને તે રૂદ્રપુર સંબંધમાં કશી વાત જાણવા પામે એવું ચંદ્રમોહન ઈચ્છતા નહોતા, એટલે એમણે એ પત્ર ફાડીને બારીમાંથી બહાર ફેંકી દીધો.

તે તો સમજતો હતો કે અનૂલા આ બધું ભૂલી ગઈ છે. આઠ વરસની ઉંમરે એક રાત્રે શી ઘટના બની ગઈ છે તે આજ દસ–અગિયાર વરસ પછી યાદ હોય એવો સંભવ નથી.

૨

મધુર સ્મૃતિ

બૅડમિંગ્ટન રમવા માટે બેટ લઈને નીચે ઊતરતાં અનૂલાની નજર જાળી નીચે પડેલા કાગળના ફાટેલા કટકાઓ પર પડી.

પાસે જઈને જોતાં એક કકડા પર માત્ર એટલું દેખાયું કે "વ્હને રંજન—"

આતુરતા જાગી ઊઠી. અનૂલાએ એકવાર ચારે તરફ નજર ફેંકીને જોયું તો થોડે દૂર તેનો મોટો ભાઈ નિરુપમ નેટ બાંધવામાં એટલો મશગૂલ હતો કે આ બાજુ નજર નાખવાનો તેને અવકાશ ન હતો, અને બીજું કોઈ એટલામાં હતું નહિ. અનૂલાએ ઝડપથી કાગળના ટુકડાઓ ભેગા કરી કબજાના ખિસ્સામાં સંતાડી દીધા.

રમવામાં તેનું મન ચોંટયું નહિ. હસતાં હસતાં ભાભીએ ટોણું માર્યું, "આજ અનૂલાનું મન કયાંક બીજે વિહરતું લાગે છે!"

નિરુપમે જરા કંટાળીને કહ્યું, "આજે તને થયું છે શું અનૂ? રમવામાં મન કેમ ચોંટતું નથી?"

નિરુપમના મિત્ર વિનિમયે જરા હસીને કહ્યું, "એ માટે એને કાંઈ કહેવું મિથ્યા છે, માણસનો મિજાજ હમેશ એક સરખો જ ન રહે એ વાત તમારે સમજવી જોઈએ."

રમત તે દિવસે જામી નહિ. અંતે સમય પહેલાં જ રમત બંધ કરી દેવી પડી.

બધાં આવીને ઓરડામાં બેઠાં. ચા આવી. અનૂલાનું આજે કશા પર દિલ ચોંટી શક્યું નહિ. ભાઈએ ગીત ગાવા કહ્યું, પરંતુ અનૂલા આજે ગાઈ પણ ન શકી.

ખિસ્સામાં કાગળના ટુકડા પડયા છે એને કોઈપણ હિસાબે સાંધીને વાંચવા જ જોશે તે માટેની ઉત્સુકતા તે રોકી શકતી નહોતી.

"વાંચવું છે" કહી તે ચાલી ગઈ.

પોતાની ઓરડીમાં આવી, બારણાં બંધ કરી, ટેબલ પાસે ખુરસીમાં બેસી તેણે ખિસ્સામાંથી ફાટેલા કાગળના ટુકડા કાઢયા ને ગોઠવવા લાગી.

પંદરેક મિનિટની મહેનત પછી કાગળ બરોબર ગોઠવાઈ ગયો. અનૂલાએ વાંચ્યુંઃ

રૂદ્રપુર
અષાઢી બીજ

"આપને ઘણા પત્રો લખ્યા છતાં એકેયનો જવાબ નથી, તોપણ ફરીથી લખું છું. આપ વહુને અહીં નથી મોકલવાના એ જાણું છું છતાં ફરી વાર લખું છું. જ્યારે રંજનનો વિવાહ થયો ત્યારે તે પંદર વર્ષનો અને વહુ માત્ર આઠ વર્ષનાં હતાં, ત્યારપછી તો દસ–અગિયાર વર્ષ નીકળી ગયાં. આપે પણ અમારી સાથે કશો સંબંધ રાખ્યો નથી. વહુમાને જાણવા પણ દીધું નથી કે તેનો વિવાહ થયો છે. તો શું આપ આ વિવાહનો સ્વીકાર કરશો નહિ? મારું શરીર હવે ખખડી ગયું છે. વહુમાને એકવાર જોઈ લેવાને મન તલપાપડ થયું છે. તો દયા કરીને એક દિવસ માટે વહુમાને મોકલશો. એ માટે જ હું એકબે દિવસમાં રંજનને આપને ત્યાં

२३१८८

મોકલીશ. મારે એકવાર વહુને જોવાં છે. દયા કરજો. વાંધો ઉઠાવશો નહિ.

લિ૦

આપની વેવાણ."

અનૂલા સ્તબ્ધ બની બેસી રહી. આજે એને સ્વપ્નાની જેમ તે રાત્રીની વાત યાદ આવતી હતી. ક્યારે તે યાદ નથી, તે દિવસ કેટલા વખત પહેલાંનો હતો તે પણ બરાબર યાદ નથી, માત્ર યાદ આવતો હતો સામેના આસન પર બેઠેલ એક છોકરો, તેનું અભિમાનભર્યું મુખડું ને સુગઠિત શરીર. તે રૂપાળો હતો કે કાળો એવું આજે યાદ આવતું નહોતું, સ્મરણે ચડતી હતી માત્ર એની બે ચકોર આંખો.

તેના હાથ પર અનૂલાનો હાથ હતો. પુરોહિત મંત્ર વાંચતો હતો. એ મંત્ર શું હતો તે પણ યાદ નથી. એ જ બાળક આજે યુવાન થઈ ગયો છે. તેના દેહમાં અસીમ શકિત, દિલમાં અસીમ સાહસ ભર્યાં છે, તે સિંહની સાથે બાથ ભીડી શકે છે, જંગલના હાથીની સૂંઢ પકડી રાખી શકે છે.

એ આજે કયાં ?

કયાં એ રૂદ્રપુર આવ્યું હશે તે કોણ જાણે ? આજ એ ગામનું વર્ણન સ્પષ્ટ રીતે યાદ આવતું નથી. યાદ આવે છે ગાત્ર ઘટાથી ઢંકાયેલ તળાવની વાત. એના ઘાટે તે ઊભી હતી, કોઈએ પાછળથી આવીને એની આંખો દાબી દીધી, ચમકીને પાછું વાળી તેણે જોયું તો રંજન ઊભો ઊભો હસે છેઃ એ જ રંજન, જેના હાથ ઉપર તેનો હાથ હતો.

અનૂલા એકધ્યાનથી વિચારતી હતી.

બારણું ઉઘાડીને કોઈએ બહારથી પૂછ્યું, " હું અંદર આવી શકું ? " અનૂલાએ ધ્રૂજતે હાથે કાગળના ટુકડા વીણી લઈને ખાનામાં મૂકી દીધા ને એક ચોપડી ખેંચી લીધી.

બારણું ઉઘાડી વિનિમય અંદર આવ્યો.

તે અતિ આધુનિક યુવક હતો. કોઈ મિત્રના પૈસે વિલાયત જઈ અભ્યાસ કરી આવ્યા પછી કલકત્તામાં માત્ર તે ફરવા આવ્યો હતો.

અનૂલાનો નાનો ભાઈ મનોરમ બૅરિસ્ટરની પરીક્ષા દેવા માટે હજુ પણ વિલાયતમાં જ રહ્યો છે. તેણે કોઈ આંગ્લ–યુવતી સાથે લગ્ન કર્યું છે એવા સમાચાર વિનિમય જ લઈ આવ્યો છે.

વિનિમય દાખલ થયો કે તુરત અનૂલા ઊભી થઈ, "આપને શું કામ પડ્યું, વિનિમયબાબુ ? "

વિનિમયે જવાબમાં કહ્યું " માએ તમને એક વાત કહેવાનું કહ્યું છે. આટલી વાર સુધી હું કહી શક્યો નહિ. કાલે મારે ઘેર તમારે જમવા આવવું પડશે. મારી બેનને આશીર્વાદ દેવાના છે. "

અનૂલાએ કહ્યું, " ભાભીને કહી ગયા હતા ને ? એ માટે વળી ફરી આપને આવવું પડ્યું ? સારું, આવીશ, ભાભી જ્યારે આવશે ત્યારે તેની સાથે જ હું આવી જઈશ. "

વિનિમય હજુ પણ બીજું કાંઈ કહેવા માટે આવ્યો હતો, પરંતુ અનૂલાનું વર્તન જોઈ બીજી કોઈ વાત કરવાની હિંમત તે કરી શક્યો નહિ. ધીરે ધીરે તે બહાર નીકળી ગયો.

દિવાસળી સળગાવીને અનૂલાએ કાગળના ટુકડાને સળગાવી દીધા.

કાગળ બળીને રાખ થઈ ગયા, પરંતુ પત્રની દરેક લીટી અનૂલાના મનમાં ભયંકર રીતે જલવા લાગી.

દરિદ્ર થવું એ મહા અપરાધ ! તો તો દુનિયામાં દર પગલે દરિદ્રનો પરાજય જ થાય, ધનિકને જય મળે. ધનિકની હવેલી પાસેની દરિદ્રની પર્ણકુટી ધનિકથી સહન ન થાય તો ગમે તે થાય, પણ એ પર્ણકુટીનો લોપ થવો જોઈએ !

અનૂલાએ નિશ્વાસ નાખ્યો. ખાસ વાંચી શકાયું નહિ. એ હાથમાં માથું રાખીને દસ-અગિયાર વરસ પૂર્વેની એક છબીનો અનૂલા વિચાર કરવા લાગી.

૩

ગરીબનું ઘર

અનૂલાની ઓરડીની પાસે જ એક બીજું ઘર હતું—માંડ દોઢ—બે હાથ દૂર.

ઘણા સમયથી એ ઘર બંધ હતું. એકવાર એકાએક નજર પડતાં બારી ખુલ્લી દેખાઈ.

કૉલેજથી પાછાં ફરતાં તે દિવસે અનૂલાએ જોયું તો ઘર અંદરથી સુંદર રીતે શણગારેલું હતું. વાસણકૂસણ, બિછાનાં, પેટીઓ બધું ચોકસાઈથી ગોઠવ્યું હતું. એક બાજુ એક વળગણી ઉપર બે—ત્રણ લાલ સાડીઓ પણ દેખાઈ.

બરોબર નિરીક્ષણ કરતાં ખબર પડી કે ઘરની ગૃહિણી એક સૌભાગ્યવતી સ્ત્રી હતી, જો કે તે એ વખતે દેખાઈ નહોતી.

એ વખતે તો ઘર જોઈને અંદર રહેનાર કોણ છે તે જાણવાની તેની ઉત્કંઠા મટી ગઈ.

દિવસ પર દિવસ વીતે, પાસેના ઘરમાંથી વાસણનો અવાજ આવે, કોઈ સ્ત્રીનો ધીમો અવાજ કાને પડે અને અનૂલાની આતુરતા ત્યાં જ સંતોષાઈ જાય. ‘વાંચવામાં ખલેલ પડે છે’ કહી હમણાં તેણે તે બારી પણ બંધ કરી દીધી છે.

અષાઢ માસ વીતી ગયો. શ્રાવણની સરવર ધારા અસ્ખલિત

જોરથી ઝર્યા કરવા લાગી. આકાશ દિવસ ને રાત વાદળોથી ઢંકાયલું રહેવા લાગ્યું.

તે દિવસે સાંજે ભાઈ સુદેષ્ણાએ ગીત ગાયું હતું:

"આજી એ શ્રાવણ નિશા કાટે કેમને"

રહી રહીને ગીતની એ કડી જ યાદ આવ્યા કરતી: "આજી એ શ્રાવણ નિશા કાટે કેમને". અનૂલા અન્યમનસ્ક થઈ જતી અને ચોપડી સામે ઉઘાડી પડી રહેતી.

તે દિવસે અનૂલા કોલેજે ન જતાં ઘેર જ રહી. કોણ જાણે શાથી, તેણે પાસેની બારી ઉઘાડી નાંખી. પાસેના ઘરમાં સ્વામી જમવા બેઠા છે, સ્ત્રી પીરસે છે, બહાર ઝરમર ઝરમર શ્રાવણ માસની ધારા.વરસી રહી છે. રસ્તો પાણીથી ભરાઈ ગયો છે. કામ પૂરું કરીને સ્વામી ત્યારે જ પાછો ફર્યો છે—કદાચ જમીને પાછો કામે જવાનો હશે.

પણ એકવાર અનૂલાએ બારી ઉઘાડી જરા ડોકિયું કર્યું. તે દિવસે જોયું તો સ્ત્રી એકલી રસોઈ કરે છે, સ્વામી કામે ગયો છે.

વળી એક દિવસ બારી ખોલતાં જ સ્વામી અને સ્ત્રી બંનેની નજર બારી પર પડી અને સ્ત્રીએ એકદમ આવીને બારી પર પડદો સેરવી દીધો.

છેવટે અનૂલાએ પરિચય કરી લીધો. સ્ત્રી ધીરે ધીરે ચાલી જતી હતી, અનૂલાએ બૂમ મારી, તે ઊભી રહી. સાધારણ સ્ત્રી, લખતાં-વાંચતાં આવડે નહિ, એટલે બોલતાં પણ બીએ.

અનૂલાએ જરા હસીને કહ્યું, "નહિ નહિ, અહીં બીવા જેવું કશું નથી, સામાન્ય જરા લખતાં-વાંચતાં શીખી છું, તેમાં બીજું છે શું? જેવાં તમે એવી હું. આપણે બેય માણસ છીએ. આમાં આપણામાં ફેર ક્યાં છે?"

સ્ત્રી ખૂબ ખુશ થઈ ગઈ.

વાતચીતથી ખબર પડી કે તેઓનું ઘર તારકેશ્વર પાસેના એક ગામડામાં આવેલું છે. આટલા દિવસો સુધી ખૂબ દુઃખ સહન કરવા છતાં તેઓએ ગામ છોડયું નહોતું, પરંતુ આ વખતે દારુણ દુકાળ પડવાથી ખાવાના વખા પડયા એટલે એ અને એની સ્ત્રી બહાર નીકળી ગયાં. સ્વામી એક દુકાનમાં વીસ રૂપિયાના પગારથી કામ કરે છે, છ રૂપિયા મકાનનું ભાડું છે, બાકીના પૈસામાંથી તેમનું ગુજરાન સુખેથી ચાલે છે.

પહેલી વાતચીતમાં જ અનૂલાએ કહી નાખ્યું કે તે એક દિવસ એને ઘેર જમવા આવશે.

એ સ્ત્રી એને બહુ સારી લાગી. એના પ્રત્યે અનૂલાને લાગણી થઈ એટલે જ તેની વાત એણે ભાભીને પણ કહી. ભાભીએ ગાલે હાથ દઈને કહ્યું, " છી છી, આમ જેની તેની સાથે વાત કરવા બેઠી, અનૂલા ? એમાં આપણી આબરૂ શી ? આપણું ઊંચાપણું નાશ પામે તે જાણે છે, અનૂલા ? "

જરા ખીજથી અનૂલાએ કહ્યું, " એવી પોકળ આબરૂ તમારે જ ભલે રહી ભાભી, મને એવી આબરૂ ગમતી નથી, હું એવી આબરૂ રાખી પણ શકું નહિ. હું એ સમજી પણ નથી શકતી કે એમની સાથે વાત કરવામાં આબરૂ નષ્ટ કેમ કરીને થાય ! "

" વાત કરવાથી આબરૂને હાનિ પહોંચે એમ હું કહેવા નથી માગતી, તેમને ઘેર જમવા બેસવું ઠીક નહિ એમ મારા કહેવાનો અર્થ છે. " ભાભીએ કહ્યું.

અનૂલા બીજે દિવસે ન ગઈ એટલે એ સ્ત્રી પોતે જ આવીને ઊભી રહી.

અતિ સરળ સ્વભાવની ગ્રામ્ય સ્ત્રી—શહેરની હવા આજે

પણ તેનો સ્વભાવ બદલી ન શકે. સામાન્ય વાતોમાં પણ આનંદિત થઈ જાય. કોઈ પણ વાત છુપાવી રાખી ન શકે. જે મનમાં આવે તે નિઃસંકોચપણે બોલી નાંખે.

તે દિવસે રાત્રે જમતી વખતે અનૂલાએ કહ્યું, " મને તો શહેર કરતાં ગામડું વધુ ગમે, ભાભી. "

માયાએ તેના સામે નજર માંડીને કૌતુકભરી રીતે પૂછ્યું, " કયું ગામડું ? રૂદ્રપુર ? "

અનૂલાનું મોં લાલચોળ થઈ ગયું. તુરત જ એ ભાવને સંભાળી લઈને તેણે કહ્યું, " રૂદ્રપુર ગામ કયારે જોયું છે એ પણ યાદ નથી, બંગાળનું કોઈ પણ ગામડું મને ગમે એમ હું તો કહેવા માગું છું. "

તે કયા હેતુથી હસી તે સમજતાં અનૂલાને વાર ન લાગી, એટલે એણે કહ્યું, " એ સાચું નથી ભાભી, તમે જે ધારો છો તે જૂઠું છે. તે દિવસે અમે અમારા પ્રિન્સિપાલ સાથે ચંદ્રનગર ગયાં હતાં, તેની આસપાસનાં ગામડાંઓ જોયેલાં, ખરેખર બહુ જ સુંદર લાગ્યાં હતાં. "

માયાએ ગંભીર થઈને કહ્યું, " ગામડું પહેલાં જોતાં જેટલું પ્યારું લાગે છે તેટલું ત્યાં રહ્યા પછી નથી લાગતું. શહેરનું સૌંદર્ય નિત્ય–નવું હોય છે, ગામડાનું સૌંદર્ય તો હમેશ એક સરખું જ. થોડા દિવસ નવું નવું લાગે, પછી કાંઈ ન લાગે. "

અનૂલાએ કહ્યું, " પરંતુ મને તો લાગે છે કે ગામડામાં રહેવાનું હોય તો મારે બીજા કશાની જરૂર ન પડે. ચિરકાળ હું તો ગામડામાં વિતાવી શકું. જાણો છો ને ભાભી કે, આ રીતે શહેરનું જીવન બહુ યંત્રવત્ બની ગયું છે, ગામડાની સ્ત્રીઓ તો કેવી પાણી ભરે, વાસણ માંજે, ઘર ગોઠવે ! "

“ઠીક, હું બાપુજીને આ વાત કરીશ.” માયાએ કહ્યું.

અનૂલાએ કહ્યું, “બાપુજીને આ વાત કહેવાનો અર્થ?”

“જેથી તમને જલદી રૂદ્રપુર મોકલવાની ગોઠવણ કરે!”

અનૂલાએ હસીને કહ્યું, “હું જઈશ તો મોકલશે ને? તમને કોણે કહ્યું કે હું રૂદ્રપુર જવા ઈચ્છું છું?”

“કોઈએ કહેવાની જરૂર નથી, હું પોતે જ સમજી ગઈ છું” માયાએ કહ્યું. અનૂલા જમી રહી હતી. ઊભી થઈને એ બોલી: “આવી ગાંડાઈ શું કરતાં હશો, ભાભી! બાપુજીને કશું કહેવાનું નથી, આ બધું સાંભળીને એમને શું લાગે? કદાચ સાચું જ માની બેસશે તો?”

માયાએ હાથ ધોતાં ધોતાં કહ્યું, “તમારા ભાઈને કહીશ. બાપુજીને કહેવા જાઉં એવી હું હજુ ગાંડી થઈ નથી!” બોલતાં બોલતાં તે હસી પડી.

૪

જૂનું અને નવું

કૉલેજના વાર્ષિક ઉત્સવનો દિવસ છે. આજે પાછાં ફરતાં બહુ મોડું થશે એમ અનૂલા કહી ગઇ છે.

ચંદ્રમોહનને શરીરે બહુ સારું નહોતું. વાની પીડામાં સપડાયા હતા એટલે બહુ પીડા ભોગવતા હતા.

માયા તેમને પગે વાનું તેલ માલિશ કરતી હતી. એ કામ તો ચંદ્રમોહનના નોકર મણિલાલનું હતું, પરંતુ આજે તે આવ્યો ન હતો. માયાને બીજા નોકરો પર વિશ્વાસ ન હતો એટલે પોતે જ માલિશ કરતી હતી.

પુત્રવધૂ પાસે માલિશ કરાવતાં ચંદ્રમોહનને સંકોચ થતો હતો, પરંતુ માયાએ આગ્રહ છોડયો નહિ ને કહ્યું, "ખરાબ તબિયતે સંકોચ રાખવાનો કાંઈ અર્થ નથી, બાપુજી! જ્યારે તમે નીરોગી હતા ત્યારે મારે આવવાની કાંઈ જરૂર હતી? અત્યારે તમને અસુખ છે..." કહીને તે જોરથી પગે તેલ માલિશ કરવા લાગી.

એક દીર્ઘ નિશ્વાસ નાંખીને ચંદ્રમોહને કહ્યું, "અસુખ-અસુખ તો ઠીક, પણ મને તો અરુંધતી જ યાદ આવ્યા કરે છે. વહુમા! નાનો હતો ત્યારે કહેતી કે દાદા સાવ ભાન વિનાના છે. મને જરા કંઈ થાય તો ખાવુંપીવું પણ છોડી દેતી. એકવાર મને સહેજ

તાવ આવ્યો હતો એ વાત કોણ જાણે કોઈકે એને રૂદ્રપુર પહોંચાડી એટલે એ ને એ વખતે જ રાતની બારની ગાડીમાં અચાનક આવીને એ અહીં ઊભી રહી. તમને શું કહું વહુમા ! મને એણે પ્રેમથી એવો તો ઢીલો કરી દીધો છે કે તમારાં સાસુ એ માટે થઈને તો એને વઢતાં."

માયા ચુપ રહી.

થોડીવાર શાંત રહી ચંદ્રમોહન બોલ્યો, "આજ જો એ હોત તો કોઈને મારી સેવા કરવા દેત નહિ, એ પોતે જ કરત, આજે એ વિચારતાં......"

"તેઓ ક્યાં છે બાપુજી ?" માયાએ મોં ઊંચું કરીને પૂછ્યું. માયાનું લગ્ન હજુ ત્રણ વરસ પહેલાં જ થયું હતું. દસ વરસ પહેલાંના બનાવની વાત ઊડતી રીતે તેણે દાસીઓ પાસેથી સાંભળી છે.

ચંદ્રમોહને કહ્યું, "રૂદ્રપુર હતી એટલી ખબર છે, હાલ ક્યાં છે તે હું જાણતો નથી. તે હવે મને પત્ર લખતી નથી, નહિ તો મને એ જ બધું જણાવતી."

બધું જાણવા છતાં માયાએ અજાણ્યાની જેમ પૂછ્યું, "કેમ તેઓ આપને પત્ર નથી લખતાં, બાપુજી ?"

ચંદ્રમોહને એક નિશ્વાસ મૂકીને કહ્યું, "એ બહુ લાંબી વાત છે વહુમા ! મેં જ એને મના કરી દીધી છે કે મને હવે પત્ર ન લખવો. મારું કહેવું એણે બરાબર મન પર લઈ લીધું છે ને આજ દસ વર્ષથી તે મને પત્ર લખતી નથી. ઓય..."

એકાએક કણસાટ સાંભળીને માયા માલિશ કરતાં અટકી ગઈ, "લાગી ગયું બાપુજી ?"

ચંદ્રમોહને કહ્યું, "જરા લાગ્યું, થોડીવાર બંધ રાખો, ખાસ કંઈ લાગ્યું-બાગ્યું નથી. તમે જેટલી નરમાશથી માલિશ કરો છો

સા, એવું શું અભાગિયો મણિલાલ કરી શકે ? અને આટલી વાર સુધી આ રીતે એ માલિશ કરે પણ ખરો ? બૂમો પાડી પાડીને એ તો ઘર માથે લે છે."

માયા ચુપચાપ માલિશ કરવા લાગી.

"હેં બાપુજી, અનૂલાનો વિવાહ રૂદ્રપુરમાં થયો છે ને ?"

ચંદ્રમોહન ચમકી ગયો, "કોણે કહ્યું ? નિરુએ કહ્યું હશે !"

માયાએ કહ્યું, "ના, તેમણે કાંઈ કહ્યું નથી, માણસો પાસેથી સાંભળ્યું છે."

ચંદ્રમોહન ઊડયા ને ધીરે ધીરે સૂતાં સૂતાં બોલ્યા, "એ વિવાહને 'હિંદુ કાયદો' લગ્ન કહે છે એ જાણવા છતાં હું એને લગ્ન માનીશ નહિ. અરુંધતીએ મારો કેવો સર્વનાશ કરી નાંખ્યો, વહુમા ! એ તમને હું સમજાવી પણ શકું એમ નથી. આજે અનૂલા તરફ જોતાં મારું હૃદય બળી જાય છે ને સાથોસાથ અરુંધતી યાદ આવે છે એટલે એનું મોં જોવાની મને ઈચ્છા નથી થતી."

ઘણી વાર સુધી તેઓ આંખ પર હાથ દાબીને નિઃશબ્દ સૂઈ રહ્યા.

માયાએ શાંત સ્વરે કહ્યું, "આપ એ લગ્નનો સ્વીકાર નહિ કરો તોપણ એ તો સાચું જ છે ને કે લગ્ન થઈ ગયાં છે? અનૂલાને પણ એ તો માનવું પડશે ને, બાપુજી ?"

આંખ પરથી હાથ હઠાવી લઈને ચંદ્રમોહને કહ્યું, "આઠ વરસની ઉંમરે શું થયું છે ને શું નથી થયું તે એને યાદ પણ નથી, ને એમ જ અનૂલા કેવી રીતે માનશે ?"

"મને તો લાગે છે કે રંજનને એકવાર અહીં બોલાવવાની જરૂર છે." માયા બોલી.

ચંદ્રમોહન એક ક્ષણ એના મોં તરફ જોઈ રહ્યા, ત્યાર પછી પૂછ્યું, "રંજનને તમે ઓળખો છો, વહુમા ?"

માયાએ જવાબ દીધો, "ના, એમનું નામ સાંભળ્યું છે."

ચંદ્રમોહને કહ્યું, "કદાચ હું તેને જમાઈ તરીકે સ્વીકારી લઉં, પરંતુ એ બની શકે તેમ નથી વહુમા, કારણ કે તે તો એક સાવ સામાન્ય અભણ ગામડિયો છે. અનૂલા કોલેજના ચોથા વર્ષમાં ભણે અને તેનો સ્વામી મૂર્ખ હોય એ દુઃખને બીચારી છુપાવે ક્યાં ? હું જાણું છું કે અનૂલા એવા સ્વામીને કયાંય કોઈ દિવસ સ્વીકારી શકશે નહિ, એ કારણે જ રંજનને અહીં ન બોલાવવામાં સાર છે."

માયાએ શાંતિથી જવાબ આપ્યો, "પરંતુ અનૂલા ધારે તો એ સ્વામીને સ્વીકારી શકશે, પુરાણકાળમાં એવું ઘણી સ્ત્રીઓને બન્યું હોય એવા દાખલા સાંભળ્યા છે."

ચંદ્રમોહને જરા હસીને કહ્યું, "પુરાણની એ બધી વાતોનો હવે દાખલો ન દેવાય વહુમા, ઉપદેશ દેતી વખતે ઘણું ઘણું કહી શકાય, પરંતુ એ બધું સ્વીકારવામાં મહા મુશ્કેલી રહી છે. અનૂલા બી. એ. ભણે છે. આજે જો એને કહીએ કે તું વેદવતીની જેમ પતિવ્રતપાલન કર, ગાંધારીની જેમ આંખે સાતવડો પાટો બાંધી રાખ, તો શું એ એટલી સહેલાઈથી કરશે ? પશ્ચિમની કેળવણીએ આપણને કેટલાં વિકૃત કરી નાંખ્યાં છે તે તમને સમજમાં નહિ આવે, વહુમા !"

માયાએ કહ્યું, "આપણે શું પાશ્ચાત્ય શિક્ષણથી આપણી પોતાની વિશિષ્ટતા ગુમાવી બેસશું, બાપુજી ? અનૂલા ભલે ને શિક્ષિત રહી, તોપણ જો તે આજે તેના અભણ ગ્રામ્ય સ્વામીની ઘૃણા કરે તો તેની હું કદી પ્રશંસા ન કરી શકું. આપે તેનું બીજી બાજુનું ભવિષ્ય ઘડયું, પરંતુ જુઓ છો ને કે, તેના જીવનનો આનંદ ઘડવા

જતાં તેના જીવનની મૂળ દીવાલ જ ભાંગી બેઠા! છતાં એને એની પોતાની વિશિષ્ટતા તો રહેશે—જો તે જોર કરીને તેની સામે ટકશે તો."

એક ક્ષણ શાંત રહીને ચંદ્રમોહને કહ્યું, "એટલે...તમે કહેવા માગો છો કે મારે મારા વિચાર વિરુદ્ધ વર્તવું?"

માયા ચુપ રહી ગઈ.

તેનું અંતર બળતું હતું, પરંતુ ખુલ્લી રીતે સસરાને મોં ઉપર તે કશું કહી શકી નહિ.

ચંદ્રમોહને કહ્યું, "લાડકું બાળક બરોબર આમ જ કરે છે વહુમા! મેં તો કદી સ્વપ્ને પણ ધાર્યું ન હતું કે મનોરમ અભ્યાસ માટે વિલાયત જઈને એક મેમની સાથે પરણી બેસશે. મેં તો એને માટે કન્યાની તજવીજ કરી રાખી છે, તમે પણ એને જોઈ છે ને, મા! એ છોકરી સાથે બાળપણથી જ વાગ્દાન થઈ ગયેલું, હજુ પણ પુષ્પલ અવિવાહિતા રહી છે. મનોરમે લગ્ન કરી લીધાં છે ને હવે એ એને પરણશે નહિ એ વાત જાણવા છતાં હજુ પણ તે લગભગ રોજ આવે છે ને મારી ખબર પૂછી જાય છે. લજ્જાથી હું તો મોં ઊંચું કરી શકતો નથી, તેની સાથે વાત કરી શકતો નથી, એ વાત તે સમજે છે છતાં પણ આવે છે."

એક દીર્ઘ નિશ્વાસ નાખીને તેઓ ફરીથી બોલ્યા, "તમે શું અનૂલાને પણ એમ કરવા કહો છો, વહુમા? તે પણ મને છોડીને ચાલી જશે?"

તેનો કંઠ રૂંધાઈ ગયો.

બહારથી અનૂલાનો અવાજ સંભળાયો. માયાએ ઊઠીને ચાલવા માંડયું.

પંખો ખેંચીને ચંદ્રમોહને કહ્યું, "તમે જાઓ વહુમા, અનૂલા ઘેર આવી ગઈ લાગે છે."

માયા હાથ ધોવા ચાલી ગઈ.

૫

પુષ્પલ

અનૂલાની બાલ્યસખી પુષ્પલ.

એક દિવસ એ છોકરી સાથે જ અનૂલાના નાના ભાઈ મનોરમનાં લગ્નની વાત નક્કી થઈ ગઈ હતી. મનોરમ વિલાયતથી પાછો આવશે ત્યારે લગ્ન થશે, એ દરમિયાન પુષ્પલ અભ્યાસ કરશે એમ નક્કી થયેલું.

મનોરમને વિલાયત ગયે આજે ત્રણ વરસ થયાં. પુષ્પલ અનૂલાની સાથે આજે ચોથા વર્ષમાં છે, એવામાં વિનિમયે આવીને જણાવ્યું કે મનોરમે એક અંગ્રેજ યુવતી સાથે લગ્ન કરી લીધું છે, થોડા સમયમાં જ તે નવવિવાહિત વધૂને લઈને હિંદમાં આવશે.

ભાઈના વિશ્વાસઘાતથી અનૂલાનું હૃદય ભાંગી ગયું હતું, પરંતુ પુષ્પલે એ વાત હસીને ઉડાવી દેવાની ચેષ્ટા કરી હતી. એ હાસ્ય પાછળ કેટલી વેદના છુપાયેલી હતી તે કોઈ પણ સમજી શકે નહિ. એ માટે પુષ્પલની માતા તેનું લગ્ન કરવાનો પ્રયત્ન કરતી હતી, પરંતુ ઊભી થયેલી પરિસ્થિતિમાંથી બચવા માટે પુષ્પલે કહી રાખ્યું હતું કે, તે એમ. એ. પાસ થઈને લગ્ન કરશે. આટલો વખત જો નીકળી ગયો છે તો હવે બે–ત્રણ વરસ વધુ કાઢતાં કાંઈ થઈ નહિ જાય.

પુત્રીની જીદને લીધે લાઇલાજીથી માતાને રાજી થઈને રહેવું પડયું ને પુષ્પલ તકલીફમાંથી બચી ગઈ.

અનૂલા પાસે તે ઘણી વાર આવતી ને ચંદ્રમોહનની ખબર લઈ જતી.

મનોરમ કે જેણે તેની સાથે વિવાહ ન કરતાં મેમ સાથે લગ્ન કર્યું તે માટે તેઓને દોષ દઈ શકતી નહોતી. તે પોતે શ્યામવર્ણ હતી એ જ એનો મોટો અપરાધ છે એમ તે સમજતી હતી. અનૂલાને પણ તેણે એક વખત હસવામાં કહ્યું હતું કે, “જો ભગવાન શરીરની ચામડી જરા સફેદ કરી આપે તો કાંઈક આશા બંધાય, અનૂ! પરંતુ મુખ્ય વાંધો જ ત્યાં છે ને?”

અનૂલાએ ગુસ્સે થઈને કહ્યું હતું, “ભાઈએ મેમ સાથે લગ્ન કર્યું છે, પરંતુ એનું ફળ એક દિવસ એમને મળશે. પરંતુ એને લીધે તું તારું જીવન આવી રીતે નષ્ટ કેમ કરે છે, પુષ્પલ! દેશમાં ભાઈ કરતાં ચડિયાતા ઘણા છે. કોઈની સાથે લગ્ન કરી લે ને!” ત્યારે પુષ્પલે જવાબ દીધેલો, “તું ગોઠવી આપીશ તો વળી કરી નાંખીશ,” ત્યારપછી ગંભીર થઈને કહેલું, “ઉપદેશ દેવો સરળ છે, પરંતુ કામ કરવું મુશ્કેલ હોય છે. તું કરી શકે અનૂલા? તું લગ્ન કરી શકે?” અનૂલા શરમથી લાલ થઈ ગઈ, “છટ, મારું તો લગ્ન થઈ ગયું છે.” પુષ્પલે કહ્યું, “માની લે કે મારા પણ વિવાહ થઈ ગયા છે. આઠ વરસની ઉંમરે એક નાના છોકરા સાથે તારું જે લગ્ન થયું છે તેની સ્મૃતિ આજ ઓગણીસ વર્ષની ઉંમરે પણ તું ભૂલી શકતી નથી, તો મેં થોડા દિવસ પહેલાં જ જેને સ્વામી ગણ્યો છે તેને અત્યારે ભૂલી જઈને ફરી લગ્ન કરી શકું?”

અનૂલા ચુપ થઈ ગઈ, એ આગળ કાંઈ કહી શકી નહિ.

એકની એક છોકરી માટે પુષ્પલની માની ઇચ્છાઓ ઓછી ન હતી. પુત્રીનું લગ્ન કરીને તે નિશ્ચિત થવા ઇચ્છતી હતી, પરંતુ પુષ્પલ આ રીતે જીદ લઈ બેસશે તેવું તેણે સ્વપ્ને પણ ધાર્યું ન હતું. દેશમાં શું છોકરાઓની ખોટ છે? તેનો પિછાનવાળો જગદીશ આઇ. સી. એસ. થઈ આવ્યો છે. મન્મથ મિત્ર મોટો નામાંકિત દાક્તર, હર્ષ ઘોષ મોટો બેરિસ્ટર—આ માંહેનો જે કોઈ પુષ્પલ સાથે વિવાહ કરી શકે તે પોતાને ધન્ય માને. પરંતુ કેવી જિદ્દી છોકરી! કોઈ રીતે વિવાહ કરવાને તૈયાર ન થઈ.

તે દિવસે પુત્રીને બે–ચાર વાતો કરવા માટે તે તૈયાર થઈ હતી, પરંતુ તે દિવસે જ એક દુઃખદ ઘટના બની ગઈ. અનૂલા અને પુષ્પલ કૉલેજથી સાથે જ પાછાં ફરતાં હતાં. તે દિવસે વાદળાંથી આકાશ ઘનઘોર બની ગયું હતું. રસ્તા પર થોડું ચાલતાં ઝરમર કરતો વરસાદ તૂટી પડયો.

રસ્તાની બાજુએ ઊભાં રહેવા જેવાં એક–બે સ્થાન દેખાયાં, પરંતુ ત્યાં પુરુષોએ જગા ભરી દીધી હતી. એમનાં મોંનો ભાવ જોતાં સ્પષ્ટ રીતે સમજાઈ ગયું કે તેઓ આ બંને છોકરીઓને જરા પણ જગા કરી આપશે નહિ. તોપણ પુષ્પલે કહ્યું, "ચાલ ને, જશું તો વળી જરા જગા કરી આપશે. પાસે છત્રી નથી, ક્યાંય એકેય રિક્ષા કે ગાડી દેખાતી નથી. ભિજાતાં ભિજાતાં આવી રીતે જવા કરતાં ત્યાં જઈને ઊભાં રહેવું સારું."

અનૂલાએ કહ્યું, "તું મૂરખ લાગે છે, પુષ્પલ! એ લોકો આપણને જગા કરી આપશે એમ ધારે છે? જોજે ને, કોઈ એક તસુ પણ નહિ ખસે."

પુષ્પલે ઉત્તેજિત થઈને કહ્યું, "એ તો થઈ પડશે, તેઓ જગા લઈ શકે ને આપણે નહિ લઈ શકીએ? તું ચાલી આવ, જોઈએ શું થાય છે તે."

અનૂલાએ ના પાડી, " આ કરતાં તો વરસાદમાં ભિજાતાં જવું સારું. એ રીતે ખરાબ માણસો વચ્ચે જવાનું મને ગમતું નથી."

તેઓ પાણીમાં ભિજાતાં ચાલવા લાગ્યાં. પાસેથી કેટલાક માણસો પસાર થતાં તેમનું હાસ્ય, વાતો, અશ્લીલ ગાળો વારંવાર કાન પર અથડાવા લાગ્યાં.

એક જણે આગળ આવીને કહ્યું, " આહ, તમે બહુ ભિજાયાં, આ છત્રી લઈ લો."

એ માણસના મોં પર અને આંખમાં લુચ્ચાઈ દેખાતી હતી.

અનૂલા એકદમ એની પાસેથી ખસી ગઈ ને કહ્યું, "આભાર, છત્રીની જરૂર નથી, અમારું ઘર પાસે જ છે."

ઘર તો હજુયે બહુ દૂર હતું. સાંકડા રસ્તે એક સાથે ચાલવું મુશ્કેલ હતું. ત્યાં તો ત્રણ–ચાર માણસો છત્રી લઈને સામે જ રસ્તો રોકીને ઊભા રહ્યા.

ગભરાઈને અનૂલાએ કહ્યું, " પાછી ફર પુષ્પલ, બધા નીચ માણસો ભેગા થયા છે."

" અમે નીચ માણસો નથી, પ્રિયે ! " કહીને તેઓ એવા અશ્લીલ શબ્દો બોલ્યા કે જે સાંભળીને પુષ્પલ ધૈર્ય ન રાખી શકી ને પગમાંથી જોડો કાઢી એ લોકો તરફ ફેંક્યો.

એ મિનિટે જ ત્યાં તાંડવ–યુદ્ધ શરૂ થઈ ગયું–કદાચ બંને છોકરીઓ ભારે વિપતમાં આવી પડત, પરંતુ એ જ ક્ષણે એક યુવક આવી પહોંચ્યો જેને જોતાં ગુંડાઓ ક્ષણમાત્રમાં પાસેની ગલીમાં અદૃશ્ય થઈ ગયા.

૬

નવો પરિચય

ઓહો, વીર પુરુષ જેવો દેહ છે—ઊંચો, બળવાન અને સ્વાસ્થ્યશીલ ! એના હાથમાં એક છત્રી હતી, તે જ એણે છોકરીઓનાં માથાં પર ધરી. વિનયપૂર્વક એણે કહ્યું, "ડરશો નહિ, હવે ભય નથી, તેઓ નાસી ગયા છે."

વરસાદથી તેનું આખું શરીર અને માથું ભિંજાઈ ગયાં હતાં. માથા ઉપર કપડું વીંટી લીધું હતું, શરીર પરનું ખમીસ ભિંજાઈ ગયું હતું એટલે અંદરનું ગંજીફ્રાક દેખાઈ જતું હતું. માથાના વાળ કપાળ ઉપર આવી ગયા હતા. એ મુખ સામે જોઈને અનૂલા એકાએક જાણે સ્તંભિત થઈ ગઈ હોય તેમ તાકીને જોઈ રહી, આંખ ફેરવી જ શકી નહિ.

પુષ્પલે વિનયપૂર્વક કહ્યું, "પરંતુ આપ તો ભિંજાઈ ગયા છો."

યુવાને એકવાર પોતાની તરફ જોઈને જરા હસીને કહ્યું, "એમાં શું થઈ ગયું ? પાણીથી ભિંજાવું, તડકામાં તપવું એનો મને અનુભવ છે. હું તો ગામડાનો માણસ છું, શહેરનો નથી."

તે ચાલવા લાગ્યો.

પુષ્પલ ચાલતાં ચાલતાં ઊભી રહી ગઈ, "આપ ક્યાં જાઓ છો ? છત્રી નહિ જોઈએ ?"

યુવાને કહ્યું; "ભલે રહી."

અનૂલા વ્યાકુળતાથી બોલી ઊઠી, "ના ના, આપ ચાલો, આ સામે જ અમારું ઘર છે, જરા આરામ કરીને પછી જજો."

"કાંઈ જરૂર નથી." યુવકે કહ્યું.

પુષ્પલ બાજુમાં એને ઘેર ચાલી ગઈ. એથી થોડે દૂર જઈને અનૂલા રસ્તાની બાજુના ચોગાનમાં જઈ ઊભી રહી.

"આવો, આ જ અમારું ઘર."

યુવકે છત્રી હાથમાં લઈને કહ્યું, "હવે હું જઈશ, બનશે તો વળી ક્યારેક આવીશ."

અનૂલાએ વિવેકભર્યા અવાજે કહ્યું, "હવે જો તમે આમ જ ચાલ્યા જાઓ તો મારા બાપુજી મને ઠપકો આપે. તમારે અંદર આવવું પડશે, ચાલો."

યુવકે કહ્યું, "હું અહીં ઊભો છું, કપડાં બદલી આવો." અનૂલાએ અંદર જઈને તુરત નોકર સાથે કપડાં મોકલાવીને કહેવડાવ્યું કે, "અહીં ચા પીને અને પિતાજીને મળી લઈને પછી જ જજો."

અનૂલાએ ઝટપટ કપડાં બદલી લીધાં. માથું લૂછી કાંસકા વતી હોળીને તૈયાર થઈ બહાર આવી ત્યારે યુવક કપડાં બદલીને બેઠો હતો.

નોકર ટેબલ પર ચા મૂકીને ઊભો રહ્યો.

અનૂલાએ કપમાં ચા કાઢીને યુવક આગળ ધરી, એટલે યુવકે હાથ જોડીને વિનયથી કહ્યું, "માફ કરજો, હું તો ગામડાનો માણસ, જન્મથી ક્યારેય ચાને જીભે અડાડી નથી."

અનૂલાનું મોં પડી ગયું. પોતાનો કપ પણ એણે બાજુએ મૂકી દીધો.

યુવકે કહ્યું, "એવું શા માટે ? હું ન પીઉં એટલે તમારે પણ ન પીવું ? એ ચાલશે નહિ, તમે પીઓ, હું બેઠો છું."

અનૂલાએ ચાનો કપ મોંએ માંડયો.

યુવક વાત કરવા લાગ્યો, "તમારી સાથે અમારો મેળ ન મળે, મેળ ન થઈ શકે તેનું કારણ તમારી અને અમારી કેળવણી. આપણે બન્ને માણસો છીએ તે વાત સાચી છે, પરંતુ કેટલો બધો તફાવત છે! હું લખવું-વાંચવું જાણતો નથી, તમને તો કેટલું બધું આવડે છો અને એટલે જ આપણા વિચારો સંપૂર્ણ રીતે જુદા થઈ ગયા છે. ત્યાર પછી જુઓ ખોરાકની બાબતમાં, કપડાં-ઘરેણાંની બાબતમાં અને બીજી બાબતોમાં. આકાશ-પાતાળ જેટલો તફાવત છે. તમને તરસ લાગે ત્યારે તમે ગરમ ચા પીઓ, અમે ઠંડું પાણી પીઈએ. જરા ઠંડી હવા લાગવાથી તમને શરદી લાગી જાય, જ્યારે અમે તો ભયંકર વાવાઝોડા સામે પણ ઊભા રહીએ."

બોલતાં બોલતાં તે હા...હા...કરતો હસી પડયો. એના એ હાસ્યથી અનૂલા ચમકી ગઈ ને તેના તરફ જોવા લાગી.

મણિલાલે બારણામાં આવીને વિનયથી કહ્યું કે, "બાપુજી જરા વાર માટે બોલાવે છે."

કપડાં બદલતી વખતે અનૂલાએ માયાને આજની વાત ટૂંકમાં કહી હતી, માયાએ એ બધી વાત ચંદ્રમોહનને જણાવી. વાની પીડાથી ચંદ્રમોહન આવી શકયા નહિ એટલે પોતાની ઓરડીમાં જ એમણે તેને બોલાવી.

અનૂલાએ કહ્યું, "બાપુજી તમને બોલાવે છે, ચાલો, એમને જરા મળી આવીએ."

યુવકે કહ્યું, "મારે આજે કામ છે, જરા જલદીથી જવુ પડશે. ફરી બીજી વાર આવીને મળી જઈશ."

અનૂલાએ બહાર નજર કરીને કહ્યું, "હજુ પણ ઘણો વરસાદ પડે છે, અને આ કાંઈ તમારું ગામડું નથી કે વરસાદનું પાણી વહી જઈને ખાડાખાબોચિયાંમાં ભરાઈ જાય! કલકત્તાના રસ્તા પર તો એટલું પાણી ભરાઈ જાય છે કે કેડ સુધી પાણી આવી જાય. હજુ પાણી નીકળી ન જાય એટલી વાર તમારે રોકાવું જ પડશે. એટલી વાર બાપુજી પાસે બેસીને વાતો કરીશું, ચાલો."

યુવકે માથાના વાળમાં આંગળીઓ ફેરવતાં ફેરવતાં કહ્યું, "ગામડાનો તમને કાંઈક પરિચય લાગે છે, કયારેક ગામડામાં તમે ગયાં લાગો છો."

અનૂલાએ ઉત્તર દીધો, "રહી નથી, પરંતુ નાનપણમાં કયારેક કયારેક જવા–આવવાનું બનતું. પરંતુ એ બધી વાત હવે રહેવા દઈએ, બાપુજી તમને મળવા માગે છે, કૃપા કરીને..."

યુવક ઊભો થઈ ગયો–હાથ જોડીને બોલ્યો, "એટલું માફ કરજો. એવી બધી ઉપકારની વાતો ન કરવી એ જ સારું. તેઓ મળવા ઇચ્છે છે એટલે મળવા આવું છું, ચાલો."

અનૂલાએ એને સાથે લઈને સીડી પર ચડતાં ચડતાં મોં ફેરવીને પૂછ્યું, "તમારું નામ?"

યુવકે જવાબ આપ્યો, "મારું નામ રંજન, નિહારરંજન મજુમદાર."

અનૂલા એકાએક ઊભી રહી ગઈ ને મોં ફેરવી એક મિનિટ તાકી રહી. ત્યારપછી ફરીથી તે સીડી ચડવા લાગી. ઉપરની ઓસરીમાં પહોંચી સામેના ઓરડાનો પડદો ખેસવીને કહ્યું, "બાપુજી અહીં છે, આવો."

ચંદ્રમોહન એક આરામખુરસી પર અર્ધસૂતેલી સ્થિતિમાં બેઠા હતા. માયા પાછળ ઊભી ઊભી તેના માથા પર હાથ ફેરવતી

ફેરવતી ધીરે ધીરે કાંઈક કહેતી હતી. અનૂલાએ રંજન સાથે પ્રવેશ કર્યો કે તુરત એણે માથા પરનું કપડું કપાળ સુધી તાણી લીધું ને પાસેના બારણેથી બહાર નીકળી ગઈ.

અનૂલાએ યુવકનો પરિચય આપ્યો, " આમણે જ આજે મને અને પુષ્પલને ગુંડાના અત્યાચારમાંથી બચાવ્યાં છે, બાપુજી ! "

યુવકે બંને હાથ ઊંચકીને નમસ્કાર કર્યા. ઊઠીને સરખા બેસતાં બેસતાં ચંદ્રમોહને ચશ્માં ઠીક કરતાં યુવક તરફ જોયું. " હા, હા, વહુમા પાસેથી એ સાંભળ્યું, જીવતા રહો બાપુ, તમારા જેવા યુવાનો છે તો જ આજે સ્ત્રીઓની આબરૂની રક્ષા થાય છે, બેસો ભાઈ, અરે મણિ, કયાં ગયો બેટા ? ખુરસી લાવ તો–"

યુવકે જરા હસીને પોતાના હાથે જ ખુરસી તાણી લીધી ને બરોબર એમની સામે બેઠો. અનૂલા તરફ જોઈને એણે કહ્યું, " તમે પણ બેસો. "

અનૂલાએ કહ્યું, " હું હમણાં આવું છું, એટલી વાર તમે બાપુજી સાથે વાત કરો, વરસાદ ઓછો નહિ થાય અને રસ્તાનું પાણી વહી ન જાય ત્યાં સુધી જઈ નહિ શકો. "

જાળીમાંથી બહાર જોઈને ચંદ્રમોહન ઉત્સાહથી બોલી ઊઠયા, " બરોબર છે, આજે કલકત્તા એકદમ પાણીથી ભરાઈ ગયું છે, તમે એક પગલું પણ ચાલી શકશો નહિ. હં...તમારું નામ શું ? "

યુવકે જવાબ આપ્યો, " નિહારરંજન મજુમદાર " અનૂલા તરફ જોઈને ચંદ્રમોહને કહ્યું, " ચા ફાવવાની છે કે નહિ, બહેન ? "

અનૂલાએ કહ્યું , " તેઓએ ચાની ના પાડી. ગામડાના માણસ, એમને ચા ફાવે નહિ. " અને તે બહાર નીકળી ગઈ.

૭

રંજન છતો થાય છે.

બીજે દિવસે જ્યારે નિહારરંજન બપોરનું આમંત્રણ પાળવા આવ્યો ત્યારે ઘેર સારી એવી જુવાનિયાઓની મંડળી બેઠી હતી.

ચાના ટેબલ પર વિનિમય, નિરુપમ, રણેન્દ્ર, મિત્ર, બસુ વગેરે બેઠા હતા. ચંદ્રમોહનના ઓરડામાં જ હમણાંથી ચાની બેઠક બેસે છે. તેઓ વાની પીડાથી ક્યાંય જઈ શકતા નથી એટલે સૌની સાથે ચા પીતાં પીતાં ગપાટા મારવા એ જ હવે તેમના જીવનનું એક માત્ર કામ બની ગયું છે.

જુદી જુદી દેશ–પરદેશની વાતો ચાલે છે, તે બધા વચ્ચે સાચા–ખોટાની તીવ્ર રસાકસી જામે છે અને છેવટ એના પર કંઈક નિશ્ચય પણ થઈ જાય છે.

નિહારરંજન બારણામાં આવીને ઊભો રહ્યો એટલે સૌએ ઊંચું જોયું. અનૂલાએ આવકાર આપ્યો, " આવો. "

સંકોચસહ નિહારે અંદર પ્રવેશ કર્યો, અનૂલાએ એક ખુરસી બતાવી બેસવા કહ્યું.

" પેલા યુવક, જેમણે અનૂલાને અને પુષ્પલને ગુંડાના હાથમાંથી બચાવ્યાં હતાં. " ચંદ્રમોહને સૌને તેનો પરિચય આપ્યો.

નિરુપમે ઊઠી ઊભા થઈ હાથ લંબાવીને કહ્યું, "આવો, આવો, બેસો, જો તમે ન આવી પહોંચ્યા હોત તો..."

"જો તેઓ ન આવી પહોંચ્યા હોત તો અમારી શી ગતિ થાત તે સહેજે કલ્પી શકાય છે. આજુબાજુમાં ઘણાં મકાન હોવા છતાં નસીબજોગે બધાંનાં બારીબારણાં બંધ, સાંકડી ગલી, નાસવાનો પણ રસ્તો નહિ." અનૂલાએ પૂરું કર્યું.

વિનિમય ઘણી વારથી શાંતિથી નિહાર તરફ જોઈ રહ્યો હતો. તેણે પૂછ્યું, "તમારું ઘર ક્યાં આવ્યું ?"

નિહારે કુંઠિત ભાવે જવાબ દીધો, "ગામડામાં." વિનિમય માથું હલાવી બોલ્યો, "હં, એ તો જોતાં જ ખબર પડી ગઈ."

"કેમ કરતાં જાણ્યું ?" રણેન્દ્રે પૂછ્યું. વિનિમયે જરા હસીને કહ્યું, "ગામડાના માણસને ઓળખતાં શી વાર લાગે !"

તે હજુ પણ કાંઈક બોલવા જતો હતો ત્યાં અનૂલાએ અટકાવ્યો, "બસ કરો, હવે વધારે ગામડાની નિંદા ન કરો વિનિમયબાબુ, બહારથી જોઈને ગામડાની ટીકા કરવી યોગ્ય નથી. ટીકા કરવી હોય તો ગામડામાં જઈને રહેવું જોઈએ, ત્યાંના રહેવાસીઓ સાથે મળવું જોઈએ, પછી જ જો કાંઈ ટીકા કરવી હોય તો કરાય."

મિ. મિત્રે સિગારેટના ધુમાડાને હથેળીથી ઝાપટતાં ઝાપટતાં પૂછ્યું, "તમારા ગામમાં મેલેરિયા ખરો કે નહિ ?"

નિહારના મુખ પર હાસ્યની મૃદુ રેખા ફૂટી ઊઠી. તેણે કહ્યું, "ના."

મિ. મિત્ર વિસ્મયથી બોલી ઊઠયા, "બંગાળમાં એવાં પણ ગામડાં છે ? આશ્ચર્ય કહેવાય !"

બસુ ગંભીર મુખે બોલ્યા, "એટલે કે જે સંભાળે તેને તકલીફ

થતી નથી." કોઈ પણ જ્યારે બંગાળના મેલેરિયા વિષે લખે કે બોલે ત્યારે તેનો જવાબ બસુ સાહેબ તરફથી જ મળતો.

નિરુપમે ચાનો એક કપ નિહાર તરફ આગળ કર્યો. અનૂલાએ ધીરે ધીરે તે સેરવીને બાજુએ મૂકી દીધો. આ દશ્ય વિનિમયની આંખથી છટકી શક્યું નહિ અને તેના દિલમાં કોઈ વિચિત્ર પ્રકારનો ઈર્ષાભાવ જાગી ઊઠ્યો. " તમે ચા પીતા નથી લાગતા!" એણે પૂછ્યું.

અનૂલાએ જવાબ દીધો " ના. "

વિનિમયે એકવાર નિહારને પગથી તે માથા સુધી નીરખી લીધો અને પછી ઊભા થઈને " હવે જવું જોઈએ, મારે બહુ જરૂરી કામ છે" કહી તે ચાલ્યો ગયો.

તે ગયો એટલે સૌએ એક પછી એક વિદાય લીધી—માત્ર નિહાર બાકી રહ્યો.

નિરુપમ પણ સિસોટી વગાડતો વગાડતો એના ઓરડા તરફ ચાલ્યો ગયો. અનૂલા પિતાની બાજુની ખુરસી તાણી લઈને બેઠી.

નિહાર જરા આગળ આવ્યો ને ગંભીરતાથી બોલ્યો, "તમારી સાથે એક વાત કરવાની છે."

ચંદ્રમોહનનો ચાનો કપ ત્યારે પણ હજુ પૂરો થયો ન હતો, તેઓ ધીરે ધીરે ચા પીતા હતા.

નિહારની વાત કરવાની રીતથી તેઓ ચમકી ઊઠયા અને પૂછ્યું, " મારી સાથે ?"

નિહાર ઊઠીને ઊભો થયો. સામેના ટેબલ પર ટેકો દઈને બોલ્યો, " મેં તમારી સાથે—માત્ર તમારી સાથે નહિ પણ તમારા સૌની સાથે—છેતરપિંડી કરી છે, મને માફ કરજો."

" છેતરપિંડી કરી છે ? તમે ? "

ઠીક રીતે બેસવા જતાં ચંદ્રમોહનનો પગ હલ્યો ને પગમાં દુઃખ થઈ આવ્યું, પરંતુ એ તરફ ખાસ ધ્યાન ન દેતાં એમણે પૂછ્યું, "કોને છેતર્યા છે ?" નિહારે ઉત્તર દીધો, "મારું નામ નિહારરંજન મજુમદાર નથી પણ રંજનકાંતિ ઘોષ છે, મારું ઘર રૂદ્રપુર ગામમાં છે."

'તમે...તમે...તમે જ રંજન...રંજન ઘોષ, અનૂલાના..."

રંજને જવાબ દીધો, "હા સાહેબ, તમારો જમાઈ, હું જ એ."

ચંદ્રમોહનના હાથમાંથી કપ–રકાબી જમીન પર પડીને ટુકડે ટુકડા થઈ ગયાં. વધુપડતું હલનચલન થવાથી એમના પગમાં ભયંકર દર્દ થવા લાગ્યું. કશા તરફ નજર ન કરતાં મૂઢની જેમ વારંવાર બોલવા લાગ્યા, "તમે ? તમે જ રંજન ? અનૂલાની સાથે બાળ-પણમાં તમારું જ લગ્ન થયું છે ?"

રંજન માથું નીચું ઢાળીને માત્ર ચુપ જ રહ્યો.

અનૂલા તોપણ પિતાની બાજુમાં ઊભી રહી. તેની ચાલવાની શક્તિ જાણે અલોપ થઈ ગઈ. આખા શરીરનું લોહી જાણે મોં ઉપર એકઠું થઈ ગયું. ફાટી આંખે તે રંજનની સામે જોઈ રહી.

મનમાંથી આઠ વરસ પહેલાંની છાપ આજે પણ જાગી ઊઠી હતી ! રસ્તામાં પ્રથમ દર્શને જ અનૂલા ચમકી ઊઠી હતી, મનમાં થયું હતું કે આને તે ઓળખે છે, કોઈક વખત જાણે કે એને જોયો છે !

સ્મૃતિપત્રકનાં પાનાં તેણે ઉથલાવી જોયાં, પરંતુ ક્યાંયથી કશું ચિહ્ન મળ્યું નહિ. એક બાળક માત્ર યાદ આવતો, પરંતુ તેની આકૃતિ સાથે આનો રજમાત્ર મેળ મળતો ન હતો. ફાટેલી આંખે અનૂલા માત્ર તાકી જ રહી, નજર પણ તે ફેરવી શકી નહિ.

રંજન બોલતો હતો, "માએ તમને પત્ર લખ્યો છે, એ તમને

કદાચ મળ્યો હશે, માની તબિયત ઘણી ખરાબ છે, હવે વધુ દિવસો જીવશે પણ નહિ, એ માટે જ એક છેલ્લીવાર......ને જોવા ઇચ્છે છે. એ પત્ર મળ્યો છે કે નહિ?"

ચંદ્રમોહને આટલી વારે એક શ્વાસ લીધો ને કહ્યું, "મળ્યો છે, પરંતુ......"

તેમને અટકેલા જોઈને રંજને પૂછ્યું, "પરંતુનો અર્થ, મોકલશો નહિ, એમ ને?"

ચંદ્રમોહને કહ્યું, "એ વાત પછી થશે, હમણાં જે બોલ્યો તેનો કાંઈ અર્થ નથી. હું તો માત્ર એ વિચારું છું કે તમારે નામ છુપાવવાનો હેતુ શો હતો? તમે તદ્દન સીધી રીતે ન કહી શકત?"

રંજને કહ્યું, "આવીને તુરત હિંમત કરી ન શક્યો, અને તમે મને સ્વીકારશો કે નહિ તે જાણતો ન હતો એટલે જ ઢીલ કરતો હતો. માએ મને તેડી જવા માટે મોકલ્યો છે. પ્રભુકૃપાથી રસ્તા પર જ એમની એકાએક મુલાકાત થઈ ગઈ–જયારે પરિચય પણ હતો નહિ. અત્યારે પણ કેટલાંય મંથન પછી આવી ગયો છું ને મારો પરિચય પણ આપી બેઠો છું. આશા છે કે મને તમે માફ કરશો."

અનૂલા ધીરે ધીરે પાછળના બારણેથી બહાર નીકળી ગઈ. ચંદ્રમોહને કહ્યું, "એ બધી વાત પછી થશે, હમણાં બેસો. જ્યારે આવ્યા જ છો ત્યારે તમને ચાલ્યા જવાનું કહી શકતો નથી. મારે મારા પુત્ર નિરુપમને મળવું પડશે, વાતચીત કરવી પડશે. અરે મણિ નિરુપમ ઘરમાં છે કે નહિ? જરા જો તો!"

મણિ બારણામાં જ ઊભો હતો, માલિકના હુકમનું પાલન કરવા એ દોડ્યો.

થોડી વારે જ પાછા ફરીને કહ્યું, "મોટાભાઈ ઘરમાં નથી, રાત્રે દસ વાગે પાછા આવશે એમ કહી ગયા છે."

રંજને કહ્યું, "રહેવા દો, કાલે એમની સાથે પરિચય થશે, આજે હું જાઉં છું. કાલે આવું ત્યારે દયા કરીને જણાવજો કે એમને મોકલશો કે નહિ."

નમ્રતાથી પ્રણામ કરીને તે ઊભો રહ્યો. ચંદ્રમોહને કહ્યું, "ચોક્કસ, હું પણ એનો વિચાર કરીશ. અનૂલા પણ વિચાર કરી જોશે. એ હવે કાંઈ બાળક તો નથી, એને પણ એનો મત હોય, પોતાની ઈચ્છાથી જેમ એને યોગ્ય લાગશે તેમ કરશે."

રંજનના મોં પર મૃદુ હાસ્યની રેખા ફૂટી ઊઠી. તેણે કહ્યું, "હા જી, તેમને પણ સારી રીતે વિચાર કરી જોવા દેવો જોઈએ."

તે જ્યારે મકાનની બહાર આવીને ઊભો રહ્યો ત્યારે તેના મોં પરનું એ હાસ્ય વિલાઈ ગયું, તેને બદલે ગંભીર ઉદાસીનતા મોં પર છવાઈ ગઈ.

એક નિસાસો તેનાથી નંખાઈ ગયો. તે એ અટકાવી શક્યો નહિ. સાથોસાથ પથારીવશ માની વિનવણી પણ યાદ આવી.

રંજન આવવા ઈચ્છતો ન હતો, પરંતુ બીમાર માએ જ્યારે તેના બંને હાથ એના ક્ષીણ હાથમાં લઈને આર્દ્ર કંઠે કહ્યું, "એક વાર જા રંજન, આ પહેલી ને છેલ્લી વારનો પ્રયત્ન કર, પછી હું કદી કહીશ નહિ." ત્યારે રંજન વાંધો લઈ શક્યો નહિ. આવવાનું સ્વીકારીને તેણે કહ્યું હતું, "મા, હું લખતાં-વાંચતાં જાણતો નથી, વળી ગરીબ, મારા આ ઝૂંપડા જેવા ઘરમાં ધનિક-શિક્ષિત સ્ત્રી આવશે?"

માએ આંખનાં આંસુ લૂછીને ધીરા સ્વરે કહ્યું હતું, "હું કહું છું કે તે આવશે. આપણે તેડવા જતા નથી એટલે વહુમા અહીં આવી શકતી નથી. તું એક વાર તેડવા જા જોઉં, પછી તે આવ્યા

વિના કેમ રહી શકશે તે જો. એ તો બંગાળની સ્ત્રી, આ જ બંગાળદેશની વહુ, કેટલી વાર એની જીદ અને શિક્ષણનો અહંકાર ટકી શકે ! એને આવવું જ પડશે એ હું બરોબર કહી રાખું છું. ”

આ ક્ષણે રંજનના મનમાં એ વાત યાદ આવી ગઈ કે બંગાળની સ્ત્રી, બંગાળની વહુ, આ દેશની સ્ત્રીઓ એ વાત કદી ભૂલશે નહિ–ભૂલી શકશે નહિ. એ ગમે ત્યાં હોય, તેને પાછા ફરીને આ એક જ કેન્દ્રમાં આવવું જ પડશે.

રંજને ધીરે પગે ચાલવા માંડયું.

૮

અગ્નિપરીક્ષા

અનૂલા તે દિવસે કૉલેજ ગઈ નહિ.

પરીક્ષા સામે જ આવી રહી છે પરંતુ તે વાંચી શકતી નથી. સામે ટેબલ પર ઉઘાડી ચોપડી પડી હતી, અનૂલા બંને હાથમાં માથું છુપાવીને વિચારતી હતી.

આજ સવારે જ ચંદ્રમોહને એને બોલાવી હતી. પુત્રી ઉપર તીણી નજર રાખીને એમણે પૂછ્યું હતું, " રંજન તને તેડવા આવ્યો છે, તું તારી સાસુને મળવા માટે રૂદ્રપુર જવા ઈચ્છે છે, અનૂલા ? "

અનૂલા ઉત્તર દઈ શકી નહિ.

ચંદ્રમોહને કહ્યું, " આજ દસ–અગિયાર વરસ થયાં તારું લગ્ન થયું છે, પરંતુ હું એને લગ્ન તરીકે સ્વીકારતો નથી, કારણ કે ખરેખર તો એ એક ભીષણ પ્રતારણા સિવાય બીજું કશું નથી. વડીલના હક્ક પ્રમાણે તેમના પર બાળકન્યાનો વિવાહ કરવા બદલ હું કેસ કરી શકત, પરંતુ તેઓ એકલાં જ જો ગુનેગાર હોત તો, પરંતુ અરુંધતી પણ એમાં સામેલ છે, કેવળ એ માટે જ મેં એ વાત છોડી દીધી છે. આને શું વિવાહ કહી શકાય, અનૂલા ? કદી નહિ. "

અનૂલા ચૂપ રહી.

ચંદ્રમોહન ઉશ્કેરાટમાં બોલવા લાગ્યા, "એ મૂર્ખ દરિદ્ર ગામડિયાને જમાઈ કહીને સ્વીકારતાં મારું માથું ધૂળમાં પડે અનૂલા, હું એમ કરી શકીશ નહિ. કદી એને સ્વીકારી શકીશ નહિ. હું જાણું છું કે તું પણ સ્વીકારી શકીશ નહિ, છતાં પણ તને કહું છું–તું જઈને નિરાંતથી વિચાર કર, ત્યારપછી મને જણાવ કે તેં શું નક્કી કર્યું."

અનૂલા બહાર આવતી રહી અને તે વિચારે ચડી.

તે બંગાળની કન્યા–બંગાળની વહુ. આજ કેવળ 'કન્યા' નામથી તેનો પરિચય દઈ શકાય નહિ, અને 'બંગાળની વહુ' તરીકેનો પરિચય દેવામાં તો મૂળથી જ કેવો વિચિત્ર વાંધો રહ્યો છે!

પોતે શું કરવું જોઈએ તે અનૂલા વિચારી શકતી નહોતી. જો પુષ્પલ હોત તો પૂછવા જાત, પરંતુ એ તો ગઈકાલે સવારે એની મા સાથે દેવઘર ગઈ છે.

માયા પાસે આ બધી વાત કરતાં શરમ લાગે છે. વળી અનૂલા સારી પેઠે જાણતી હતી કે જો એ મન આપશે તોપણ પિતાજી કે ભાઈ જરા પણ અનુમોદન આપશે નહિ. તેઓ રંજનને જરાયે મચક દેશે નહિ.

આખો દિવસ આ જ મંથનમાં વીતી ગયો.

સાંજે જયારે પિતાજીએ એને બોલાવી ત્યારે ભાઈને પૂછીને અનૂલાએ જાણી લીધું કે રંજન આવ્યો છે.

પિતાના ઓરડામાં જતાં જતાં રંજનનો અવાજ સંભળાયો, "હું તમારી વાતમાં કાંઈ સમજી શકતો નથી, કૃપા કરીને જરા સમજ પડે એમ કહો તો સારું."

નિરુપમનો અવાજ સંભળાયો, "આમાં સમજવા જેવી વાત

કશી જ નથી રંજનબાબુ, ચોખ્ખી વાત છે કે અમે કોઈ પણ રીતે આ વિવાહનો સ્વીકાર કરી શકતા નથી."

અનૂલા આવીને પિતા પાસે ઊભી રહી.

સામેના ટેબલ પર જોરથી હાથ પછાડીને વિનિમય બોલ્યો, "જરાય નહિ, આ શું લગ્ન–લગ્ન કહી પણ શકાય કદી ? મા, બાપ, ભાઈ–કોઈ કશું જાણે નહિ, સાત–આઠ વરસની એક છોકરી જે કાંઈ સમજે નહિ—જાણે નહિ, તેની સાથે લગ્ન !"

મિ. મિત્રે કહ્યું, "એને નહોતું ભાન કે નહોતી સાન."

વકીલ મિ. બોઝ બોલી ઊઠયા, "આ માટે તો રીતસર કેસ થઈ શકે, અને મને લાગે કે કરવો એ જ ઉચિત છે, અને આ રીતે બનવા પામ્યું હોય તો છૂટાછેડા સહેલાઈથી કરી શકાય."

રંજનનું મોં ગુસ્સાથી લાલ થઈ ગયું, છતાં પણ અતિ શાંત અને સંયમિત સ્વરે એણે કહ્યું, "ના, આટલે બધે આગળ વધવાનું કાંઈ પ્રયોજન નથી. જ્યારે લગ્નને જ સ્વીકારવામાં આપ લોકો નારાજ છો તો પછી છૂટાછેડાની વાત કેવી રીતે આવી શકે ? આ પરથી તો હવે કેસ કરવાની વાત જ બાજુએ રહે છે, મિથ્યા વાત પર કાંઈ ઈમારત ચણી શકાય ?"

તેના શાંત અને સંયમિત ભાવે સૌનાં મન પર અસર કરી. નિરુપમ અવાજને ધીરો કરીને બોલ્યો, "અમે કાંઈ તમારું અપમાન કરવા માગતા નથી, રંજનબાબુ."

મોં પર જરા સ્મિત લાવીને રંજને કહ્યું, "હા, તે તો હું સમજું છું. હું પણ આ બધી વસ્તુને અપમાન માનતો નથી, કારણ કે મને પહેલેથી આવી જાતના વર્તનની ખાતરી જ હતી."

વિનિમય બોલી ઊઠયો, "તો પછી જાણીબૂજીને આવવાનું..."

તેને રોકીને રંજને કહ્યું, "ત્યાં જ મારી નિર્બળતા છે. મારી

માની છેલ્લી વિનતિનું માત્ર પાલન કરવા જ આવ્યો છું. જો તેઓ દયા કરીને અમારી ગરીબની પર્ણકુટિમાં એક જ વાર પગ મૂકે તો ઉપકાર, મારી માને શાંતિ થાય. કોણ જાણતું નથી કે હજારો નિરાશા વચ્ચે આશાનું નાનું શું કિરણ ઝબકી રહ્યું હોય છે? ને વળી આ આશા તો મારી માએ મારા મનમાં જગાડી. તેણે જ મને કહ્યું કે, એની વહુમા એની પાસે આવશે, કારણ કે તે બંગાળની વહુ છે. દીકરી તરીકેના ગુણો વિષે તો મારી મા શું કહી શકે? પરંતુ વહુને માટે તો એ ખાતરીપૂર્વક કહે છે કે, જો સાચી બંગાળની વહુ હશે તો ત્યાં જવા માટે પ્રાણપણે મહેનત કરશે."

એક ક્ષણ અટકી અનૂલા તરફ જોઈને એણે કહ્યું, "મારી માએ કેટલી ભૂલ કરી છે તે અત્યારે હું સમજ્યો, તે પણ હવે સમજશે; પરંતુ એમાં મારે કે એને દુઃખ માનવાને કશું કારણ નથી."

દુઃખ પ્રદર્શિત કરતા હોય એવા અવાજે મિ. બોઝ ધીમેથી બોલ્યા, "દુઃખ! એમાં વળી દુઃખ! રીતસરનો ક્રિમિનલ કેસ–"

રંજને કહ્યું, "વળી કેમ એ વાત ઉપાડો છો? કેસ થાય કેવી રીતે? હું કદી એ સગપણે આવ્યો નથી. આજે પણ માત્ર આપનાં પુત્રીના મોંએથી એક જવાબ સાંભળવા જ ઇચ્છું છું કે તેઓ પણ અમારાં લગ્નનો સ્વીકાર કરે છે કે નહિ?"

ચંદ્રમોહન જરા ઉશ્કેરાટથી બોલી ઊઠયા, "ના, એ પણ સ્વીકાર કરતી નથી. લગ્ન! લગ્ન નહિ પણ નાનાં છોકરાંની રમત! બીજું શું?"

રંજને કહ્યું, "છોકરાંની રમત નથી સમજતો એટલે તો પૂછું છું. હિંદુનાં લગ્ન માત્ર આ માટે જ નથી હોતાં, બીજી જિંદગી માટે પણ એ ગણાય છે એમ હિંદુશાસ્ત્ર કહે છે. તમે સૌ હિંદુધર્મ

સ્વીકારો છો એ માટે જ મેં આ વાત કરી, નહિ તો આ વાત કરવાની કશી જરૂર પણ ન હતી."

નિરુપમે ગુસ્સાથી કહ્યું, "હિંદુધર્મ સ્વીકારે એટલે આલોક–પરલોકનો પણ સ્વીકાર કરવો જોઈએ એવું શું લખી આપ્યું છે?"

રંજન હસ્યો ને બોલ્યો, "એ તો માનવું જ જોઈએ. હિંદુધર્મમાં માનનારને આલોક, પરલોક, જન્માંતર વગેરે બધાંમાં જ માનવું પડે. આત્મા વિનાનો જેમ દેહ નથી તેમ દેહ વિનાનો આત્મા નથી, એ વાત જેમ પરસ્પર એકબીજાથી સંકળાયેલી છે તેમ ધર્મ સાથે આ વધી વાતો ગૂંથાઈ ગયેલી છે, એને બાદ કરવાથી કાંઈ ચાલે નહિ."

મિ. મિત્રે ગંભીરભાવે કહ્યું, "એ બીજી બધી વાતો હવે રહેવા દો, મૂળ વાતના નિશ્ચય પર જ આગળ ચાલો."

રંજને કહ્યું. "હું પણ એ જ ઇચ્છું છું. એમની શી ઈચ્છા છે તે માત્ર જાણીને જ હું ચાલ્યો જઈશ."

ચંદ્રમોહન અધીરતાથી બોલી ઊઠયા, "હું જ એની વાત કહી દઉં છું. તમે જ વિચાર કરો કે એક ગ્રેજ્યુએટ કન્યા તમને સ્વામી માનીને શું તેનું ભાવિ નષ્ટ કરી નાખશે?"

રંજને અનૂલા તરફ જોઈને સસ્મિત કહ્યું, "આ વાત એમના મોંએથી બોલાવવા કરતાં તમે પોતે જ બોલ્યા હોત તો સારું હતું. ઠીક, જે થયું તે. આ તમારા પોતાના દિલની જ ઈચ્છા છે એમ ખાતરીથી માનીને જાઉં છું. ઠીક, હવે પછી મારું અહીં વધુ રહેવું શોભાસ્પદ નથી, હું જઈશ."

તે ઊઠીને ઊભો થયો, સૌને નમસ્કાર કરી દૃઢ પગલે બહાર નીકળી ગયો.

અનૂલા થોડી વાર પિતાની પાસે ઊભી રહી, પછી ધીરે ધીરે તે બહાર આવી.

પોતાની ઓરડીની ગૅલેરીના કઠેરાને અઢેલી ઊભી ઊભી તે આકાશ તરફ તાકી રહી.

એક બાજુ સાંધ્ય-તારો ઝળઝળ કરતો ઝળકે છે, આમ તેમ ચારે બાજુ બીજા પણ હજારો તારાઓ આકાશમાં પથરાઈ ગયા છે. બીજનો ઝીણો ચાંદ એક ક્ષણ માટે એકાદ રેખાની જેમ દેખાઈને વિલીન થઈ ગયો છે.

આકાશની એક બાજુના એ જ સાંધ્ય-તારા તરફ જોઈ જોઈને અનૂલાની બંને આંખો બળવા લાગી.

પાસેના કુંડમાંની વેલી ઉપર અસંખ્ય ફૂલો ખીલ્યાં હતાં. હવાથી તેની સુવાસ આખી ગૅલેરીમાં પથરાઈ ગઈ હતી. ક્યાંકથી એક કોકિલા કલરવ કરી ઊઠી.

આઘેથી માયાનો અવાજ સંભળાયો, "અનૂલા ક્યાં ગઈ? વાંચવાની ઓરડીમાં તો નથી, સામે પરીક્ષા ચાલી આવે છે, થોડા દિવસ પછી તો પરીક્ષા આપવી પડશે. હવે જો આમ ચલાવીશ તો ચોક્કસ નાપાસ જ થઈશ."

અનૂલાએ એકદમ આંખો લૂછી નાંખી.

૯

નિરાશ વાતાવરણ

રુદ્રપુર ગામ.

સ્ટેશનથી ગામ ઘણે દૂર. પહેલાં તો માણસો પગે ચાલીને કે બળદગાડીથી જા–આવ કરતા, હવે તો વસ્તી વધવાથી સગવડો પણ ઘણી વધી છે.

ગામમાં કાયસ્થ બ્રાહ્મણની વસ્તી ઓછી, શૂદ્રોની સંખ્યા વધારે. આજ આ પ્રગતિના યુગમાં પણ તેઓ બ્રાહ્મણને દેવતાની જેમ પૂજે અને બ્રાહ્મણના વચનને વેદવાક્ય ગણે.

રંજન જ્યારે ઘેર પહોંચ્યો ત્યારે ચાર વાગી ગયા હતા. કેટલાક દિવસના તાવમાંથી આજે માને કાંઈક ઠીક લાગતું હતું. તે ઘરની અંદર હતી. રંજનનો અવાજ સાંભળીને શરીરે કામળ ઓઢીને તે બહાર આવીને બેઠી.

મનથી તો બધું સમજી ગઈ હતી છતાં પણ પૂછ્યું, “ શું થયું, બેટા ? ”

હાથમાંના પોટકાને ઓસરીમાં એક બાજુએ મૂકીને રંજને માને પ્રણામ કર્યા. “ એ બધી વાત પછી થશે મા, પહેલાં તારી વાત કર. બહુ તાવ ચડયો હતો ને ઊઠી નહોતી શકતી એમ મેં અહીં સાંભળ્યું...”

માએ પૂછ્યું, " એ બધી વાત ક્યાંથી સાંભળી ? "

રંજને કહ્યું, " સાંભળવા વળી ક્યાં જવાનું હોય, મા ! બધા જ કહે છે. રસ્તે આવતાં આવતાં જ સાંભળ્યું કે તારી તાવમાં કોઈ સંભાળ લેનાર પણ નહોતું. "

માએ જરા હસીને કહ્યું, " એ વાત સાચી નથી રંજુ, સંભાળ લેનાર કોઈ ન હોય એટલે તારી મા એક દિવસમાં મરીને કાંઈ ભૂત નહિ થઈ જાય ! અર્ચના મારી પાસે જ હતી; ખાવાનું, સંભાળ રાખવાનું–બધું એ જ કરે છે. "

અર્ચના પાસેના ઘરની સ્ત્રી હતી. જગતમાં તેનું કોઈ નથી એમ કહેવું એ જ બરોબર છે. સ્વામી છે, પણ એ તો ક્યારેક આવે– જ્યારે પૈસાની ખાસ જરૂર પડે ત્યારે જ.

સ્થિતિ ખાસ સારી નહોતી. થોડાં વીઘાં જમીન એ એની મૂડી. પિતા મૃત્યુ વખતે કન્યાનું ભાવિ વિચારીને વીલ લખી ગયા હતા કે એ જીવતી હોય ત્યાં સુધી એની જમીન કોઈ વેચી શકે નહિ.

ચૈતન્યદાસે આ થોડાં વીઘાં જમીન માટે સ્ત્રીને દુઃખ દેવામાં કમીના નહોતી રાખી. છેવટે સસરાનું વીલ–પત્રક જોઈને એ વધુ જોર કરી શકતો નહિ, પરંતુ જમીનને બદલે એ બધું મહેસૂલ વસૂલ કરતો ત્યારે જ રહેતો.

આ બધા માટે અત્યાચાર, દમામણી અને એવી જ રીતે કેટલીય વાર મારકૂટ થતી. છતાં પણ આ સ્ત્રી અતૂટ ધૈર્યથી એ સ્વામીની જ સેવા–સંભાળ કરતી.

લગભગ એકલી જ તે રહેતી. છ મહિને–નવ મહિને કદાચ કોઈક વાર ચૈતન્ય એકાએક આવી ચડતો. એટલા દિવસો તેણે કર્યા, કેવી રીતે વિતાવ્યા તે કોઈ જાણતું નહિ.

રંજન તેને અંતરથી તિરસ્કારતો. ગાંજાખોર દારૂડિયા ચૈતન્યને તે સાંખી શકતો નહિ. ચૈતન્ય પણ આ રંજન સામે આવીને ઊભો રહી શકતો નહિ.

સ્વેચ્છાએ આવીને અર્ચનાએ માની સેવાનો ભાર ઉપાડી લીધો હતો તેથી રંજન ખુશી થયો, પરંતુ તેણે એ ભાવ પ્રકટ ન કર્યો ને બોલ્યો, "એને હું તો કાંઈ કહી નહોતો ગયો મા ! તો પછી તે એકાએક કેમ આવી ?"

માએ ગુસ્સો કરી કહ્યું, "કેમ આવી ? તું બોલ નહિ તો જ સારું. એનામાં એટલી દયા છે, કોઈનું દુઃખ તે સહી શકતી નથી, માટે."

માનો ગુસ્સો દેખીને રંજન હસ્યો, બોલ્યો, "મા, તું સમજતી નથી, એનો સ્વામી જે પ્રકૃતિનો છે તે જોતાં તેને વધુ દૂર રાખવી જ ઉચિત. જાણે છે ને કે અર્ચના પહેલાં મારી સાથે વાતચીત કરતી, ઠીક પડે ત્યારે આવ-જા કરતી ત્યારે એટલી એક વાત ઉપર એના સ્વામીએ વેર લેવા એને આવવાની મના કરી હતી. હું તો એ એક વાર સામો મળે એમ ઇચ્છું છું, અને એને એક વાર સમજાવી દઉં કે અર્ચના સાથે મારે શો સંબંધ છે. પરંતુ તેણે એ દિવસથી જ રૂદ્રપુરમાં આવવાનું છોડી દીધું છે–કદાચ હું કયાંક ભેટી જાઉં એ બીકે."

વાત પૂરી કરીને તે જેટલા ઉત્સાહથી ને ખુલ્લા દિલે હસવા ગયો તેટલો હસી શકયો નહિ.

પાછળનું બારણું કોઈકે ખોલ્યું. મા બોલી ઊઠી, "અર્ચના આવે છે."

રંજને બેદરકારીથી કહ્યું, "આવે છે એટલે શું ? હું કાંઈ સંતાઈને એના સ્વામીદેવની નિંદા કરતો નથી, સામે રહીને જ કરું છું ને કરીશ પણ ખરો."

અર્ચના આગળ આવતી આવતી હસતા મોંએ બોલી, "સારી પેઠે કરી શકો છો રંજુદા, દોષ હોય તે માટે કેમ ન બોલાય ? મેં એ માટે કદી કાંઈ કહ્યું છે, તમે જ કહો ?"

રંજને કહ્યું, "બોલે શું ? બોલવા જેવું મોઢું છે તારે ? કેવો સ્વામી મેળવ્યો છે ! દારૂડિયો, ગાંજાખોર, વહુને મારે એવો !" અર્ચનાએ હસતા મોંએ બધું સ્વીકારી લીધું, "તમે જે કહો છો તે તો દાદા, હવે નથી રહ્યું. દારૂ નહિ, ગાંજો નહિ; અફીણ છે, તમાકુ છે, એ ઉપરાંત તમાકુ ખાવી–એવું બધું ચાલ્યા કરે."

રંજન જાણે ચમકી ઊઠયો હોય એમ બોલ્યો, "તારા મહાપ્રભુનો ચહેરો તદ્દન સુકાઈને લાકડા જેવો થઈ ગયો છે, બંને પગ ફાટી ગયા છે. ઠીક ત્યારે અર્ચના, એ પગમાં તેલ ગરમ કરીને ચોપડીશ ને ?"

અર્ચનાએ ઉત્તર દીધો, "એ તો ચોપડવું જ જોઈશે ને રંજુદા ! તમારાં વહુની જેમ મેં કાંઈ ઉચ્ચ શિક્ષણ લીધું નથી, મોટા માણસની પુત્રી પણ હું નથી, લખતાં–વાંચતા શીખી છું એટલાથી મહાપરાણે રામાયણ–મહાભારત વાંચી શકું, ને વળી રામાયણ–મહાભારતમાં પણ એ જ શિક્ષણ દીધું છે કે સ્વામી ગમે તેવો ભલે હોય, તેની સેવા કરવી જોઈએ; ગમે ત્યાં રહેતો હોય, ભલે ને ઝાડ નીચે રહે, તો ત્યાં તેની સાથે જ રહેવું જાઈએ."

રંજન થોડી વાર માટે તેની સામે જોઈ રહ્યો, પછી એણે નજર ફેરવી લીધી.

અર્ચના મા તરફ જોઈને ઠપકાભર્યા અવાજે બોલી, "જેની તમને મના કરી છે તે જ કરો છો માસીબા, કહ્યું નથી કે સાંજ વખતે બહાર આવવું નહિ, ઠંડી લાગી જાય ? વાત સાંભળો નહિ. અને બરોબર સાંજ વખતે જ બહાર આવીને બેઠાં છો ? એક તો

આવો તાવ, અને ઉપર જતાં શરદી લાગે એટલે ન્યૂમોનિયા જ થાય કે બીજું કાંઈ ?"

મંગલાદેવી જરા શરમાઈને બોલ્યાં, "હજુ તો સંધ્યા થવાને વાર છે મા, રંજન આવ્યો એટલે શું થયું તે જાણવા માટે……"

છણકો કરીને અર્ચનાએ કહ્યું, "થવાનું વળી શું હતું ? જે થયું છે તે તો સમજાઈ જ જાય છે. એ વિષે વધુ પૂછીને જાણવાની જરૂર જ શી ?"

મંગળાદેવીએ એક નિશ્વાસ નાંખ્યો.

રંજને કહ્યું, "સાચું છે મા, પૂછવાની હવે કશી જરૂર નથી. શા માટે નહિ તે તો તમે જાણો છો. મોટા માણસની ભણેલી કન્યા કોઈ દિવસ ગામડામાં આ અભણના કૂબા જેવા ઘરમાં આવે? એ આશા હજુ પણ તમારા દિલમાં જાગે છે કેમ કરીને, તેનો જ હું તો વિચાર કરું છું."

તે ઊઠયો. અર્ચના તરફ જોઈને એ બોલ્યો, "જાઉં, જરા હાથ-પગ ધોઈને આવું, ઘરમાં કાંઈ છે કે નહિ ખાવા જેવું ?"

"હાથ-પગ ધોઈને આવો, પછી જોયું જશે."

ઘર પાસે એક નાનું તળાવ છે. વૈશાખ-જેઠમાં પાણી જરાય રહે નહિ, આ વખતે એટલે કે માહ-ફાગણમાં થોડુંક રહે.

સંધ્યાનો આછો અંધાર ગામની સીમમાં પથરાઈ ગયો છે. ધીરે ધીરે તે અંધાર આગળ વધતો જાય છે.

દૂર દૂરની ઝૂંપડીઓમાં એક એક દીવો ચેતવા લાગ્યો. ગૃહસ્થ-ઘરની સ્ત્રીઓએ સાંધ્યપ્રદીપ જલાવી શંખધ્વનિ કર્યો.

રસ્તે ચાલતાં થાકેલા મુસાફરોને રસ્તો બતાવવા માટે આકાશને ગોખે સાંધ્ય-તારા પ્રકાશી ઊઠયા. ઝાડનાં પાંદડાં ફરફરવા લાગ્યાં.

રંજન અન્યમનસ્કભાવે કોઈ તરફ જોઈ રહ્યો છે તે કોણ જાણે ?

સામે બે કન્યાઓ દેખાઈ. એક એની સ્ત્રી અનૂલા–આધુનિક શિક્ષણથી કેળવાયેલી સ્ત્રી; બીજી અર્ચના–જેને શિક્ષિત કહી શકાય નહિ, ગામડાની નિશાળે સામાન્ય એવું લખતાં–વાંચતાં શીખીને જેમ તેમ રામાયણ–મહાભારત વાંચી જાણે !

બંને વચ્ચે કેટલું અંતર ! રંજને એક નિશ્વાસ નાખ્યો.

" અનૂલા–અનૂલા ! "

નાનપણમાં કયારે લગ્ન થયાં હતાં, કયારે કોણે કોને જોયાં હતાં તે યાદ આવતું નથી.

પ્રથમ દર્શન થયું રસ્તા વચ્ચે, વિપત્તિની વચ્ચે. એ જ અનૂલા ! એ આજે યુવતી ! કેટલી મોટી થઈ છે ! રંજન મનને રોકે છે.

" દૂર રહેવા દે અનૂલાને, એ તારી કોણ ? અનૂલા સંબંધ રાખવા રાજી નથી, તે તો ઈચ્છે છે વિવાહ–વિચ્છેદ !

એમ જ જો થવાનું હોય તો ભલે થાય, એમાં રંજનને શું ? અનૂલા જો સુખી થતી હોય તો ભલે, રંજન તો જેમ છે એમ જ રહેશે.

હાથ–પગ ધોઈને તે પાછો ફર્યો.

૧૦

આર્થિક મૂંઝવણ

બીમાર માના માથા પર હાથ ફેરવતો ફેરવતો રંજન ઊંડા વિચારમાં ડૂબી ગયો હતો.

આજે દાક્તર તપાસી ગયા છે, મહામહેનતે 'વિઝિટ ફી'ના પૈસા ભેગા થયા છે, દવા લાવવાના પૈસા તો એકઠા ન થયા. આજ કેટલાય દિવસથી આમ જ ચાલે છે. દવા લાવવા માટેની પાઈએ પાઈ વપરાઈ ગઈ છે. હવે લાચાર સ્થિતિ આવી છે.

વાડાના કોઠારમાં હજુ પણ વરસ માટે એકઠું કરેલું અનાજ છે. અનાથને જાણે આશરો મળ્યો. રંજન તરત જ ઊઠીને ઊભો થયો. અનાજ ખરીદનાર સાથે નક્કી કરતાં વાર લાગી નહિ. રંજન તુરત જ ખરીદનારને સાથે લઈને ઘેર પાછો ફર્યો.

રસ્તે ટપાલી મળ્યો, "તમારા પર મનીઑર્ડર આવ્યું છે, બાબુ!"

"મારા નામે?" રંજન તો સ્તબ્ધ જ થઈ ગયો.

એને નામે કોઈ પૈસા મોકલાવી શકે એવી એને કલ્પના પણ નહોતી. એના સ્મૃતિભંડારમાં એવું કોઈનું નામ પણ નહોતું કે જે એક દિવસનો ઉપવાસ થયો હોય તો પૂછે કે જમવા પામ્યો છે કે નહિ!

છતાં રંજને કહ્યું, "જોઉં, કોણે મોકલ્યું છે ?" ટપાલીએ ફૉર્મ બહાર કાઢ્યું, જરા આંખ ઝીણી કરીને વાંચ્યું, "એકસો રૂપિયા છે. મોકલનારનું નામ સ્વરૂપ મિત્ર છે."

"સ્વરૂપ મિત્ર ! એકસો રૂપિયા !"

સ્વરૂપ નામના કોઈ માણસને તે ઓળખતો ન હતો. એ નામ તેણે કદી સાંભળ્યું હતું કે નહિ તે પણ એક શંકાભરી વાત હતી. કલકત્તાની 'બિડન સ્ટ્રીટ'માં તેની ઓળખાણવાળું કોઈ નથી, છતાં રૂપિયા 'બિડન સ્ટ્રીટ'માંથી સ્વરૂપ મિત્ર તરફથી આવેલા છે.

રંજન એક ક્ષણ ક્ષુબ્ધ મને ઊભો રહ્યો.

હં...આ એના સસરાના ઘરનાં લોકોની જ યુક્તિ ! એને કાયદામાં સપડાવવાનું આ એક કાવતરું, બીજું શું ? પરંતુ આવી રીતે યુક્તિ કરવાનું પ્રયોજન શું ? તેઓએ તો વિવાહનો અસ્વીકાર કર્યો છે ને !

મન બોલ્યું, "છતાંય આ એક યુક્તિ..."

ટપાલીને ઘેર બોલાવી એ ફૉર્મ પર લખી દીધું, "માલીક નથી."

બીચારો ટપાલી તો હેબતાઈ ગયો, "રૂપિયા નથી લેવા ?" એણે પૂછ્યું. રંજને કહ્યું, "ના, તમે પાછા મોકલી આપો."

કાંઈ સમજી ન શકવાથી ટપાલી ચાલ્યો ગયો.

ખરીદનારને ઊભો રાખી રંજન કોઠાર ખોલતો હતો એ જ વખતે અર્ચના આવી ચડી.

પાંચુ મંડલને ઊભો રહેલો જોઈને એ બધું સમજી તો ગઈ હતી, છતાં પૂછ્યું, "કોઠારનું તાળું ખોલો છો, રંજુદા ?"

"થોડું અનાજ બહાર કાઢવું છે." રંજને જવાબ આપ્યો. અર્ચના તિરસ્કારભર્યા અવાજે બોલી, "આ બુધવારે કોઈ કોઠારમાંથી

અનાજ બહાર કાઢતું હશે ? તમને તે કાંઈ સમજણ છે કે નાહ, રંજુદા ? સાવ ખ્રિસ્તી–મુસલમાનથી પણ વધી ગયા. તેઓ પણ ગૃહસ્થના ઘરનાં રીતરિવાજોનો સ્વીકાર કરે છે, પરંતુ તમે કાંઈ માનવા ઇચ્છતા નથી. આ રહ્યો પાંચુ મંડલ, એ તો પૂરા બુદ્ધિ-માન છે, એને પૂછી જુઓ કે બુધવારે કોઠારમાંથી અનાજ બહાર કઢાય ખરું ?"

પ્રસંગ જોઈને પાંચુએ બેદરકારી બતાવી. માથું [illegible] એણે કહ્યું, " હું તો ના જ પાડું છું, દીદીમણિ ! પરંતુ [illegible] આવવું જ જોઈશે. આજ રહેવા દો બાબુ, કાલ સવા[illegible] "

રંજન મૂંઝવણમાં બોલી ઊઠયો, " મારે [illegible] જ જરૂર છે. "

અર્ચનાએ કહ્યું, " શા માટે જરૂર છે તે હું જાણું છું. એ બધું થઇ પડશે. પાંચુ, આજે તો તમે જાઓ, કાલની [illegible] સ્થિતિ જોઇ ને પછી હું વ્યવસ્થા કરીશ. "

પાંચુ મંડલ ચાલ્યો ગયો.

અર્ચનાએ કહ્યું, " લાવો કોઠારની ચાવી, મને આપી દો, રંજુદા ! "

તાળું બંધ કરીને રંજન ઓસરીમાં આવીને ઊભો રહ્યો. અર્ચનાએ સાડલાને છેડેથી પાંચ રૂપિયા બહાર કાઢીને કહ્યું. " મને શું એ ખ્યાલ નથી કે માસીબા પૈસા સારુ થઈ ને દવા નથી લઈ શકતાં ! આ લો રૂપિયા, જલદી જઈ ને દવા લઈ આવો. "

રંજને હાથ લાંબા કરીને પૈસા લઈ લીધા ને કહ્યું. " [illegible] કેટકેટલી જાતનો ઉપકાર છે, અર્ચના ! એ બરાબર નથી [illegible] તમારું ઋણ સ્વીકારવાની ના પાડે છે એટલે [illegible] ને લેતો નથી, ત્યારે હવે વળી કેમ કરીને લે[illegible]ય ? "

અર્ચનાએ કહ્યું, "તમારા એ નિર્ણયો હમણાં રાખી મૂકો રંજુદા. હું તમારી એ બધી વાતો સાંભળવા ઈચ્છતી નથી, સાંભળીશ એક દિવસ—જ્યારે વહુરાણી આવશે ને તમે સંસારી થશો!"

રંજન હસી પડયો ને બોલ્યો, "એ આશા હવે છોડી દો, અને એ પણ જાણી લો અર્ચના કે, રાધા પણ નાચશે નહિ અને સાત મણ તલ પણ બળશે નહિ. તમારી વહુરાણી કદી અહીં આવશે નહિ, મારી કુટીર તેની પાયધૂલિ મેળવીને પવિત્ર પણ થશે નહિ."

એક ક્ષણ શાંત રહી તેણે કહ્યું, "એક ગમ્મતની વાત સાંભળ તો, અર્ચના! મારા કોઈ એક અજાણ્યા ભાઈએ—જેનું નામ પણ મેં કદી સાંભળ્યું નથી—કલકત્તાની બિડન સ્ટ્રીટમાંથી એક સાથે એકસો રૂપિયા મોકલ્યા હતા."

અર્ચના ઘરમાં જતી હતી તે પાછી ફરી ને આશ્ચર્યથી પૂછ્યું, "રોકડા એકસો રૂપિયા! શું કર્યું?"

"પાછા મોકલ્યા."

અર્ચના અવાક્ થઈને તેની તરફ જોઈ રહી, "નગદ એકસો રૂપિયા પાછા મોકલ્યા, અટલે?"

રંજને શાંતિથી કહ્યું, "અર્થ ઘણો જ સીધો—સાદો. હું સારી રીતે આ કામ કરનારને સમજી ગયો છું—એ તો એ લાટ સાહેબ મારા સસરાનું જ કામ."

અર્ચનાએ કહ્યું, "પણ એમાં એને ફાયદો શું?"

રંજને કહ્યું, "એ તો હું પણ બરોબર સમજી શકતો નથી, પણ લાગે છે કે કિંમત આંકવાનો ઈરાદો હશે."

અર્ચના માથું હલાવીને બોલી, "ના, મને એ સાચું લાગતું

નથી, મને તો લાગે છે કે આ રૂપિયા નામ છુપાવીને વહુરાણીએ જ મોકલ્યા છે."

રંજન એકદમ હા...હા...કરતો હસી પડયો. તેનું હસવું રોકાતું જ નહોતું.

મહાપ્રયત્ને હસવું રોકીને તેણે કહ્યું, "તુંય ઠીક હાંકે છે, અર્ચના! તે રૂપિયા મોકલે? અને તેય મને? એ કયારેય પણ સંભવી શકે? આ ક્ષણે જો તું એમ કહે કે, તું પરમેશ્વરનાં દર્શન કરી શકે છે, તો એ વાત સાચી માનવાને હું તૈયાર છું, પરંતુ જેનો મારી સાથે કશો સંબંધ નથી તે મને પૈસા મોકલે એ વાત માનવાને હું તૈયાર નથી."

અને એ રૂપિયા કોણે મોકલ્યા હતા તે વાત ભરમમાં જ રહી.

૧૧

સહૃદયતા

પુષ્પલે પાછાં આવીને જાણ્યું કે જે યુવાને તેઓને એક દિવસ ગુંડાઓના હાથમાંથી છોડાવ્યાં હતાં તે જ અનૂલાનો સ્વામી.

વિસ્મયથી તે અવાક્ થઈ ગઈ. ત્યારપછી બોલી, "જો તે દિવસે આ સાચી વાતની મને સહેજે ખબર પડી હોત તો તારી કાંઈક પણ વ્યવસ્થા કરી જાત."

અનૂલાએ જરા હસીને કહ્યું, "વ્યવસ્થા વળી તું કઈ રીતે કરત, પુષ્પલ ! કાંઈ થાત નહિ, તારું પણ અપમાન જ થાત."

પુષ્પલે કહ્યું, "હું એ અપમાનનો મારા મનને સ્પર્શ જ ન થવા દેત. એ તો તારી સાસુની બીમારીને લીધે તને તેડવા આવ્યો હતો. તારે હિંમત કરીને જવું જ જોઈતું હતું."

"હવે શું થાય ?"

પુષ્પલે કહ્યું, "થવાનું હતું તે થયું, જા, એક કામ કરી નાખ, થોડા રૂપિયા મોકલી આપ. સાંભળવા પ્રમાણે સ્થિતિ તો ખાસ સારી નથી, માંદાંનું ખર્ચ તો થાય ને ? થોડું હાથમાં હોય તો સારું, શું કહે છે ? આમ તો કાંઈ દેવા જવાય નહિ, ટપાલથી જ મોકલવું ઠીક પડશે."

અનૂલા માત્ર હસીને બોલી, "મોકલશું તો લેશે? વિશેષમાં, મેં મોકલ્યું છે એ સાંભળીને ફેંકી જ દેશે—અપમાન સમજશે."

પુષ્પલે કહ્યું, "નામ લખીશ નહિ, નામ બદલીને મારા મામાના ઘેરથી મોકલશું એટલે ઓળખી નહિ શકે."

"ઓળખે નહિ-પાળખે નહિ તોય શું રૂપિયા સ્વીકારશે?"

પુષ્પલે એની પીઠ થાબડીને કહ્યું, "એ ડર તારે રાખવાનો નથી, અનૂલા! બધી વ્યવસ્થા હું કરું છું. એક કહેવત છે તે જાણે છે ને? ગરજ બીચારી હોય છે! જરૂર પડે ત્યારે માણસ કોઈ કાયદા વાંચવા બેસતો નથી, માણસો ચોરી શા માટે કરે છે, કહે જોઉં?"

અનૂલાએ કહ્યુ, "સ્વભાવ—સ્વભાવમાં ફેર હોય છે."

પુષ્પલે જ્ઞાનીની જેમ કહ્યું, "આપણે પણ ઘણી વાર અમુક કહીએ છીએ, પરંતુ વ્યવહારમાં માણસ શું તે આચરી શકે છે, અનૂલા? હું જ્યારે સાંભળું છું કે, કોઈ ચોરી કરે છે અથવા કોઈને ચોરી કરતાં નજરે જોઉં છું, ત્યારે સાચે જ મને બહુ દુઃખ થાય છે. એકદમ ગરીબી ન આવે તો કોઈ ચોરી ન કરે, પરંતુ ગરીબી જ માણસને નીચે પાડે છે ને ગરીબી જ ચોરી—લૂંટફાટ કરાવે છે. પૃથ્વીમાં જો ગરીબી ન હોત તો ચોરીની વાત જ મટી ગઈ હોત."

એક ક્ષણ મૌન રહીને તેણે કહ્યું, "જ્યારે દેશમાં ચોરી થતી નહિ એવા કાળના આજે આપણે મોટા મોટા દાખલા દીધા, પરંતુ એ વાત સાચી નથી. એટલું કહી શકાય કે, ત્યારે આટલું બધું ચોરીઓનું પ્રમાણ નહોતું, એટલે કે એ પુરાતન યુગમાં પૃથ્વી આજની જેમ ચારે બાજુથી ગરીબ નહોતી થઈ ગઈ. પૃથ્વીની છાતી પર ધનભંડારો હતા, તે નવયૌવના હતી. આજે એના તરફ જો, બુઢ્ઢાપણાએ આવીને એને ક્ષીણ બનાવી દીધી છે."

"'જીવે છે' એટલો જ માત્ર અવાજ આપે છે, બીજુ કાંઈ દેવાની હિંમત નથી, પરંતુ વર્તમાને જીવવું એમાં જ કાંઈ બધું આવી જતું નથી, અનૂલા! પૃથ્વી પોતાના અસ્તિત્વની સાબીતિ કાંઈક કામ કરીને બતાવે તો જ સાચું."

અનૂલા એને અટકાવીને બોલી, "કામ આપીને બની શકે એટલું બતાવે છે, જો કેટલાં યંત્રો, કારખાનાંઓ–"

પુષ્પલે કહ્યું, "હં, આને યંત્રયુગ જ કહી શકાય, માણસ સોનું છોડીને રાખ ભેગી કરે છે, એકની ગરીબી મિટાવવા દસ માણસને ગરીબ બનાવી દે છે, પરંતુ એ માટે હું માણસને દોષિત ગણતી નથી, દોષ તો દઉં છું આળસુ પૃથ્વીને. તેનું અસલ રૂપ ચાલ્યું ગયું છે. કૃત્રિમતાની મદદ લઈને તે માણસને ભ્રમમાં રાખવા ઇચ્છે છે. ભૂખ્યા ભગવાન જ્યારે આર્તનાદ કરે ત્યારે ચટકેદાર રંગનાં વસ્ત્રો ગમે નહિ, ત્યારે તો જોઈએ એક મુઠ્ઠી ભાત–માત્ર ભાત, ભાતભાતનાં ભોજન બાજુએ રહેશે. ત્યારે તો એ એક મુઠ્ઠી ભાત જ ગરીબી સાથે યુદ્ધ કરવાની શક્તિ દેશે. માણસ શું એ ભાત મેળવશે? ખેતરો પડયાં છે, ધાન ક્યાં? દેશમાં ચોરી–લૂંટફાટ વધે છે, પરંતુ એ માટે તેમને દોષ દેવાથી ચાલશે નહિ. જો હું ન્યાયાધીશ બનું તો જોજે અનૂલા, ચોરી માટેની શિક્ષા કરવાનું સાવ બંધ કરી દઈશ."

અનૂલા હસી પડી, "જો એમ થશે તો કોઈ એક દિવસ પણ સુખેથી રહેશે નહિ, પુષ્પલ! અત્યારે તો ધાંનદો ઊંઘી જાય ત્યારે વખત જોઈને ચોર ચોરી કરે છે, શિક્ષાનો ડર નહિ રહે ત્યારે તો સમય જોઈને આવવાની પણ જરૂર નહિ રહે. પૃથ્વી વૃદ્ધ હોય કે યૌવના હોય, તેમાં આપણને વિશેષ કાંઈ લેવા–દેવા નહિ રહે, કારણ કે આપણે યાંત્રિક યુગનાં માણસ, આપણે તો માત્ર ગરીબી સાથે યુદ્ધ કરીને કોઈ પણ રીતે જીવવાનું."

પુષ્પલે ગંભીરતાથી કહ્યું, "ઊંહું, વાતને આમ સહજ રીતે ઉડાવી દેવી યોગ્ય નથી. આપણે હવે વિચારવાનો સમય આવે છે, આ બધું વિચારવું એ જ ઉચિત છે."

અનૂલાએ કહ્યું, "વિચારવાથી તો બધું થશે, અત્યારે તો એના કરતાં સાચું કાર્ય છે તે કર. રૂપિયા કેમ કરીને મોકલી શકાશે એ જ છે મૂળ વાત. કલ્પના સાથે રમત રમવાથી ચાલે, પણ વાસ્તવમાં એની પાસે પૈસા નથી તે વાતનો પહેલાં વિચાર કર."

પુષ્પલ ચકિત થઈ ગઈ, "બરોબર, રૂપિયા મોકલવાની વાત તો સાવ ભૂલી ગઈ હતી, વાત કયાંની કયાં આવી પડી! રૂપિયા તો આજે જ મોકલવા છે, તે માટે વિચારવાનું નથી, પરંતુ હું જે બોલી તે ઉડાવી દેવાની વાત નથી, કલ્પના પણ નથી એ વાત યાદ રાખજે, અનૂલા! આજે આપણે જયાં આવી પડયાં છીએ ત્યાં ઊભાં રહીને પાછળ જોવું જોઈએ."

અનૂલાએ કહ્યું, "ભૂતકાળના હાડપિંજર સિવાય બીજું કશું નહિ દેખાય. પરંતુ હું ભૂતકાળ સાથે માથાકૂટ નથી કરતી, પુષ્પલ! ભવિષ્ય માટે મગજ ગરમ કરવાને પણ હું રાજી નથી. વર્તમાનમાં જે આપણું જગત છે તેને જ હું જોઉં છું ને પોતાનું માનું છું"

પુષ્પલે કહ્યું, "એટલે જ વર્તમાનને આવો વિકૃત કરી નાંખ્યો છે કે જેને કોઈ પણ રીતે પોતાનો કરી શકતી નથી. મને જો તારા જેવી અનુકૂળતા હોત તો મારો પોતાનો વર્તમાન અને સુંદર ભાવિ બીજાના હાથમાં સોંપત નહિ, અનૂલા! મારોં વર્તમાન હું જ ઘડત અને ભવિષ્યને પણ સુંદર મનોરમ બનાવત. પણ નહિ, તને કાંઈ ન કહેવું એ જ સારું છે, કદાચ તું હમણાં જ રડી પડશે."

અનૂલા ફિક્કું હસીને બોલી, "આંખનાં આંસુ એટલાં સસ્તાં નથી કે જે આંખમાંથી સરી પડે!"

પુષ્પલે કહ્યું, "સસ્તાં નહિ તો શું? આવા સંજોગોમાં સસ્તાં થઈ જ જાય. ઠીક ચાલ, લાવ મનીઑર્ડર કરી આવીએ ને જોઈએ કે ભદ્રલોક સ્વીકારે છે કે નહિ."

અનૂલાએ રૂપિયા બહાર કાઢ્યા ને કહ્યું, "ચાલ."

ચાલતાં ચાલતાં અનૂલાએ કહ્યું, "તને એક શુભ સમાચાર કહું? નાનાભાઈ પાછા આવે છે."

પુષ્પલે જરા હસીને કહ્યું, "શુભ સમાચાર ખરા કે નહિ તે તું બરોબર કહી શકે નહિ, મારી પાસે એ સમાચારનું મૂલ્ય હવે બહુ નથી એ તો તું જાણે છે, તને હોય એ વાત સાચી છે."

અનૂલા દુખિત થઈને બોલી, "નાનાભાઈ આવશે ત્યારે તેને બાપુજી સ્વીકારશે નહિ એમ કહે છે."

પુષ્પલે કહ્યું, "હોઈ શકે, પરંતુ એની તો બરોબર વખતે જ ખબર પડે."

પોસ્ટઑફિસે જઈ મનીઑર્ડર કરી બંને પાછાં ફર્યાં.

બે દિવસ પછી જ્યારે એ રૂપિયા પુષ્પલના મામાને ઘેર પાછા ફર્યા ત્યારે અનૂલાએ જરા હસીને કહ્યું, "જોઈ લે, ગરીબીમાં આવતાં છતાં માણસનું મનુષ્યત્વ અથવા તો મહત્તા જતી નથી. મેં એમ જ કહ્યું હતું ને?"

પુષ્પલ તેના મોં તરફ નિઃશબ્દ માત્ર જોઈ જ રહી.

૧૨

માની ઝંખના

અર્ચના આજ સવારથી દેખાઈ નહોતી. માને કાલ સવારથી તાવ ઊતર્યો છે. શરીર એકદમ દુર્બળ છે. ઊઠવાની શક્તિ નથી. રંજને તેને માટે ખાવાનું તૈયાર કરી અને ખવડાવ્યું અને દવા પાઈ.

સવારે કાંઈ કામ માટે એક વાર બહાર જવાની જરૂર પડી, પરંતુ અર્ચના ન આવી એટલે તે કામ માટે જઈ શકાયું નહિ.

માને ખવરાવી, સ્નાન કરી આવી, વાડામાં રંજન કપડાં સૂકવતો હતો. મંગલાદેવીએ તેને બોલાવ્યો.

તે પાસે આવ્યો એટલે તેણે પૂછ્યું, "મારા ખાવાની વ્યવસ્થા તો કરી રંજુ, પણ તારા જમવાનું શું થયું?"

રંજને માના માથા પર હાથ ફેરવતાં ફેરવતાં જરા હસીને કહ્યું, "એ માટે તમારે ચિંતા કરવી નહિ મા, મારા જમવાની વ્યવસ્થા બરોબર છે. તમે તો ધારો છો કે અર્ચના ન આવી, ભાત ન રાંધ્યા એટલે મારું જમવાનું બની શકશે નહિ, પણ તમારો રંજુ એટલો બધો આળસુ નથી મા! પોતાના જમવાની વ્યવસ્થા પોતે કરી શકે છે."

મંગળાદેવીએ પૂછ્યું, "શું કર્યું?"

"આજે કાંઈ કરવાનું નથી, કાલ રાતના ભાત છે એ જ અત્યારે ખાઈશ."

"વાસી ભાત ખાઈશ, રંજુ ?" ચિંતાથી માએ પૂછ્યું.

"ચિંતા ન કર મા, તારો રંજુ બાળક નથી. વાસી ભાત ખાવાની એને ઠીક ટેવ પડી ગઈ છે."

એક ઊંડો નિઃશ્વાસો નાખી મા આંખ બંધ કરીને પડી રહી.

"વખત ન મળ્યો, નહિ તો ભાત રાંધી શકત નહિ ? આ જો ને, આજ સવારે થોડા પૈસા માટે બહાર જવાનું હતું તે પણ જઈ ન શકાયું."

મંગળાદેવીએ પૂછ્યું, "કેમ ?"

"તમને એકલાં કોની પાસે રાખીને જાઉં ? અર્ચના હમેશ આવે છે એટલે નિશ્ચિંત થઈને કામે જઈ શકત, પણ આજે તે આવી નહિ. તમને આવી સ્થિતિમાં એકલાં મૂકીને તો જઈ શકાય નહિ ને ?"

મંગળાદેવીએ ફરી એક વાર નિસાસો નાંખ્યો અને પોતાના કપાળ પર હાથ ફેરવતાં ફેરવતાં બોલી, "મળ્યો જેમ આટલાં બધાંને લઈ જાય છે ને એક મને જ નથી લેતો ! રોજ ભગવાનને પ્રાર્થના કરું છું કે મને સાજી કરો, નહિ તો ઉપાડી લો–પણ એમાંથી કાંઈક કરો, હવે કેટલા દિવસ આમ પથારીમાં પડી પડી તારું બધું નષ્ટ કરીશ, રંજુ ! હું તો દિવસ–રાત એ જ વિચાર કરું છું."

તેની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.

રંજન દુઃખી થઈને એની આંખ લૂછતાં લૂછતાં બોલ્યો, "છટ, મા, એ માટે તેં પાછું રડવાનું શરૂ કર્યું ? તારું તો આ

બહુ દુઃખ, એક દિવસ વાસી ભાત ખાધો એમાં શું થઈ ગયું તે રડવા બેઠી ?"

મંગલાદેવી રૂંધાયલા અવાજે બોલી, "તું જ કહે ને, રંજુ, હવે આમ કેટલો વખત મારે પડયા રહેવું ? એક પ્યાલો પાણી ભરવાની પણ મારામાં તાકાત નથી."

રંજને કહ્યું, "એથી કાંઈ તકલીફ પડતી નથી."

મંગલાદેવી બોલી, "કાંઈ તકલીફ નહિ ? ઘરની બધી ચીજ-વસ્તુ ખતમ થઈ ગઈ. તું પુરુષ માણસ વધુ કેટલું કરી શકે ? હું જ આ બધું કરતી આવી છું ને ? જીવતાં છતાં મારે આવું જોવું પડે !"

વ્યગ્રતાથી રંજને કહ્યું, "બોલ, શું કરવાનું છે ? હું જ એ કરીશ."

મંગલાદેવીએ કહ્યું, "તું શું કરી શકે, રંજુ ? મનમાં હતું કે અર્ચના પાસે કરાવી લઈશ, પરંતુ એ પારકી સ્ત્રી, પારકી વહુ, તેને પણ હું જોરથી શું કહી શકું ? મારું શરીર જોતાં મને તો વિચાર થાય છે કે મને જો કાંઈ થશે તો તું ઊભો કયાં રહીશ ? તારી સંભાળ કોણ લેશે ? આજ અગિયાર વર્ષ સુધી રાહ જોઈ કે વહુમા આવશે, પણ તે આવી નહિ–આવશે પણ નહિ. મારી એક વાત માનીશ, રંજુ ?"

"શી વાત, મા ?"

માએ એક વાર શ્વાસ લીધો ને ક્ષીણકંઠે બોલી, "તું બીજી વાર લગ્ન કર, બાપુ ! તું સંસારી થા, હું જોઈને જાઉં, નહિ તો હું મરીશ પણ શાંતિ પામીશ નહિ, રંજુ !"

રંજન ચૂપ રહ્યો.

માએ દુર્બળ હાથ તેના હાથ પર રાખીને કહ્યું, "રંજુ !"

"શું મા ?"

"મેં ઘણો વિચાર કર્યો, પરંતુ વિચારવાથી કાંઈ વળ્યું નહિ. અગિયાર વર્ષ રાહ જોઈ, અનેક અપમાનો સહ્યાં, છેવટે તને છેલ્લો જવાબ મેળવવા પણ મોકલ્યો. તેઓ તને જમાઈ ગણવા જ માગતા નથી. તું શું હજુ પણ એ વાત જ મનમાં રાખીશ, રંજુ ? જે તને સ્વીકારવામાં રાજી નથી, જેઓએ તારું અપમાન કર્યું..."

મા હાંફવા લાગી, "જરા પાણી દે, રંજુ !"

રંજને માને પાણી પિવડાવ્યું.

મંગલાદેવી બોલવા લાગી, "મારી જ ભૂલ થઈ છે, અરુંધતીએ જ્યારે લગ્નની વાત કરી ત્યારે મેં આગળ-પાછળનો કાંઈ વિચાર ન કર્યો ને માત્ર એની વાત માની લઈને વિવાહ કર્યો. એ મારી ભૂલનું પ્રાયશ્ચિત્ત થયું નહિ ને થશે પણ નહિ. હું તને આવી રીતે સંસાર વિનાનો રસ્તાનો ભિખારી બનાવીને જઈ શકીશ નહિ, હું મરતાં પહેલાં તને સંસારી કરીને જ જઈશ. તું માત્ર એટલું જ કહે કે મારી વાતથી તું રાજી છે કે નહિ ?"

રંજન મૃદુ સ્વરે માત્ર "મા" એટલું જ બોલ્યો. તેનું મન કહેતું હતું કે ફરી લગ્ન કરવું તેને માટે ઉચિત નથી.

મંગલાદેવીએ કહ્યું, "નહિ તો મારા સ્વામીનો વંશ લોપ થઈ જશે, રંજુ ! તારા પિતૃઓ એક અંજલિ પાણીની પણ નહિ મેળવે ને ચિરકાળ માટે અવગતિએ રખડશે."

"ના મા, હું લગ્ન કરીશ. તું જ્યારે, જે દિવસે, કહીશ ત્યારે હું રાજી થઈને કરીશ."

મા પુત્ર તરફ જોઈ રહી. તેની આંખમાંથી ખરખર કરતાં

પાણી ઝરવા લાગ્યાં. રંજન માની આંખો લૂછતાં લૂછતાં બોલ્યો, "હું તો રાજી છું, તો પાછી ફરી કેમ રડે છે, મા?"

આર્દ્રકંઠે માએ કહ્યું, "હું જાણું છું કે આ બહુ અન્યાયી કામ છે, પણ બીજો ઉપાય જ નથી, રંજુ! અગિયાર વરસ મેં પણ રાહ જોઈ, તેં પણ જોઈ, પરંતુ વહુમા આવી નહિ, લગ્નની વાત પણ સ્વીકારી નહિ. આજે તારા ભવિષ્ય તરફ જોતાં આ કામ કરવા સિવાય બીજો કોઈ ઉપાય મને સૂઝતો નથી. તારા વડવાઓના આર્તસ્વરો હું સાંભળું છું. તેઓ એમનો વંશ ઇચ્છે છે એટલે જ હું તારો બીજી વાર વિવાહ કરનાનુ હું છુ, તું જ બરોબર જોઈ-વિચારીને કર, મને પછી દોષ દઈશ નહિ, બાપુ!"

રંજને રુદ્ધ કંઠે જવાબ આપ્યો, "હું સમજું છું મા, હું પણ મારું કર્તવ્ય બરાબર બજાવીશ. પહેલાંનાં લગ્નનો દોષ તને દીધો પણ આ લગ્નનો દોષ તને નહિ દઉં, કારણ કે હું પોતે જોઈ-વિચારીને વિવાહ કરું છું."

મા પડખું ફરીને સૂઈ ગઈ.

૧૩

માનું મૃત્યુ અને પછી

રંજનનો વિવાહ ખરેખર થઈ ગયો.

સાધારણ માણસની કન્યા, સ્થિતિ ખરાબ એટલે જરા મોટી ઉમરની થઈ ગઈ છે, પરંતુ મંગલાદેવીને મોટી ઉંમરની જ કન્યાની જરૂર હતી—જે આવીને ઘરનો બધો ભાર ઉપાડી લે ને તેને બધી ચિંતાઓથી મુક્ત કરે.

રમા—છોકરી—ભારે ચપળ, ગામડાની છોકરી એટલે સમજુ પણ ઘણી. રત્નમા સંબંધી બધી વાત સાંભળ્યાં છતાં તેણે સ્વામીના ઘરમાં પ્રવેશ કર્યો.

પથારીવશ મા વહુને પોંખી શકી નહિ એટલે અર્ચનાએ વહુને પોંખી ને વહુએ ઘરમાં પ્રવેશ કર્યો.

એક વખત રંજનને એકલો જોઈ અર્ચનાએ કહ્યું, "વહુ બહુ સારી છે, નહિ રંજુદા? ગરીબને ઘેર ગરીબ ઘરની કન્યા જ સારી, મોટા ઘરની કન્યા માન ન રાખે."

રંજને જરા હસીને કહ્યું, "સારું કે ખરાબ, તેમાં મને કાંઈ લેવા-દેવા નથી, અર્ચના! ગરીબ ઘરની સ્ત્રી કામકાજ કરે એટલે બસ."

રમા ખરેખર કામકાજમાં નિપુણ હતી. એક દિવસમાં જ એણે ઘરની સૂરત ફેરવી નાખી.

રંજન નિશ્ચિંત થયો. માની સારવાર કરનાર તેને એક બીજું માણસ મળ્યું.

કોઈ ખાસ નવીનતા કે વિશેષતા રમામાં નહોતી. બીજી બધી છોકરીઓ જેવી સામાન્ય છોકરી, બંગાળની વહુ જેવી વહુ, એ હતી.

રંજન અનૂલાનું સ્વપ્ન જોતો. તે એકાએક આવી અને ચાલી ગઈ, અંતરમાં માત્ર સ્મૃતિ મૂકી ગઈ.

પરંતુ તે ઘરની ગૃહિણી નથી. તે પૂજા લઈ જાણે, પરંતુ કરી જાણે નહિ. માણસ ઇચ્છે તોપણ બધાં પાસેથી લાભ મેળવી શકે નહિ. રંજનનું દિલ ભૂખ્યું રહી ગયું. તેણે કેટલુંય મેળવવાની આશા કરી, પરંતુ મેળવી શકયો નહિ. આજે તે રમા સાથે અનૂલાની તુલના કરી જોતો હતો કે બંને વચ્ચે તફાવત કેટલો છે? રમા આખો દિવસ ઘરનું કામ કરે, ઘરમાં કયાંય અવ્યવસ્થા થાય નહિ, કયાંય કચરો પડયો રહે નહિ. રંજન નિયમિત ભોજન મેળવે, આખા દિવસના થાક પછી ઘેર આવે ત્યારે સેવા–ચાકરી પામે અને શાંતિથી એનું ચિત્ત પ્રસન્ન થઈ જાય.

ત્યારે...અનૂલા કયાં ?

મંગલાદેવીની તબિયત દિવસે દિવસે ખરાબ થતી જાય છે. હવે તેને મરવાનું દુઃખ નથી. રંજનને એ સંસારી કરી શકી છે. આજે એનું મન સંતોષ મેળવે છે કે તેના મૃત્યુ પછી રંજન રસ્તે રખડતો નહિ રહે, ઘરમાં એની સંભાળ રાખનાર માણસ છે.

આ પછી થોડા દિવસે રંજનને કેટલીક ભલામણો કરી, રમાને ઘર માટેની શિખામણો આપી, મંગલાદેવીએ પરમશાંતિમાં આંખ બંધ કરી.

રંજન માના મૃત્યુથી તદ્દન ભાનભૂલ્યો થઈ ગયો. અર્ચનાએ ઠપકો દીધો, " મા તો જાણે કોઈની નહિ જતી હોય, રંજુદા!

એકલાં તમારી જ મા ગયાં હશે ? મર્દ માણસને તો આવા કેટલાય આઘાત સહન કરવા જોઈશે. દુનિયાના બધા માણસો તરફ નજર કરો જોઉં, કેટલા માણસોનાં માબાપ જીવતાં છે ? હું પણ આ એકલી રહી, પણ પહેલેથી જ કાંઈ એકલી નહોતી, એક દિવસ મારે પણ મા હતી. માના જવાથી હું સ્ત્રી છું તોપણ તમારી જેમ પગ ભાંગી ગયા હોય તેમ બેસી નથી રહી. "

શુષ્ક હસીને રંજને કહ્યું, " એ વાત હું પણ જાણું છું, અર્ચના ! હવે માના શ્રાદ્ધ માટે શું શું કરવું પડશે એ જ મારી મોટી ચિંતા છે. "

" એ માટે તમારે કશી ચિંતા કરવાની નથી, જે કરવાનું હશે તે હું જ કરીશ. તમે માત્ર એક કામ કરો, કલકત્તા વહુદીદીને એક પત્ર લખી નાંખો. "

રંજને વિસ્મિત થઈને કહ્યું, " કેમ ? એને પત્ર લખવાનો અર્થ ? " ગુસ્સાથી અર્ચના બોલી, " તમારી આવી બધી વાતથી મને તમારા પર ગુસ્સો આવે છે, રંજુદા, તમને જે કહું તે કરી જ નાખવું જોઈએ. વહુદીદીને આવવા માટે પત્ર લખો."

રંજન અન્યમનસ્કભાવે આકાશ તરફ જોઈ રહ્યો. એક બગલાનું ટોળું નીલા આકાશમાં સફેદ પાંખો ફફડાવતું ઊડી ગયું. તેની સફેદ પાંખો પર સૂર્યાસ્તની લાલ આભા કેવી ચકચકતી હતી તે રંજન જોવા લાગ્યો.

ઘણી વાર પછી મોં ફેરવીને ગંભીરતાથી એણે કહ્યું, " તમે શું એમ ધારો છો કે પત્ર લખવાથી તે આવશે ? મરણ પહેલાં મા એક વાર તેને જોવા કેટલી વ્યગ્ર થઈ ગઈ હતી તે તો તમે જાણો જ છો ને ? "

"જાણું છું, છતાં તમારે એક પત્ર લખવો પડશે, રંજુદા. એ હિંદુઓનો નિયમ છે. સૂતક બે જગાએથી ન કઢાય, એક જગાએથી જ શ્રાદ્ધ સારી શકાય એ વાત તેઓ જાણે છે, ને વળી લખવાથી પણ સમજશે."

રંજને માથું હલાવ્યું, "ના, મને લાગે છે કે તેઓ આ વાતને એવા ભાવથી સ્વીકારશે નહિ–તુચ્છકારીને ઉડાવી દેશે."

ગુસ્સાથી અર્ચનાએ કહ્યું, "તમે કેવી રીતે જાણો કે તેઓ વાતને તુચ્છકારી કાઢશે? તમે તમારો મત તમારી પાસે રાખો, મારો મત જુદો છે. જ્યારે તમે મારા મત પ્રમાણે કામ કરવાનું વિચાર્યું છે ત્યારે મારા આ મતને જ સ્વીકારો."

રંજને એક નિસાસો નાંખ્યો.

તે કેમ કરીને અર્ચનાને સમજાવે કે તેના સસરાના ઘરનાં સૌએ તેનું કેટલું અપમાન કર્યું છે! બધી વાત તે અર્ચનાને કઈ રીતે સમજાવે!

આજે તે જે પત્ર લખશે તે કોઈ જોશે નહિ, વાંચશે પણ નહિ. એની મા એને માટે તો દેવી છે, પણ તેઓને શું સગપણ? તેની માના આત્માની તૃપ્તિ માટે રંજન બધું જ કરી શકે–કરતો પણ ખરો, પરંતુ અનૂલાને એની માની શી કિંમત? રસ્તા પરથી કોઈનો મૃતદેહ પસાર થાય અને માણસ જેટલો સમય તે તરફ જોવામાં વ્યય કરે તે ભાવે જ અનૂલા જોશે. સેંકડો મૃત્યુ પામેલાં માણસો વચ્ચે તેની મા પણ એક માનવી–તેમાં વિશિષ્ટતા ક્યાં?

પરંતુ આ વાત તે અર્ચનાને કહી શક્યો નહિ. પોતે જેમ ફાવે તેમ અનૂલા વિષે વિચાર કરતો, મનમાં મનમાં તેને માટે અતિ કઠોર શિક્ષા પણ નક્કી કરી શકતો, પરંતુ બીજા કોઈ પાસે

તે અનૂલાને નાની બનાવવા કે અનૂલા માટે હલકા બોલ સાંભળવા ઈચ્છતો નહોતો.

અર્ચનાએ વાત છોડી નહિ, રંજન પાસે કલકત્તા પત્ર લખાવ્યે જ એ રહી. રંજને માત્ર બે જ લીટી લખી માના મૃત્યુના સમાચાર જણાવ્યા. એટલું કર્તવ્યપાલન કરતાં પણ રંજન જાણે થાકી ગયો.

અર્ચનાએ કહ્યું, " પત્ર મારા હાથમાં દો, તમારા મનની સ્થિતિ જોતાં તમે ટપાલમાં નાખશો એમ મનાતું નથી, રંજુદા, હું જ હમણાં નાખી આવીશ."

પત્ર એના હાથમાં દેતાં રંજને કહ્યું, " લો, તમે લખાવ્યોતો છે, પરંતુ અપમાન સિવાય બીજું કશું આમાં વળવાનું નથી. તેઓ કોઈ આવશે નહિ એ હું તમને ખાતરીથી કહું છું. સૂતક લેવા જેવી શિક્ષા એમને મન બીજી કોઈ ન હોય, એટકે સૂતક કાઢવાનો વિચાર પણ તેઓ કરશે નહિ."

અર્ચનાએ કહ્યું, " ન આવે કે ન વિચાર કરે એની સાથે આપણે કશી લેવા-દેવા નથી, રંજુદા! આ તો આપણી ફરજ છે, પછી તો તેઓને ઠીક લાગે એમ કરે, એમાં આપણે શું ?"

ત્યારપછી અર્ચનાએ તુરત બ્રાહ્મણને બોલાવી મંગાવ્યો ને શું શું કરવું પડશે તે જાણી લીધું.

આ બધી ખટપટથી રમા ઘણી દૂર રહી. અહીં તે સ્વામીના મનને સમજી શકી નહિ.

રમા માત્ર ગૃહિણી હતી, બીજું કશું નહોતી—એને એનું દુઃખ પણ નહોતું. એને જે મળ્યું હતું તેથી જ તે પરમ સંતુષ્ટ હતી.

તે માત્ર તેના હાથની ચૂડી અતૂટ રાખવા અને સેંથાનું સિંદૂર અખંડ રાખવા પ્રભુને પ્રાર્થના કર્યા કરતી. તે જો તેના

સ્વામીની સેવામાં એનું તન–મન અર્પણ કરી શકે, સ્વામીના સંસારમાં શાંતિ લાવી શકે તો બસ; એને અલંકારની જરૂર નહોતી, ચૂડી જ એનું શ્રેષ્ઠ આભૂષણ હતું; કીમતી સાડીની પણ એને ઇચ્છા નહોતી, મોટું જાડું લાલ લાલ થાન એ જ એનું મૂલ્યવાન વસ્ત્ર હતું.

રમા આખો દિવસ ચુપચાપ ઘરનું કામ કરતી. સ્વામીના આ દુઃખમાં ઘરની ખૂટતી ચીજોની વાત કરીને તેને વધુ દુઃખી કરવા એ ઇચ્છતી નહોતી.

૧૪

હૃદયપલટો

રંજનનો પત્ર અનૂલાના હાથમાં આવી પડયો. પત્ર હાથમ લઈને તે મૂઢની જેમ ઊભી રહી.

તેની સાસુ—રંજનની મા—એને છેલ્લે એક વાર મળવા માટે તે વ્યગ્ર પણ ન થઈ. માના કહેવાથી રંજન તેને લઈ જવાને માટે કલકત્તા આવ્યો હતો, પણ અનૂલા ગઈ નહિ.

એ રંજને જ પાછો પત્ર લખ્યો છે. માત્ર બે લીટી લખી છે, પરંતુ એ બે જ લીટીમાં એનું અંતર સ્પષ્ટ દેખાય છે.

હતભાગી રંજન! હં, એ હતભાગી જ ગણાય! મા વિનાનો અભાગી! દુનિયામાં મા સિવાય બીજું તેને કોઈ નહોતું. આજે માને ગુમાવવાથી એની કેવી સ્થિતિ હશે તે કોણ જાણે?

અનૂલા અંતરચક્ષુથી જોવા લાગી. રંજનને જમવાનું નથી, નાહવાનું નથી, તે એકદમ ક્ષીણ થઈ ગયો છે—જોતાં તો ઓળખાય પણ નહિ.

માયા ઓરડામાંથી બહાર નીકળતી હતી. અનૂલાના હાથમાં કાગળ જોઈને એણે પૂછ્યું, "કોનો પત્ર છે, અનૂલા?"

કાંઈ ન કહેતાં અનૂલાએ પોસ્ટકાર્ડ તેના હાથમાં મૂકી દીધું.

માયાએ એક ક્ષણમાં નજર ફેરવી લઈને દુઃખિત સ્વરે પૂછ્યું, " તારાં સાસુ મરી ગયાં ? કેવી રીતે ? "

અનૂલાએ બીજી તરફ મોં ફેરવીને કહ્યું, " એ જ વાંચ્યું. " ધીરે ધીરે કાર્ડ અનૂલાના હાથમાં પાછું દેતાં માયાએ કહ્યું, " હિંદુના ઘરમાં હજુ પણ જો રહો છો, તો રીતરિવાજ કરવાની જરૂર છે એમ સ્વીકારવું જોઈએ. "

અનૂલાના મનમાં પણ બરોબર આ જ પ્રશ્ન ઊઠયો હતો. તેણે સાંભળ્યું હતું કે કોઈ મોટું મરી જાય તો ઘણું ઘણું કરવાનું હોય છે, પણ શું કરવાનું હોય છે તે એ જાણતી નહોતી. પુષ્પલ અહીં નહોતી, જો તે હોત તો એની મા પાસેથી બધી રીત એ જાણી લેત.

વ્યગ્રતાથી અનૂલાએ પૂછ્યું, " શા શા નિયમ હોય, ભાભી ?"

" નિયમો તો ઘણા છે, પણ એ બધા શું તું પાળી શકે ? અને પાળી શકે તોય શું બાપુજી તને પાળવા દે—તેઓ જયારે લગ્ન થયાં છે એ વાત સ્વીકારવાની જ ના પાડે છે ત્યારે ?"

અધીરાઈથી અનૂલાએ કહ્યું, " તેઓ ન સ્વીકારે તોપણ મારે તો સ્વીકારવું પડશે, ભાભી. તેઓ લગ્નનો સ્વીકાર ન કરે, પણ હું તો માનું છું કે મારાં લગ્ન થયાં છે. "

બોલતાં બોલતાં તે ચૂપ થઈ ગઈ. મનમાં થયું કે જરા વધુ-પડતું બોલાઈ ગયું. માયા હમણાં જ હસી પડશે ને આ વાત સૌને કહી દેશે એમ પણ તેને લાગ્યું.

પરંતુ માયા હસી નહિ, ઊલટાની એના મોં પર સંતોષની રેખાઓ ફૂટી નીકળી. તેણે કહ્યું," તારે સૂતક પાળવું પડશે, અનૂલા ! "

" સૂતક શું ? " અનૂલાએ પૂછ્યું.

" તું જો પાળવાની હો તો હું તને હમણાં બતાવું. એક બાજુ

પોતાથી જે અને તે રાંધીને ખાવાનું, કોઈને અડકેલું ખવાય નહિ, કામળા પર સૂવું પડે, બજારની કોઈ ચીજ ન ખાઈ શકાય."

અનૂલા ઉત્સાહમાં આવી ગઈ, "હું બધું કરીશ, તમે મને બતાવી દો, કહી દો કે બીજું શું શું કરવું પડશે ?"

તેણે નોકર સાથે કાગળ ચંદ્રમોહનને મોકલી આપ્યો. ચંદ્રમોહને ઉપર ઉપર નજર ફેરવીને ત્યાં જ ફાડીને એ ફેંકી દીધો.

પરંતુ બધી વાતની ખબર જમવા વખતે પડી ગઈ. જ્યારે ચંદ્રમોહન જમવા બેસતો ત્યારે અનૂલા પણ તેની સાથે જ હમેશાં જમતી. બાળપણથી આજ સુધી એ જ નિયમ ચાલતો આવ્યો છે. આજે નિરુપમ સાથે ચંદ્રમોહન જમવા બેઠો ત્યારે અનૂલાને એણે જોઈ નહિ, તેને માટે થાળી પણ પીરસી નહોતી.

ચંદ્રમોહને ખાવાનું હાથમાં લેતાં જ પાછું મૂકી દીધું ને પૂછ્યું, "અનૂલા ક્યાં, વહુમા ? તે જમવાની નથી ?"

નિરુપમે પણ આતુરતાથી પૂછ્યું, "શું તેની તબિયત ખરાબ છે ?"

માયાએ જવાબ દીધો, "ના, એ હવિષ્યની તૈયારી કરે છે, આ બધું એ નહિ ખાય."

ચંદ્રમોહનને જાણે આકાશ તૂટી પડતું લાગ્યું. "સૂતક ! કોનું સૂતક ? એ સૂતક પાળી કેમ શકશે ?"

માયાએ શાંતિથી જવાબ આપ્યો, "એનાં સાસુ મરી ગયાં ને ? આજે પત્ર આવ્યો છે."

ચંદ્રમોહને વ્યાકુળતાથી પૂછ્યું "શું એ પત્ર એણે વાંચ્યો છે ? એ સૂતક કેવી રીતે પાળશે ?"

ભાઈને અનૂલાને બોલાવવા મોકલ્યો. એ તે વખતે સ્નાન

કરીને માયાના કહેવા પ્રમાણે પોતાના હાથે હવિષ્યની તૈયારી કરતી હતી.

"મને બોલાવી, બાપુજી ?"

ચંદ્રમોહને મોં ઊંચું કર્યું અને ઉદ્વેગપૂર્ણ મોંએ પૂછ્યું, "આજે તને શું થયું છે, અનૂલા ? તું ખાઈશ નહિ ?"

અનૂલાએ માથું હલાવ્યું, "ના બાપુજી, હું નહિ ખાઉં, તમે સૌ જમી લો."

નિરુપમે અધીર ભાવે કહ્યું, "કેમ ખાઈશ નહિ ? જો તું નહિ ખા તો બાપુજી પણ ખાશે નહિ."

"હું બેસીને બાપુજીને ખવડાવીશ, દાદા !"

તે પિતાની પાસે બેઠી.

"તું ખાઈશ નહિ ?" ચંદ્રમોહને પૂછ્યું.

અનૂલાએ માથું ધુણાવ્યું, "ના બાપુજી, મારે અત્યારે આ બધું નથી ખાવાનું."

ચંદ્રમોહન સ્તબ્ધ થઈ એક ક્ષણ તેની તરફ જોઈ રહ્યા. "માત્ર એક રાતના બેત્રણ મંત્રથી તેઓ તારાં આટલાં બધાં નિકટનાં સ્વજનો થઈ ગયાં, અનૂલા ?"

અનૂલાએ જરા હસીને કહ્યું, "આજે તમે આવી અણ-સમજુ જેવી વાતો કેમ કરો છો, બાપુજી ? હિંદુશાસ્ત્ર એમ નથી કહેતું કે લગ્નની રાતથી જ પુત્રી પારકી થઈ જાય છે–તે બીજા ગોત્રની થઈ જાય છે ? એક દિવસ તમે જ, બાપુજી, હિંદુશાસ્ત્રની ખૂબીઓની શોધ કરી હતી ને આજ મને કેમ ધર્મથી ચ્યુત કરો છો?"

"ધર્મ ?" પિતાના મુખમાંથી બીજો એક પણ શબ્દ ન નીકળ્યો. નિરુપમે ગુસ્સાથી કહ્યું, "તમે જમી લો બાપુજી. અનૂલા, તું જા, કરતી હો તે કર. એને રોકો નહિ."

ચંદ્રમોહન તે દિવસે નામનું જ ખાઈને ઊભા થઈ ગયા. આખો દિવસ તેઓ એકલા જ રહ્યા. તેમના ગંભીર મોં તરફ જોઈને કોઈ એમના ઓરડામાં જવાનું સાહસ કરી શક્યું નહિ.

સાંજ વખતે અનૂલા ઓરડાના બારણામાં આવીને ઊભી રહી. અંધારું જોઈને મણિલાલને બૂમ મારી, "ઘરમાં બત્તી કેમ કરી નથી, મણિલાલ ?"

મણિલાલે કહ્યું, "બાપુજીએ ના પાડી છે."

અનૂલાએ બારણામાંથી બૂમ મારી, "બાપુજી !"

ચંદ્રમોહને જવાબ દીધો નહિ.

બીમાર અને વૃદ્ધ પિતાના મનમાં કેટલો ગુસ્સો અને દુઃખ થયાં છે તે સમજતાં અનૂલાને વાર ન લાગી. બત્તી સળગાવીને તે ધીરે ધીરે પિતાની પાસે આવી ઊભી રહી. તેમના માથા પર હાથ ફેરવતી બોલી, "બાપુજી !"

"કેમ !" ચંદ્રમોહને જવાબ આપ્યો.

"તમે મારા પર ગુસ્સે થયા છો, બાપુજી ?" શાંત અવાજે અનૂલાએ પૂછ્યું.

ચંદ્રમોહન ઊઠીને બેઠા.

તેમનું ઓશીકું બરોબર કરતાં કરતાં અનૂલાએ કહ્યું, "કહો ને બાપુજી, ગુસ્સે થયા છો ? તમે નહિ બોલો તો મને શાંતિ નહિ વળે."

ચંદ્રમોહનના હાથ પર એક ટીપું આંસુનું પડયું.

ચંદ્રમોહને ચમકી જઈને તેના મોં તરફ જોતાં કહ્યું, "તું રડે છે, અનૂ ?"

અનૂલા પિતાના ખોળામાં માથું રાખીને અશ્રુ સારવા લાગી.

તેના માથા પર હાથ ફેરવતાં આર્દ્રકંઠે ચંદ્રમોહને કહ્યું, "શું કામ ગુસ્સો કરું? હું ગુસ્સો કરી શકું? મને મનમાં મોટો આઘાત લાગ્યો કે તેં શા માટે હવિષ્ય કર્યું?"

અનૂલાએ મોં ઊંચું કર્યું, "પરંતુ બાપુજી, એ વાત તો બરાબર ને કે, આપણે હિંદુ છીએ તો પછી હિંદુના આચારવિચાર તો આપણે સ્વીકારવા જ જોઈએ ને? કાલ એક પુસ્તક મારા હાથમાં આવ્યું છે, તમારા ટેબલ પર જ હતું, તેમાં વાંચીને જાણ્યું કે હિંદુલગ્ન અતૂટ છે, કોઈ પણ રીતે તે બંધન તોડી શકાય નહિ. તેમાં બીજું આગળ પણ લખ્યું છે કે, હિંદુવિવાહ આલોકમાં જ નહિ પણ કોઈ કાળમાંય ફરે નહિ. પરલોક સુધી પણ એ સંબંધ રહે. તમે પોતે તો એ બધું વાંચીને એમ વર્ત્યા છો, તો પછી હું નિયમનું પાલન કરું એમાં શા માટે દુઃખી થાઓ છો ને ગુસ્સો કરો છો?"

ચંદ્રમોહને શાંતિથી કહ્યું, "ના ના, એ તો મારા મનને એકદમ આઘાત લાગી ગયો, આખો દિવસ હું એ જ વિચાર કરતો હતો. મારાથી અન્યાય થયો છે તે વાત હું કબૂલું છું. હિંદુનું લગ્ન સ્વાભાવિક રીતે જ જન્મજન્માંતર સુધીનું છે તે એના પર ચર્ચા કરતી વખતે ન સ્વીકારીએ તોપણ મનથી માનવું જ પડે. મારી હઠ ટકાવવા માટે તારા પર મેં બહુ જુલમ કર્યો છે, મા! એ બધું ભૂલી જા."

અનૂલા આંખ લૂછીને બેઠી થઈ, "હં...બાપુજી, જેનો જે રીતરિવાજ હોય તેનું પાલન કરતાં તેમને શરમ કેમ લાગતી હશે?"

"હું તારી વાત બરાબર સમજ્યો નહિ." ચંદ્રમોહને કહ્યું.

"સાંભળો, મેં ધાર્યું કે હું થોડું કાંઈક લખતાં-વાંચતાં શીખીને કાંઈક નવું કરીશ, પણ એ માટે જ પોતાનું જે કાંઈ હોય તે

ત્યાગીને બીજાનું અનુકરણ કરવું યોગ્ય નથી. માણસો શા માટે એવું કરતાં હશે ? "

" એ આ વર્તમાન યુગનો–વર્તમાન શિક્ષણનો–દોષ છે. શિક્ષણની સાચી ઉપયોગીતા આપણે ક્યાં સમજીયે છીએ ? સમજ્યાં હોત તો સારું જ હતું, પણ આ તો શિક્ષણની વિકૃત ભાવના જ આપણે લઈએ છીએ અને દિવસે દિવસે વિકૃત થતાં વધારે ખરાબ બનીએ છીએ. "

" તમે શું રુદ્રપુર જાઓ છો, અનૂલાદેવી ? " બોલતાં બોલતાં વિનિમયે પ્રવેશ કર્યો. સાથે રણેન્દ્ર પણ હતો.

" કેમ કાકાબાબુ, કેમ છો ? ઘણા દિવસ સુધી આવી શકાયું નહિ, અહીં હતો જ નહિ હું, પટણા ગયો હતો, આજે પાછા ફરતાં સાંભળ્યું કે અનૂલાદેવીનાં સાસુ અવસાન પામ્યાં છે ને તેઓ રૂદ્રપુર જાય છે. શું આ વાત સાચી છે ? "

અનૂલાનું આખું મોં લાલચોળ થઈ ગયું. એણે મોં ફેરવીને કહ્યું, " હું ત્યાં જઈશ, બાપુજી. "

ચંદ્રમોહને સ્નેહભર્યા અવાજે કહ્યું, " શું કામ મા ! તું અહીં જ રહે, જ્યાં સુધી હું છું ત્યાં સુધી તારે કાંઈ ચિંતા કરવાની ન હોય. હું જ જવાબ આપી દઉં છું."

વિનિમય તરફ જોઈને તેમણે કહ્યું, " અનૂલા રુદ્રપુર જવાની છે તે વાત સાચી છે, પરંતુ ક્યારે જશે તે હજુ નક્કી નથી. શ્રાદ્ધ પહેલાં મોકલશું. રંજન લખે છે કે, એક જગ્યાએ જ શ્રાદ્ધકર્મ થાય. વાતનો બરાબર વિચાર કરી જોઈશ. અનૂલાને સૂતક તો પાળવું જ જોશે."

" પરંતુ આપે તો લગ્નનો જ અસ્વીકાર કર્યો છે ને ?" રણેન્દ્રે વિસ્મયથી પૂછ્યું.

"પ્રયત્ન કર્યો હતો પરંતુ છેવટ સુધી મારે જ પરાજય માનવો પડયો, ને જોયું કે કોઈ એવા સમયમાં લગ્ન થયું છે કે જેના મંત્રનો પ્રભાવ તદ્દન અજાણતાં જ અનૂલાના મન ઉપર કામ કરે છે. મારી શી તાકાત કે જન્મોજન્મનો સંબંધ બળજબરીથી તોડી શકું ? હું બધું છોડી દઉં છું, અનૂલા પોતાનું સ્થાન પોતે જ નક્કી કરશે. હવે હું એને અટકાવીશ નહિ, અસ્વીકાર પણ કરીશ નહિ."

વિનિમયે સ્મિતની રેખા મોં પર લાવીને કહ્યું, "આ તો આદર્શ નારીનો ઇતિહાસ રચાશે. સાંભળ્યું છે કે, રંજનબાબુ તો માત્ર ગામડાની નિશાળમાં થોડુંઘણું લખતાં–વાંચતાં શીખ્યા છે, અને અનૂલાદેવીએ તો બી. એ.ની ઉપાધિ મેળવી છે. પોતાની આવડી મોટી કેળવણીનો મોભો અને આડંબર ભૂલીને તેઓ જે સાધારણ ઘરની વહુનું જીવન પસંદ કરે છે તે ખરેખર એક મહાન આદર્શ છે, બીજું શું? તું શું કહે છે રણેન ?"

રણેન્દ્રે કહ્યું, "વાતો સાંભળવામાં સારી હોય છે, નવલકથામાં વાંચવી પણ ગમે છે, પરંતુ વાસ્તવિકતામાં એ કેટલી મનોરમ્ય બનશે—સારી લાગશે—તે જ હું તો વિચારું છું."

અનૂલા એકાએક આંખો ઝીણી કરીને બોલી ઊઠી, "સારી લાગે કે ન લાગે, તે માટે કદી તમારી પાસે રોદણાં રોવા નહિ આવું, રણેનબાબુ ! માટે એ ચિંતામાં આપને કોઈને માથું તપાવવાની જરૂર નથી."

ચંદ્રમોહને અનૂલાનો એક હાથ એના હાથમાં લઈને ધીરે ધીરે પંપાળતાં પંપાળતાં કહ્યું, "હું પણ પહેલાં એમ જ વિચારતો હતો કે તું કદાચ માન જાળવી શકીશ નહિ, કદાચ શિક્ષણના અહંકારથી સામે થઈને ઊભી રહીશ, પરંતુ અત્યારે જોઉં છું કે

એમ નહિ બને. ભવેભવનો સંબંધ બધા અહંકારનો લય કરી નાંખે છે. અનૂલા આજે બંગાળની કન્યાને નામે ગૌરવ પામવાને બદલે બંગાળની વહુને નામે ગર્વ પામે છે ને પામશે, પણ તે એના સ્વામીની કુટીરે, એ જ ગામડામાં જશે. તે કદી કૉલેજમાં ગઈ છે, ઉચ્ચ શિક્ષણ લીધું છે, એ વાત ભૂલી જશે. અનૂલા બંગાળની કલ્યાણકારી વધૂ, ઘરની લક્ષ્મી-શ્રી, બનશે. તે રાંધશે, સૌની સેવા કરશે, સૌના કલ્યાણની કામના કરશે. આજે હું જોઉં છું કે નારીના જીવનમાં સ્વામીની સેવા અને સંતાનનું પાલન એ એક જ કામના છે. તે સિવાય આપણા દેશની સ્ત્રીઓનાં જીવનમાં બીજો કોઈ ઉદ્દેશ નથી-હોઈ શકે પણ નહિ."

વિનિમય થોડી વાર ચૂપ રહ્યો. થોડી વાર રહી એ બોલ્યો, "જો હું કહું કે તમારી આ માન્યતા ભૂલભરેલી છે, તો ? જો નારીના જીવનમાં સ્વામીસેવા અને સંતાનપાલન એ એકમાત્ર જ ઉદ્દેશ હોત તો આપણે નારીને બીજા કોઈ કાર્યમાં જોઈ શકત નહિ. ઘણી સ્ત્રીઓ છે જેમણે લગ્ન કર્યાં નથી અને જનસેવાના વ્રત માટે કામ કર્યે જાય છે."

ચંદ્રમોહને કહ્યું, "હું કહું છું કે તેઓ ભ્રમમાં છે. તેઓ બધાં સ્વેચ્છાએ સંસારમાંથી નિવૃત્ત થાય છે એવું નથી, જુદા જુદા કારણે તેઓનું ચિત્ત સંસારથી વિમુખ બની ગયું હોય છે, એટલે તેઓ જીવન વ્યતીત કરવા માટે જનસેવાનું વ્રત લે છે. કદાચ એક દિવસ તેઓનાં મનમાં પણ સંસારી બનવાની વાસના હશે. તેઓએ પણ ઈચ્છા કરી હશે કે તેઓ સ્ત્રી બનશે, મા બનશે, પરંતુ નિષ્ઠુર ભાગ્યની પ્રતિકૂળતાને લીધે તેમની વાસના પૂરી નહિ થઈ હોય."

વિનિમય ચૂપ રહ્યો.

રણેન્દ્ર બડબડવા લાગ્યો.

"ચા લાવવાનું કહું?" અનૂલાએ પૂછ્યું.

વિનિમયે જવાબ દીધો, "રહેવા દો, પીને આવ્યો છું." ચંદ્રમોહને મૂંઝાઈને કહ્યું, "પીધી હોય તોય બીજો એક કપ ચાલશે, એથી કાંઈ નુકસાન નહિ થાય. અનૂલા! તું જ ચાની વ્યવસ્થા કર."

અનૂલા જતાં જતાં પિતાને કહેતી ગઈ, "જોજો હોં, તેઓ ચાલ્યા જાય નહિ, હું હમણાં ચાનું કહીને આવું છું."

પિતા પ્રત્યે આજે તેની કૃતજ્ઞતા ઊભરાઈ ઊઠી હતી. એ કૃતજ્ઞતા જણાવવા માટેના યોગ્ય શબ્દો પણ તે શોધી શકી નહિ.

૧૫

બાગ ગીરો મૂકે છે

રંજનને સમાચાર મળ્યા કે ચૈતન્યદાસ આવ્યો છે.

એક વરસ પછી તે આવ્યો છે. આવવાનો હેતુ તો વધારે પૈસા લેવાનો જ હતો. તે દૂર રહેતો હતો છતાં ત્યાં એણે સાંભળ્યું કે અર્ચના એની જમીન વેચી વેચીને રંજનને પૈસા આપે છે, અને રંજનનો હાલનો સંસાર પણ અર્ચનાની સહાયથી ચાલે છે. આ સ્થિતિ ચૈતન્યદાસ સહી શક્યો નહિ અને ઘેર આવી પહોંચ્યો.

એક દિવસ અર્ચના આવી નહિ, રંજન ચિંતાતુર બની ગયો. પહેલાં તો અર્ચના માટે તે આટલો આતુર ન થતો, પરંતુ હવે એ આતુરતા જાગી હતી, કારણ કે સામે જ એની માનું શ્રાદ્ધ આવતું હતું અને અર્ચનાની મદદ વિના કાંઈ થઈ શકે તેમ ન હતું.

તે દિવસે રમા ઘાટ પરથી દોડાદોડ પાછી આવી. રંજનને એણે બૂમ મારી, “ સાંભળો છો ? ત્યાં કેટલી ધમાલ મચી ગઈ છે ?”

“ શાની ધમાલ ? ”

“ અર્ચનાદીદીના સ્વામી ખરા ને, એમણે બધી જમીન વેચવા માટે ઘરાક સાથે નક્કી કરી નાખ્યું છે. આજે સવારે તે પેલા ઘરાકને લઈને ઘેર આવ્યા હતા, પરંતુ અર્ચનાદીદીએ તો એને ધમકાવીને કાઢી મૂક્યા. ”

ધીરેથી એક નિસાસો નાખી રંજન બોલ્યો, "હં...એ તો એમ કરી શકે. ગામડાની સ્ત્રીમાં ઘણી શક્તિ હોય છે–સાહસ પણ ખૂબ હોય છે."

રમાએ એ તરફ લક્ષ ન આપતાં કહ્યું, "એવી અહોભાવની વાત રહેવા દો. એમણે અર્ચનાદીદીને એવો તો માર માર્યો છે કે ન પૂછો વાત. લોહીલોહાણ કરી દીધાં છે."

"લોહીલોહાણ?" રંજન અસ્વસ્થ થઈ ગયો.

રમા વિનતિ કરતી કહેવા લાગી, "તમે એક વાર જઈ બધું જોઈ આવો અને ગમે તેમ કરીને અર્ચનાદીદીને આપણે ઘેર લઈ આવો. અહીં એ લોકો એની પાછળ આવવાની હિંમત નહિ કરે."

રંજન ખેસ ખભે નાંખીને, "બરોબર છે, હું હમણાં જ અર્ચનાદીદીને અહીં લઈ આવું છું" કહેતો ઉતાવળે પગલે બહાર નીકળી ગયો.

અર્ચનાનું ઘર બહુ દૂર નહોતું, પહોંચતાં પાંચ મિનિટ પણ લાગી નહિ.

અર્ચના સ્નાન કરીને કપડાં નિચોવતી હતી. એકદમ શાંત મુખ હતું, જોતાં કોઈને એમ ન લાગે કે થોડી વાર પહેલાં ઘરમાં મારામારી થઈ હશે ને એણે રૂારો એવો માર ખાધો હશે. પરંતુ કપાળમાં એક જગાએ એક મોટું ઢીમણું થયું હતું અને મોટો ચીરો પણ પડયો હતો.

રંજને કશી જ પ્રસ્તાવના કર્યા વિના સીધું પૂછયું, "શું થયું અર્ચના? મામલો શો છે? સાંભળ્યું છે કે ચૈતન્યે તને મારપીટ કરીને ખૂબ ઈજા કરી છે."

અર્ચનાએ શાંત હાસ્ય કર્યું, "એ બધી વાત તમને કોણે

ફેલી ગયું ? કહો જોઉં, રંજુદા ? મારપીટ ને લોહીલોહાણની વાત તો માણસોએ વધારી વધારીને કરી છે."

રંજને તેના કપાળ પરના ઘા પર આંગળી ચીંધીને પૂછ્યું, "બધી વાતો તો માણસોની ગપ હશે પણ કપાળમાં આ ડાઘ છે તે શાનો છે ?"

અર્ચનાએ કહ્યું, "કપાળની વાત પૂછો છો ? એ તો મારા કર્મનું જ ફળ છે. એકદમ બહાર નીકળવા જતાં બારણું લાગી ગયું ને કપાળ ચિરાઈ ગયું. આજ એમની સાથે જરા બોલાચાલી થઈ હતી, જરા મોટેથી તકરાર પણ થયેલી, માણસોએ સાંભળીને માન્યું કે મારામારી થઈ છે ને ઈજા થઈ છે. પણ એવું તે થાય રંજુદા ? હું પણ શું એમને એટલી સહેલાઈથી છોડી દઉં એમ છું?"

રંજને ગુસ્સો કરીને કહ્યું, "એ બધું હું જાણું છું, ચૈતન્ય જ્યારે આવ્યો ત્યારે જ આ ધંધો શરૂ થયો ને ?"

અર્ચનાએ એ વાત સ્વીકારી લીધી ને કહ્યું, "એ તો ઠીક, એમાં જો એકનો દોષ હોય તો કહેવાનું, પણ એમ તો કાંઈ હતું નહિ, એક હાથે કોઈ દિવસ તાળી પડે નહિ, એક જણથી ઝઘડો પણ થાય નહિ. દોષ તો મારો જ છે એટલે શું થાય ? કોઈ વાત હું સહન કરી શકું નહિ ને જે તે સંભળાવી પણ દઉં. પહેલાં તો ચૂપ રહેતા એટલે આગળ કાંઈ થતું નહિ ને તમે કોઈ કશું જાણવા પામતાં નહિ, પરંતુ આ વખતે કોણ જાણે શું થયું કે, કોઈ સારી વાત કરવા ગયા તોય હું સાંખી શકી નહિ, અને વળી તેઓ તો પુરુષ માણસ, તમે જ કહો રંજુદા, વહુ સામી થાય તો તમે સાંખી શકો ખરા ?"

રંજને કહ્યું, "એ કદી સામી થાય નહિ. હું એને બોલવાનો અવકાશ પણ દેતો નથી, અર્ચના ! એ કોઈ વાતનો દિલથી સ્વીકાર

ન કરે તો હું કદી જુલમ કરતો નથી કે જેથી તે કદી સામી થાય."

અર્ચનાએ વિસ્મયથી કહ્યું, "દિલથી ગ્રહણ કરવાનો અર્થ ? આજે કેટલાય દિવસથી લગ્ન થયાં છે છતાં હજુ પણ તમે એની સાથે આટલી જુદાઈ રાખો છો, રંજુદા ? તમારો સંબંધ કદી કોઈ જાણી પણ શકે નહિ એટલો બધો અંતરવાળો છે ?"

રંજન પોતાના ફાંસલામાં જ ફસાઈ પડયો. અકળાઈ જઈને તેણે કહ્યું, "એ બધી વાત પછી થશે અર્ચના, આજે મને વખત નથી, અત્યારે હું જે માટે આવ્યો છું તેનું જ..."

અર્ચના જરા હસીને બોલી, "ના, બીજા માટે તમારે આટલી માથાકૂટ કરવાનું ન હોય રંજુદા. સૌ સૌનાં કર્યાં ભોગવે, એમાં તમારે શું ? હં...હું એ દિવસ આવી શકીશ નહિ. માસીમાના શ્રાદ્ધનો દિવસ પણ પાસે જ છે. હું કાંઈ શાંતિથી બેઠી નથી, એ માટેની બધી તૈયારી કરી નાંખી છે. મારે ઘેર મગ હતા તે બધા કાલે પલાળી રાખ્યા છે, તેને ભરડીને દાળ કરી નાંખીશ, સાંજે લઈ જજો. તમે કાંઈ ચિંતા કરશો નહિ રંજુદા, હું બધું બરાબર કરી દઈશ."

રંજને કહ્યું, "એ હું જાણું છું, પરંતુ અત્યારે હું એ વાત કરવા આવ્યો નથી. મારે ઘેર ઘણું કામ છે. ચૈતન્ય ગયો ક્યાં ? તેને એક વાર મારે મળવું છે."

અર્ચના ડરથી અસ્વસ્થ બની ગઈ ને કહ્યું, "તેઓ તો અત્યારે ઘરમાં નથી રંજુદા, હમણાં થોડા સમય પહેલાં જ ક્યાંક ફરવા ગયા છે."

"આવે ત્યારે મારે ઘેર મોકલજે, તારી ભાભી એની સાથે કાંઈક વાત કરવા માગે છે." રંજને કહ્યું.

તે બહાર નીકળતો હતો ત્યાં અર્ચનાએ બૂમ મારી, "રંજુદા !

સાંભળ્યું છે કે તમે આંબાવાડિયું આખું વેચી દેવા માગો છો. તમને થયું છે શું ? ત્રીસ રૂપરડી માટે થઈને આવડું મોટું આંબાવાડિયું, જેમાં પચાસ–સાઠ આંબા છે ને ત્રણ–ચાર તો કાંહાલનાં ઝાડ પણ છે તે વેચી દેવાય ? બધાય આંબાને આ વખતે મોર આવ્યા છે. આ વખતે તો કેવા સુંદર આંબા થશે તેની અત્યારથી જ ખબર પડી જાય છે. માત્ર કેરીઓ વેચશો તોય એટલા રૂપિયા તો મળી રહેશે. ”

રંજન હસ્યો, “ કોર તો આવ્યો છે, ત્યારપછી થશે સાખો, ત્યારપછી વાવાઝોડાં, વરસાદ, કરા, ચોરનો ઉપદ્રવ–કેટકેટલું કરીને બચીએ ત્યારે બાગનાં ફળ જોવા મળે ને વેચી શકીએ. એ તો કેવી મોટી મોટી વાત ગણાય ! મારે તો હમણાં જ પૈસાની જરૂર છે. હું આટલા બધા દિવસ રાહ શું કામ જોઉં, અર્ચના ? ”

અર્ચનાએ કહ્યું, “ ગીરવી મૂકો તોપણ ચાલે ને ? ”

“ ગીરવી મૂકું, પણ લે કોણ ? પ્રયત્ન તો કર્યો, પણ સૌ જાણે છે કે હું કદી રૂપિયા ભરપાઈ કરી શકીશ નહિ, એટલે જ કોઈએ હા પાડી નહિ. ” કહીને તે મોટેથી હસવા લાગ્યો.

અર્ચના થોડી વાર ચૂપ રહી, પછી તુરત ગુસ્સાથી એ બોલી, “ હવે મહેરબાની કરીને હસો નહિ રંજુદા. તમારું આ મહાપરાણે લાવેલું હાસ્ય મને નથી ગમતું. ”

રંજન હસવું અટકાવીને બોલ્યો, “ હસું શા માટે નહિ તે કહે જોઉં ? મોં ગંભીર કરીને બેસવાનું મારાથી બનશે નહિ, અર્ચના ! ”

અર્ચનાએ બીજી બાજુ મોં ફેરવી લીધું.

થોડી વાર પછી તેણે કહ્યું, “ તમે મુખૂજ્જે મશાય પાસે ગયા નથી, કેમ ? મને લાગે છે કે તેઓ બાગ ગીરે રાખશે. ”

રંજને કહ્યું, "તેણે તો ચોખ્ખું કહ્યું કે આજકાલ પૈસાની કિંમત બહુ વધી ગઈ છે અને ચીજ–વસ્તુની કિંમત ઓછી થઈ ગઈ છે, એટલે જ તેઓ બાગ રાખીને પૈસા આપી શકતા નથી. એટલે પછી હું ગયો પોદ્દાર પાસે ને એમણે ત્યારે જ ત્રીસ રૂપિયામાં બાગ ખરીદી લીધો."

તે ફરી ચાલવા લાગ્યો ને કહેતો ગયો કે, "ચૈતન્ય આવે કે તુરત જ મારી પાસે મોકલી દેજે, અર્ચના ! હું ઘેર જ છું."

બબડતો બબડતો તે બહાર નીકળી ગયો.

૧૬

અર્ચનાનો પતિ

અર્ચના ચૈતન્યનો દોષ ઢાંકવા કેમ ઇચ્છતી હતી તેનું કારણ રંજન સમજી શકયો નહિ.

ઘણા દિવસ ઉપરાઉપર આવા બનાવો બનતા રહ્યા. રંજન જઈને શું બન્યું તે વિષે અર્ચનાને પૂછે પણ અર્ચના કાંઈ જ બન્યું નથી એવો જ જવાબ આપે.

ચૈતન્યે અર્ચનાને મારી છે એવા ખબર જ્યારે જ્યારે રંજન સાંભળે ત્યારે સ્નાયુબદ્ધ તેના બંને હાથોમાં ચણચણાટ થવા લાગે. અર્ચના પર તેને સગી બહેન જેટલું હેત હતું અને અપાર શ્રદ્ધા હતી. માત્ર લગ્નના જ દાવાથી એક માણસ આટલો અત્યાચાર વર્તાવે અને અર્ચના મોં ખોલીને એ માટે એક શબ્દ પણ બોલે નહિ એ રંજનને અસહ્ય લાગ્યું. એણે નિશ્વાસ મૂકયો.

બંગાળની કન્યા—બંગાળની વહુ—આમ સામું ચૂં કે ચાં કર્યા વિના બધા જુલ્મો સહે જાય અને મોઢું તો જાણે હસતું જ !

આ જો કોઈ બીજો દેશ હોત તો ?

રંજને પશ્ચિમના દેશોની વાત સાંભળી હતી. ત્યાં તો વાતવાતમાં સ્ત્રીઓ કોર્ટે ચડે, વાતવાતમાં લગ્નવિચ્છેદ કરે ને કેટલીય સ્ત્રીઓ બીજી ત્રીજી વખત લગ્ન પણ કરે.

રંજને એ દેશ સાથે પોતાના દેશની તુલના કરી. જો કદી આ દેશ એવો બની જાય તો ? જો કે ત્યાંની હવા તો અહીં આવી પહોંચી છે, પશ્ચિમના પ્રકાશે પ્રાચીનતાના લલાટ પર ચુંબન કર્યું છે, અને એટલે જ અનૂલા જેવી સ્ત્રી બંગાળની વહુ હોવા છતાં આવો ગૌરવમુકુટ ગ્રહણ કરતી નથી. રસોડામાં કામ કરવા તરફ તેમને ઘૃણા હોય છે, એને બદલે તેઓ ટેનિસ રમવા જાય છે. સેંથામાં તેઓ સિંદૂર પૂરે નહિ. પગમાં એડીવાળા બૂટ પહેરે એટલે અળતો તો કદી તેના પગની પાનીના સૌંદર્યમાં વધારો કરે નહિ. હજુ પણ બંગાળનાં ગામડાંમાં અર્ચના જેવી સ્ત્રીઓ છે એ વાત તેઓને કોણ કહેશે ? રંજને ઊંડો નિશ્વાસ નાખ્યો.

તેનું દિલ પૂરું સ્વતંત્ર હતું. રસ્તા પર દોડવા ને રખડવાનું તેને ગમતું. ઘરનું બંધન તેને ગમતું નહિ. મા હતી ત્યારે એણે ઘણી વાર ગૃહત્યાગ કરવાની કલ્પના કરી હતી, પણ માએ એને રોકી રાખેલો. પુત્રના વૈરાગી મનને મા ઓળખતી હતી અને એટલે જ તેને સંસારી કરવા માટે તે રમાને લાવી હતી, જેથી તેની ગેરહાજરીમાં રમા જ રંજનને સંસારમાં પકડી રાખી શકે.

પરંતુ રમા રંજનને બાંધી શકી નહિ. બીચારી રમામાં રંજનને પકડી રાખવાની શકિત જ કયાં હતી ? કદાચ અનૂલામાં તે શક્તિ હોત, પરંતુ એ બન્યું જ નહિ.

ભટ્ટાચાર્યની પત્ની તે દિવસે ઘાટે સ્નાન કરવા ગઈ ત્યારે એણે રંજનને જોયો એટલે કહ્યું, “અરે રંજુ, આ બધું શું કર્યું તેં ? માની બીમારીમાં દવા માટે બે વીઘા જમીન વેચી નાખી ! હવે વળી આ બાગ વેચી દીધો ! હવે શું સાધન રહ્યું ?”

“શેનું સાધન, ઠાકુરમા ?”

“હવે ઊભો કયાં રહીશ ? ખાઈશ શું ? તું કાંઈ એકલો નથી; ઘેર વહુ છે, બે દહાડા પછી છોકરાં થશે...”

રંજને ટુવાલથી શરીર લૂછતાં કહ્યું, "છોકરાં–બોકરાં તો થશે નહિ, ઠાકુરમા, એટલે એ માટેની તો અમારે ચિંતા પણ કરવાની નથી."

ઠાકુરમા સ્તબ્ધતાથી તેના તરફ થોડી વાર જોઈ રહ્યાં અને થોડી વાર પછી બોલ્યાં, "તારી વાત સાંભળવાથી તો ગુસ્સો આવે છે રંજુ. છોકરાં થશે નહિ એમ તું જાણી બેઠો છું ?"

રંજને કહ્યું, ' તો નથી જાણતો શું ? જોષીએ જોઈને જ કહ્યું છે."

ઠાકુરમા સળગી ઊઠયાં, "હા, હા; જોષી જાણે બધું જ કહી શકતો હશે, ખરું ! જોષીએ જ મારા દીકરા માટે ખૂબ ગણતરી કરીને જોઈ દીધું હતું કે તે બહુ બહુ જીવશે, મને અગ્નિદાહ દેશે, શ્રાદ્ધ વગેરે બધું એ જ કરશે. પણ એવું કાંઈ થયું ? વરસમાં જ ઊપડી ગયો ને ! કાંઈ કરતાં કાંઈ નહોતું. લગ્નનું પણ બધું નક્કી કરી નાંખ્યું હતું ને મારો દીકરો આંખ મીચતાંમાં ઊડી ગયો. કોણે કોના દેહને દેન દીધું ? કોણે કોનું શ્રાદ્ધ કર્યું ? બુઢ્ઢી મા આ બેઠી, ને એકનો એક ખોટનો દીકરો ચાલી નીકળ્યો. આ તારા જોષીના જોષ, એવા જોષીના મોં પર ઝાડુ માર ઝાડુ."

ઘણી વાર સુધી બડબડીને તે ચાલી ગઈ. રંજને પણ છુટકારાનો દમ ખેંચ્યો.

સ્નાન કરીને પાછો ફરતો હતો ત્યાં રસ્તામાં એને ચૈતન્ય મળ્યો. તે નાહવા માટે ઘાટે જતો હતો, પણ ત્યારેય હોકો તો હાથમાં ને હાથમાં જ. હોકો પીતો પીતો ખભે ટુવાલ નાખીને તે ચાલ્યો જતો હતો.

આટલા દિવસો સુધી કેટલાય પ્રયત્નો કર્યા છતાં રંજન તેને મળી શકયો નહોતો. ચૈતન્ય એને ઘેર આવશે નહિ એમ રંજન

સમજતો જ હતો એટલે પોતે જ ઘણી વાર અર્ચનાને ઘેર ગયા કરતો હતો, પણ ચૈતન્યનો કદી મેળાપ થયો નહોતો.

સુકલકડી ચૈતન્ય રંજનથી ખરેખર ડરતો હતો, અને તેથી એનાથી દૂર રહેવા મહેનત કરતો હતો. આખા ગામમાં એક રંજન જ એવો હતો કે જેનાથી તે બહુ ડરતો. ઘણા સમય પહેલાં જ્યારે તેને રંજનનો પરિચય થયો ત્યારથી જ તે રંજનના બાહુબળથી પરિચિત થઈ ગયો હતો અને તે હજુ પણ તેને યાદ કરતો હતો.

રંજનને દેખતાંની સાથે જ ચૈતન્યે હુક્કો મોંમાંથી કાઢી લીધો. જો જરા વહેલો રંજનને જોયો હોત તો આજુબાજુમાં ક્યાંક સરકીને એને વટાવી જાત, પરંતુ એકદમ સામસામે આવી જતાં તે ગમ ખાઈને ઊભો રહી ગયો.

ટુવાલ ખભે નાખીને રંજને પૂછ્યું, "કેમ છો મજુમદાર મશાય! ઘણે વખતે મળ્યા! તબિયત તો ઠીક છે ને?"

ચૈતન્યે ઘૂંટડો ગળી જઈ શુષ્ક હાસ્ય મોં પર લાવીને કહ્યું, "હા, સારી છે."

નખથી શિખા સુધી એના પર નજર ફેરવીને રંજને કહ્યું, "ના ના, બહુ સારી હોય એવું કાંઈ ખાસ દેખાતું નથી, સાવ ફિક્કું મોઢું, મારી પાસે તો સાવ પાતળા સોટા જેવા દેખાઓ છો." બોલતાં બોલતાં હા...હા...કરતો તે હસી પડયો. પાસે જ એક કૂતરું સૂતું હતું તે રંજનના હાસ્યથી ડરી જઈને દૂર નાસી ગયું.

દુર્બળ ચૈતન્ય પણ હસ્યો.

રંજને હસવું અટકાવીને પૂછ્યું, "ત્યારે તો હવે તમે અહીં જ છો ને, મશાય?"

ચૈતન્યે જવાબ દીધો, "ચોક્કસ નથી. ત્યાં પણ ઘર હજુ તો

છે ને ! જુઓને મશાય, એને લઈ જવા ઇચ્છું છું–જો કેમ કરતાંય આવે તો. અહીં શું છે તે હું સમજી શકતો નથી !"

રંજને કહ્યું, "એ તો ભારે કહેવાય !"

ચૈતન્યને રંજન હિતસ્વી લાગ્યો એટલે ઉત્સાહમાં આવી જઈને એ કહેવા લાગ્યો, "કહો મશાય, તમે જ કહો કે કેવો અન્યાય છે ? ત્યાં ઘર–બાર બધું ખતમ થઈ જાય છે. હું એકલો રહ્યો કેવી રીતે બધા પર નજર રાખું ? માબાપ થોડી મિલકત આપી ગયાં છે. હું તો કહું છું કે અહીં આ જર, જમીન, બાગ, તળાવ–બધું રાખવામાં શું લાભ છે ? પણ એ સાંભળે કોણ ? હું કાંઈ કોઈનો નોકર નથી કે પોતાનું બધું ખતમ કરીને સાસરાના ઘરનું બધું સંભાળવા આવું ને એમના મકાનને સાચવું ?"

રંજને માથું હલાવીને કહ્યું, "બરાબર છે."

ચૈતન્યે તો બોલવાનું ચાલુ જ રાખ્યું, "મેં લાખ વાર કહ્યું કે હું એકલો માણસ બે બાજુની સંભાળ કેવી રીતે રાખી શકું ? અહીંનું વેચી દઈએ અને ત્યાં જઈને રહીએ. પ્રયત્ન પણ કેટલીય વાર કર્યો મશાય, પણ મારી વાત તો હસીને ઉડાવી દે છે. કહો જોઉં, આના પર ગુસ્સો આવે કે નહિ ?"

"બરાબર છે, ગુસ્સો આવે એવી જ આ વાત છે." રંજને જવાબ દીધો. ચૈતન્યે એકદમ આવેગમાં આવી જઈને તેના બંને હાથ પકડી લીધા ને કહેવા લાગ્યો, "તમારે મારું એક કામ કરવું જ પડશે, રંજનબાબુ ! તમારું કહ્યું એ બહુ માને છે, જો તમે એને કહેશો તો એ ચોક્કસ મારી સાથે આવશે."

રંજને હાથ છોડાવીને કહ્યું, "ચોક્કસ કહીશ. પણ થોડા દિવસ થોભી જાઓ, ચૈતન્યબાબુ. મારી માનું શ્રાદ્ધ પતી જવા દો. તમારે પણ રોકાવું પડશે અને કામકાજમાં મદદ કરવી પડશે."

ઉત્સાહથી ચૈતન્ય બોલી ઊઠયો, "ચોક્કસ, ચોક્કસ, તમારે ચિંતા ન કરવી. જો જો, આ દૂબળા–પાતળા શરીરે પણ હું જે જાદુભર્યું કામ કરી બતાવીશ તેથી તમે પોતે જ આશ્ચર્ય પામશો."

રંજન છૂટો પડયો. ચૈતન્ય સ્નાનાર્થે ઘાટે ગયો.

આ માણસ તે અર્ચનાનો સ્વામી ! એને ઘેર સ્ત્રી છે, ચાર–પાંચ સંતાન છે. અર્ચનાની વિધવા માએ અર્ચના ઉંમરલાયક થવાથી ચિંતામાં પડી કંઈ ન સૂઝયું એટલે દેખીપેખીને જ શોક અને છોકરાઓ ઉપર અર્ચનાને આપી હતી.

તેતો જોખમમાંથી મુકત થઈ, પરંતુ જે ભાર અર્ચના ઉપર આવી પડયો તે ઉપાડતાં અને વહેતાં અર્ચના ગાંડા જેવી બની ગઈ. એ ભાર ઉતારવાનું સ્થાન તેને કયાં મળે ?

રંજને ચાલતાં ચાલતાં પાછા ફરીને જોયું તો ચૈતન્ય જગાબાબુના માળી સાથે વાતમાં પડયો હતો. આ વાત કલાક અથવા તો એથી વધુ વાર પણ ચાલવાની એ વાત નક્કી. આજ પાંચ–છ વરસથી ગામમાં આવતો–જતો હોવા છતાં સારા માણસોમાં તેણે સ્થાન મેળવ્યું નહોતું. તેની સાથે ગામના હલકા માણસોને ઓળખાણ, સારા માણસો તો એને ઓળખે પણ નહિ.

રંજન ત્યાં વધુ ઊભો ન રહ્યો.

૧૭

અનૂલાનું અંતર

બાર વાગ્યાની ટ્રેન સ્ટેશનમાં આવતાં તેના એક ડબ્બામાંથી અનૂલા ઊતરી, સાથે એનો વિશ્વાસુ જૂનો નોકર મણિ પણ હતો. તે પણ બેગ–બિસ્તરો લઈને નીચે ઊતર્યો.

નાનું સ્ટેશન, આજુબાજુમાં કાંઈ વસ્તી નહિ, દૂર દૂર ઝાડનાં ઝુંડમાં એક ઝૂંપડી દેખાતી હતી.

અનૂલાને ઊભી રાખીને રુદ્રપુર કેટલે દૂર છે તેની તપાસ કરવા મણિ ગયો. તેણે પાછા આવીને કહ્યું, "રુદ્રપુર ઘણે દૂર છે, દીદીમણિ ! ટૅક્સી કરવી પડશે."

અનૂલાએ કહ્યું, "જા, જલદી કર, વખત ન લગાડ."

ટૅક્સી ઠરાવી અનૂલાને બેસાડી મણિ પોતે ડ્રાઈવરની પાસે બેઠો ને ગામડાંના રસ્તા ઉપર મોટર દોડવા લાગી.

આ જ સ્વપ્નનું રાજ્ય ! અનૂલાના મનમાં થતું હતું કે એણે ક્યારેક સ્વપ્નમાં જે દેશ જોયો હતો તેમાં જ તે આજે ફરી રહી છે. ગામડાંનો રસ્તો વાંકોચૂકો ચાલે છે, સામેની બાજુએ વેલવેલીઓએ મળી જઈને જે ઝુંડ કર્યું છે તે તરફ જોતાં મનમાં થતું કે રસ્તો જાણે બંધ થઈ ગયો. ત્યાં તો મોટર એકદમ વાંક લેતી ને વળી લાંબો રસ્તો દેખાતો. ક્યારેક રસ્તાની બંને બાજુ

ખેતરો દેખાય તો ક્યારેક વળી બંને બાજુ પથરાયેલાં આંબાવાડિયાં દેખાય. આંબાના મોરની મીઠી સુગંધ ચારે બાજુ પ્રસરી રહી છે. કેટલાંય પંખીઓનાં ગાન સંભળાય છે. કેટલાય બપૈયાના ઝંકાર, કેટલીય કોયલોના ટુહુકાર અને કેટલાંય અજાણ્યાં પંખીઓનું અવિરત સંગીત સંભળાતું હતું.

આંખનો પલકારો પણ જાણે ન કરતી હોય તેમ અનૂલા જોઈ જ રહી હતી. વચ્ચે વચ્ચે કોઇ ગામડામાં થઈને મોટર પસાર થતી તો ગૃહસ્થ-ઘરની સ્ત્રીઓ, ચોખ્ખાં ચકચકતાં મકાનો ને ફળિયાં નજરે પડતાં. ક્યાંક રસોડામાં રસોઈ ચાલે છે, ફળિયામાં છોકરા–છોકરીઓ રમતાં ફરે છે. કેટલીય ગૃહસ્થ–ઘરની વહુઓ કેડે ગાગર મૂકીને પાણી જતી દેખાઈ, કેટલીય ગૃહસ્થની વહુઓ ગૃહકાર્યમાં રત થઈ ગયેલી જણાઈ.

લગભગ દરેક ઘરે ઘરના ચોખ્ખા ફળિયામાં ધાનની કોઠીઓ જણાઈ અને લગભગ દરેક ઘરે કમોદ ખાંડવાનો ધાણો પણ જણાયો.

ત્યાં નથી શિક્ષણનો દંભ કે નથી સચ્ચાઈનું અભિમાન– કૃત્રિમતાની આફત પણ ત્યાં નથી. ઉઘાડાં શરીરે ઠંડી–ગરમી સહન કરવામાં તેઓ જબરાં છે. શહેરની સભ્યતા તો તેમને પશુ જ બનાવી દે. દારુણ ગ્રીષ્મના સખત તાપમાં ને વરસાદનાં સતત ઝાપટાંમાં પણ તેઓ ખેતરમાં કામ કરે. તેઓ જ દેશ માટે અનાજ ઉત્પન્ન કરે અને વળી તેઓ જ મહેનતના બોજે મેલેરિયા, કાળો તાવ કે ક્ષયમાં સપડાય. કોઈ એમનું નામ પણ જાણે નહિ, ઠેકાણું પણ ન જાણે. એક વસ્તી–ગણતરીવાળાને જ માત્ર ખબર પડે કે દર વર્ષે કેટલાં માણસો શા રોગોમાં મરી જાય છે!

કેટલાક સમય પહેલાં અનૂલા અહીં આવી હતી ત્યારે શું જોયું હતું–શું કર્યું હતું–તે આજ કશું જ યાદ આવતું નહોતું. દૈખા કાંઈક કાંઈક યાદ આવતાં–શાંત મૂર્તિ જેવાં એક વિધવા, માથા પરના

વાળ પણ કાપી કાપીને નાના કરી નાખ્યા હતા ને જાડું એવું થાન તેઓ પહેરતાં હતાં.

તેઓ આજ ક્યાં છે તે કોણ જાણે! વડીલનો તિરસ્કાર અને અપમાન પામ્યાં ત્યારથી તેમણે આજ સુધી એમના કશા જ સમાચાર આપ્યા નથી અને કોઈએ એમની તપાસ પણ કરી નથી.

મોટર એકદમ ઝપ કરતી ઊભી રહી ગઈ. મણિ કોઈકને પૂછતો હતો, " આ જ રુદ્રપુર ગામ કે? રંજનબાબુનું ઘર કોઈ બતાવી શકશો? "

રંજન અને વળી બાબુ! એ તો હમેશને માટે રંજન હતો, બાબુ નામે તેને કોઈ કદી બોલાવતું નહિ, એટલે બુઢ્ઢો હરિચરણ તો અવાક્ થઈને એની સામે જોઈ જ રહ્યો.

ખાંચો વળતાં સામે ચૈતન્ય મળ્યો. એના કાને આ પૂછપરછ જરા આવી હતી એટલે તેણે પોતે જ સામે આવીને પૂછ્યું, " કોનું કામ છે? રંજનબાબુનું? "

" એમને ઘેર જ જવું છે. " મણિએ ઉત્તર દીધો.

એક નજર મોટરમાં ફેંકીને ચૈતન્યે કહ્યું, " ક્યાંથી આવ્યાં છો? એમનું શું કામ છે? "

અનૂલાએ જરા ચિડાઈને કહ્યું, " ગાડી આગળ ચલાવો મણિ, આગળ જતાં જોઈ લેવાશે. "

અનૂલાના બોલ, જાણે બંસીના સૂર. ચૈતન્ય મોહિત થઈ ગયો અને વિનયપૂર્વક મૃદુ હાસ્યથી બોલ્યો, " રજા હોય તો હું જ દેખાડી આપું, પરંતુ એ રસ્તે ગાડી જશે નહિ એટલે અહીં જ ગાડી રાખીને પગે ચાલીને ત્યાં જવું પડશે. "

ઊતરવું કે નહિ તે માટે મણિ આમ તેમ જોવા લાગ્યો.

અનૂલા ડોકું બહાર કાઢીને સીધો રસ્તો જોઈ ગાડીમાંથી નીચે ઊતરી જઈને બોલી, "મણિ, ઊતરો."

આવડી મોટી પેટી અને બિસ્તરો માથા પર લઈને જવામાં મણિ વિલંબ કરતો હતો એટલે કાંઈ પણ બોલ્યા વિના ચૈતન્યે પોતે જ અતિ વિવેકપૂર્વક બેગ માથા પર લઈ લીધી.

અનૂલા બોલી ઊઠી, "આપ રહેવા દો, આપ રહેવા દો. કોઈ મજૂર અહીં નહિ મળે? પૈસા દઈશું."

ચૈતન્યે હસીને કહ્યું, "નકામો પૈસાનો વ્યય કરવાની શી જરૂર, ઠાકુરણ! હું તો આમ સામાન લઈ જઈ શકું છું, ચાલો."

ચાલતાં ચાલતાં અનૂલાએ પૂછ્યું, "આપનું નામ શું છે?"

"મારું નામ ચૈતન્યદાસ." બારણા પાસે જ રમા મળી. પાણીનું બેડું ભરીને તે આવતી હતી. સામે માણસો જોઈને તેણે મોં પર છેડો તાણી લીધો અને એક બાજુ સરકી જઈને ઊભી રહી ગઈ.

ચૈતન્યે કહ્યું, "અરે ઓ! તમારા ઘરે જ આ લોકો આવેલાં છે. બેસવાને માટે કાંઈક પાથરો."

રમાની કેડ પરથી જાણે ગાગર ખસી પડી! આવો વિસ્મયભર્યો બનાવ એના જીવનમાં ભાગ્યે જ બન્યો હશે.

આજે કોણ આવી મહાન સ્ત્રી અતિથિ થઈને તેની પર્ણકુટીમાં આવી છે તે જોવા માટે થઈને તેણે મોં પરથી સહેજ લૂગડું ખસેડયું અને જોઈ લીધું. પછી એકદમ રસોડાની પરસાળમાં બેડું ઉતારીને તેણે મોટા ઓરડાની ઓસરીમાં એક શેતરંજી પાથરી દીધી. ચૈતન્યે પણ તુરત જ બેગને ઉતારીને કપાળ પરનો પરસેવો લૂછયો.

લાજ કાઢેલી સ્ત્રી તરફ જોઈને અનૂલાને પણ કાંઈ ઓછું આશ્ચર્ય ન થયું. તે જાણતી હતી કે તેના સ્વામીના ઘરમાં તેની મા

સિવાય બીજું કોઈ નથી, તો પછી આ વહુ કોની ? એને પ્રશ્ન થયો.

ત્યારે શું......તેના સ્વામીએ...ના...એ વિચાર આવતાં તો દિલમાં કેવી વેદના જાગે છે ! પરંતુ જો એમ હોય તોપણ કાંઈ વિચિત્ર ન ગણાય, આશ્ચર્ય પામવા જેવું પણ એમાં કાંઈ નથી. વિવાહ ન કરે એ જ આશ્ચર્યની વાત ગણાય, અને જો રંજને વિવાહ કર્યો હોય તો એમાં એને દોષ દેવા જેવું કશું નથી.

રમા લાજની અંદરથી કુતૂહલતાપૂર્વક આ સ્ત્રી તરફ જોઈ રહી હતી. તે ઘરની વહુ હતી છતાં લાજ ખોલીને કશું બોલવાની કે પૂછવાની તેનામાં શક્તિ અગર હિંમત તો નહોતી, અને રંજન ઘેર ન આવે ત્યાં સુધી તે કશું જાણી પણ ન શકે.

બીજે જ દિવસે શ્રાદ્ધ હતું એટલે રંજન વહેલી સવારમાં જ બહાર નીકળી ગયો હતો. બ્રાહ્મણોને નોતરાં દેવાનાં હતાં, ભટ્ટાચાર્ય મહાશય પાસેથી નોંધ લઈને જરૂરની વસ્તુઓ ખરીદવાની હતી, એટલે તે હજુ પણ પાછો ફર્યો નહોતો અને ક્યારે આવશે તે પણ નક્કી નહોતું.

રમા ઓરડામાં ગઈ એટલે અનૂલા પણ તેની પાછળ પાછળ ઓરડામાં ગઈ.

મોટો સુંદર ઓરડો સુંદર રીતે ગોઠવેલો હતો. માટીની ભીંતો હતી. ચારે બાજુ એક એક મોટી બારી હતી, એટલે ઘરમાં હવા-ઉજાસ પણ ઠીક આવતાં હતાં. દીવાલ ઉપર કેટલીક રાધાકૃષ્ણની, કાલીની, શિવની છબીઓ પણ હતી. એક બાજુ એક વળગણી હતી, તેના ઉપર રંજનનાં બે-ચાર ફાટયાં-તૂટયાં પહેરણ લટકતાં હતાં, વચ્ચે થોડાક સાડલા પણ હતા.

ઓરડાની એક બાજુએ એક નાનું ટેબલ પડયું હતું અને તેના પર શ્રાદ્ધ માટે આણેલાં શાકભાજી પડયાં હતાં.

અનૂલાએ એક ક્ષણમાત્રમાં બધું જ જોઈ લીધું. એક પુરાણા ટેબલ પર બે કામળા પડયા હતા, જે અડચણ સમયે પથારી તરીકે વપરાતા હશે એમ તેણે માની લીધું.

શાંત સ્વરે એણે રમાને પૂછ્યું, "તમે અહીં જ રહેતાં લાગો છો?"

રમાએ લાજ ઊંચી કરીને માથું હલાવ્યું.

તે રૂપાળી નહોતી છતાં આવું શાંત શ્યામ સૌંદર્ય જોઈને મુગ્ધ થઈ જ જવાય. અનૂલા પણ મુગ્ધ થઈ ગઈ. એણે પૂછ્યું, "રંજનબાબુ તમારે શું થાય?"

સ્ત્રીએ લજ્જાથી મોં નીચું કરી દીધું.

કલકત્તામાં અનૂલાના ઘર પાસે જે વહુ આવીને રહી હતી તેને અનૂલાએ એક વાર એના સ્વામી વિષે પૂછ્યું હતું ત્યારે એ પણ આવી રીતે લજ્જાળ બનીને નીચું જોઈ ગઈ હતી, તે દિવસે પણ એના પ્રશ્નનો કશો ઉત્તર મળ્યો નહોતો.

પણ તે દિવસે અનૂલાએ મૂર્ખની જેમ એક જ પ્રશ્ન વારંવાર પૂછેલો, જ્યારે આજે તો એ ચાલાક બની ગઈ હતી એટલે ફરી પ્રશ્ન ન પૂછ્યો ને કહ્યું, "હું ધારું છું કે તેઓ તમારા સ્વામી હશે. તમારાં લગ્ન થયે કેટલો વખત થયો?"

રમાએ જવાબ દીધો, "બહુ વખત નથી થયો, સાસુજી મરી ગયાં તે પહેલાં ત્રણ–ચાર માસ અગાઉ, કારતક માસની શરૂઆતમાં."

ઘણા સમય પછી–અનૂલાને તેડવા આવ્યા પછી ઘણે વખતે! રંજન અનૂલાને તેડવા શ્રાવણ મહિને ગયો હતો.

આટલા દિવસ સુધી એણે લગ્ન કર્યું નહિ. શા માટે? કોને માટે?

અનૂલા અન્યમનસ્કભાવે એક છબી તરફ જોઈ રહી. રમા થોડી વાર ચૂપ રહી બોલી, "રહેવાનાં છો ને ?"

અનૂલા ચમકી ગઈ. મોં ફેરવીને જોયું તો રમા તેના તરફ જોઈ રહી છે. રમા જાણુતી નહોતી કે, તે કોણુ છે ? શા માટે અહીં આવી છે ?

અનૂલાએ કહ્યું, "રહેવા માટે તો આવી હતી બેન, પરંતુ મને એ આશા હવે નથી રહી. કદાચ બે દિવસ પછી જ હું પાછી ચાલી જઈશ. મારું સ્થાન મેં ગુમાવ્યું છે." તેનું ગળું એકદમ રૂંધાઈ ગયું. રમા કેવળ વિસ્મિત ભાવે તેના તરફ જોઈ રહી.

૧૮

પ્રિયજનો !

સાંજે થાકીપાકીને રંજન પાછો ફર્યો. અનૂલા એ વખતે ઓરડામાં હતી. મણિ ગામમાં ફરવા ગયો હતો. રમાએ જમવાનું તૈયાર રાખ્યું હતું. રંજન આવ્યો કે તુરત થાળી પીરસાઈ ગઈ.

રંજન કંટાળાથી ઉંબરામાં બેસી પડયો ને બોલ્યો, "આજે રહેવા દે રમા, એક દિવસ નહિ ખાઉં તો કાંઈ ખોટ નહિ આવી જાય. આખો દિવસ રખડી રખડીને આવ્યો છું એટલે અત્યારે ખાવાની ઇચ્છા જ થતી નથી."

રમાએ સ્નેહપૂર્ણ અવાજે કહ્યું, "એમ તે કાંઈ થતું હશે? કાલે ક્યારે જમવા મળશે તેનું ઠેકાણું નથી, શ્રાદ્ધ કરતાં કદાચ સાંજ પડી જશે. અત્યારે નહિ જમો તો શરીર કાલે ચાલશે? થોડી વાર તમે આરામ કરો, પછી જમવા-કરવાનું કરજો."

રંજન કોથળા પર લાંબો પડયો. તેના અવ્યવસ્થિત વાળની લટોને આંગળાંથી રમાડતાં રમાડતાં રમાએ કહ્યું, "આજે એક આશ્ચર્યની વાત બની છે તે જાણો છો? કલકત્તાથી, શી ખબર, કો'ક આવ્યું છે."

"કલકત્તાથી આવ્યું છે?" રંજન એકદમ બેઠો થઈ ગયો.

રમાએ કહ્યું, "આમ સફાળા કાં ઊઠયા? સૂઈ જાઓ."

"કોણ...કોણ...આવ્યું છે? કહે તો? કેટલાં જણ છે?"

એક સ્ત્રી, દેખાવમાં ખૂબ સુંદર. એને એકાએક જોઈને તો મને થયું કે જાણે જીવંત સરસ્વતી ઊતરી આવ્યાં છે."

રંજન એ ક્ષણે જ સમજી ગયો કે કોણ આવ્યું છે. થોડી વાર તે ચૂપ રહ્યો. ત્યારપછી પૂછ્યું, "તેઓ કયાં છે?"

રમાએ સામેનો મોટો ઓરડો બતાવીને કહ્યું, "પેલા ઓરડામાં સૂતાં છે, લાગે છે કે ઊંઘી ગયાં હશે, નહિ તો તમારો અવાજ સાંભળીને જ તેઓ આવત. તમારા માટે લાખ વાર પૂછ્યા કર્યું છે અને આખો દિવસ ન જમવા માટે કેટલીય ચિંતા કરી છે."

"તેમણે ખાધું?" રંજને પૂછ્યું.

રમાએ કહ્યું, "તેઓ કલકત્તાથી હવિષ્ય કરીને આવ્યાં છે, અહીં આવીને પાણી સિવાય કશું લીધું નથી. રાત્રે જમશે એમ માનીને મેં દૂધ અને દહીં મંગાવેલાં, પરંતુ તેમણે તો કશું જ ખાવાની ના પાડી."

રંજન ફરી સૂઈ ગયો ને કહ્યું, "પણ આપણે ત્યાં પથારી તો નથી રમા, માત્ર બે કામળા છે અને તે પણ મેલા છે, કદાચ એમાં ગંધ પણ આવતી હશે."

રમાએ કહ્યું, "તેઓ પથારી લાવ્યાં છે અને નોકર પણ સાથે આવ્યો છે. હમણાં જ તે ફરવા ગયો છે."

રંજને પૂછ્યું, "રોકાશે કે નહિ?"

"રોકાવાના વિચારથી જ આવ્યાં હતાં, પણ હવે શ્રાદ્ધ પતી ગયે ચાલ્યાં જશે એમ કહેતાં હતાં."

"હં..." કરીને રંજન ચૂપ રહ્યો.

ઉત્સુકતાથી રમાએ પૂછ્યું, "કહો ને, કોણ છે તે ? જોતાં તો લાગે છે કે બહુ મોટા માણસની સ્ત્રી હશે ને ખૂબ ભણેલી હશે."

રંજને એક ધીમો નિસાસો નાખીને કહ્યું, "એ સાચી વાત છે. તે બહુ જ ભણેલી છે અને એક મોટા ધનવાન માણસની એકની એક પુત્રી છે."

"તમારી સાથે કેમ કરીને ઓળખાણ થઈ ? તમારે શું થાય ?"

"એ વાત મા જાણતી હતી, રમા !" રંજને કહ્યું.

રમા ચૂપ થઈ ગઈ. થાકેલા સ્વામીને વધારે દુઃખિત કરવાનું એને ગમ્યું નહિ.

રમા રસોડામાં ચાલી ગઈ. રંજન ઊભો થઈને ઘરના બારણામાં ઊભો રહ્યો.

એક બાજુ એક ફાનસ બળે છે. જમીન પર કામળો પાથરીને અનૂલા સૂતી છે. હજી સુધી તે ઊંઘી લાગતી નથી.

રંજન બારણામાં આવતાં જ તે ઊઠીને બેઠી થઈ. ફાનસનો પ્રકાશ તેના સુંદર મોં ઉપર પડવા લાગ્યો.

રંજને જોયું કે આ અનૂલા એણે પહેલાં જોઈ હતી તેવી અનૂલા નથી. એ અનૂલામાં અને આમાં ઘણો જ ફેર છે. અનૂલાનો પોશાક, સેંથામાં સિંદૂર અને હાથમાંની શંખની અને લોઢાની ચૂડીઓ રંજનની નજર બહાર છટકી જઈ ન શકી. હાથથી પાથરણું પાથરીને રંજન બારણા પાસે જ બેસી ગયો.

તે ગંભીરતાથી બોલ્યો, "મારો પત્ર જ તમને અહીં–આ દરિદ્રની પર્ણકુટીમાં–લઈ આવ્યો છે એ માટે હું તમારી ક્ષમા માગું છું, પરંતુ એ માટે મને દોષ દેશો નહિ. મને સૌએ કહ્યું એટલે જ

મેં લખ્યો હતો, જો કે એ વખતે મને ખાતરી હતી કે હું આવવાનું લખીશ પણ તમે આવશો નહિ. ”

“ બધાંએ એમ જ ધાર્યું હશે, એટલે સૌનું ધાર્યું ખોટું કરાવવા જ હું આવી છું. બાપુજીએ પણ વાંધો લીધો નહિ ને મને રાજીખુશીથી અહીં મોકલી આપી. ”

“ હમણાં તો રોકાશો ને ? ” રંજને પૂછ્યું.

“ શ્રાદ્ધ પતી ગયે ચાલી જઈશ. ”

રંજને નિસ્પૃહતાથી કહ્યું, “ બરોબર છે, નહિ તો તમને અહીં બહુ તકલીફ પડશે. તમે તો જન્મથી જ કલકત્તામાં રહ્યાં છો, ગામડામાં આવવાનું તો કદાચ તમારે આ પહેલી વખત જ બન્યું હશે, એમાં વળી આવું ઘર, ઘાસનું છાપરું, માટીની જમીન. તમારા નોકરો પણ આ ઘરમાં રહી શકે નહિ, એટલે તમારે માટે તો અહીં રહેવું બહુ વિકટ છે. ”

અનૂલાનું મોં નીચે જમીન સાથે જડાઈ ગયું. થોડી વાર પછી મોઢું ઊંચું કરીને આર્દ્ર કંઠે તેણે કહ્યું, “ હાં, અહીં તમને તકલીફમાં નહિ મૂકું. મારો પરિચય મેં તમારી સ્રીને આપ્યો નથી, દેશો પણ નહિ. એ બીચારી કશું જાણતી નથી એમ મેં જાણ્યું, ને એને કશું જણાવવાની જરૂર પણ નથી લાગતી. તમારું જીવન સુખમય અને શાંતિમય બનો એ જ માત્ર હું પ્રાર્થના કરું છું.”

“ સુખ અને શાંતિ......”

રંજનના મોં પર કૃત્રિમ હાસ્યનું એક મોજું આવીને ચાલ્યું ગયું. “ જાણો છો અનૂલા ? નહિ તો જાણો કે મારી મા કેટકેટલી વેદના હિયામાં ભરીને ગઈ ! જાણી લો કે હું પણ કેટકેટલી વેદના સહું છું ! રમા આવી છે. માના આદેશથી તેને હું લઈ

આવ્યો છું. તેનું કામ તે કર્યે જાય છે, મારું કામ હું કર્યે જાઉં છું. જેટલો સમય એકબીજાની પાસે હોઈએ છીએ એટલો સમય તે સ્ત્રી અને હું સ્વામી, પરંતુ એક હાથ જેટલે દૂર જાઉં એટલે હું એને મારા અંતરમાં જોઈ શકતો નથી! હું જાણું છું કે હું તેના પ્રત્યે દિનપરદિન કેટલો બેદરકાર થતો જાઉં છું, પરંતુ કાંઈ કરી શકતો નથી, અનૂલા! કોઈ પણ રીતે મારા મનને હું રોકી શકતો નથી."

તેણે બંને હાથે માથું દબાવી દીધું. અનૂલાએ મોં ફેરવી લીધું. ઘણો વખત બંને ચૂપ રહ્યાં.

અનૂલાએ જ પ્રથમ મૌન તોડયું, "સાંભળ્યું છે કે તમે બધું વેચી-કરી નાખ્યું છે."

રંજન વાત સમજ્યો નહિ એટલે જિજ્ઞાસાપૂર્વક તેના તરફ જોઈ જ રહ્યો.

અનૂલાએ કહ્યું, "જમીન, બાગ વગેરે બધુંય શું અર્ધી કિંમતે વેચી દીધું?"

"શું એ ખબર અહીં આવીને સાંભળ્યા?"

અનૂલાએ કહ્યું, "ના, મેં પોતે પૂછીને જાણ્યા. શું એ વાત સાચી છે?"

રંજને કહ્યું, "સાચું છે. માણસ દેવાળિયો બની ગયો હોય એવી મોટી વાત શી રીતે છાની રહી શકે?"

"ઘરનું...?" અનૂલાએ પૂછ્યું.

રંજને સ્મિત કરીને જવાબ દીધો, "એ પણ પોદ્દારનું છે. તેઓ ચાહે ત્યારે અમને બહાર હાંકી કાઢી શકે."

અનૂલાની બંને આંખોમાં પાણી આવી ગયાં. એણે મહા-મહેનતે પોતાની જાતને સંભાળી લીધી ને પૂછ્યું, "ગીરો મૂક્યું કે વેચ્યું?"

"બધું વેચ્યું, ગીરો કશું જ મૂક્યું નથી. ગીરો મૂકવાની કાંઈ સગવડ હોય તો ને? મને ગુલામીના બંધનમાં બાંધવા એક વાર કોઈકે નનામા એકસો રૂપિયા મારી બહુ જ ભીડની વેળાએ મોકલેલા, પણ કેવું નસીબ! હું તુરત જ સમજી ગયો અને મેં તુરત જ રૂપિયા પાછા મોકલ્યા. આજે જો તેઓ જાણત કે આ ઘર ગીરો મુકાયલું છે તો તેઓ આવીને બધું વેચી-સાટીને ખલાસ કરી નાખત ને? ભગવાને તમને પૈસા આપ્યા છે તે ન્યાય-અન્યાય માટે ખર્ચ કરવા અને અમને આંખો આપી છે એ એ બધું માત્ર જોવા માટે, ખરું ને? આથી ગુસ્સો કરશો નહિ, હું સાચું જ કહું છું ને?"

અનૂલાનું મોં સુકાઈ ગયું હતું: "મેં તમને પૈસા મોકલ્યા છે એવું તમે કેમ કરીને જાણ્યું?"

રંજને હસીને કહ્યું, "એમાં શું? એટલું સમજી ન શકાય? ઠીક હવે, તમે સૂઈ જાઓ, હું જમવા જાઉં છું, રમા બોલાવે છે. રાત્રે રમા તમારી પાસે અહીં સૂશે. હું ઓસરીમાં સૂઈ રહીશ. પેલા ઓરડામાં તમારા નોકરની પથારી કરી છે, એને માટે ચિંતા કરશો નહિ."

અનૂલાએ કહ્યું, "ના, એને માટે ચિંતા નથી, પરંતુ તમે ઓસરીમાં સૂઈ રહેશો...?"

એને બોલતી અટકાવીને રંજને કહ્યું, "મને તો એની ટેવ છે. કેટલાય દિવસથી હું તો ઓસરીમાં સૂઈને જ રાત્રી પસાર કરું છું. અમને કશું થાય નહિ."

તે ત્યાંથી બહાર નીકળી ગયો અને જતી વખતે બારણું બંધ કરતો ગયો.

૧૯

અંધારું

અર્ચના બીમાર છે. કપાળના પેલા ઘાનું દર્દ વધી ગયું છે. માથામાં અસહ્ય વેદના થાય છે. બંને આંખો લાલચોળ બની ગઈ છે. મહામહેનતે એ આંખો બંધ કરી શકે છે. આમ કેટલાય દિવસથી દારુણ જ્વરને કારણે તે બેહોશ સ્થિતિમાં પડી છે.

રંજન કાલે પણ એક વાર આવ્યો હતો, આજે તો એ આવ્યો નથી, ઘરકામમાં ગૂંથાઈ રહ્યો છે.

આજે અર્ચના કાંઈક શુદ્ધિમાં આવી છે. ઘેર કોઈ નથી. ચૈતન્ય ધંધાને વધારે મહત્ત્વનો સમજીને બહાર ગયો છે તે અર્ચના જાણતી નથી.

તેણે ક્ષીણ અવાજે બૂમ મારી, "ઓ...જરા સાંભળો ને?"

કોઈએ ઉત્તર ન દીધો.

અર્ચનાએ ફરી વાર બૂમ મારી, "મને જરા પાણી આપો ને, બહુ તરસ..."

કોઈ બોલતું નથી.

પાણી માટે થોડી વાર તરફડિયાં મારીને તે ફરી બેહોશ બની ગઈ.

સાંજ પછી રમા આવી. રંજને તેને મોકલી હતી. ઘરનું

બારણું ખુલ્લું પડયું છે. ઘરમાં ફાનસ નથી. રમાએ અર્ચનાનો ઝીણો અવાજ સાંભળ્યો, "જરા પાણી, ઓ રે...જરા પાણી!"

"ઓહ અર્ચનાદીદી, પાણી જોઈએ છે?"

રમા હાથનું ફાનસ નીચે મૂકી એકદમ ગોળામાંથી એક પ્યાલો પાણી લઈ આવી અને અર્ચનાના મોઢામાં મૂકવા લાગી.

એક શ્વાસે એક પ્યાલો પાણી પી જઈને અર્ચનાએ નિસાસો નાખ્યો, "આહ! તેં બચાવી વહુ!"

રમા આમતેમ જોઈને બોલી, "એકલાં જ છો, અર્ચનાદીદી? બીજું કોઈ નથી?"

અર્ચના મહામહેનતે જરા હસી, "કદાચ કોઈ નહિ હોય. કોઈ છે જ નહિ ને વહુ, એકલી જ રહું છું. દેવતા વચ્ચે વચ્ચે ક્યારેક ક્યારેક પૂજા લેવા આવે છે. લઈને ચાલ્યા જાય છે. આ વખતે ઊણપ જોઈને દેવતા રિસાઈને ચાલ્યા ગયા લાગે છે."

રમા ક્રોધથી બોલી ઊઠી, "ઝાડુ મારો એવા દેવતાના મોં ઉપર!"

"એમ બોલશો નહિ વહુ, દેવતા તો દેવતા જ છે. તેમના ગુણદોષનો વિચાર કરવાનું કામ આપણું ન હોય."

રમા ચિડાઈને બોલી ઊઠી, "આપણામાં શક્તિ છે. શા માટે નહિ? ગુણદોષનો વિચાર કરવાનો હક્ક બાળકને પણ છે. સ્વામી દેવતા છે એ વાત સાચી હોઈ શકે, પરંતુ જ્યારે તેઓ દેવતાની જેવાં કાર્યો કરે ત્યારે."

અર્ચના એક નિશ્વાસ નાખીને બોલી, "હશે. સ્વામી કદાચ દેવતા ન પણ હોય, પરંતુ પ્રેમ જ માણસને દેવતા બનાવે છે, વહુ! મારા સ્વામી ભલેને ચોર, દુરાચારી, દારૂડિયા કે બદમાશ હોય છતાં

હું તો એને પ્રેમ કરું છું અને મારા એ પ્રેમે જ એને દેવતાના આસને બેસાડયા છે."

રમા થોડી વાર ચૂપ રહી, ત્યારપછી બોલી, "પરંતુ આ વાત તો સૌ જાણે છે અર્ચનાદીદી, કે, તમને તમારા સ્વામીએ જે માર માર્યો છે એ કારણે જ તમે આજે પથારીવશ છો, એ મારને કારણે જ તમારા શરીરનું લોહી ઝેરી બની ગયું છે, અને તમારા સ્વામી–દેવતા–આ બધું જોઈને પલાયન કરી ગયા છે. તમારા તરફની ફરજનું પાલન કરવાનો ખ્યાલ પણ તેમણે કર્યો નથી."

અર્ચના આંખો બંધ રાખીને પડી રહી.

ચૂપ ન રહે તો શું કરે? તેનો સ્વામી શું છે તે પોતે જાણતી હતી એટલે એ શું બોલે? આજે તેના સ્વામીને નિર્દોષ ઠરાવવાનો એકે ઉપાય તેની પાસે નહોતો–સત્ય પોતે જ એની મેળે બહાર નીકળી આવ્યું હતું.

રમાએ ઘરમાં બત્તી કરી, જરૂરી કામકાજ કરી દીધું. અર્ચના એટલી વાર આંખો બંધ કરીને પડી રહી.

જતી વખતે ઓશીકા પાસે આવીને રમાએ બૂમ મારી, "અર્ચના દીદી?"

અર્ચનાએ આંખો ઉઘાડી

"હવે હું જાઉં છું, જો બનશે તો તેઓ આવશે."

અર્ચનાએ કહ્યું, "નહિ, નહિ, આજે રાત્રે રંજુદાને મોકલીશ નહિ, કાલ સવારે આવશે તો ચાલશે. આજે તું આટલાં બધાં કામમાંથી પણ વખત કાઢીને અહીં આવી છો તે માટે શું બોલીને મારે ઉપકાર માનવો તે મને સૂઝતું નથી, વહુ! ઠીક, જાઓ, અર્ધી રાત થઈ ગઈ છે."

રમા બહાર નીકળી.

ચંદ્રના પ્રકાશથી ગામનાં વૃક્ષો ઉજ્જ્વળ બન્યાં છે. ક્યાંકથી કોણ જાણે એક બપૈયો કરુણ સ્વરે બૂમો મારે છે.

રમા જ્યારે પોતાને ઘેર આવી પહોંચી ત્યારે થાકેલા રંજનને ઓસરીમાં સૂતેલો એણે જોયો.

આજે જ શ્રાદ્ધ પતી ગયું એટલે રંજને છુટકારાનો દમ ખેંચ્યો. રમાને જોઈને તેણે મોં ઊંચું કરી પૂછ્યું, "શું થયું રમા? અર્ચનાને કેમ છે?"

રમાએ હાથમાંના ફાનસને ધીમું કરી ઓસરીમાં એક બાજુએ મૂકતાં મૂકતાં કહ્યું, "સખત તાવ છે. વચ્ચે વચ્ચે જ્યારે ભાન આવે છે ત્યારે બોલે છે. મોટા ભાગે તો ઊંઘી જ રહે છે."

રંજન બંને હાથનો થોભો દઈને ઊભો થયો, "એનો સ્વામી—પેલો ચૈતન્ય—ક્યાં ગયો?"

"તે નથી, ચાલ્યો ગયો છે."

"ચાલ્યો ગયો!"

રંજન એક ક્ષણ સ્તબ્ધ બની બેસી રહ્યો ને ગુસ્સામાં ઊભો થઈ ગયો. રમાએ ચિડાયલા અવાજે પૂછ્યું, "ક્યાં જાઓ છો? અર્ચનાદીદીએ આજે તમને આવવાની ના કહી છે. શાંતિથી સૂઈ જાઓ."

નિર્દોષ બાળકની જેમ રંજન સૂઈ ગયો.

બહાર ચંદ્રનો પ્રકાશ શુભ્રમાંથી શુભ્રતર થઈને ફેલાતો હતો. ઘરનાં છાપરાં પર અને ઝાડની ટોચ પર તે પ્રકાશ ચકચકતો હતો. દૂર દૂર ત્યારે પણ બપૈયાનો પિયુ પિયુ પોકાર ગુંજ્યા કરતો હતો અને એથી પણ દૂરથી બીજો એક બપૈયો જવાબ દેતો હતો. તેના અવાજનો પડઘો જ માત્ર આવતો હતો. આંબાના મોરની સુગંધ, વાડામાં

ખીલેલ રજનીગંધાની સુગંધ, બાગનાં ફૂલોની સુગંધ—એમ બધી સુગંધો એકઠી થઈ ગઈ છે. દક્ષિણની હવા તે સુગંધને તાણી લાવે છે.

ઓરડામાં અનૂલા બેઠી છે. તે જાણે સ્વપ્ન જુએ છે. સ્વપ્નમાં તેણે કેટલા દિવસ કેમ કરીને વિતાવી દીધા તે અનૂલા જાણતી નથી. અહીં આવ્યા પછી બીજે જ દિવસે મણિને તેણે કલકત્તા મોકલી આપ્યો હતો. મોટા માણસના નોકરોની મોટાઈ તે સહી શકી નહિ. મણિ મોં દાબીને જે હસતો હતો, અને ફરવા જતી વખતે અહીંની જે તે વાતો બનાવી કાઢતો હતો તે એના માટે અસહ્ય હતું.

રંજન અને રમા !

અનૂલા અંધારામાં બેસીને ઓસરી તરફ જોતી હતી. પોતે કોણ ? શા હક્કથી પોતે આ લોકોની વચ્ચે આવીને ઊભી છે ? તેનો હક્ક હતો જ નહિ એ તો ચોક્કસ થયું છે. તે હવે મરેલી છે. રંજનને તે દોષ દઈ શકતી નથી.

ગરીબ રંજન ! ધનિકની એક માત્ર લાડીલી કન્યા સાથે પોતાની અણસમજમાં ક્યારે એણે વિવાહ કર્યો છે તે પણ એને યાદ નથી. પોતાની ક્ષુદ્રતા હમેશ એના દિલમાં રહી છે એટલે તે કદી પોતાનો હક્ક સાબિત કરવા આગળ આવ્યો નથી, અને સંકોચથી ઘણો દૂર નીકળી ગયો છે. પુત્રની મા હોવાનો હક્ક લઈને મા પણ પુત્રવધૂને મોકલી દેવાનું જોરથી કહી શકી નહિ અને અતિ અતિ સંકોચ સાથે ભિક્ષા માગી—માત્ર એક જ દિવસ એને મોકલવા માટે ! રંજને તેના જેવી જ સ્થિતિવાળી કન્યા સાથે લગ્ન કર્યું છે, જે તેના ઘરમાં ગમે તેવા સંજોગોમાં શોભશે. તે દેવી નથી, તે ધનિકની પુત્રી નથી—તે માણસ છે સમકક્ષાની. તેમને એ માન આપશે, વાંક થતાં ગુસ્સો કરશે નહિ અને તેની પાસે મનની વાત ખુલ્લી કરી શકશે.

દુઃખથી દિલ જાણે ભાંગી જતું હતું. દુઃખી હૃદય બંને હાથે

દબાવીને અનૂલા પથારીમાં આળોટી પડીઃ "ઓ પ્રભુ! હું પણ માણસ છું, દેવી નથી. હું સ્ત્રી છું, બંગાળની કન્યા છું–બંગાળની વહુ છું. પ્રભુ! મારા દેવ! તમારા સરજેલા સ્વર્ગમાં પ્રવેશવાનો હક્ક મને ન આપ્યો? તમારી હદની બહાર મારું સ્થાન નક્કી કરી દીધું? ઓહ!"

ઘરમાં અંધારું તો હતું જ અને વધુ અંધારું છવાઈ ગયું.

૨૦

પત્નીધર્મ

રમાએ આવીને પૂછ્યું, "તેઓ પૂછે છે કે બાપુજીનો પત્ર તમને તેડી જવા માટેનો છે તેનો જવાબ શું દેવો છે, દીદી?"

અનૂલાએ શાંતિથી કહ્યું, "તેમને હવે કશો જવાબ દેવાનો નથી. હું આજ સાંજે જ કલકત્તા જાઉં છું."

રમાને આંચકો લાગ્યો, "એ શું બોલો છો? આજ સાંજે જ જવું હતું તો પહેલેથી જરા કહેવું હતું ને, દીદી?"

અનૂલા પહેલાંની જેમ જ શાંતિથી બોલી, "કહેવાની શી જરૂર હતી? તમોએ માત્ર લોકાચાર સાચવવા ખાતર એક પત્ર લખ્યો હતો, કારણ કે તમે તો ચોક્કસ માનતાં હતાં કે હું આવીશ નહિ, છતાં હું મારી મારી ઈચ્છાથી જ આવી છું અને જઈશ પણ મારી જ ઈચ્છાથી. એ માટે કોઈને કહેવાનું કે કોઈનો મત લેવાની કાંઈ જરૂર નથી, રમા!"

રમા નીચે મોંએ નિસ્તબ્ધ થઈને ક્યાંય સુધી ઊભી રહી. ત્યારપછી જ્યારે મોં ઊંચું કર્યું ત્યારે જણાયું કે તેની બંને આંખો આંસુથી ભરેલી છે.

વિનતિભર્યા અવાજે તેણે કહ્યું, "હું કશું જાણતી નહોતી, દીદી! મને ક્ષમા કરો! પહેલે દિવસે તમે જ્યારે આવ્યાં ત્યારે તમે

કોણ છો એ હું જાણુતી નહોતી—જાણવાનો પ્રયત્ન પણ મેં કર્યો નહોતો. કોણ જાણે કેમ, મને કોઈના સંબંધમાં વધારે જાણવાની આતુરતા કદી થતી નથી."

એ વાત સાચી હતી ને અનૂલા જાણુતી પણ હતી. પહેલા પરિચયે જ અનૂલાએ તેને ઓળખી લીધી હતી—માત્ર બહારથી જ નહિ, અંદરથી પણ.

અનૂલાએ એક નિશ્વાસ નાખીને કહ્યું, "ત્યારપછી હજુ પણ તમે મને ઓળખી નથી ?"

"ઓળખ્યાં છે, જે દિવસે માનું શ્રાદ્ધ થયું તે દિવસે જ ઓળખ્યાં." એક ડગલું આગળ આવીને તેણે એકદમ અનૂલાનો હાથ પકડી લીધો ને કંપિત અવાજે કહ્યું, "તમે તમારા ઘરમાં જ રહો દીદી, મને જરીયે દુઃખ નહિ લાગે. તમે ચાલ્યાં ન જાઓ. હું પિયર જઈ રહી શકું, પરંતુ મારી મા મારા મામાના ઘેર રહે છે. હું જઈશ તો એ અભાગી મા દુઃખી થશે એટલે જ હું ત્યાં જતી નથી. મને અહીં રહેવા દો. હું તમારું બધું કામ કરીશ. કામ કરવા માટે પણ માણસની જરૂર તો પડશે ને, દીદી ? તમે તો કાંઈ કરી શકશો નહિ, એટલે હું રહીશ."

તેના બંને હાથ બરફ જેવા ઠંડા પડી ગયા હતા તે અનૂલા સારી રીતે જોઈ શકી. તે રમાના મોં તરફ જોઈ રહી. એની આંખમાં અસીમ વિસ્મય હતું.

આ જ બંગાળની કન્યા—બંગાળની વહુ ! સ્વામીને પ્રેમ કરવા છતાં સ્વામીને ત્યાગી શકે તે આ ! પુત્રને પ્રેમ કરવા છતાં પુત્રનો ત્યાગ કરી શકે તે પણ આ જ કન્યા—આ જ સ્ત્રી—આ જ મા !

અનૂલાએ સ્નિગ્ધકંઠે કહ્યું, "તું મને આપે છે પણ હું લઈ શકતી નથી, બેન ! તું જે દેવા ઇચ્છે છે એ તારા સાચા દિલથી

કહે છે, પરંતુ હું અહીં રહી શકું એમ નથી, મારે તો જવું જ પડશે. હું કાંઈ રહેવાનું કહીને આવી નથી, અને ગૃહલક્ષ્મી બનવાનું મારું સૌભાગ્ય છે નહિ. વળી બીજી વાત પણ તું જાણે છે ? "

એક ક્ષણ ચૂપ રહીને અવાજ ધીરો કરીને તેણે કહ્યું, " મૂળ વાત તો એ છે કે, વહુ બનીને રહેવાનું મારાથી બનશે નહિ. બધો સમય લખવા–વાંચવામાં ગયો, બહાર ને બહાર ફરવાની ટેવ, તે શું હવે વહુ બનીને ઘરમાં રહી શકે ? બીજું પણ કારણ છે. આ બધી શેરીની સ્ત્રીઓ ટોળે વળીને આવે ને ટીકા કરે તે હું સાંખી શકું નહિ—જરીકે નહિ."

રમાએ કહ્યું, " માણસોની ટીકા ને બીકમાં તમે સ્વામીનું ઘર નહિ વસાવો, દીદી ? એટલાં ડરપોક તમે ? "

તેના રોણાથી અનૂલાનું મન એકદમ જાગૃત થઈ ગયું અને તે ફરીથી રમાના મોં તરફ જોઈ રહી.

રમાએ એક ધીરો નિસાસો નાખી દબાતા અવાજે કહ્યું, " તમને એક વાત કહી દઉં, દીદી ? તેમણે મારી સાથે લગ્ન કર્યું છે તે સ્વેચ્છાથી નહિ, પોતાની અનિચ્છા છતાં માની ઈચ્છા સંતોષવા માટે જ, દીદી ! આ લગ્નથી તેઓ જરાય સુખી નથી થયા. હું એમને સુખી કરી પણ નથી શકી. હું તો એમના ઉપકાર તળે દબાયેલી છું, કારણ કે તેમણે મારી વિધવા માને લોકનિંદામાંથી બચાવી છે—મારી રક્ષા કરી છે. હું એમની સાચી સ્ત્રી કદી નહિ બની શકું, એમના અંતરમાં કદી સ્થાન મેળવી નહિ શકું, એ હું જાણું છું. મારું કામ એમને જમાડવાનું અને એમની સેવા કરવાનું છે. એ સિવાય બીજું હું કરી પણ શું શકું, દીદી ! "

રમા બોલતી બંધ થઈ ગઈ. કેટકેટલી વેદના આ નવપરિણિતાના હૃદય નીચે છુપાયલી પડી છે તે તો એ જ જાણે ! ઉપર ઉપરથી

ખબર ન પડે. સર્વદા હસતા મોંથી એણે એનું રુદન કરતું દિલ ઢાંકી રાખ્યું છે.

રમાએ ફરી એક નિશ્વાસો નાખ્યો. શુષ્ક હાસ્યની એક રેખા મોં પર લાવીને તેણે કહ્યું, "મને માત્ર કામ કરવા માટે રહેવા દો. મને કામમાં ડૂબી રહેવા દો. આવી રીતે મને રહેવા દેશો ને, દીદી ? હું એના મોં પર સાચું હાસ્ય જોવા ઇચ્છું છું, પરંતુ એ હાસ્ય લાવવાની મારામાં તો તાકાત ક્યાં ?"

અનૂલાએ એના ખભા પર હાથ મૂકયો ને સ્નેહભર્યા અવાજે કહ્યું, "કોણ કહે છે, તાકાત નથી ? હું કહું છું કે એ તાકાત તારામાં છે–પ્રત્યેક સ્ત્રીમાં એ શક્તિ હોય છે. મારી વાત કહું, બેન ? સાચે જ કહું ?"

તે આટલું બોલીને અટકી ગઈ.

"તમારી વાત ?" રમાએ કહ્યું.

અનૂલાએ કહ્યું, "હું માત્ર સ્ત્રી બનવામાં માનતી નથી તે ખરી વાત છે. મારામાં ને સાચી સ્ત્રીમાં આકાશ–પાતાળનો તફાવત છે. એ તફાવત જાણી શકવાની તારામાં ક્યાંથી શક્તિ હોય રમા !"

રમાએ કહ્યું, "પરંતુ એમ તો બની શકે નહિ, દીદી ! પુરાણમાં વાંચ્યું છે કે લોપામુદ્રા, સતી સીતા, બહુલા..."

અનૂલાએ હસીને કહ્યું, "પુરાણુ એ હમેશાં પુરાણું છે, રમા ! નવા યુગમાં તેનું સ્થાન નથી. એ બધી સતીઓની વાત ઉપદેશ દેવામાં જ માત્ર ચાલે, વ્યવહારમાં કોઈ એ દષ્ટાંત પાળી શકે નહિ. જો અત્યારે હું અહીં સ્વામીની ગૃહલક્ષ્મી તરીકે રહું તો મારે કેટલો ત્યાગ કરવો પડે તે જાણે છે ? સાંભળ, પ્રથમ–પહેલાં તો મારે હું ગ્રેજ્યુએટ છું એ વાત ભૂલવી પડે, કારણ કે મારા સ્વામી તો મેટ્રિક સુધી પણ નથી પહોંચ્યા, એટલે દર પળે એમને

મારી પાસે પરાજય જ પામવો પડે. એમને એમની નાનપ માટે દુઃખ થાય અને મારા મનમાં અહંકાર જાગે. એ અહંકાર જ મને મારા સ્વામીની ભક્તિ કરવામાં આડે આવશે અને મને એમનામાં શ્રદ્ધા મૂકતાં રોકશે. કદાચ પ્રેમ તો કરી શકાય, પરંતુ માત્ર એવો પ્રેમ સ્વામી માટે યોગ્ય ન ગણાય. સ્વામીનું કાં તો સમાન અથવા તો ખૂબ ઊંચું સ્થાન હોવું જોઈએ, નીચું તો કદી ન હોવું જોઈએ. જો કદીક એમને મોટા તરીકે ન માન આપી શકું તો શાસ્ત્રાનુસાર એક મહાપાપ વહોરું અને સ્વામીને પણ એક અતિ વેદનાપૂર્વકનો વિષય બનું. એટલે જ મારું રહેવું જરૂરી નથી. એના કરતાં તો દૂર રહેવું સારું. ત્યારપછી ધાર કે તું બીમાર પડે અને ગુસ્સો કરીને પિયર ચાલી જાય તો હું તો ભાત રાંધીને જમાડી પણ ન શકું. તળાવેથી પાણીનું બેડું પણ લઈ આવી ન શકું. એટલે મારી આશા તો તું છોડી દે, રમા ! હું જ્યાં હતી ત્યાં જ ચાલી જઈશ."

રમા વિસ્મયતાથી એની મોટી મોટી આંખો ફાડીને તેના તરફ જોઈ રહી.

"અને બીજું પણ એક કારણ છે. બાળપણથી મેં એવું શિક્ષણ મેળવ્યું જ નથી કે સ્વામીને આનંદમાં રાખવા અને એમની કૃપા મેળવવા માટે જ બધું કરવું અને એમને દેવતા માનવા. પુરાણમાં વાંચ્યું હતું કે ગાંધારીના સ્વામી અંધ હતા એટલે એણે પોતે પણ સાતવડો પાટો આંખે બાંધ્યો હતો. સીતાને વનમાં જવાનો આદેશ નહોતો છતાં તે પતિ સાથે વનમાં ગઈ હતી. એ બધા આદર્શ તું લઈ શકે, હું એ ન સ્વીકારું. મને મારું ઉચ્ચ શિક્ષણ એમ કરતાં રોકે."

રમા એક નિસાસો નાખીને બોલી, "જે શિક્ષણ માણસને સાવ બદલી નાંખે તે શિક્ષણ ન લેવું જ સારું."

અનૂલાએ કહ્યું, "રમા, તું ભૂલી જાય છે કે આ નવો યુગ

છે. આપણે જૂના યુગમાં હવે જીવતાં નથી. આ યુગમાં હવે સતીની પ્રથા નથી અને વાનપ્રસ્થની પણ નથી. સીધું કહું તો પહેલાં માણસો જેમ ધર્મ માટે પોતાની કમાણીનો ત્રીજો ભાગ વાપરતા એ પણ આજકાલ હવે નથી. એનું જ નામ નવયુગ—નૂતન શિક્ષણ."

નિર્બોધ રમા કશું સમજી શકી નહિ. અનૂલા આજ જવાની છે અને કોઈ એને રોકી શકશે નહિ એટલું જ માત્ર એ સમજી.

૨૧

રમાનું હૃદય

બપોરે બે વાગે થાકીને રંજન ઘેર આવ્યો. સવારમાં તે જમીન જોવા જતો અને હમેશ આ વખતે જ પાછો ફરતો.

ફાગણ ઊતરી જવા આવ્યો છે. તાપ સખત પડવા લાગ્યો છે.

રંજન રસોડાના ઉંબરમાં બેસી ગયો. રમા એકદમ પંખો લઈ આવીને પવન નાખવા લાગી.

"ઓહ રમા! મને પંખો આપ, મને બહુ અસુખ લાગે છે. પણ હું કોઈને કદી પવન નાખવા દેતો નથી, કારણ કે સેવા કરાવવી મને ગમતી નથી."

રંજને રમાના હાથમાંથી પંખો લઈ લેવાનો પ્રયત્ન કર્યો.

"જરા પવન નાખીશ તો કોઈ મહાન અશુદ્ધિ નહિ લાગી જાય. મા પાસે સેવા ન કરાવવી એ તો સંતાનની ફરજ છે, પરંતુ અહીં એ ફરજ ન ગણાય. અહીં તો સ્ત્રીનું કર્તવ્ય રહેલું છે. મને મારા એ કર્તવ્યનું પાલન કરવા દો."

રંજન જરા હાસ્યો, બીજું કશું બોલ્યો નહિ.

"રંજુ ઘેર આવ્યો છે કે?" બોલતાં બોલતાં પાડોશમાં રહેતાં ઠાકુરમાએ પ્રવેશ કર્યો.

રમા છેડો તાણીને ઓરડામાં ચાલી ગઈ.

રંજન ઊભો થઈને બેઠો, "હમણાં જ આવ્યો, ઠાકુરમા. શું કામ હતું ?"

"એ જ કામ, બીજું શું ? સાંભળ્યું હતું કે અર્ચનાની સ્થિતિ બહુ ગંભીર છે, બચશે કે નહિ તે શંકા છે, એટલે જોવા ગયેલી."

ચિંતાભર્યા અવાજે રંજને કહ્યું, "કાલ તો મેં એવું કાંઈ સાંભળ્યું નથી, ઠાકુરમા ! કાલ સાંજ પછી તો હું એને જોવા પણ ગયો હતો, અમે વાતો પણ ખૂબ કરી હતી."

વડીલની જેમ હસીને ઠાકુરમાએ કહ્યું, "અરે ભાઈ, સનેપાતનું લક્ષણ જ એ ગણાય. કયારેક હસે, કયારેક રડે, કયારેક જેમતેમ બોલે ને કયારેક શાંતિથી પડી રહે. આવા રોગમાં વિશ્વાસ કેમ રખાય ?"

રંજન વિચારમાં પડયો.

ઠાકુરમાએ બોલવાનું ચાલુ રાખ્યું, "ત્યાં તો ધમસાણ મચી ગયું છે. મારો વિમલ પોલીસને ખબર આપી આવ્યો છે કે ચૈતન્યે અર્ચનાને મારી છે. કહે છે કે પોલીસ ચૈતન્યને પકડવા પણ આવી છે. મેં તો એક દારોગા અને બે પોલીસને અર્ચનાને ઘેર આવતા જોયા. ગામના બધા માણસો એમને વીંટળાઈ વળ્યા છે. એ બધામાં તને જોયો નહિ એટલે તને ખબર દેવા હું અહીં આવી છું. મંડલના હરિએ કહ્યું કે ચૈતન્યને પકડવા પોલીસ ગઈ છે અને અર્ચનાની સામે જ બધી પૂછપરછ થશે. હરિએ તો કહ્યું કે, 'ઊભાં રહો ને, ઠાકુરમા ! બહુ મઝા આવશે, જોઈને જાઓ.' પણ મારાથી કાંઈ એમ ઊભું રહેવાય ? મારા બાપદાદાને કોણ નથી ઓળખતું ? પોલીસ-દારોગા સામે ઊભાં રહેવાનું આબરૂદારની છોકરી માટે સારું ગણાય ?"

રંજન સાવ આભો બની ગયો. અર્ચનાની આજે આવી સ્થિતિ થઈ છે એ વાત તો તે જાણતો જ નથી. અને વળી

પોલીસ ને એ બધી વાતો શું? અર્ચના એ બદમાસ સ્વામીને પ્રેમ કરે, બધા જુલ્મો મૂગે મોંએ સહન કરે! તે દિવસે રંજને જ્યારે ચૈતન્યને સજા કરવાની વાત કરી હતી ત્યારે અર્ચનાનું મોં કેવું વિવર્ણ બની ગયું હતું તે રંજને જોયેલું.

અર્ચનાને તે પોતાની સગી બહેન જેટલો પ્રેમ કરતો. એ એને કદી પારકી માનતો જ નહિ. બાળપણથી કેટલો અત્યાચાર, કેટલો ઉપદ્રવ ચૈતન્ય કરતો એ બધી નાની નાની વાતો અત્યારે બહુ મોટા સ્વરૂપે એને દેખાતી હતી, પરંતુ અર્ચના ખાતર જ તેણે ચૈતન્યને ક્ષમા કરી હતી.

ઠાકુરમાએ સમાચાર આપીને કહ્યું, " જાઉં છું. હજુ તો ઘરનું કામ પડયું છે. નાહી–ધોઈને રસોઈ કરવાની તૈયારી કરતી હતી ત્યાં ખબર મળ્યા એટલે બધું મૂકીને દોડાદોડ અહીં આવી છું. થયું કે છોકરી ચાલી જશે માટે એક વાર છેલ્લી જોઈ આવું. ગઈ, ઓરડામાં જોયું, પણ મારી સાથે એ કશું બોલી નહિ, માત્ર મોઢું ઢાંકીને સૂઈ રહી. "

થોડી વાર અટકીને તેણે કહ્યું, " વહુ, શું કરો છો ? તે દિવસે કોળું દેતાં હતાં પણ એ વખતે લઈ જઈ શકી નહિ, આજ દો તો લઈ જાઉં. "

રસોડાના છાપરા ઉપર કોળાની વેલ ચારે બાજુ પથરાઈ ગઈ છે. આખું છાપરું ઢંકાઈ ગયું છે ને વેલ ઉપર કોળાં પણ આવેલાં છે.

રમા એક દાતરડું લઈને આવી. ઘૂંઘટમાંથી ધીરે સાદે એણે કહ્યું, " જરા બેસો ઠાકુરમા, હમણાં કાપી દઉં છું. "

ઠાકુરમા ઓસરીને છેડે બેઠાં, " વહુ બહુ સારી છે રંજુ, આવી શાંત સ્ત્રી મેં બીજી કોઈ દેખી નથી. અહીં આવ્યે હજુ થોડા મહિના જ થયા છે, પણ કોઈ ન જાણે કે નવી વહુ છે—જાણે

કેટલાય સમયની ગૃહિણી! ઘર–બાર બધું કેવું ચોખ્ખુંચણાટ રાખે છે! હં...તું હવે અર્ચના પાસે હમણાં જાય છે કે નહિ?"

"જાઉં છું. રોજ એક વાર જોઈ આવું છું." રંજને ધીમેથી કહ્યું અને તે બહાર નીકળી ગયો.

રમા થોડાંક કેળાં લઈ આવી ને કહ્યું, "લ્યો ઠાકુરમા!"

કેળાં બાંધતાં બાંધતાં ઠાકુરમાએ આશીર્વાદ દીધાઃ "જીવતી રહે બેન! મારા માથાના જેટલા વાળ છે તેટલું આયુષ્ય તારું થાઓ! તારું સૌભાગ્ય અમર રહો!"

તેના માથા તરફ જોઈને રમા હસવું રોકી શકતી નહોતી. માથાના બન્ને ખૂણા ઉપર ગણ્યાગાંઠ્યા થોડા સફેદ વાળ હતા, ચિહ્નરૂપે એટલા વળી રહી ગયા હતા, બાકી આખા માથા પર વાળનું નામ નહોતું.

ઊઠતાં ઊઠતાં એણે ધીમેથી પૂછ્યું, "તારી પેલી શોક ક્યાં ગઈ? ચાલી ગઈ કે શું?"

"ના, આજે જવાનાં છે એમ કહેતાં હતાં."

ઠાકુરમા એકદમ તિરસ્કારથી હોઠ દાબીને બોલ્યાં, "જવા દે, રોકીશ મા. એ બધી મે'મસાહેબની જાત ગણાય. ગામડામાં માટીના ઘરમાં એ રહી શકે નહિ. ઉઘાડા પગે ચાલી પણ ન શકે ને! તું માનીશ વહુ, એક વાર હું કલકત્તા ગંગાસ્નાન માટે ગઈ હતી ત્યારે મેં જે જોયું તેની શી વાત કરું?" બોલતાં બોલતાં ફરી તે બેસી ગયાં.

"ત્યાંની ટ્રામમાં બેસીને કાલીઘાટ જતી હતી ત્યાં તો મારી પાસે કોણ જાણે કોઈક આવીને બેઠું. તેના પગ તરફ મારી નજર પડી તો પગમાં બૂટ! ઓ મા! મને તો થયું કે કોઈક પુરુષ માણસ આવીને બેઠો હશે. શરીર ઉપર વળી એ જ લાંબો ઝૂલતો જામો. ઘૂમટામાંથી મેં સહેજ નજર કરી ને પછી કોણી ટેકવીને

બેઠી. થોડી વાર પછી તો વહુ, ભૂલભૂલમાં એના તરફ જોવાઈ ગયું. અરે બળ્યા મોની ! તને સાચું નહિ લાગે, પણ તે તો એક બૈરી હતી."

રમાએ વિસ્મયથી કહ્યું, "શરીર પર જામો ! પગમાં બૂટ ! ને વળી સ્ત્રી !"

"સાચેસાચ કહું છું. એ છોકરી જ હતી. હું તો ખૂબ જ તાજુબ બની ગઈ. સાંભળ્યું તો હતું, પરંતુ નજરે કદી જોયું નહોતું એ એ વખતે જોયું. આ તારી શોક જે ઉઘાડા પગે, સેંથે સિંદૂર પૂરીને વહુ થઈને આવી છે ને, એને માટે પણ મેં સાંભળ્યું છે કે તે પગમાં બૂટ પહેરે છે, સેંથે સિંદૂર પૂરતી નથી, માથે ઓઢતી પણ નથી, ને વળી તે બેટ-બોલ પણ રમે છે ને ચોપડીઓ હાથમાં લઈને નિશાળમાં ભણવા જાય છે. ને વળી વહુ, એ તો મોટરગાડી પણ ચલાવે છે !"

રમા આશ્ચર્યથી ડઘાઈ ગઈ. અનૂલામાં આટલા બધા ગુણો છે છતાં આટલા દિવસમાં પોતે કશું જાણી ન શકી. એના સ્વામીએ પણ કાંઈ કહેલું નહિ. અનૂલાના કમળ સરીખા પગ જોઈને રમાને એ જોઈ રહેવાનું બહુ ગમતું, એટલે કારણ-અકારણ એ અનૂલાના પગની રજ લેતી અને માથે ચડાવતી. કેવા સુંદર પગ ! કેવા સુંદર હાથ ! જાણે ફૂલગુલાબી રંગ ! રમા તો સ્વપ્નમાં પણ કલ્પી શકતી નહોતી કે તેની દીદી મોટરગાડી ચલાવી જાણે કે બેટ-બોલ રમી શકતી હોય !

ઠાકુરમા ઊઠતાં ઊઠતાં બોલ્યાં, "વહુ કયાં ગયાં છે ? એને જોઉં તો ખરી !"

"જરા બહાર ગયાં છે." રમાએ કહ્યું.

"હજુ સુધી જમવાનું થયું લાગતું નથી." ઠાકુરમાએ પૂછ્યું.

"ના, તેઓ પહેલાં જમશે, પછી અમે બંને જમીશું."

આ પતિભક્તિ જોઈને ઠાકુરમાના હોઠ મરકયા.

૨૨

અનૂલા જાય છે

અર્ચનાની ખબર કાઢીને રંજન એકદમ પાછો ફર્યો. તે જાણતો હતો કે એના જમ્યા પહેલાં રમા તો નહિ જ જમે, પરંતુ અનૂલા પણ નહિ જમે.

નાહી-કરીને તે જમવા બેઠો.

"કેમ છે અર્ચનાદીદીને ?" રમાએ પૂછ્યું.

"હું તો દાક્તરને લઈને જ ગયો હતો. એમણે કહ્યું છે કે હજુ સુધી કશું ગંભીર નથી. પોલીસ આવ્યા છે. રામ જાણે કોણે પોલીસને ખબર કરી હશે! ચૈતન્યને પકડયો છે."

એક નિશ્વાસ લઈને રમા બોલી, "અરે રામ! ઠાકુરમા જેમ કહી ગયાં તેમ જ બરોબર થયું. કેવો માણસ! હતું-નહોતું કરવામાં જબરો!"

થોડી વાર શાંત રહીને એણે કહ્યું, "હવે ઘરની વાત કરું. દીદી આજે જ ચાલ્યાં જાય છે."

રંજન ખૂબ જ વિસ્મય પામ્યો, "'ચાલ્યાં જાય છે' તેનો અર્થ? બીજું કશું બોલ્યાં નથી?"

"ના, મને તો કલાક પહેલાં જ કહ્યું કે તેઓ આજે જ ચાલ્યાં જશે. ગાડીનો વખત પણ થઈ ગયો છે."

રંજને બોલ્યા વિના જમી લીધું.

અનૂલા તેનાં કેટલાંક કપડાં 'સુટકેસ'માં ગોઠવતી હતી. એકાએક રંજનને ઓરડામાં પ્રવેશેલો જોઈ એણે કામ પડતું મૂકી આતુરતાથી એની સામે જોયું.

કશી પણ પ્રસ્તાવના કર્યા વિના રંજને પૂછ્યું, "શું તમે આજે જ ચાલ્યાં જવાનાં છો?"

અનૂલાએ કપડાં સંકેલતાં સંકેલતાં "હા" એટલું કહ્યું.

રંજનને તુરત શું બોલવું તેની સૂઝ ન પડી. થોડી વાર અટકીને એણે ફરીથી પૂછ્યું, "આ રીતે ચાલ્યાં જવાનો અર્થ?"

અનૂલાએ મોં ઊંચું કર્યું અને રંજન પર સ્થિર નજર ઠેરવીને કહ્યું, "અર્થ તદ્દન સીધો છે. હું જે કામ માટે આવી હતી તે કામ પૂરું થઈ ગયું છે એટલે હવે હું ચાલી જાઉં છું."

રંજન ચૂપ રહ્યો.

અનૂલાએ કહ્યું, "તમે લખ્યું હતું ને કે, બે ઘાટ ઉપર સ્નાનવિધિ ન કરાય, જુદું શ્રાદ્ધ ન કરાય, જે કરવાનું હોય તે એક જગાએ જ કરવું જોઈએ–એ વાત બધાંએ સ્વીકારી એટલે હું અહીં આવી હતી."

કોણ જાણે, અજાણતાં જ રંજનથી બોલી જવાયું," ત્યારે શું આ બધું તમે સૌ હવે સ્વીકારો છો?"

અનૂલાએ મોં ફેરવી લીધું. એક ક્ષણ ચૂપ રહીને એણે જવાબ દીધો, "સૌ અર્ધું અર્ધું માને છે, બીજું શું?"

રંજનના હોઠ પર સ્મિતની રેખા ફૂટી ઊઠી, "પરંતુ હું તો બાપુજીને હિંદુ સમાજના કટ્ટર વિરોધી તરીકે ઓળખું છું, કારણ કે એમણે પોતે જ મારી પાસે પોતાની જાતને સમાજવિરોધી તરીકે ઓળખાવી છે."

અનૂલાની આંખોમાં એકદમ ગુસ્સો આવી ગયો, પરંતુ પછી તુરત શાંત બની જઈને એણે કહ્યું, "મારા પિતાજીના સંબંધમાં હું કોઈની પણ સાથે કશી વાત કરવા ઈચ્છતી નથી, કારણ કે મારા સિવાય એમને કોઈ જ ઓળખશે નહિ—સમજશે પણ નહિ. પણ આ વાત સાચી છે કે મેં સ્વીકારવાની ના પાડી છતાં તેમણે જ પ્રયત્ન કરીને મારા ભાઈની મરજી વિરુદ્ધ મને અહીં મોકલી છે."

"તો પછી આજે એકાએક ચાલ્યાં જવાનો અર્થ ?"

"મારે હજુ અભ્યાસ કરવાનો છે." અનૂલાએ જવાબ દીધો.

"બી. એ.ની ડિગ્રી તો મેળવી છે!" રંજને કહ્યું.

અનૂલાએ કહ્યું, "માત્ર બી. એ.ની ડિગ્રી મેળવવાથી જ બધું પતી નથી જતું. ત્યારપછી એમ. એ.ની ડિગ્રી પણ છે. શિક્ષણ તો માણસના જીવન સુધી ચાલે, એને સીમા ન હોય."

હવે શું કહેવું તે રંજન નક્કી કરી શકતો નહોતો. થોડી વાર ચૂપ બેસી રહીને એણે કહ્યું, "પણ આજ નહિ જાઓ તો નહિ ચાલે? બળદગાડીમાં આટલો બધો રસ્તો કાપતાં રાત પડી જશે. ત્યારપછી તો માત્ર એક જ ટ્રેન આવે છે—રાત્રે દસ વાગે, તે લગભગ બાર વાગે કલકત્તા પહોંચાડશે."

બેગને બંધ કરતાં કરતાં અનૂલાએ કહ્યું, "બસ, એમાં જ જઈશ."

રંજન આશ્ચર્ય પામી ગયો—સ્ત્રીમાં આટલી બધી હિંમત!

"પણ તમને એકલાંને તો એ ટ્રેનમાં મોકલી શકીશ નહિ. એમ બનશે તો મારે જ તમારી સાથે આવવું પડશે."

અનૂલાએ કહ્યું, "તમારે સાથે આવવાની કશી જરૂર મને લાગતી નથી."

"તમને જરૂર નહિ લાગતી હોય, પણ મને લાગે છે. હું

કોઈ પણ સ્ત્રીને રાત્રે એકલી મોકલી શકું નહિ, ભલે પછી હું મૂર્ખ ગણાઉં કે ગામડાનો ખેડુ ગણાઉં, પણ એથી કર્તવ્યહીન નહિ બનું. તમે કદાચ કાંઈ ન બોલો, પરંતુ તમારા બાપુજી, ભાઈ અને મિત્રો શું કાંઈ નહિ બોલે? કહેશે કે મૂર્ખ ખેડૂતે સ્ત્રીને એકલી રાત્રે રસ્તા પર મૂકી દીધી. ત્યારપછી કદાચ માસિકોમાં, સાપ્તાહિકોમાં ને વળી દૈનિકોમાં પણ જ્યારે શહેર અને ગામડાની સભ્યતા અને શિક્ષણ માટે મોટા મોટા લેખો લખાશે ત્યારે આ બનાવ એક જીવંત પ્રમાણ બનશે. કહો અનૂલા, તમે જ કહો કે, હજુ પણ જ્યાં ગ્રામ્યજનતાની અતિથિસેવા આદર્શ રહી છે ત્યાં આવડું મોટું કલંક હું સ્વચ્છાએ શા માટે વહોરું?"

અનૂલા ચૂપ રહી.

"કાલ સવાર સુધી રાહ જોઈને, હું પોતે આવી નહિ શકું તો કોઈની સાથે પણ, તમને મોકલી આપીશ."

"પરંતુ એક વાત તમારે ધ્યાનમાં રાખવી જોઈએ કે હું ગામડામાં ઊછરી નથી, મારી કેળવણીએ મને યોગ્ય શકિત અને હિંમત આપ્યાં છે."

રંજને હસીને કહ્યું," એ હું જાણું છું. અને વળી એ પણ જાણું છું કે એ શકિત અને હિંમત કલકત્તા જેવા શહેરમાં કામ લાગે, પરંતુ આવા ગામડામાં કશા ઉપયોગમાં ન આવી શકે. સાંભળો અનૂલા, આ પાશ્ચાત્ય કેળવણી લઈને તમે તમને જેટલાં શકિતશાળી ધારો છો એટલાં તમે ખરેખર નથી. વિલાયતની સ્ત્રીઓ જેટલું કરી શકે તેટલું તમે ન કરી શકો એ નક્કી છે. તેનું કારણ જાણો છો? બંને ક્ષેત્રો એક સમાન નથી. આપણો દેશ તમોને હજુ પણ પૂર્ણરૂપે માન આપવા ઈચ્છતો નથી. એક પરદેશી સ્ત્રી રસ્તા પર ગર્વથી ચાલી જઈ શકે, તેને આપણા માણસો ડરથી જ રસ્તો કરી આપે, એક પણ અશ્લીલ શબ્દ એના

કાન પર ન પડે. પણ તમે એનાથી વધુ શિક્ષણ મેળવો છતાં રસ્તે નીકળતાં હજાર મુશ્કેલીઓમાં આવી પડો, હજાર જાતની ગાળો સાંભળો. ધારો કે આજ રાત્રે ગામડાના રસ્તા પર બે–ચાર માણસો તમારી ગાડીને ઘેરીને ઊભા રહે તો તમારી શક્તિ ને હિંમત ટકશે? તમારું શિક્ષણ ને સભ્યતા ત્યાં જળવાશે? ગામડાના જુવાનો સ્ત્રીઓનું માન, સ્ત્રીઓનું શિક્ષણ, સ્ત્રીઓની પ્રગતિ ક્યાંથી સમજે? એક દિવસ કલકત્તાના રસ્તા પર જ તમને તેનો અનુભવ થઈ ગયો છે, અનૂલા. તે દિવસે શું કોઈએ તમારી બૂમ સાંભળી હતી? કોઈએ કશો જવાબ દીધો હતો? તોપણ એ તો કલકત્તા, શહેરોમાં મોટામાં મોટું, રાજધાનીનું ગામ, અગણિત સિપાઈઓ ત્યાં નિયમિત રીતે પહેરો ભરે છે, તોપણ દિવસે ખરે બપોરે ત્યાં સ્ત્રીઓને રોકવાના પ્રયત્ન થાય છે–અત્યાચાર થાય છે–તે તો જાણો છો ને?"

જરા વિચારીને અનૂલાએ કહ્યું, "પરંતુ કાલ સવારે તો રવાના થઈ શકીશ ને? મારે કૉલેજમાં દાખલ થવાનો સમય થઈ ગયો છે."

"તમારા વિકાસનો રસ્તો હું બંધ નહિ કરું, અનૂલા! તમારા જીવનમાં હું એક બહુ મોટા વિઘ્નરૂપે ઊભો છું, પણ હવે વધુ તકલીફ નહિ આપું. હવે તમે મુક્ત છો–તમારો જીવનપથ સ્વતંત્ર છે."

૨૩

નારી

અનૂલા ચાલી ગઈ છે.

ઘર પહેલાં જેવું હતું એવું જ હજુ પણ રહ્યું છે, છતાં લાગતું હતું કે જાણે બધું સૂનકાર બની ગયું છે. બધે સ્થળે આનંદ આનંદ લાગતો તે જાણે અત્યારે નથી.

રંજન જેમ કામ કરતો હતો એવી રીતે જ કર્યે જાય છે. રમા પણ જેમ કામ કરતી એમ કર્યે જાય છે.

અર્ચના સાજી થઈ ગઈ છે, પણ ચિંતાએ એને ઘેરી લીધી છે. કોર્ટમાં મુદત પડી છે.

આ લાંછન કરતાં તો મરણ સારું. કોર્ટનું તો નામ જ માત્ર અર્ચનાએ સાંભળેલું. ભદ્રલોકની સ્ત્રીને કોર્ટમાં ઊભું રહેવું એ કેટલી શરમજનક વાત છે એ તે જાણતી હતી. પરંતુ ઉપાય શો? જો એ પોતે મરી જાય તો કેવું સારું!

અર્ચના કંપી ઊઠી.

ચૈતન્યદાસને કદાચ સજા થશે. એ સજા કાંઈ ઓછી નહિ હોય, કદાચ જન્મટીપની પણ સજા થાય, અને એને કાળાપાણીએ પણ મોકલી દેવામાં આવે. અર્ચના માત્ર ચૈતન્યદાસ માટે જ જીવી હતી, નહિ તો એને તો જીવવાની કશી આશા જ ન હતી.

" શું થશે રંજુદા ? હું બધાની સામે અદાલતમાં કેમ કરીને ઊભી રહી શકીશ ? કેમ કરીને જવાબ આપી શકીશ ? " બોલતાં બોલતાં એ રંજન પાસે રડી પડી.

રંજને હિંમત આપી, " એમાં શું છે ? અદાલતમાં શું કામ ન જઈ શકાય ? તું તો ગામડાની સ્ત્રી છે, બધાની સામે ઊભી રહી શકે છે; પણ એવી પણ કેટલીક સ્ત્રીઓ હોય છે કે જે ઘરની બહાર નીકળી ન હોય. તેઓ કઈ રીતે અદાલતમાં ઊભી રહેતી હશે, કહે જોઉં ? અને અમે બધા તો છીએ ને ! પછી ડર શાનો ?"

છતાં પણ અર્ચનામાં હિંમત આવી નહિ. એણે પૂછ્યું, " જઈને શું કહું ? "

" કહેવાનું વળી શું ? જે જે બન્યું છે તે વર્ણવવાનું. "

અર્ચનાનું મોં એકદમ ફિક્કું પડી ગયું. થોડી વાર સુધી તે જમીન તરફ જોઈને ઊભી રહી, પછી બોલી, " પણ એ બધી વાત કહું તો એમને સજા ખમવી પડે, જેલમાં જવુ પડે, તો ? "

રંજને ગુસ્સાથી કહ્યું, "જવા દે ને, અમે બધા એમ જ ઇચ્છીએ છીએ કે એને જેલ મળે. આવા પાખંડીને બહાર ટકવા દઈને માણસોને દુ:ખી કરવા દેવા કરતાં જેલમાં મોકલીને આરામ આપવો જ સારો."

" માણસ જ ખરાબ હોય તો પછી જેલમાં મોકલવાથી શો ફાયદો ? એ તો ફરી વાર બહાર આવીને એમ જ કરે."

રંજને આશ્ચર્યથી કહ્યું, " આવી રીતે જ કરશે એ શું નક્કી છે ? "

" ના, એવું નક્કી કહી ન શકાય, પરંતુ ઘણા એવી રીતે જ કરે છે એટલે કહું છું "

રંજને વધુ આશ્ચર્યથી પૂછ્યું, " તો શું તું એમ કહેવા માગે છે કે ચૈતન્યદાસને સજા ન કરવી અને એનો જુલમ સહ્યે જવો ? "

અર્ચનાએ ડોકું હલાવ્યું, "ના, હું એમ ઈચ્છતી નથી; પણ હું તો મુક્તિ મેળવવા ઈચ્છું છું. પણ...રંજુદા, તમે જેમ કહેશો એમ જ હું કરીશ."

કોર્ટમાં માણસોનું ટોળું જામી ગયું છે. ચૈતન્ય પાંજરામાં ઊભો છે. એનું મોં સુકાઈ ગયું છે. અસહાય આંખે એ સૌની સામે જોઈ રહ્યો છે.

"અર્ચના?" બૂમ પડી અને તે થરથરતે પગે આવીને અંદર ઊભી રહી.

દરેકે દરેક સાક્ષીની જુબાની લીધી. બધાએ એક જ વાત કરી કે, "આસામી અતિ ખરાબ માણસ, દારૂડિયો અને ચારિત્રભ્રષ્ટ છે. લગભગ હમેશ એ એની સ્ત્રીને મારે છે અને એના પિયરની મિલકતને ઝૂંટવી લેવા ઈચ્છે છે"

અર્ચનાને પૂછવામાં આવ્યું કે, "આ બધી વાત સાચી છે?"

અર્ચનાએ ડોકું ધુણાવીને "ના" કહી. ચૈતન્યદાસની મુક્તિ કે શિક્ષાનો બધો જ આધાર એના એક વાકય પર હતો.

અદાલતના બધા જ માણસો આશ્ચર્યમાં ડૂબી ગયા. ન્યાયાધીશે પોતે જ પૂછયું, "તું શું બોલે છે? આસામી તારા પર અત્યાચાર નથી કરતો? એના મારથી જ તું પથારીવશ નહોતી બની?"

અર્ચનાએ મોં પરનો છેડો આઘો કરી ખસેડી નાખ્યો. એનું મોં લાલ બની ગયું હતું. એક વખત ચૈતન્યદાસના ફિક્કા મોં તરફ જોઈને શાંત અવાજે એણે કહ્યું, "ના હજૂર, મારો સ્વામી મને કદી મારતો નથી, હું પોતે જ એક વાર પડી ગઈ હતી એનાથી મારા માથામાં ઘા થયેલો અને હું બેભાન બની ગઈ હતી. એમનો કશો દોષ નથી હજૂર, તેઓ કદી મારા પર જુલમ કરતા નથી."

સાક્ષીઓમાં કોલાહલ થઈ ગયો. અર્ચના શું બોલે છે? અર્ધા

કલાક પહેલાં જ જેણે કહ્યું હતું કે ચૈતન્યદાસને આ વખતે તે બરોબર ખબર પાડશે, એમાં એકાએક એનામાં આ શું પરિવર્તન થઈ ગયું ?

અર્ચના ત્યારે પણ બોલતી હતી, " કજિયા તો કદાચ થાય હજૂર, પણ તેથી કાંઈ મારઝૂડ થતી નથી. ઝઘડા તો કોના ઘરમાં નહિ થતા હોય ? તોપણ કોઈ એનો બહાર પ્રચાર કરતું નથી, બધી વાત ઢાંકી રાખે છે. અમારી વાત, શી ખબર, કેવી રીતે બહાર આવી ? "

મનના આવેગમાં એ બીજું પણ ઘણું ઘણું બોલી પરંતુ ન્યાયાધીશે તેને અટકાવી દીધી ને પરિણામે કેસ ઊડી ગયો.

મોં ઉપર લાંબો ઘૂંઘટ તાણીને તે કોર્ટની બહાર નીકળી ગઈ.

" છટ્, છટ્, તેં શું કર્યું, કહે જોઉં ? અમારા આટલા બધા માણસોની મશ્કરી કરાવી ? હવે અમે શું મોં દેખાડીશું ? " રંજને મ્લાન મુખે કહ્યું.

અર્ચના શૂન્યદૃષ્ટિથી માત્ર જોઈ રહી.

ચૈતન્યદાસ બહાર આવ્યો કે તુરત અર્ચનાએ ગળા પર છેડો નાખીને પ્રણામ કર્યાં અને તેના પગ ઉપર એક કાગળ મૂકી દીધો. મૂર્ખ ચૈતન્ય એક શબ્દ પણ બોલી શકયો નહિ, નિઃસ્તબ્ધ થઈને માત્ર ઊભો રહ્યો.

અર્ચનાએ મૃદુ કંઠે કહ્યું, " કાગળ લઈ લ્યો અને વાંચી જુઓ. હું જાઉં છું. હવે ફરી કોઈ દિવસ હું જીવતી હોઉં ત્યાં સુધી આ ગામમાં આવશો નહિ, તમારા ભલા માટે જ કહું છું. "

ચૈતન્યે કાગળ ઉપાડી લીધો. કવર ખોલીને જોયા પછી વિસ્મયથી એ બોલી ઊઠયો, " આ તો તારું વીલ, મને બધું દઈ દે છે ?"

અર્ચનાએ શાંત સ્વરે કહ્યું, "હા, તમને બધું દીધું છે. તમને ઇચ્છા ન હોવા છતાં માત્ર એ માટે જ તમે રુદ્રપુર આવો છો અને મને વારંવાર હેરાન કરો છો. મોંએથી તો મીઠું મીઠું બોલો છો, પરંતુ તમારા મનમાં જે પાપ છે તે હું જાણું છું. આજે એ બધું પતી ગયું. તમે પણ નિશ્ચિંત થયા, હું પણ નિશ્ચિંત થઈ."

તે પીઠ ફેરવી ઊભી રહી.

"ચાલો રંજુદા, મારું કામ અને કહેવાનું પૂરું થઈ ગયું છે."

રંજનની સાથે સાથે તે બહાર નીકળી ગઈ. ચૈતન્ય પાંપણ પણ હલાવ્યા વિના માત્ર જોઈ જ રહ્યો.

૨૪

અર્ચનાનું તપ

અર્ચના હવે ઘર બહાર નીકળતી નહિ. રસ્તા પર કે ઘાટ પર પણ તે કયાંય નજરે પડતી નહિ. એના ઘરે કોઈ જાય તોપણ એ બહાર મોઢું દેખાડતી નહિ—જાણે માણસોની નજર સામેથી અદશ્ય જ થઈ ગઈ હોય નહિ!

રંજન પણ હવે આવતો નહિ.

એ તો અર્ચનાનું ભલું કરવા ગયો હતો, પરંતુ મૂર્ખ સ્ત્રીએ એની મૂર્ખાઈમાં પોતાનું સત્યાનાશ વાળી દીધું. અર્ચના પોતે જ પોતાનું ભાવિ નષ્ટ કરશે એવો તો રંજનને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો.

રંજને ધારેલું કે ચૈતન્યને જેલમાં પુરાવીને એવો તો નરમ બનાવી દેવો કે કદી અર્ચના ઉપર હાથ ન ઉગામે, પરંતુ મૂર્ખ અર્ચનાએ બધી ધારણા ધૂળ મેળવી અને રંજન પોતે જ મૂંઝવણમાં આવી પડયો—ચૈતન્યને સપડાવવા જતાં પોતે જ સપડાઈ ગયો.

આથી રંજન ગુસ્સે થયો હતો અને એટલા માટે જ તે કેટલાય દિવસથી અર્ચનાના ઘર તરફ પણ ગયો નહોતો. રમાએ અર્ચના વિષે પૂછયું ત્યારે રંજને બેદરકારીથી જવાબ આપ્યો, "એ તો મઝામાં જ છે, એને કાંઈ દુઃખ નથી. મારે મારું કામકાજ તો હોય ને? મારા કામકાજની આડે અર્ચનાને જોવા જવાનો ને વાતો કરવાનો વધારાનો વખત મારી પાસે છે નહિ."

શું થયું છે તે રમા સમજી શકી નહિ. કોર્ટેથી પાછો આવ્યો ત્યારથી રંજનનું મોં મ્લાન કેમ બની ગયું છે એ રમા જાણી શકી નહિ.

તે દિવસે રમા રંજનની રજા લઈને અર્ચના પાસે ગઈ. અર્ચના ઓસરીમાં બેઠી હતી. આકાશમાં વાદળાં છવાયાં હતાં. ભીનાશવાળો પવન ઝમઝમ કરતો વાતો હતો. સવારે વરસાદનું ઝાપટું આવી ગયું હતું એટલે હજુ પણ રસ્તો કાદવવાળો હતો.

જે ક્ષણે રમા અર્ચનાના ઘરમાં આવી એ જ ક્ષણે વરસાદ તૂટી પડયો. પહેલાં મોટાં મોટાં ફોરાં પડયાં ને ત્યારપછીના સતત મુસળધાર વરસાદે વાતાવરણ ઘેરું બનાવી દીધું.

અર્ચનાએ આશ્ચર્યથી પૂછયું, "આવા સખત વરસાદમાં આવવાની શી જરૂર હતી, વહુદી ?"

રમાએ કહ્યું, "હું પલળી નથી દીદી, સાચું ન મનાય તો આ રહી હું, તપાસી લ્યો. તમને થયું છે શું, દીદી? કહો તો ખરાં? કયાંય બહાર નીકળતાં જ નથી. ઘર બહાર જવાનું શું બંધ કર્યું છે?"

અર્ચનાએ શુષ્ક હસીને કહ્યું, "એમ પણ કદાચ હોય, હવેથી ઓઝલપડદામાં રહેવાનું નક્કી કર્યું છે."

"એનો અર્થ ?" રમાએ ન સમજી શકવાથી પ્રશ્ન કર્યો.

એક નિસાસો દબાવીને અર્ચનાએ જવાબ દીધો," મરજી, હમેશાં માણસ કાંઈ એકસરખું જીવન વિતાવી શકે નહિ વહુદી, વચ્ચે વચ્ચે જરા ફેરફાર કરવા જોઈએ, નહિ તો સાવ એકસરખું જીવન કેવું કંટાળાભરેલું થઈ જાય!"

થોડી વાર ચુપકીદીથી તે વરસતા વરસાદ તરફ તાકી રહી. ઘરના છાપરામાં તો સેંકડો ચૂવા હતા અને એમાંથી કયાંકથી

મોટી ધારે અને ક્યાંકથી ટીપે ટીપે પાણી ટપક્યા કરતું હતું, અને એ બધું પાણી ભેગું થઈ ઉંબરો વટાવીને ગટર તરફ વહી રહ્યું હતું.

સામેના એક આંબા પર એક કાગડો બેઠો બેઠો ભિંજાતો હતો. સેંકડો પાંદડાંના ઢાંકણ છતાં પાણી ટપકતું હતું.

અર્ચનાએ પૂછ્યું, "મારા પર રંજુદા બહુ ગુસ્સે થયા છે, નહિ વહુદી ? હમણાં તો સંભાળ પણ લીધી નથી, મળવા પણ આવ્યા નથી, હું કેમ છું એની પણ તપાસ કરી નથી."

"કોણ જાણે, તે દિવસથી એમનું મોં ઉદાસ થઈ ગયું છે. તમારું નામ પણ એમને મોંએ મેં તે દિવસનું સાંભળ્યું નથી."

અર્ચના ડોકું હલાવીને બોલી, "એ જ તો પુરુષનું ગુસ્સાનું લક્ષણ છે ને! ગુસ્સો તો થયો છે મારા ઉપર અને શું તને પકડીને મારશે ?" બોલતાં બોલતાં તે હસી પડી અને બોલવાનું આગળ ચલાવ્યું, "ખેર, વહુદી! તું મને સાચું કહે કે મેં શું ખરાબ કામ કર્યું છે ? આજે બધા બોલે છે કે મેં બહુ જ ખરાબ કામ કર્યું છે, પરંતુ મને તો લાગે છે કે હું કાંઈ ખરાબ કરું નહિ. રંજુદા એને લીધે જ ગુસ્સાથી મારું નામ સુદ્ધાં હોઠે લાવતા નથી અને આ રસ્તેથી ચાલતા પણ નથી."

ઊંડા દુઃખથી તે ચૂપ રહી ગઈ.

રમાએ કહ્યું, "હું તો કશું જાણતી નથી, અર્ચનાદીદી! તે દિવસે શું બન્યું છે એ વિષે તેઓ પણ મારી સાથે કશી વાત કરતા નથી."

અર્ચનાએ આગળ ચલાવ્યું, "મેં એમને બચાવ્યા, મેં કહ્યું કે તેઓ મને મારતા નથી."

નિર્બોધ રમા બોલી ઊઠી, "એ તો સારી વાત થઈ, તેઓ જેલમાં જાત અને તમે જ એને જેલમાં મોકલવાનું કારણ બનત.

એવું કદી પણ બની શકે ? એ તો તમે ઘણું સારું કામ કર્યું કહેવાય, અર્ચનાદીદી ! ”

અર્ચનાએ આગળ ચલાવ્યું, “ પછી જેને લીધે ઝઘડા, મારામારી ને કાપાકાપી થતી તેનું મૂળ જ કાપી નાંખ્યું. મારી જે કાંઈ જર–જમીન હતી તે બધી એમને લખી આપી. ”

રમા થોડી વાર ચૂપ રહીને પછી બોલી, “ આમાં હું કાંઈ મત આપી શકું નહિ અર્ચનાદીદી, પણ મને લાગે છે કે એ તમારું કામ સારું ગણાય નહિ. જો હવે એ તમને બહાર કાઢી મૂકે તો તમે ક્યાં ઊભાં રહો ? ”

“ ઊભવાની જગા તો હવે ક્યાંક કરી લેવી પડશે. માની લે ને કે કદાચ તારે ઘરે જ આવું, તો શું તું આશ્રય નહિ આપે, વહુદી ? ”

રમા હસી પડી—એકદમ મ્લાન હાસ્ય, ને પછી બોલી ઊઠી, “ આશ્રય ? પરંતુ મૂળ તો અમારે જ આશ્રય નથી તેનું શું, અર્ચનાદીદી ? માના શ્રાદ્ધ વખતે જમીન–ઘર વગેરે બધુંય ગીરો મૂકી દીધું છે. લેણદારો હવે પૈસા માગે છે. જો પૈસા નહિ મળે તો ઘર વગેરે બધું વેચી દેશે એમ કહે છે. ”

“ હં...” અર્ચના માત્ર એટલું જ બોલી.

ઘણી વાર સુધી બંને શાંત રહ્યાં. પછી રમાએ કહ્યું, “ વરસાદ ઓછો થવા લાગ્યો છે, હવે હું જાઉં, અર્ચનાદીદી. હજી પાણી ભરવા જવું છે. ”

“ તું અહીં આવી છે એ વાત રંજુદા જાણે છે ? ” અર્ચનાએ પૂછ્યું.

“ મેં એમને પૂછ્યું હતું, એમણે અહીં આવવાની હા પાડી હતી. ” રમાએ જવાબ દીધો.

વરસાદ ઓછો થયો હતો એટલું જ, સાવ બંધ નહોતો થયો એટલે અર્ચનાએ કહ્યું, “ ઘેર જતાં જતાં રસ્તામાં ભિંજાઈ

જઈશ વહુદી, હજી થોડી વાર બેસ, હમણાં જ આકાશ ચોખ્ખું થઈ જશે, પછી જજે."

આકાશની પૂર્વદિશા તરફથી સપાટાબંધ દોડયા આવતા એક કાળા ઘોર વાદળાને બતાવીને રમાએ કહ્યું, "હવે નહિ, પેલું વાદળું આવી ચડશે ને વરસાદ વધશે. અત્યારે જ જવા દો, ઘેર વળી કામ પણ છે ને?"

તે બહાર નીકળી ગઈ.

રસ્તા પર પાણીની નીકો ચાલી જતી હતી. ખૂબ જ સાવધાનીથી રમા ચાલતી હતી. લપસી પડવાની બીક પગલે પગલે લાગતી હતી. એક વાંક વળતી વખતે તે એક માણસની સામે આવી પડી! એ ચૈતન્ય હતો. એક છત્રી માથે ઓઢી હતી. પગથી ઊંચે ઊંચે કપડાં ઝાલીને એક ટુવાલ વીંટીને ચૈતન્ય આવતો હતો. સંભવ છે કે અર્ચના પાસે જ એ જતો હોય.

સામે રમાને જોઈને તે ઊભો રહ્યો.

"ઓહો! વહુદી કે? કેમ, મઝામાં ને? રંજુદા આનંદમાં છે ને?"

રમા લાજ કાઢીને બાજુમાં ઊભી રહી.

ચૈતન્યે વિનયપૂર્વક કહ્યું, "વળી આવ્યો છું વહુદી, ચીજ–વસ્તુ જોઈતી–કરતી લેવી પડશે ને? તમારી નણંદે બધું લખી આપ્યું છે તે તો જાણો છો ને? હું એમને કહેતો કે અહીંનું બધું વેચી–સાટીને મારે ત્યાં ચાલો, પણ હવે તો 'ના' પાડવાનું બની શકશે નહિ–આવવું જ પડશે."

રમા આગળ ચાલવા લાગી.

ચૈતન્યે બૂમ પાડીને કહ્યું, "રંજુદાને કહેજો કે હું આવ્યો છું, તો એક વાર મળી જાય."

તરત જ રમા બીજા એક ખાંચામાં અદૃશ્ય થઈ ગઈ.

૨૫

પિતાનું મૃત્યુ

દિવસ પર દિવસ જાય છે. અનૂલા છઠ્ઠા વરસમાં ભણે છે. પુષ્પલ મેડિકલ કૉલેજમાં દાખલ થઈ છે. વિધવા માએ એના લગ્નની આશા છોડી દીધી છે.

હજુ પણ તે અનૂલા પાસે આવે છે. પહેલાંની જેમ હમેશ આવી શકતી નથી, છતાંય આવ્યા વિના પણ રહી શકતી નથી.

અનુપમ વિલાયતથી પાછો ફર્યો છે. સાથે તેની અંગ્રેજ પત્ની પણ છે. બાલીગંજમાં તેઓ રહે છે. તુરતમાં જ તે નોકરીએ ચડી જવાનો છે. દિવસે દિવસે ચંદ્રમોહનની તબિયત લથડતી જાય છે, એટલે અનુપમ લગભગ આવ-જા કરે છે. તેની સ્ત્રી કયારેક જ આવે છે.

અનૂલા કૉલેજનો અભ્યાસ પૂરો કરીને પિતાની પાસે જ રહે છે. માયાને પણ એક ક્ષણની નવરાશ હોતી નથી. નર્સ હોય તોપણ માયા અને અનૂલા ચંદ્રમોહનની પાસે જ રહે છે. ચંદ્રમોહન તેમને નજરથી દૂર કરી શકતા નથી.

નિરુપમ પિતાના ઓરડામાં આવી શકતો નથી. તે એકદમ નરમ પ્રકૃતિનો છે અને જરા જરામાં ગભરાઈ જાય છે. સામાન્ય કાંઈ થાય તો કલ્પનામાં તે બહુ વધારે માની લે છે અને ખૂબ

ચિંતામાં પડી જાય છે. હા, એ બહારના કામ માટે દોડાદોડી જરૂર કરે છે.

પાંચ દિવસ પછી ચંદ્રમોહન ફરી ભાનમાં આવ્યા છે. આ એમનું છેલ્લું ભાન હતું એમ સૌ જાણતું હતું. ચંદ્રમોહન પોતે પણ એ સમજ્યો હતો. આંખો ખોલીને એમણે ક્ષીણકંઠે બૂમ મારીઃ "અનૂ...અનૂલા!"

અનૂલા પિતાની પાસે જ હતી. પિતાની બૂમ સાંભળતાં જ એ આગળ આવી ને તેમના મોં સામું જોઈને આર્દ્રકંઠે બોલી, "શું કહો છો બાપુજી? અહીં હું તમારી પાસે જ બેઠી છું."

કંપતા હાથ અનૂલાના હાથ પર ધીરે ધીરે રાખીને ચંદ્રમોહને કહ્યું, "હવે હું જીવીશ નહિ, મા! એ બધાં જ આવ્યાં છે ને, અનુ, નિરુ, વહુમા...?"

આંખ ફાટી રહે છે ને આંસુ બહાર નીકળવા પ્રયત્ન કરે છે. ખૂબ સાવધાનીથી આંસુ રોકી રાખીને અનૂલા માંડ માંડ બોલી, "બધાં આવ્યાં છે, બાપુજી! મોટાભાઈ, નાનાભાઈ, મોટી ભાભી—સૌ તમારી પાસે જ છે."

ધ્રૂજતા સ્વરે ચંદ્રમોહને કહ્યું, "એમને મારી પાસે આવવાનું કહે અનૂલા, હું સૌને એક વાર જોઈ લઉં."

બને પુત્રોમાંથી એક પુત્ર હાજર હતો. નિરુપમ બાજુના ઓરડામાં વ્યાકુળ થઈને આંટા મારતો હતો. પિતા બોલાવે છે એમ સાંભળીને તે બારણામાં આવીને ઊભો રહ્યો.

ચંદ્રમોહને ક્ષીણકંઠે કહ્યું, "જુઓ, હું જીવીશ નહિ એ હું જાણું છું, તમે પણ જાણો છો. હું જાઉં છું એ માટે મને દુઃખ નથી, ઊલટાનો આનંદ છે. તમારા કોઈને માટે મને ચિંતા નથી, પણ એક માત્ર અનૂલા માટે મને ચિંતા છે, માત્ર અનૂલા..."

તેઓ આંખ બંધ કરીને હાંફવા લાગ્યા.

નિરુપમ કાંઈક બોલવા ગયો પણ કંઈ બોલી શક્યો નહિ અને એકદમ રડી પડયો. અનુપમે કહ્યું, "જ્યાં સુધી અમે છીએ ત્યાં સુધી અનૂલા માટે આપને ચિંતા કરવાની નથી, પિતાજી! ઉપરાંત, એ પણ ભણેલી–ગણેલી છે, કોઈના પંજામાં સપડાઈ જાય એવી નથી, એ તો આપ પણ જાણો છો."

ચંદ્રમોહનના મોં પર મૃદુ હાસ્યની એક રેખા ફૂટી ઊઠી. તેમણે કહ્યું, "એ હું જાણું છું, પરંતુ આ દેશની સ્ત્રીઓ ગમે તેટલું ભણશે તોય સ્વતંત્ર રહેવું એ એમના માટે લાભકારી નહિ બને એમ હું માનું છું. પ્રિયજનો અને સ્વજનોની વચ્ચે એક બનીને રહેવું એ જ સારું. અનૂલાને મેં સ્વાતંત્ર્યનું શિક્ષણ દીધું નથી. હું..."

એમના માથા પર હાથ ફેરવતાં ફેરવતાં રુદ્ધકંઠે માયાએ કહ્યું, "આપની વહુમા તો હજુ મરી નથી ગઈ, બાપુજી! આપ નિશ્ચિંત બનો, અનૂલા મારી પાસે જ રહેશે."

"મા! વહુમા!" ચંદ્રમોહનની આંખમાંથી અશ્રુધારા વહી રહી.

અનૂલાના હાથ એમની છાતી પર હતા. એ હાથને દાબીને એમણે કહ્યું, "ત્યાં જ રહેજે મા, વહુમા પાસે જ રહેજે. ત્યારપછી...ત્યારપછી જો ક્યારેક તું ન રહી શકે તો પુષ્પલ પાસે ચાલી જજે. તેણે મને કહ્યું છે–તેણે મને ઘણા વખત પહેલાં કહી રાખ્યું છે."

બોલતાં બોલતાં એમણે જોયું, "પુષ્પલ આવી છે?"

અનૂલાએ આંખ લૂછીને જવાબ દીધો, "એને બોલાવવા મોકલી છે બાપુજી; હમણાં આવશે."

એક ક્ષણ ચૂપ રહીને ચંદ્રમોહને કહ્યું, "વહુમા, અનુ, નિરુ, તમે સૌ થોડી વાર બહાર જાઓ. અનૂલા સાથે મારે થોડી વાત કરવી છે."

બધાં બહાર ગયાં, રહી માત્ર અનૂલા. પિતા શું કહેશે તેની કલ્પનામાત્રથી અનૂલા ફિક્કી પડી ગઈ.

એના હાથ પર પંપાળતાં પંપાળતાં ચંદ્રમોહને કહ્યું, "રુદ્રપુર પત્ર લખ્યો મા? મેં લખવાનું કહ્યું હતું તે પ્રમાણે?"

અનૂલાએ મોં ફેરવી કંપિત સ્વરે જવાબ દીધો, "ના બાપુજી, નથી લખ્યો."

"કેમ?"

અનૂલાએ પિતાના મોં પર સ્થિર દૃષ્ટિ રાખીને કહ્યું, "લખ્યો નથી એનું કારણ એટલું જ છે કે તેઓને તમારામાં જરાય વિશ્વાસ નથી, બાપુજી. તમે મારા પિતા, અને તમારે માટે જો એને જરીયે વિશ્વાસ કે માન હોય નહિ તો હું મારા પિતાને એટલા નીચા કરી ન શકું, બાપુજી! એટલે જ મેં પત્ર નથી લખ્યો, માફ કરો."

"ગાંડી છોકરી!"

પિતાના મૃત્યુમલિન મોં પર હાસ્યની રેખાઓ ફૂટી ઊઠી, "માત્ર મારા તરફ જ આખી જિંદગી જોયું! મારી હઠ સાચવવા પોતાનું સુખ, સાધના, આકાંક્ષા બધું વિસર્જન કર્યું! પોતાની જાતને આવી રીતે વિલીન કરી દીધી, મા! પોતાને માટે સહેજે રાખ્યું નહિ!"

અનૂલા શાંત પિતાની છાતી પર હાથ ફેરવવા લાગી. ચંદ્રમોહને આર્દ્ર કંઠે કહ્યું, "મારા સ્વાર્થ તરફ જોઈને તારાં વર્તમાન અને ભવિષ્ય અંધકારમય કરી દીધાં! તારો ભૂતકાળ જ માત્ર જીવંત રહ્યો, મા! હવે પછી જ્યારે તારા પોતાના તરફ નજર પડશે ત્યારે તું મને ચોક્કસ ધિક્કારવાની, અનૂલા! આજે કશું

દિલમાં નથી લાવતી પણ તે દિવસે તું જ મને તારાં સઘળાં સુખને હરનાર કહીને શાપ આપવાની !"

અનૂલા બોલવા ગઈ, "ના બાપુજી, હું તો…"

ચંદ્રમોહને એને રોકી, "એ તો હું જાણું છું, તારા મનમાં તારા અજ્ઞાનભાવે એ વાત જાગશે તોપણ તું એનો અમલ કરીશ નહિ તે હું જાણું છું. તું જ એને ગળું દાબીને મારી નાખીશ. પરંતુ એ જ સત્ય છે, એ પરમ સત્ય છે, મા !" તે હાંફવા લાગ્યા.

અનૂલાએ આર્દ્રકંઠે કહ્યું, "આપ શાંત રહો બાપુજી, હવે એ બધી વાતો ઉખેળશો નહિ–મનમાં પણ લાવશો નહિ."

થાકેલા સ્વરે ચંદ્રમોહને કહ્યું, "આ હું તો ચૂપ રહ્યો મા, પણ એ બધી વાતો હું ભૂલી શકીશ નહિ, અને તને હવે કોઈના પંજામાં સપડાવા પણ નહિ દઉં. મારું કૉલેજ સ્ટ્રીટનું મકાન અને થોડા રૂપિયા તારા નામે વીલમાં લખતો જાઉં છું. એને આધારે તારું જીવન સ્વતંત્રતાથી વીતી જશે."

ધીરે ધીરે પડદો સેરવીને પુષ્પલે પ્રવેશ કર્યો અને આતુરતાથી પૂછ્યું, "હવે કેમ છે, અનૂલા ?"

અનૂલાએ જવાબ આપ્યો નહિ, પરંતુ એના મોં પરના ભાવે જ વાત સમજાવી દીધી. પુષ્પલે નાડી જોઈ અને એનું મોં મ્લાન બની ગયું.

ચંદ્રમોહને જરા હસીને કહ્યું, "હવે નાડી જોવાની કશી જરૂર નથી, મા ! હવે હું એ હદની બહાર છું, ઘરડોખખ છું, મા ! મારી સ્થિતિ હું સારી રીતે સમજી શકું છું." તેમણે અનૂલાનો હાથ છાતી પર રાખીને આંખ લૂછી.

તે દિવસે સાંજે જ ચંદ્રમોહને આ લોકનો ત્યાગ કર્યો. અનૂલા પિતાના મોં સામે ટગર ટગર જોતી બેઠી છે અને આંખમાંથી અશ્રુધારા વહી રહી છે. પુષ્પલ પણ રડે છે. મૃત્યુનો ઘેરો અંધારપછેડો ચારેકોર પથરાઈ રહ્યો છે.

૨૬

ધધખતી આગ

રમા ઢગલો એક મેલાં કપડાં એક તબડકામાં નાખીને બાફવા બેઠી હતી. બપોરે ઘાટે જઈને એ બધાં ધોઈ આવવાં એવો એનો ઈરાદો હતો. રંજન તે દિવસે બહાર ગયો ન હતો, ઘેર જ રહીને એક મેલા શણિયા ઉપર સૂઈને ઘણા વખતના જૂના એક મહાભારતનાં પાનાં એ ઉથલાવતો હતો.

પોદ્દાર રૂપિયા માટે તગાદો કરતો હતો. આજે સવારે જ હજુ તે આવીને કહી ગયો છે કે એને તુરતમાં જ રૂપિયા જોશે. રંજને માના શ્રાદ્ધ વખતે લખી આપ્યું હતું કે, એ એક વરસને અંતે રૂપિયા ભરી દેશે. એક વરસ તો પૂરું થઈ ગયું, પોદ્દારના રૂપિયા હવે તે રાખી શકે એમ નહોતું.

અનૂલાને એણે કહ્યું હતું કે બધું વેચી દીધું છે, પરંતુ ખરી રીતે એવું નહોતું. પોદ્દારને બધું જ ગીરો આપેલું હતું. અનૂલાનું દાન તે લેવા ઇચ્છતો નહોતો એટલે જુઠું બોલ્યો હતો. દાન લેવાના વિચારથી જ તેનું મન કંપી ઊઠતું હતું.

સવારે પેલી શેરીનો પરેશ આવ્યો હતો. તેની પાસેથી ખબર મળ્યા કે ચંદ્રમોહન ગુજરી ગયો છે અને અનૂલાને એક મકાન અને અમુક રકમ રોકડી મળી છે.

રમાએ વ્યગ્ર થઈને કહ્યું હતું, "તમે એક વાર કલકત્તા જઈ આવો, આવે વખતે જવું જોઈએ."

રંજને તિરસ્કારથી કહેલું, " શા માટે જવું જોઈએ? એને મિલકત મળી છે માટે?"

વ્યથિત થઈને રમાએ કહ્યું, "એ માટે નહિ, પરંતુ મા ગુજરી ગયાંના સમાચાર સાંભળીને તુરત જ દીદી આવ્યાં હતાં એટલે તમારે પણ એ માટે જ જવું જોઈએ."

એ માટે જવું જોઈએ એમ રંજન સમજતો હતો, પરંતુ જવાના રસ્તામાં અનૂલાની મિલકત આડી આવીને ઊભી રહી. માણસો કહેશે કે અનૂલાને આ બધું મળ્યું છે એ સાંભળીને જ રંજન આવ્યો છે. એ વાત રંજન સહી શકે નહિ. કદાચ અનૂલા પણ એ વાત મનમાં લાવે તો...રંજન એવો અવકાશ એને આપવા ઇચ્છતો નહોતો.

રમાને પણ એ બધી વાત જાણવાનો અવકાશ એણે દીધો નહિ. એણે તો માત્ર એટલું જ કહ્યું, "હું કરું છું તે સારું છે કે નરસું તે હું જાણું છું, રમા! એમાં કોઈએ માથું મારવાની જરૂર નથી. જ્યારે જે કરવાનું હશે ત્યારે તે હું કરીશ, કોઈની સલાહ લઈને કશું હું કરવાનો નથી."

રંજન મહાભારતનાં પાનાં ઉથલાવતો જતો હતો ત્યાં વાવાઝોડાની જેમ રમા દાખલ થઈ, "અરે ઓ! તમારા પગ પકડું, એમને બચાવો, બીચારાં મરી ગયાં..."

રંજને ખૂબ જ વિસ્મિત થઈને પૂછ્યું, "કોને બચાવવાનાં છે? કોણ મરી ગયું?"

રમાએ આર્તસ્વરે કહ્યું, "સાદીકને ઘેર આગ લાગી છે, સાદીક ઘેર નથી. સાદીકની બીબીને કાલે રાત્રે જ સુવાવડ આવી છે,

છોકરી જન્મી છે, હજુ તો એનામાં ઊઠવાની શક્તિ પણ નથી. એ એના ઓરડામાં જ પડી રહી છે."

એક ક્ષણ અટકી એક શ્વાસ લઈને તે ફરી કહેવા લાગી, "ત્રણ–ચાર નાનાં બાળકોને લઈને સાદીકની નાની બૂમો મારીને લોકોને બોલાવે છે. કોઈ ન જાય તો વહુ બીચારી મરી જાય એવી સ્થિતિ છે."

રંજન એકદમ ઊભો થયો ને વ્યાકુળતાથી પૂછ્યું, "કોઈ આવ્યું નથી?"

"ના, કોઈ આવતું નથી. આજે બજાર છે ને, એટલે લગભગ બધા પુરુષો બજારે ગયા છે. ભટ્ટાચાર્ય મશાય છે. તેઓ એક વાર જોઈ આવ્યા ને પછી પોતાના ઘરમાં છુપાઈ ગયા છે. મુસલમાનના સુવાવડા ઘરને તો તેઓ અડશે પણ નહિ. સાદીકની માએ એમના પગે પડી ઘણાય કાલાવાલા કર્યા પણ તેઓ તો એટલું જ બોલ્યા કે, 'હું શું કરું? ધર્મને કાંઈ તજાય!'"

દાંત કચકચાવીને રંજને "ઊંહ" એટલું કર્યું ને તુરત જ તે બહાર દોડી ગયો.

એના ઘરની પાસે જ સાદીકનું ઘર હતું–ત્રણ ઓરડા, ઓસરી અને અનાજનો કોઠાર. કેમ કરીને લા લાગી તે તો રામ જાણે!

ધૂ ધૂ કરતો અગ્નિ ઘૂઘવતો હતો. લાલચોળ શિખાઓ આકાશમાં ઊઠી રહી હતી. ધુમાડાથી આકાશ છવાઈ ગયું હતું. તરતના જન્મેલ બાળક સાથે સાદીકની સ્ત્રી એકલી જ ઘરમાં પડી હતી. જો શક્તિ હોત તો એ નાસી જઈ શકત, પરંતુ તે આજ બાર દિવસના સતત તાવથી પથારીવશ હતી, ઊઠવાની તાકાત જ નહોતી. એમાં વળી કાલ રાત્રે પુત્રીનો જન્મ થવાથી તે અર્ધ બેભાન સ્થિતિમાં પડી હતી. અગ્નિનો ઉતાપ શરીરે લાગ્યો પણ ઊઠવાની શક્તિ હતી જ ક્યાં?

કુમળું બાળક રડતું હતું. અર્ધ બેભાન મા એના શરીર ઉપર એક હાથ રાખીને બોલી ઊઠી, “યા અલ્લા !”

રંજન જ્યારે સાદીકને ઘેર પહોંચ્યો ત્યારે વિશેષ કરીને સ્ત્રીઓ જ ત્યાં ટોળે વળી હતી.

ગામડાગામમાં અઠવાડિયામાં બે વાર બજાર ભરાય. દૂર દૂરને ગામડેથી ખરીદનાર ને વેચનાર ચીજો ખરીદવા–વેચવા આવે અને સાંજ વખતે પાછા ચાલ્યા જાય. બજારને દિવસે જુવાનિયા તો લગભગ ગામમાં હોય જ નહિ—બીમાર, વૃદ્ધ અને બાળકો ઘેર હોય.

સાદીક એક ટોપલો કોળાં અને થોડું શાક લઈને ગયો છે. એ બધું વેચીને એ પૈસાથી જ કાંઈક ખરીદીને એ લાવી શકશે.

ઘરડાં અને બાળકો તેમની શક્તિ અનુસાર આગ ઓલવવાનો પ્રયત્ન કરતાં હતાં. સ્ત્રીઓ પાસેના તળાવમાંથી પાણી લાવી લાવીને છાંટતી હતી, પરંતુ આગનો કોપ ઓછો થતો નહોતો.

જે ઓરડામાં સાદીકની સ્ત્રી હતી એ જ ઓરડો આગે પકડ્યો હતો. સાદીકની વૃદ્ધ નાની જેની સામે જોતી તેને હાથ જોડીને સુવાવડીને બહાર કાઢી લાવવા માટે વિનતિ કરતી હતી, પરંતુ એવું કોઈ હતું નહિ કે જે હિંમત કરીને એ અગ્નિકુંડમાં પડવાનું સાહસ વહોરે. ત્રણ–ચાર નમાયાં બાળકોનું ક્રંદન અને વૃદ્ધાના વિલાપથી શૂન્ય સ્થળ છવાઈ ગયું હતું.

બીજી કશી વાત પૂછ્યા વિના રંજને માત્ર એટલું જ પૂછ્યું, “કયા ઓરડામાં છે ?”

વૃદ્ધ ડોસીએ રડતાં રડતાં ઓરડો બતાવી દીધો. એ ઓરડાના ઉપરનું છાપરું એ વખતે ધૂ ધૂ કરતું બળી રહ્યું હતું, માત્ર એક જ વાર ચારે તરફ જોઈને રંજને અગ્નિકુંડમાં ઝંપલાવ્યું.

ડોસી આંસુપૂર્ણ આંખે પ્રાર્થના કરવા લાગી, “અલ્લા ! અલ્લા ! બાબુજીને ઉગારજે !”

બધાં જ એકશ્વાસે શું થાય છે તેની રાહ જોવા લાગ્યાં. સળગેલું છાપરું હમણાં જ તૂટી પડશે એ વિષે કોઈને સંદેહ હતો નહિ.

આગની વચ્ચે રંજન દેખાયો. સાદીકની સ્ત્રીને એ હાથે સહેલાઈથી ઊંચકીને તે દોડીને બહાર નીકળી ગયો. આસપાસ ઊભેલાં ચિંતાતુર લોકોનાં મોંએથી કૃપાળુ પ્રભુના નામનો અવાજ જોરથી નીકળી ગયો અને એ જ અવાજથી સાદીકની સ્ત્રીનું ગયેલું ભાન પાછું આવ્યું. બધી સ્થિતિ સમજતાં તેને વાર ન લાગી.

તે હાહાકાર કરતી બૂમ પાડી ઊઠી, " મારી છોકરી ! મારી છોકરી ક્યાં ગઈ રે ! "

તદ્દન નવું જન્મેલું બાળક ! બાળક ઉપર માની કેવી અપરિસીમ મમતા !

રંજને માત્ર એક વાર એના તરફ જોયું. ત્યારપછી કપાળ લૂછીને કાંઈ પણ વિચાર કર્યા વિના ફરી એ સળગતી આગમાં દોડી ગયો.

અગ્નિની જ્વાલાઓ વચ્ચે રંજન અને તેની છાતી ઉપર નાનું એવું બાળક દૂરથી દેખાયું. એનાં કપડાંને આગ લાગી ગઈ છે. રંજનના શરીર ઉપર અગ્નિની શિખાઓ નૃત્ય કરે છે.

તીરવેગે બહાર આવતાંની સાથે જ સળગતું ઘર ભયંકર કડાકા સાથે પડ્યું.

રંજન પણ બેભાન સ્થિતિમાં નીચે પડયો.

" અલ્લા ! અલ્લા ! અલ્લા ! બચાવો અલ્લા ! બચાવો ! "

રંજનને ઉપાડીને દૂર લઈ જઈ સુવડાવી દેવામાં આવ્યો. બાળકને જોવાનો એ વખતે કોઈને અવકાશ નહોતો.

૨૭

જાતિ અને ધર્મ

રમા રંજનના બિછાના પાસે જ બેસી રહેતી. એક મટકું પણ માર્યા વિના તે રંજન તરફ જોઈ રહેતી.

નહિ ઊંઘ, નહિ આરામ કે નહિ ખોરાક. રંજનના સારા થવાની એક જ આશાથી તે એના ઓશીકે બેસીને દિવસો પસાર કરતી હતી. કેટલાય દિવસ આવી સ્થિતિમાં કઠિનતાથી પસાર કર્યા હશે તે તો એ જ જાણે!

સાદીકની કૃતજ્ઞતાને સીમા ન હતી. ગામડાનો સરળ આદમી, થોડી વાર તો રડી–કૂટીને એણે વાતાવરણ ગજવી મૂક્યું, પણ પછી મૂંગે મોંએ કામ કરવા લાગ્યો. એક ક્ષણ પણ ઓસરીમાંથી એ ખસતો નહિ.

ભટ્ટાચાર્ય મશાય મોં મચકોડીને બોલતા ફરતા, "પોતાનો જીવ જોખમમાં નાખીને એક વિધર્મી મુસલમાનને બચાવવા જવાની શી જરૂર હતી એ જ હું તો સમજી શકતો નથી. હવે આને બે મહિના પથારીમાં પડયા રહેવું પડશે ત્યારે એની સારવાર કોણ કરશે? એનું ઘર કોણ નિભાવશે? હા, વળી જો પોતાની જ જાત હોય, હિંદુનાં જ છોકરાં હોય તો વાત જુદી, એને બચાવવાથી પુણ્ય પણ થાય, આ તો નહિ નાતના કે નહિ ધર્મના—છીઃ છીઃ આવું કામ માણસ તે કરે?"

આવું બધું સાંભળીને સાદીકનું લોહી ઊકળી જતું. વેર લેવાની રીત પણ તે સારી રીતે જાણતો હતો, પણ હમણાં તો એ સાવ નિરુપાય હતો. રંજન સાજો ન થાય ત્યાં સુધી કશું જ કરવું નહિ, કોઈ સાથે કશી બાબતમાં ઝઘડો કરવો નહિ એવી એણે પ્રતિજ્ઞા લીધી હતી. આજે તો જો ભટ્ટાચાર્ય મશાય એને દસ જોડા મારે તોપણ મૂંગે મોંએ સાંખી લે એવો એનો નિશ્ચય હતો.

હિંદુની પવિત્રતા જાળવવા ખાતર તે ઓરડામાં જતો નહિ—જઈ શકતો પણ નહિ. બારણા બહાર ઓસરીમાં બેસીને રંજનના મોં તરફ એ જોઈ રહેતો અને ખુદાને પ્રાર્થના કર્યા કરતો, "યા અલ્લા ! બાબુજીને ઝટ સાજા કરી દો, હું સવા પાંચ આનાનો રોજો દરગાહે ધરીશ !"

હમેશ સવારે એક ગાઉનો રસ્તો કાપીને વૈદ્ય પાસેથી તે દવા લઈ આવતો. પોતાના ઘરનો ભાર એણે સાલેક ઉપર નાખી દીધો હતો. એની સ્ત્રી સાજી થઈ ગઈ હતી. નાનું બાળક પણ સાજું-સારું હતું એટલે કુટુંબની ચિંતા એને નહોતી.

જેટલા દિવસ રંજન બેભાન પડી રહ્યો તેટલા દિવસ સાદીક જાણે ગાંડો બની ગયો હોય તેમ વારંવાર બારણામાં ડોકાઈને બૂમો પાડતો, "વહુમા !"

રમા પહેલાં કદી સાદીક સાથે વાત કરતી નહિ—સહેજ લાજ પણ ઊંચી કરતી નહિ, પરંતુ હવે લાજ મૂકી દેવી પડી હતી અને સૌ સાથે વાત પણ કરવી પડતી હતી.

સાદીકની બૂમથી રમા ઊંચું જુએ. આર્તસ્વરે સાદીક પૂછે, "જો તો મા, શ્વાસ ચાલુ છે કે નહિ ?"

રમા જોવા છતાં સાદીકના પ્રશ્નથી એકદમ ચમકી જાય. નજરોનજર જોવા છતાં વિશ્વાસ ન કરી શકે એટલે છાતી પર

હાથ મૂકીને ધબકારા તપાસે, નાક પાસે હાથ ધરે અને કહે, " હા, હા, શ્વાસ ચાલુ છે, સાદીકચાચાં. "

આ સાંભળે ત્યારે જ સાદીક નિશ્ચિંત બને. વૈદને બોલાવીને એ રંજનની તપાસ કરાવડાવે. ' કેમ લાગે છે ? ' એમ પૂછે. વૈદ હસતાં હસતાં કહે, " તુંય સાદીક ગાંડો થઈ ગયો લાગે છે ! હું કહું છું કે ઘણું જ સારું થઈ ગયું છે, ડર રાખવા જેવું નથી, છતાં તને વિશ્વાસ નથી આવતો ? "

" તો પછી એ આમ પડયા કેમ રહે છે ? " સાદીક ચિંતાથી પૂછે, રમા પણ ઉત્સુકતાથી વૈદ તરફ જોઈ રહે એટલે વૈદ્ય જવાબ દે:

" જરા વધુપડતું વાગ્યું છે એટલે. "

રમાની આંખમાં પાણી આવે. તેણે જો તે દિવસે એવી રીતે રંજનને મોકલ્યો ન હોત તો આજે આમ પથારીવશ બનવું ન પડત એવા વિચારો પણ રમાને આવી જતા.

રમા કહે, " સાદીકચાચા, તમે અંદર આવો. "

સાદીક ફિક્કું હસીને કહે, " ના વહુમા. " પાછો વળી થોડી વારે કહે, " અંદર આવું તો માણસો કેવી કેવી વાતો કરે ? તમારે ઘેર પછી બીજું કોઈ આવે પણ નહિ. અને અંદર કામ પણ શું છે ? અહીં જ હું તો બેઠો છું ને ! "

સાદીકે શેરીમાં વસતા હિંદુઓને ઘેર જઈને ખુશામત કરી. " રમાએ ઉપવાસ કર્યો છે. આજ કેટલાય દિવસથી એણે ભાત ખાધો નથી. જો કોઈ રમાને ભાત રાંધી દે તો ! "

પોતે તો જાતનો મુસલમાન, એટલે હિંદુની કોઈ પણ ચીજને અડવાનો તેને અધિકાર નહિ !

પડોશીઓએ દયા કરીને રાજીખુશીથી બે ચાર દિવસ તો રમાને ખવડાવ્યું.

સ્ત્રીઓ રોજ રમા પાસે આવતી ને એના દુઃખ પ્રત્યે સહાનુભૂતિ પ્રદર્શિત કરતીઃ "નહિ જાત! નહિ નાત! કોણ ક્યાંનું! ને એને માટે આટલી બધી તકલીફ શા માટે વહોરવી જોઈએ? અને તને પણ કહીએ છીએ બાપુ કે, ગામમાં શું બીજા માણસો નહોતા? અમારા જ ઘેરથી કોઈ બહાર કાં ન ઢૂકયું? જવાબેય દીધો નહોતો. તેં શું કામ દોડીને આ વિપદ માથે વહોરી?"

રમાના મોં તરફ જોઈને દુખિત થઈને તેઓ વાતો કરતીઃ "વહુ પણ બીચારી નબળી પડતી જાય છે. નહિ ખાવું-પીવું, નહિ ઊંઘવું. ઘરડી મા બીચારી મરી પરવારી. હવે જો વહુ પણ જાય તો રંજુ એકલો પડી જાય!"

રમાએ છૂપો નિસાસો નાખ્યો.

અર્ચના અહીં નહોતી. ચૈતન્યને બધું જ આપી દઈને એક દિવસ અચાનક તે ક્યાંક ચાલી ગઈ હતી અને કહેતી ગઈ હતી કે, ફરી કદી તે આ બાજુ આવશે નહિ.

આજે આ દુઃખને સમયે અર્ચના જ રમાને યાદ આવતી હતી. જો આજે અર્ચના હોત તો એકલી અર્ચના પર જ બધો ભાર નાખીને એ નિશ્ચિંત બની જાત. રમા અર્ચનાને ઓળખતી, અર્ચનામાં એને વિશ્વાસ હતો. બીજા કોઈ ઉપર તે વિશ્વાસ મૂકી શકતી નહોતી.

ઘરમાં જે કાંઈ હતું તે બધું ખૂટી ગયું છે. બાકી રહ્યાં છે થાળી, વાટકા, લોટા ને કોઠારમાં થોડું ધાન. તે દિવસે કૈલાસની ફૈબા આવી. કાલ રાત્રે જ તે કલકત્તાથી ઘેર પાછી ફરી હતી. ઘરમાં આવતાં આવતાં જ એણે બૂમ મારી, "અરે વહુમા! કાં, રંજનને કેમ છે? જરાય સારું થયું કે નહિ?"

રમાએ મોં ફેરવીને કપાળ પરથી છેડો જરા આગળ કર્યો.

ઘરમાં આવીને ફૈબાએ એક વાર રંજન તરફ જોયું, "અરે અભાગણી! સોના જેવો રંગ સાવ કાળો થઈ ગયો છે, જોતાં ઓળખાય પણ નહિ. સારું છે કે એની મા અત્યારે જીવતી નથી, જો અત્યારે એ જીવતી હોત તો માછલીની જેમ તરફડિયાં મારીને જીવ કાઢત." બોલતાં બોલતાં એમણે આંખ ચોળીને લાલઘૂમ કરી નાખી. રમા નીચું માથું રાખીને ઊભી જ રહી.

ફૈબાએ અવાજમાં કરુણતા લાવીને કહ્યું, "કાલે તારી શોક મળી હતી. એણે તો મને ન ઓળખી, પણ મેં જોતાંવેંત જ ઓળખી કાઢી. હું પાસે જઈને ઊભી રહી ત્યારે એ જોઈ રહી એટલે મેં મારી ઓળખાણ આપી દીધી. રંજુની વાત પણ કરી. સાંભળીને એનું મોઢું સાવ ધોળી પૂણી જેવું થઈ ગયું."

રમાએ ઉત્કંઠાથી મોં ઊંચું કરીને પૂછ્યું, "દીદી કાંઈ બોલ્યાં?"

"એક અક્ષરેય નહિ. મને તો હતું કે કાંઈક બોલશે, કાંઈક પૂછપરછ કરશે, પણ રંજુ જીવે કે મરે એમાં એને શું? મારા કૈલાસે તો કહ્યું કે, ન જીવે એમાં જ એનું ભલું છે, ફરીથી એની પસંદગીનું લગ્ન એ કરી શકે."

રમા કંપી ઊઠી. વિલાઈ ગયેલા મોંએ એ બોલી, "ના, ના, એમ બને? એવું હોઈ શકે? વિધવાથી ફરી લગ્ન કરી શકાય?"

"અરે મા, ફરી વાર શા માટે ન કરી શકે? શહેરમાં તો ઘણી વિધવા ફરી લગ્ન કરે છે. આપણા ગામડાગામમાંય હમણાં હમણાં કેટલાંય લગ્નો થયાં છે તે જાણતી નથી? પેલો આપણો ગેનુ—એણે ફરીથી વિધવા સાથે જ લગ્ન કર્યું છે ને! થોડા રૂપિયા પણ મળ્યા, નોકરી પણ મળી, છોકરો સાવ અનાથ બેઠો હતો તેને ઓથે મળી."

રમાએ ખાતરીથી શ્વાસ લીધો ને કહ્યું, "એમની નાતમાં

ચાલી શકે, હલકા કુળમાં વિધવા લગ્ન કરે એટલે શું આપણા જેવાંને ઘેર..."

ફૈબાએ એને રોકીને કહ્યું, "અરે વહુ, એ બધું અમારા–તમારા જેવાંને ઘેર જ થાય. કેટલાય બ્રાહ્મણ કાયસ્થને ઘેર વિધવા સ્ત્રીઓ હવે લગ્ન કરે છે એ તો જાણો છો ને, બેટા? તમારી શોક તો વળી ભણેલી–ગણેલી છે, તે ફરી લગ્ન ન કરે એવું કદી બની શકે?"

રમા ચૂપ થઈ ગઈ.

તો કદાચ અનૂલા ફરી વિવાહ કરે પણ ખરી! અનૂલાનો એને કેટલો પરિચય! એના સંબંધમાં એ જાણે પણ શું! માત્ર થોડા દિવસ તે અહીં આવી હતી એટલું જ. વાતચીતમાં એણે જે કહ્યું હતું તેની છાપ હજુ પણ રમાના મન પર રહી ગઈ છે. અનૂલા એને ગમી ગઈ હતી, છતાં અનૂલાના જેવા વિચારો પોતે ધરાવી શકતી નહોતી.

સ્વામીની આવી સ્થિતિ સાંભળવા પછી પણ જે સ્ત્રી દ્રવી નહિ તેના સમાચારથી રમા જરીયે આનંદ ન પામી શકી.

૨૮

અનૂલા આવે છે

એક ઘડો પાણી લઈ આવવા માટે રમાએ વાડાનું બારણું ખોલ્યું તો બરોબર એ જ વખતે એક મોટર આવીને રસ્તા ઉપર ઊભી રહી.

અતિ વિસ્મયથી રમા જોવા લાગી તો મોટરમાંથી અનૂલા ઊતરી. એની પાછળ એક પ્રૌઢ માણસ હાથમાં નાની 'સુટકેસ' લઈને ઊતર્યો.

રમાને સામે જોઈને જ અનૂલા ચમકીને ઊભી રહી ગઈ. એક પલકમાં નજર કરી તો તેના સેંથાનું સિંદૂર દેખાયું.

એક નિરાંતનો શ્વાસ લઈને એણે બૂમ મારી, "રમા!"

રમાની આંખોમાં આંસુ રોકાયાં નહિ. તેની આંખનાં ઝરતાં આંસુ અનૂલા જોઈ જશે એ પણ રમા ભૂલી ગઈ.

રુદ્ધકંઠે રમા બોલી ઊઠી, "તમે આવ્યાં? તમે આવ્યાં, દીદી? ત્યારે તો હવે તેઓ જીવશે, હવે સારા થઈ જશે."

અનૂલાની આંખો પણ સજળ થઈ ગઈ. મોં ફેરવીને એણે પોતાને સંભાળી લીધી, પછી પૂછ્યું, "કેમ છે?"

"વચ્ચે વચ્ચે સહેજસાજ ભાન આવે છે, વળી ભયંકર

વેદનાથી બેભાન થઈ જાય છે. તમે આવ્યાં એટલે હવે એમને આરામ થશે. એમને જુઓ, ગમે તેમ કરીને એમને બચાવો. આખો દિવસ અને રાત એમના મોં તરફ જોઈ જોઈને હું એકલી ડરું છું. છાતીમાં ગભરામણ થઈ આવે છે. મેં હતભાગીએ જ એમને સળગતી આગમાં જાણીજોઈને મોકલ્યા હતા." બોલતાં બોલતાં બાળકની જેમ તે રડી પડી.

અનૂલાએ હિંમત દીધી, "ગભરાય છે શું કામ? તારે હવે કશી ચિંતા કરવાની નથી. ગમે તેમ થાય પણ દવા વિના સાજા નહિ થાય તે સમજી રાખજે, કેમ કાકાબાબુ? જુઓ."

આટલી વારે રમાને ખ્યાલ ગયો કે અનૂલા સાથે એક પુરુષ માણસ છે. તે મોં ઢાંકવા જતી હતી પણ અનૂલાએ તેને રોકી. "કાકાબાબુની લાજ તારે કાઢવાની ન હોય, રમા! કાકાબાબુ એક મોટા દાક્તર છે. એમની આવી સ્થિતિ છે એ સાંભળીને હું કાકાબાબુને લઈને રાત્રે જ મોટરમાં રવાના થઈ છું. સવારમાં જ પહોંચી ગઈ હોત, પરંતુ એક જગાએ રસ્તો ખરાબ હતો એટલે મોડું થઈ ગયું."

ઓસરીમાં જતાં જતાં અનૂલાએ કહ્યું, "આવી રીતે માંદાને એકલા છોડીને તું પાણી ભરવા જતી હતી, રમા? ઘરમાં તો કોઈ દેખાતું નથી."

રમાએ આંખ લૂછીને કહ્યું, "શું કરું દીદી? ઘરમાં એક ટીપુંય પાણી નથી. થોડી વાર પહેલાં એમણે પાણી માગેલું, ઘડો ઊંધો કર્યો પણ એક ટીપુંય પાણી ન મળ્યું. આટલી વાર સુધીમાં શેરીનું કોઈ આવ્યું નહિ એટલે થયું કે જઈને કહું કે મને એક ઘડો પાણી લાવી દે. આ સાદીકભાઈ છે ને, એને રાખીને જ હું પાણી ભરવા જતી હતી."

સાદીક બારણા બહાર બેઠો હતો તે ઊભો થયો.

અનૂલાએ કહ્યું, "બહાર બેસી રહેવાથી શું વળે? ઓરડામાં માંદાને કાંઈ જોઈએ-કરે તો?"

રમાએ મૃદુ કંઠે કહ્યું, "સાદીક કેમ કરીને ઘરમાં આવે, દીદી? એ તો મુસલમાન છે. આપણા ઘરમાં એનાથી ન અવાય."

અનૂલા વિસ્મિત થઈને એક ક્ષણ તો રમા તરફ જોઈ રહી, પછી બીજો કશો પ્રશ્ન ન કરતાં એ ઓરડામાં ગઈ.

જમીન ઉપર જ પાતળી પથારી ઉપર કેળનાં પાન પાથર્યાં હતાં. રંજન એ પાંદડાં ઉપર સૂતો હતો. પાછળના ભાગમાં એને કેટલાક મોટા મોટા ફોલ્લા થયા હતા-રખેને ફોલ્લા ફૂટી જાય અને ઘારાં પડે એ બીકથી વૈદે કેળનાં પાંદડાં પથારી પર પાથરવાનું કહ્યું હતું.

અનૂલા રંજન તરફ કાંઈ પણ બોલ્યા વિના તાકી રહી. એ જ રંજન હશે કે કેમ તે ઓળખાતું પણ નહોતું. ઉજ્જવળ કાંતિ, સુદૃઢ અને સુંદર શરીર, કાળા ભમ્મર વાંકડિયાં જુલફાં અને કમાન જેવી સુંદર ભ્રમર-એ બધું કયાં!

આખું શરીર બળીને ફોલ્લા થઈ ગયા છે. કેટલીય જગાએ ચામડી કાળી પડી ગઈ છે. માથાના વાળ બધાય બળી ગયા છે. આખું મોં વિકૃત બની ગયું છે. આજે ધારીને જોવા છતાં રંજનને કોઈ ઓળખી શકે નહિ.

ઓસરીમાં ઘડો ઉતારીને રમા અંદર આવી, "દીદી!"

એની બૂમથી ચમકીને અનૂલાએ પાછું જોયું અને જરા ઉત્તેજિત થઈને કહ્યું, "આ શું કર્યું છે, રમા? આમ જમીન ઉપર, સાવ આવી પથારીમાં, આવી રીતે કોઈ બીમારને સુવડાવે? પથારી જાડી કરવી જોઈએ. ચોખ્ખાઈ રાખવી જોઈએ. આ બળેલા ભાગ પર જે મલમ ચોપડયો છે તેની કેવી દુર્ગંધ આવે છે, જો જોઉં?

આમાં તો બીમારની પાસે જેટલી ચોખ્ખાઇ રખાય તેટલો જલદી માણસ સાજો થાય."

રમા એકદમ ઝાંખી પડી ગઈ ને કહ્યું, "શું કરું દીદી? બીજી પથારી કયાંથી લાવું? આનાથી જ અમે ગમે તેમ કરીને ચલાવીએ છીએ. સાફસૂફી હું એકલી તો કરી શકું નહિ. એમને હેરવવા–ફેરવવાની મારામાં હિંમત નથી. એક તો જોર કરીને એમને આગમાં ધકેલી દીધા એટલે આ સ્થિતિ થઈ, એમાં વળી જો હેરવું–ફેરવું ને મારા હાથેથી જ એમનો પ્રાણ ઊડી જાય તો?"

બોલતાં બોલતાં એની આંખમાંથી ટપક ટપક આંસુ પડવા લાગ્યાં. બંને હાથથી આંખ લૂછતાં લૂછતાં એણે કહ્યું, "આ તો મને જન્મોજન્મનું કલંક લાગ્યું, દીદી! બધાંય કહે છે કે મારે લીધે જ એમની આ સ્થિતિ થઈ છે. જો મેં એમને જવા દીધા ન હોત તો તેઓ જાત નહિ એમ મારું મન પણ કહે છે. માત્ર માણસો પાસે જ નહિ, પણ મારી પોતાની પાસે પણ હું કેટલી હલકી બની છું તે કોઈ માનશે નહિ, એટલે જ કહું છું કે જ્યારે તમે આવ્યાં છો તો કૃપા કરીને એમની જવાબદારી લો અને મને જરા નિશ્ચિંત બનવા દો."

બંને હાથે મોં ઢાંકીને તે રડવા લાગી.

"રમા! રમા!" રંજને બૂમ મારી.

રમા એના બિછાના પાસે જઈને ઊભી. તેના સામું જોઈને એણે આર્દ્રકંઠે પૂછ્યું, "શું કહો છો? આ રહી હું."

રંજને ક્ષીણ સ્વરે કહ્યું, "હં...ત્યાં જ ઊભી રહે, તું મારી પાસે જ રહે, કયાંય જઈશ મા." તે ફરી ઊંઘમાં પડ્યો.

અનૂલા સ્તબ્ધતાથી એનાં તરફ જોઈ રહી. દાકતર ઓસરીમાં

ઊભા હતા. અનૂલાએ બહાર આવીને કહ્યું, " કાકાબાબુ, આપ એક વાર આવીને જુઓ, મારામાં જોવાની હિંમત નથી. "

દાકતર ઓરડામાં ગયા. અનૂલા ઓસરીમાં ઊભી રહી. સાદીકની સાથે વાતચીત કરીને શું બન્યું છે તે એણે જાણી લીધું.

પારકાં માટે આત્મવિસર્જન ! આવી વાતો એણે સાંભળેલી, પરંતુ હસવામાં ઉડાવી દીધી હતી. પારકાં માટે જેઓ કામ કરે તેમાં કોઈ ને કોઈ પોતાનો સ્વાર્થ હોય જ એમ અનૂલા સમજતી હતી, પરંતુ અહીં તો કંઈ જુદું જ હતું !

પરમાર્થ માટે પરમાર્થ ! દયા ખાતર દયા ! જાતિનું અભિમાન નહિ ! પૈસાનો મોહ નહિ ! સૌંદર્યનો નશો નહિ ! છે માત્ર માણુસ પ્રત્યે માણુસનો સ્નેહ, પ્રેમ...!

અનૂલા સ્તબ્ધતાથી દૂર દૂર જોઈ રહી હતી. ઉપકાર કરવો એ ઘણું જ સારું છે, પરંતુ આત્મોત્સર્ગ ?

સંપૂર્ણપણે ભોગાસક્ત અંતર આવી જાતનો ત્યાગ સહજ રીતે સાચો માની ન શકે ને કહે કે, આ તો વધુપડતું અને દયાનો ખોટી રીતનો ઉપયોગ ગણાય. આટલું બધું ન કરે તો ચાલે. બધાનું જ જો ચાલે છે તો એક જણનું શા માટે ન ચાલે ?

રસોડાના છાપરા ઉપર પાસેના એક આંબાની ડાળ ઝૂકી પડી હતી. પાંદડાં પાછળ છુપાઈને બે પંખી બેઠાં હતાં. એકે આંખ બંધ કરી હતી, બીજું તેની બંને પાંખોનાં પીછાં પંપાળતું હતું.

દાકતર બહાર આવ્યા. એમનાં પગલાંનો અવાજ સાંભળીને અનૂલાએ પાછું વળીને એમના તરફ જોયું. પૂછતાં પહેલાં જ દાકતરે કહ્યું, " કશો ભય નથી મા, એની સ્થિતિ ઘણી સારી છે. દવા દઉં તે પિવડાવજો અને મલમ દાઝેલી જગા પર લગાડજો. બે દિવસમાં જ રોગી સારો થઈ જશે. વધારે વખત એને હવે સૂઈ રહેવું નહિ પડે. "

સંતોષનો શ્વાસ લઈને અનૂલાએ કહ્યું, “હાશ, હવે વહુ બીચારીના જીવમાં જીવ આવશે.”

“ઠીક થયે એને ફેરવવો પડશે મા, અને બે દિવસ ઉપરા-ઉપરી આવવું પણ પડશે.”

“પણ પથારી બદલીને જરા સારું કરી શકાય તો ઠીક નહિ, કાકાબાબુ?”

“આજ ફેરવવાની જરૂર નથી. અને વળી અહીં બીજી પથારી પણ ક્યાંથી મળશે? આ બે દિવસમાં રોગી જરા વધુ સાજો થઈ જાય એટલે પરમદિવસ કલકત્તાથી પથારી લાવીને ફેરવીશું. ચાલો ત્યારે.”

જરા અટકી જઈને અનૂલાએ કહ્યું, “હું તો આજ રોકાઈ જ જઈશ, કાકાબાબુ. નહિ તો આ બાળક વહુ બહુ દુઃખી થશે. વળી એ કશું જાણતી પણ નથી. કાંઈક કરવા જતાં કાંઈક કરી બેસશે. હું તો બે દિવસ રહીને જરા સારા થશે એટલે આવીશ.”

ચિંતાતુર બનીને દાક્તરે કહ્યું, “એ તો ન બને મા, હું ત્યાં જઈને તમારા ભાઈને કહું શું? ઉપરાંત, જ્યારે તું અહીં આવી ત્યારે તો એવી વાત થઈ નહોતી કે તું અહીં રહેશે? ત્યારે તો એમ નક્કી થયેલું કે તું મારી સાથે જ પાછી ફરીશ. તારા ભાઈ પણ એમ જ સમજ્યા છે. અહીં આ ગામડામાં તને એકલીને રાખી જવાનું મને જરીયે ઉચિત લાગતું નથી એટલું તો તું સમજીશ ને?”

અનૂલાએ જરા હસીને કહ્યું, “થોડા સમય પહેલાં બાપુજી જીવતા હતા ત્યારે હું આ જ ગામમાં સાત-આઠ દિવસ રહી ગઈ છું, કાકાબાબુ. એકલી જ રહેલી. ભાઈઓ શું કહેવાના હતા? તેઓ જાણે છે કે હવે હું ઉંમરલાયક થઈ છું. મારું ભલું-બૂરું સમજવાની મારામાં હવે સમજણ છે. તેમને પૂછીને હજુ પણ મારે

ચાલવું જોઈશે એવું કશું બાપુજી કહી ગયા નથી. અને તેઓ પણ મને પોતાની ઈચ્છા પ્રમાણે બળપૂર્વક ચલાવી શકે નહિ. હું કહું છું ને કે આપ જાઓ, પરમદિવસે હું ચોક્કસ આવીશ."

એનો અવાજ એટલી દૃઢતાપૂર્વકનો હતો કે દાક્તર વધુ કશું કહી શકયા નહિ.

"ભલે ત્યારે, તને દબાણ કરીને લઈ જવા હું ઈચ્છતો નથી, અનૂલા! તું તારા કર્તવ્યનું પાલન કર."

અનૂલાએ નીચી નમીને તેમને પ્રણામ કર્યાં.

૨૯

જાય છે

રંજનને જ્યારે સંપૂર્ણ ભાન આવ્યું ત્યારે પોતાની પાસે અનૂલાને જોઈને તે ફાટી આંખે જોઈ રહ્યો. એને થયું કે પોતે સ્વપ્ન જુએ છે!

એ બરોબર ભાનમાં આવ્યો છે તે જોઈને અનૂલા ધીરે ધીરે ઊઠીને બહાર ચાલી ગઈ.

બારણાની સામે જ રામચરણ પોદ્દાર મળ્યો. "રંજનને કેમ છે? બચશે કે નહિ?" વગેરે એ સાદીકને પૂછતો હતો.

સાદીકે ગર્વથી કહ્યું કે, "કલકત્તાથી દાક્તર આવ્યા છે, દવા આપી છે. હવે સારા કેમ ન થાય? આવા ગામડાના વૈદની દવા છ મહિના કરી હોય તોય શું વળે?"

પોદ્દારે પૂછ્યું, "કલકત્તાથી દાક્તરને લાવ્યું કોણ?"

સાદીકે અનૂલાને બતાવીને કહ્યું, "આ ઊભાં તે વહુમા આવ્યાં છે ને, અમારા બાબુજીનાં કુટુંબી, તેઓ જ લઈ આવ્યાં છે."

પોદ્દારે એક વાર અનૂલા તરફ જોયું, કાખમાંથી કાગળ-પત્ર બહાર કાઢીને એક વાર ફેરવી-ફેરવી જોયા, પછી કહ્યું, "ત્યારે તો આ બધું એક વાર એમને જ બતાવી દઉં, મારા પૈસા..."

અનૂલા એમની પાસે આવીને ઊભી રહી. એણે પૂછ્યું, " શું છે ? શાના પૈસા ? "

પોદ્દારે કાગળો આગળ ધરીને વિનયથી કહ્યું, " આ ઘરબાર ને જમીનના ગીરોના પૈસા. "

અનૂલાએ કાગળો હાથમાં લઈ નજર ફેરવી લીધી ને પૂછ્યું, " કેટલા રૂપિયા છે ? "

પોદ્દારે કહ્યું, " જી, રૂપિયા તો બહુ નથી, માત્ર ત્રણસો છે, પરંતુ વ્યાજ બહુ ચડી ગયું છે, એક વરસના લગભગ સાડા ચારસો રૂપિયા થયા છે. "

અનૂલાએ આંખ તીણી કરી કહ્યું, " આટલું બધું વ્યાજ ?"

પોદ્દારે હસીને કહ્યું, " જી, હિસાબ કરીને જોઈ શકો છો. "

અનૂલાએ કાગળ પાછા આપીને કહ્યું, " આજે પાછા જાઓ, જ્યારે બાબુ સાજા થઈ જશે ત્યારે બધું થઈ રહેશે. "

પોદ્દારે કહ્યું, " પરંતુ આપે પતાવી દીધું હોત તો ઠીક હતું, સ્ત્રી સ્વામીની અર્ધાંગના કહેવાય. આપ દેશો એ એણે દીધું જ ગણાય એમ અમારું શાસ્ત્ર કહે છે. "

" હું પણ જાણું છું, પરંતુ જ્યારે તેઓ કહે ત્યારે જ હું આપી શકું, એમ ને એમ તો કેમ અપાય ? "

પોદ્દાર નિરાશ થઈને પાછો ગયો.

અનૂલા પાછી ઓરડામાં ગઈ નહિ, એ વાડામાં જ ફરવા લાગી.

દાક્તર જ્યારે આવ્યા ત્યારે એને જોઈને રંજન ખૂબ જ આશ્ચર્યમાં પડી ગયો : કલકત્તાથી મોટા દાક્તરને લાવ્યું કોણ એ જ એને આશ્ચર્ય થયું !

રોગીને સારો થતો જોઈ દાક્તરને આનંદ થયો, " હવે સાજા

થઈ ગયા છો. આ બંને લક્ષ્મીમાતાએ એવી સેવા કરી કે યમરાજ એમના ખોળામાંથી એમના સ્વામીને ઉપાડી જવામાં રાજી ન રહ્યા."

"એ લક્ષ્મીમાતા!"

રંજન જાણે ચોંકી ઊઠયો. રમા તરફ જોઈને એણે પૂછ્યું: "કોણ આવ્યું છે? અનૂલા?"

રમાએ માત્ર માથું હલાવ્યું.

ત્યારે તો રંજને સ્વપ્ન જોયું નહોતું, એણે અનૂલાને જ જોઈ હતી. એના બિછાના પાસે અનૂલા જ ઊભી હતી. એ જ મ્લાન મુખ, અશ્રુમય આંખો, તે અનૂલા જ.

પરંતુ ભાન આવ્યા પછી રંજન તેને કેમ ન જોઈ શકયો?

દાકતરે દવા બદલાવી દીધી ને કહ્યું, "કાલ નહિ ને પરમ-દિવસે હું આવીશ મા, હવે ભય નથી. તમારા સ્વામી બે-ચાર દિવસમાં જ ઊભા થઈને ફરી કામકાજ કરી શકશે. પથારીમાં કેળનાં પાન પાથરીને ભારે બુદ્ધિ વાપરી છે–ફોલ્લા ફૂટી જાય નહિ, ઘા પડે નહિ. હવે બે-ચાર દિવસ જરા સાવધાની રાખજો, ફોલ્લાની ચામડી કોઈ પણ રીતે ઊખડી ન જાય. અનૂલા તો આજે જ મારી સાથે કલકત્તા આવે છે, તમારા એકલાં પર જ બધી જવાબદારી રહે છે."

રમાએ રૂંધાયલા સ્વરે પૂછ્યું, "દીદીએ આવવાનું કહ્યું?"

દાકતરે કહ્યું, "ના, એણે કાંઈ કહ્યું નથી. હું હમણાં એને જઈને વાત કરું છું. એના ભાઈઓ એને અહીં રાખવામાં નારાજ છે."

તેઓ બહાર આવ્યા. અનૂલા પણ કયાંક ગઈ હતી તે આ વખતે જ પાછી આવી.

"કેમ કાકાબાબુ, દરદીને તપાસ્યા? કેમ લાગ્યું?"

"દરદીને ઘણું સારું છે, હવે બે-ચાર દિવસ સાવચેતી રાખશે એટલે બરાબર થઈ જશે. તારે હવે અહીં વધુ રહેવાની જરૂર નથી અનૂલા, મારી સાથે ચાલ. જમી તો લીધું છે ને?"

અનૂલાએ કહ્યું, "હા, રમા દસ ન વાગે ત્યાં જમવા બેસાડે . ચાલો, હું આવવા તૈયાર છું. હવે મારી અહીં ખાસ જરૂર પણ નથી, તેઓ સાજા થઈ ગયા છે."

રમા બારણા પાસે જ ઊભી હતી. શુષ્ક કંઠે એણે પૂછ્યું: "હમણાં જ જાઓ છો, દીદી?"

અનૂલા પાસે આવીને ઊભી રહી. રમાના ખભા પર એક હાથ મૂકીને શાંતિથી એણે કહ્યું, "હવે વધારે રહેવાય એમ નથી બેન, ત્યાં મારું કામકાજ પણ જોવું જોઈએ ને? ભગવાન પાસે પ્રાર્થના કરું છું કે તને સુખ-શાંતિ મળો ને મારે ફરી અહીં આવવું ન પડે."

રમાની આંખમાં પાણી આવતાં હતાં તે મહામહેનતે રોકીને તેણે પૂછ્યું, "પત્ર લખશો, દીદી?"

અનૂલાએ માથું હલાવ્યું, "ના."

રમા એકદમ ભોંઠી પડી ગઈ.

અનૂલા સમજી ગઈ કે તેને આઘાત લાગ્યો છે, એટલે જરા હસીને કહ્યું, "એક તો પત્ર લખવા જેટલો મને સમય હોતો નથી, છતાં કદાચ સમય કાઢીને પત્ર લખું, પણ એમાં ફાયદો શું? પત્ર લખીને લાગણી જાગ્રત રાખવામાં મઝા નથી, રમા. જ્યાં અંતરનું આકર્ષણ નથી, જ્યાં સ્નેહ, મમતા કે પ્રેમ નથી ત્યાં બાહ્યાડંબર શા માટે?"

રમાએ એક ક્ષણ ચૂપ રહીને કહ્યું, "એમને એક વાર તમે મળશો પણ નહિ, દીદી ?"

"ના રમા, એમને મળવાની મને જરૂર લાગતી નથી. મારે જેટલું કામ હતું તેટલું થઈ ગયું છે. હવે તું સંભાળ રાખજે!"

"ચાલો અનૂલા!" દાક્તરે બૂમ મારી.

અનૂલા ચાલવા જતી હતી ત્યાં રમાએ કહ્યું, "જરા ઊભાં રહો દીદી, પ્રણામ કરી લઉં."

અનૂલા રોકે તે પહેલાં જ તે પ્રણામ કરીને ઊભી થઈ ને પૂછ્યું, "પરમદિવસે તમે નહિ આવો, દીદી ?"

"હવે મારે અહીં આવવાની જરૂર નથી, રમા. હવે તો એમની તબિયત સારી છે, અને તોય કાકાબાબુ પાસેથી બધા સમાચાર મેળવી લઈશ."

તે મોટરમાં બેઠી. ડ્રાઈવરે મોટર ચાલુ કરી. થોડી ધૂળ પાછળ ઉડાડતી ગામડાના રસ્તા પરથી મોટર ચાલી ગઈ.

રમા ઓરડામાં પાછી ગઈ. રંજન આંખ ઉપર હાથ રાખીને સૂતો હતો. તેણે પૂછ્યું, "ગયાં ?"

શુષ્ક કંઠે રમાએ કહ્યું, "હા, ગયાં."

"દાક્તરને અનૂલા જ લાવી હતી ?" રંજને પૂછ્યું.

"હા." રમાએ જવાબ દીધો.

રંજને એક ક્ષણ ચૂપ રહીને કહ્યું, "અનૂલા હવે નહિ આવે ?"

"ના." રમા બોલી.

રંજને વધુ કંઈ પૂછ્યું નહિ.

૩૦

હવે શું?

અનૂલા એમ. એ.ની પરીક્ષામાં ઊંચે નંબરે પસાર થઈ. પુષ્પલે પૂછ્યું, "હવે શું કરીશ?"

"જોઉં છું, બને તો પુરાતત્ત્વના અભ્યાસ માટે વિલાયત જાઉં."

પુષ્પલે મશ્કરી કરી, "હા, હા, ભાઈસાહેબ વિલાયત જઈને એક મેમસા'બ લઈ આવ્યા, હવે તું જઈને એક લાટસા'બ લઈ આવ, એમ ને?"

અનૂલાએ ગંભીરતાથી ડાબો હાથ આગળ કર્યો અને આંગળીથી હાથની બંગડી બતાવી.

પુષ્પલે મોં મચકોડીને કહ્યું, "એની કિંમત શું? એક દમડી માત્ર. એવી તો રસ્તામાં દસ–બાર પડી હોય તોય કોઈ લે નહિ."

"મૂલ્યહીન માનીને કોઈ ઉપાડશે નહિ કે ઉપાડવાની તાકાત નહિ હોય એટલે નહિ ઉપાડે? ભલે ને એક દમડી પણ કિંમત એની ન હોય, પણ એ પહેરવાનો અધિકાર કોને મળે છે તે તો કહે, પુષ્પલ? તને એ સૌભાગ્ય મળેલું નથી, એટલે? પણ જો ક્યારેક એ અધિકાર તને મળે તો?"

પુષ્પલ થોડી વાર ચૂપ રહીને પછી બોલી, "પણ માણસ ઘણી વાર રૂઢિથી દોરાઈને જ કામ કરતો હોય છે, હો અનૂલા?"

"અને મારા સેંથાના સિંદૂર માટે પણ તું એમ જ માને છે?"

પુષ્પલે ઉત્તર વાળ્યો, "માણુસ સેંથો તો ન પૂરે તોપણ ચાલે. ઘણાં નથી પૂરતાં હોતાં. તું પણ પહેલાં ક્યાં પૂરતી હતી? હમણાં હમણાં વળી પૂરવા લાગી છે, અને તેય મને તો લાગે છે કે, પેલા રણેન્દ્ર, વિનિમય મૃગાંક મિત્ર વગેરેને ચીડવવા માટે જ તું સિંદૂર અને ચૂડી પહેરે છે. બોલ, મારી વાત સાચી છે ને?"

"તારી વાત તદ્દન સાચી છે. તે દિવસે આપણી કૉલેજમાં આ ચર્ચા ચાલી હતી કે, પરણેલી સ્ત્રીને બંગડી ને સેંથે સિંદૂર પૂરવાનું કારણ શું? આદમના સમયમાં આવું કશું ચિહ્ન હતું નહિ અને રાખવાની જરૂર નહોતી એવું એ સમયના ઇતિહાસમાંથી આપણે જાણી શકીએ છીએ. એ સમયમાં સ્ત્રી પુરુષની માલિકીની ચીજ હતી, અને પુરુષની શક્તિ પણ સ્ત્રીની માલિકી મેળવવા માટે ખર્ચાતી, અને જે પુરુષ જેટલા દિવસ સ્ત્રીનું ભરણ-પોષણ કરી શકતો એટલા દિવસ એનો સ્વામી બનીને રહી શકતો. આજે પણ 'વીરભોગ્ય વસુંધરા' એમ કહેવાય છે, કારણ કે વસુંધરાને લઈને સમાજ નથી સ્થપાયો પરંતુ સ્ત્રીને કારણે સ્થપાયો છે. પણ આપણે આડી વાતે ઊતરી ગયાં, મૂળ વાત તો એ હતી કે સ્ત્રીના સેંથાનું સિંદૂર અને હાથની ચૂડી બંને પુરુષની સત્તાની નિશાની છે. કુમારિકા પિતાના રક્ષણ નીચે જેટલો સમય રહે તેટલો સમય માત્ર સ્નેહભાવના દાવાથી સ્વતંત્રતાનો ગર્વ રાખી શકે, પછી જે એને ગ્રહણ કરશે તે એના સેંથામાં સિંદૂર પૂરશે; એ લોહીનું ચિહ્ન, એટલે કે રક્તપાત વિના સ્ત્રીનો કબજો લેવાનું એ સમયમાં સંભવિત નહોતું. અને બીજું, હાથમાં ચૂડી પહેરાવશે; આ થઈ સ્ત્રીની શૃંખલા, આ ચિહ્ન જેટલા દિવસ એના હાથમાં રહે તેટલા દિવસ મુક્તિની આશા એને મન માત્ર સ્વપ્નવત્ રહેશે."

પુષ્પલે હસવું રોકીને કહ્યું, "અદ્ભુત વ્યાખ્યા! એના પર

ટીકા થઈ શકે જ નહિ. અમારે તો ભણવાનું શુષ્કતાભર્યું ! દાક્તરી શાસ્ત્ર પણ કેવું કઠોર ! માત્ર હાડકાંનું શાસ્ત્ર શીખવાનું અને એની જ માત્ર શોધ કર્યા કરવાની ! માણસના હાડપિંજરની બહાર હજારો વસ્તુ છે, જેનું પૃથક્કરણ કરવું કઠિન છે. આ ક્ષણે જ હું સમજી કે આજની યુવતી લગ્ન કરવા શા માટે ઇચ્છતી નથી ? એમની ઇચ્છા પાછળ આ મુક્તિની ભાવના રહેલી છે. તેઓનો પ્રયત્ન સફળ થાઓ, તેમની પ્રગતિ કીર્તિવંત હો, એવી જ હું ભગવાન પાસે પ્રાર્થના કરું છું."

અનૂલાએ કહ્યું, "તારી મશ્કરી તો હવે ભારે લાગે છે, પુષ્પલ ! તું ઇતિહાસ વાંચવાની સાથોસાથ થોડી થોડી સાહિત્યસમીક્ષા પણ કરતી જા તો સારું, તો ઘણું ઘણું સમજી શકીશ અને જાણી પણ શકીશ."

પુષ્પલે હાથ જોડયા, "ભગવાન બચાવે ! સાહિત્યસમીક્ષાની હવે મને જરૂર નથી. હું થોડુંઘણું તો સમજું છું કે, તું કેટલાંક માણસોથી દૂર રહેવા માટે જ શ્રમપૂર્વક આટલું બધું સેંથામાં સિંદૂર પૂરે છે ને હાથે ચૂડી પહેરે છે."

અનૂલાએ કહ્યું, "તે સાચું છે. એ બધાં સમજે કે હું સ્વતંત્ર નથી, હું કોઈની માલિકીની છું, અને પાછાં વળે તે માટે આ બધું હું કરું છું."

એક ક્ષણ ચૂપ રહીને એણે કહ્યું, "છતાં પણ તેઓ આવે છે. વીંટળાઈને રહેવા ઇચ્છે છે. મારામારી અને ઝઘડા પણ કરે છે. એ બધું શા માટે છે તે જાણે છે તું પુષ્પલ ? ચોખ્ખી લાલચ માત્ર મારા સૌંદર્યની જ નહિ, પણ મારી સંપત્તિની, મારા બંગલાની. જુવાનોનો આ લોભ મને બહુ વ્યથિત કરી મૂકે છે. મનમાં અતિશય ઘૃણા એમના પ્રત્યે ઉત્પન્ન થાય છે."

પુષ્પલે કહ્યું, "ઠીક, એ તો પછી જોઈશું. વિલાયત જઈને તું આવી ને આવી જ રહીશ તો મને શાંતિ થશે."

એવામાં માયા આવી ચડી. હવે તો તે એક બાળકની માતા બની છે. તેની કેડ પરની છોકરીની ઉંમર માત્ર એક વરસની જ છે. આવીને એણે છોકરીને ઘર વચ્ચે મૂકી દીધી ને પૂછ્યું, "શું વાત ચાલે છે, પુષ્પલ ?"

"તમારી દીકરીની જ વાત છે. અનૂલા કહે છે કે, એ વિલાયત જશે ત્યારે તમારી દીકરીને પણ સાથે લઈ જશે. ત્યાં એને ભણાવશે અને ઉછેરશે." પુષ્પલે જરા હસીને કહ્યું.

માયા છોકરી તરફ જોઈને બોલી, "જો મોટી થવાની હશે તો અહીં જ થશે, તે માટે વિલાયત જવાની જરૂર નહિ પડે, પુષ્પલ ! આપણાં સૌનાં મનમાં એવી એક ભારે મોટી ભ્રમણા છે કે, વિલાયત ન જાય તે શિક્ષિત ન બની શકે. પણ એ વાત સાવ ખોટી છે એમ બધાં જ જાણે છે. આ જો ને, અનૂલાના ભાઈ, વિલાયત જઈ આવ્યા, શું લાભ થયો એમાં ?"

તે જિજ્ઞાસાપૂર્ણ નેત્રે અનૂલા અને પુષ્પલનાં મોં તરફ જોઈ રહી.

પુષ્પલે જરા હસીને કહ્યું, "શિક્ષણ તો જેટલું મળે તેટલું ખરું, પણ સભ્યતા શીખી શકાય એ વાતનો અસ્વીકાર કર્યેથી નહિ ચાલે, ભાભી !"

માયાએ કહ્યું, "એ બધું કહેવાનું, મારી છોકરીને હું બહુ ભણાવવાની નથી. મૅટ્રિક સુધી ભણશે, ત્યારપછી લગ્ન કરી સાસરે મોકલી આપીશ."

અનૂલાનું મોં લાલ થઈ ગયું. એ બીજી તરફ જોઈ ગઈ. પુષ્પલે

કહ્યું, "પણ એવો જમાઈ શોધશોને કે જે તમારી દીકરી કરતાં વધુ ભણેલો હોય ?"

માયા આ સવાલ માટે તૈયાર નહોતી છતાં બોલી, "એ તો કેમ કરીને કહેવાય ? ધારીએ કાંઈ ને થાય કાંઈ ! જવા દે એ વાત, પણ અનૂલા વિલાયત જવાની છે એમ કોણે કહ્યું ?"

અનૂલાએ મોં ઊંચું કર્યું, "મેં જ કહ્યું છે ભાભી, અહીંનું ભણવાનું પૂરું થઈ ગયું, હવે અહીં શું કરવું ?"

માયાએ આશ્ચર્યથી કહ્યું, "કેમ, તમારા ભાઈએ તો ક્યાંક નોકરી અથવા તો પુરાતત્ત્વનો અભ્યાસ કરવાનું નથી કહ્યું ?"

અનૂલાએ કહ્યું, "હું કોઈ શિષ્યવૃત્તિ માટે પ્રયત્ન કરું છું. જો મળશે તો વિલાયત ચાલી જઈશ."

પુષ્પલે કહ્યું, "ભાભી, અનૂલા તો ત્યાંથી સાહેબ સાથે લગ્ન કરીને આવશે–જેમ એના નાના ભાઈ મેમસા'બ લઈ આવ્યા છે ને, તેમ, સમજ્યાં ?" બોલતાં બોલતાં તે હસી પડી.

માયાએ કહ્યું, "હા, એવું એ કરી શકે ખરી, એ ભાઈની જ બેન ને ? લોહી જ એક છે એમ નહિ પણ વિચારો પણ એક છે; તો પછી કામ એક કેમ હોઈ ન શકે ? ત્યારે તો હવે વાત એમ નક્કી થઈ કે ધર્માન્તર કરે તો જ લગ્ન કરી શકે, આ ધર્મમાં તો એ ન બની શકે."

પુષ્પલે ત્રાંસી નજરે અનૂલા તરફ જોઈને કહ્યું, "અનૂલા પણ એમ જ કરશે. આજકાલ તો ઘણી છોકરીઓ એવું કરે છે. એક માત્ર હિંદુધર્મ સિવાય બીજા કોઈ પણ ધર્મમાં જવાથી લગ્ન થઈ શકે છે એવો તો હવે નિયમ થઈ ગયો છે, ભાભી !"

અનૂલાએ કહ્યું, "પણ ભાગ્યની વાત એટલી છે ભાભી, કે મારાથી એવું નહિ બની શકે. મારા સંસ્કાર જ મને એમ કરતી

રોકશે. શિક્ષણ અને સંસ્કાર વચ્ચે અથડામણ થાય તો મને લાગે છે કે મોટે ભાગે સંસ્કાર જ તરી આવે. હું આ બંગાળની સ્ત્રી છું એ વાત હું ભૂલીશ નહિ, ભાભી ! મારી મા મારા દિલમાં આ જ સંસ્કારો રોપી ગઈ છે. તમે મને હિંમત આપો જેથી હું એ જ સંસ્કારો મારામાં જ્વલંત રાખી શકું."

પુષ્પલે મૃદુ હાસ્યથી કહ્યું, "ભાભી નથી જાણતાં, પણ હું જાણું છું અને વિશ્વાસ રાખું છું, અનૂલા કે, આ સંસ્કાર તારામાંથી લુપ્ત નહિ થાય. અત્યાર સુધી મેં જે કહ્યું છે તે મશ્કરીમાં જ કહ્યું છે. હું તને બરાબર ઓળખું છું. તારા વર્તને જ મને તારો પરિચય આપી દીધો છે એટલે હવે એ વિષે વધુ કહેવાની જરૂર નથી. તેં કાંઈ કહ્યું નથી અનૂલા, તેં બધું છૂપું જ રાખ્યું છે, પરંતુ કાકાબાબુએ બધી વાત પ્રકટ કરી દીધી છે."

માયાએ હસીને કહ્યું, "તેમને તેં કેટલીય વિનતિઓ કરી અને લાલચો આપી, છતાં તેમણે વિશ્વાસઘાત કર્યો છે, હો અનૂલા !"

અનૂલાએ બાળકીને ખોળામાં લઈને અમસ્થી અમસ્થી ટીપી અને રડાવી.

પુષ્પલે છોકરીને તેના ખોળામાંથી લઈ લઈને કહ્યું, "બીચારી છોકરીને રડાવવાથી શું મળવાનું છે ? હા, કાકાબાબુનો વાંસો ખોખરો કરી આવ તો એ ઉચિત ગણાય. કેવું આશ્ચર્ય ! અમે કોઈ જાણીએ નહિ ને રાતના નવ વાગે મોટા ઘરની દીકરી એકલી ઘર બહાર નીકળે, દાક્તરની સાથે નક્કી કરે, ને પછી ભાઈને ઘેર જઈને કહે કે ફરવા જાઉં છું. પછી તો રાત્રે મોટરમાં દાક્તરની સાથે રવાના થઈ જાય ને ત્યાં બે દિવસ રહી આવે. અક્ષમ્ય અપરાધ, અનૂલા ! આ અપરાધની કોઈ રીતે અનૂલાને ક્ષમા નહિ મળે ! કેમ, શું કહો છો, ભાભી ?"

માયા ખોટી ખોટી ગંભીરતા બતાવીને બોલી, "ચોક્કસ, એકદમ સાચી વાત. અનૂલાના સાહેબ ભાઈ તો ગુસ્સાથી રાતાપીળા થઈ ગયા. બંગાળી ભાઈ તો માત્ર થોડું હસ્યા. કોઈ કશું ન બોલ્યું, છતાં બંગાળી ભાઈએ કેટલુંક કલ્પીને સમજી લીધું!"

અનૂલાએ પૂછ્યું, "મેમ ભાભી તો કશું ન સમજી, પણ બંગાળી ભાભી તો બધું સમજી ગઈ ને? એ બધાં એનાં જ કારસ્તાન! એ સમજે એટલે મારું તો આવી જ બન્યું!"

માયા હસવા લાગી. પુષ્પલે ઊઠીને કહ્યું, "હવે તો જાઉં ભાઈ. હોસ્પિટલમાં 'ડયુટી' છે." અને આમ બોલીને તે ચાલી ગઈ.

૩૧

સર્વનાશ

રંજનને એક દિવસ અચાનક ચૈતન્યદાસનો ભેટો થયો. હવે એ ભૂખડિયો ચૈતન્યદાસ નથી રહ્યો, હાથમાં પૈસા આવતાંની સાથે જ એના ચહેરામાં અજબ પરિવર્તન થઈ ગયું છે. ચૈતન્યદાસનું શરીર ભરાવદાર બન્યું છે. માથામાં તેલ ચકચકે છે. દસ હાથનું ધોતિયું ને પહેરણ એણે પહેર્યાં છે. પગમાં બૂટ છે.

રંજને પૂછ્યું, "કેમ છે? છો તો બધાં મઝામાં ને?"

ચૈતન્યે એને જોઈને છટકવાનો પ્રયત્ન કર્યો, પણ સામસામા જ આવી પડયા એટલે એ વિવશ બન્યો.

"હા, મઝામાં છું. તમારે ત્યાં સૌ આનંદમાં છે ને? આપનાં પેલાં પત્ની અહીં જ છે, કેમ?"

રંજને જરા હસીને કહ્યું, "ના, તે કંઈ રહેવા માટે આવ્યાં નહોતાં. માત્ર ફરવા આવેલાં, ફરીને પાછાં ચાલ્યાં ગયાં."

"અર્ચનાનું શું છે? એના કાંઈ ખબરખબર મળ્યા કે નહિ?"

ચૈતન્યે શુષ્ક રીતે હસીને કહ્યું, "કેમ કરીને મેળવું? તે છે જ ક્યાં તે સમાચાર મોકલે?"

"એનો અર્થ?"

રંજનને માથે જાણે વીજળી પડી. "આ શું માનવા જેવી વાત છે? અર્ચના નથી? અર્ચના–એ અર્ચના..."

ચૈતન્યે કહ્યું, "મરી નથી ગઈ, જીવતી છે!"

"જીવતી છે? ક્યાં છે?" વિસ્મયથી રંજને પૂછ્યું.

ચૈતન્યે આર્દ્ર કંઠે જવાબ દીધો, "તમને વધુ શું કહું, રંજનબાબુ! એ શરમની વાત ન કહેવી જ સારી. ગામમાં તો મોં બતાવવા જેવું નથી રહ્યું. બધાય આંગળી ચીંધે છે ને હસે છે."

રંજને એકદમ અધીરાઈથી પૂછ્યું, "વાત શું છે તે પહેલાં કહે ને? તમને જોઈને સૌ હસે છે કે નથી હસતા તે તો પછી સાંભળીશ."

તેના કર્કશ અવાજથી ચૈતન્ય જાણે એકદમ જાગૃત થઈ ગયો. તે બોલ્યો, "એ વાત તો કરું છું, રંજનબાબુ! તમે એકદમ ગુસ્સે શા માટે થઈ જાઓ છો? અહીંથી ગયા પછી બે–ચાર દિવસ બાદ એક રાત્રે તે ક્યાંક ચાલી ગઈ છે, ત્યારપછી એનો પત્તો જ નથી."

દોઢ વરસની વાત. રંજન સ્તબ્ધ થઈ ગયો.

"તે ક્યાં ચાલી ગઈ છે એ વિષે કશો પત્તો મળ્યો નથી. મરી ગઈ છે કે જીવે છે તે પણ કોણ જાણે!"

એના કઠોર મોં સામે જોઈને ચૈતન્યને પરસેવો થઈ ગયો. રંજને એક વાર એનો હાથ ઝાલીને દાબ્યો ત્યાં જ એ થરથરવા લાગ્યો.

થોડી વાર ઊભા રહીને ધીરે ધીરે સરી જવાનો ચૈતન્યે પ્રયત્ન કર્યો. રંજને એને અટકાવ્યો, "ઊભો રહે, આજ દોઢ વર્ષથી તે ચાલી ગઈ છે તો અત્યાર સુધીમાં આપ મને એકેય વખત સમાચાર પણ આપી ન શક્યા?"

ક્ષીણ અવાજે ચૈતન્યે કહ્યું, "સમાચાર તો આપ્યા હતા, પણ એ વખતે તમે બીમાર હતા—પથારીવશ હતા."

રંજને એક ક્ષણ ચૂપ રહીને પૂછ્યું, "એની કશી તપાસ કરી હતી?"

"કરી હતી, પરંતુ..." ચૈતન્ય બોલવા ગયો, પરંતુ રંજને એને ધમકાવી કાઢ્યો, "ના, તેં તપાસ કરી જ નથી, તું જુઠ્ઠું બોલે છે. તારે તો સંબંધ હતો એની મિલકત સાથે. જે ક્ષણે એણે તને લખી આપ્યું તે ક્ષણથી તારો એની સાથેનો સઘળો સંબંધ પૂરો થઈ ગયો છે. છતાં તું મને અર્થહીન જુઠ્ઠી વાતો કહે છે? એની તપાસ કરી છે? જા, તારું મોં જોવામાં પણ પાપ છે."

ચૈતન્યે છુટકારાનો દમ ખેંચ્યો ને થોડીક ક્ષણમાં તો એ અદૃશ્ય પણ થઈ ગયો.

રંજન ઘેર આવ્યો. એના પગ ભાંગી ગયા હતા. આ સ્વામી! આને માટે અર્ચનાએ શું શું કર્યું હતું! આને જ એણે બચાવ્યો છે. પોતાનું જે કાંઈ હતું તે બધું આપી દઈને પોતે એક પણ શબ્દ બોલ્યા વિના એક રાત્રે અંધારામાં ક્યાંક અદૃશ્ય થઈ ગઈ છે!

તે રંજન પાસે કેમ આવી શકી નહિ? રંજનના ઝૂંપડા જેવા ઘરમાં અર્ચનાનું સ્થાન ન હતું શું?

રંજન સમજી ન શક્યો કે અર્ચના કેમ ન આવી, જે સ્વામીના ભલા ખાતર અર્ચનાએ બધું છોડી દીધું છે, લોકોની ઘૃણા ને તિરસ્કાર મેળવ્યાં છે એ સ્વામીની ટીકા બીચારી સહી શકી નહિ હોય, રંજન તરફના એના ઉપહાસે અર્ચનાના દિલને આઘાત કર્યો હશે, અને એટલે અર્ચના બધું છોડી ગઈ હશે અને રંજન પાસે આવી નહિ હોય.

ઘેર આવતાં જ રંજન ચમકી ગયો. એને ઘેર માણુસોનું એક ટોળું જામ્યું છે.

ભટ્ટાચાર્ય મશાયે કહ્યું, " અરે રે રંજુ ! પૈસા ઉધાર લેવા માટે તને કોઈ માણુસ ન મળ્યું તે પેલા બેશરમ દલાલ પાસે ગયો ? એ આજે અદાલતની ટાંચ લઈને આવ્યો છે ને તારું ઘર, બાગ, સ્થાવર જંગમ ચીજો–બધું જ જપ્ત કરી લીધું છે. "

રંજને રૂંધાયલા અવાજે પૂછ્યું, " રમા ? એ ક્યાં ગઈ ? "

" વહુમા સાદીકના ઘેર બેઠી છે. " ભટ્ટાચાર્યે કહ્યું.

થોડી વાર અટકીને તેઓ અવાજ ધીમો કરીને બોલ્યા, "આમાં બધું સાદીકે જ વધારી દીધું છે. લાકડી લઈને લૂંટારાની જેમ હોહા કરતો આવ્યો ! ઘરમાં જવા દેવાનું તો દૂર રહ્યું, પણ ઉંબરમાંય કોઈને પેસવા ન દે. શા માટે બાપુ ? તારે આટલી બધી ચિંતા શા માટે કરવી જોઈએ ? આને લીધે જો ફોજદારીમાં પડીશ તો તને બચાવશે કોણ ? આટઆટલું કહ્યું પણ હઠીલો ખરો ને, મારી વાત સાંભળે શેનો ? "

રંજનના મોં પર એકદમ શાંત હાસ્યની રેખા ફૂટી નીકળી. તેણે કહ્યું, " એ ભલે ગરીબ રહ્યો, પણ ઉપકારનો બદલો ઉપકારથી જ વળાય એ વાત એ સમજે છે. "

ભટ્ટાચાર્ય મશાય ગુસ્સો કરીને બોલ્યા, " એ તો કરવું જ જોઈએ. તેં તારી જિંદગી તુચ્છ ગણીને એની સ્ત્રીને અને દીકરીને બચાવ્યાં તો એ કેમ ન કરે ? જો ન કરે તો એ નિમકહરામી ઠરે. અને બીજાને માટે તું તારી જિંદગી ખપાવવા ગયો, એવું બીજા કોનાથી થાય, બાપુ ? એટલે જ મેં કહ્યું કે, ' વહુમા, મારે ઘેર ચાલો, હજાર રીતે અમે તમારા જાણીતા માણુસ ગણાઈએ. નાતના બ્રાહ્મણ, મારે ઘેર આવવામાં શરમ ન હોય' પણ વહુમા તો

મારી વાત અવગણીને એ મુસલમાનના ઘરમાં જ ગયાં. જાત–જન્મ બધું ગયું, કાંઈ સાચવ્યું નહિ."

રંજન આગળ આવ્યો ત્યાં રામચરણ પોદ્દારે એક કાગળ એમના હાથમાં દીધો. જપ્તીનું હુકમનામું !

રંજને કાગળ જોઈને પાછો આપી દીધો ને કહ્યું, "સાવ આટલી હદ સુધી આગળ વધ્યા, પોદ્દાર ! એક માસનો વખત માગ્યો તે પણ દીધો નહિ ! જાઓ, જપ્તી કરવા આવ્યા છો તો કરો. છે માત્ર બે ઓરડા. એમાં પણ છાપરામાંથી ટપ ટપ કરતું પાણી પડે છે. આખી રાત શણિયું અને ઓશીકું લઈ આખા ઓરડામાં દોડાદોડી કરવી પડે છે." બોલતાં બોલતાં હા હા કરતો રંજન હસી પડયો.

તેનું હાસ્ય જોઈને સૌને થયું કે એનું મગજ ચસકી ગયું છે, એટલે સૌ ફાટી આંખે તેના તરફ જોઈ રહ્યા.

એમના તરફ ધ્યાન ન આપતાં રંજને કહ્યું, "ઓરડામાં બે–ત્રણ માટીના ઘડા, ભાંગેલી ટોપલી ને ટીનનાં થાળી–વાટકા છે. એ બધું ખુશીથી તમે લઈ જાઓ, પોદ્દાર ! પણ એથી તમને પૂરતી શાંતિ નહિ મળે. જમીનમાંથી થોડા પૈસા મળશે. પેલાં આંબાનાં ઝાડના પણ કાંઈક પૈસા ઊપજશે. પેલું લંગડા–કેરીનું ઝાડ છે, મારા વડવાએ રોપેલું, દર વર્ષે ફળે છે પણ સરસ. એને માટે મને દુઃખ નથી, કારણ કે જન્મ્યો ત્યારથી એનાં ફળ ખાઈ ખાઈને અરુચિ થઈ ગઈ છે. હવે છૂટથી તમે એનો લાભ લ્યો, ખાઓ, મોજ કરો, વેચો."

એ બે પગલાં આગળ વધ્યો ત્યાં સાદીક એના સામે આવીને ઊભો રહ્યો.

મોટી જબરજસ્ત લાકડી હાથમાં, એવો જ ભયંકર ચહેરો, શરીર ઉઘાડું હતું, માંસની પેશીઓ પણ દેખાતી હતી.

ઘેર આવતાં જ રંજન ચમકી ગયો. એને ઘેર માણુસોનું એક ટોળું જામ્યું છે.

ભટ્ટાચાર્ય મશાયે કહ્યું, "અરે રે રંજુ! પૈસા ઉધાર લેવા માટે તને કોઈ માણુસ ન મળ્યું તે પેલા બેશરમ દલાલ પાસે ગયો? એ આજે અદાલતની ટાંચ લઈને આવ્યો છે ને તારું ઘર, બાગ, સ્થાવર જંગમ ચીજો–બધું જ જપ્ત કરી લીધું છે."

રંજને રૂંધાયલા અવાજે પૂછ્યું, "રમા? એ કયાં ગઈ?"

"વહુમા સાદીકના ઘેર બેઠી છે." ભટ્ટાચાર્યે કહ્યું.

થોડી વાર અટકીને તેઓ અવાજ ધીમો કરીને બોલ્યા, "આમાં બધું સાદીકે જ વધારી દીધું છે. લાકડી લઈને લૂંટારાની જેમ હોહા કરતો આવ્યો! ઘરમાં જવા દેવાનું તો દૂર રહ્યું, પણ ઉંબરમાંય કોઈને પેસવા ન દે. શા માટે બાપુ? તારે આટલી બધી ચિંતા શા માટે કરવી જોઈએ? આને લીધે જો ફોજદારીમાં પડીશ તો તને બચાવશે કોણ? આટઆટલું કહ્યું પણ હઠીલો ખરો ને, મારી વાત સાંભળે શેનો?"

રંજનના મોં પર એકદમ શાંત હાસ્યની રેખા ફૂટી નીકળી. તેણે કહ્યું, "એ ભલે ગરીબ રહ્યો, પણ ઉપકારનો બદલો ઉપકારથી જ વળાય એ વાત એ સમજે છે."

ભટ્ટાચાર્ય મશાય ગુસ્સો કરીને બોલ્યા, "એ તો કરવું જ જોઈએ. તેં તારી જિંદગી તુચ્છ ગણીને એની સ્ત્રીને અને દીકરીને બચાવ્યાં તો એ કેમ ન કરે? જો ન કરે તો એ નિમકહરામી ઠરે. અને બીજાને માટે તું તારી જિંદગી ખપાવવા ગયો, એવું બીજા કોનાથી થાય, બાપુ? એટલે જ મેં કહ્યું કે, 'વહુમા, મારે ઘેર ચાલો, હજાર રીતે અમે તમારા જાણીતા માણુસ ગણાઈએ. નાતના બ્રાહ્મણ, મારે ઘેર આવવામાં શરમ ન હોય' પણ વહુમા તો

મારી વાત અવગણીને એ મુસલમાનના ઘરમાં જ ગયાં. જાત–જન્મ બધું ગયું, કાંઈ સાચવ્યું નહિ. ”

રંજન આગળ આવ્યો ત્યાં રામચરણ પોદ્દારે એક કાગળ એમના હાથમાં દીધો. જપ્તીનું હુકમનામું !

રંજને કાગળ જોઈને પાછો આપી દીધો ને કહ્યું, “ સાવ આટલી હદ સુધી આગળ વધ્યા, પોદ્દાર ! એક માસનો વખત માગ્યો તે પણ દીધો નહિ ! જાઓ, જપ્તી કરવા આવ્યા છો તો કરો. છે માત્ર બે ઓરડા. એમાં પણ છાપરામાંથી ટપ ટપ કરતું પાણી પડે છે. આખી રાત શણિયું અને ઓશીકું લઈ આખા ઓરડામાં દોડાદોડી કરવી પડે છે. ” બોલતાં બોલતાં હા હા કરતો રંજન હસી પડયો.

તેનું હાસ્ય જોઈને સૌને થયું કે એનું મગજ ચસકી ગયું છે, એટલે સૌ ફાટી આંખે તેના તરફ જોઈ રહ્યા.

એમના તરફ ધ્યાન ન આપતાં રંજને કહ્યું, “ ઓરડામાં બે–ત્રણ માટીના ઘડા, ભાંગેલી ટોપલી ને ટીનનાં થાળી–વાટકા છે. એ બધું ખુશીથી તમે લઈ જાઓ, પોદ્દાર ! પણ એથી તમને પૂરતી શાંતિ નહિ મળે. જમીનમાંથી થોડા પૈસા મળશે. પેલાં આંબાનાં ઝાડના પણ કાંઈક પૈસા ઊપજશે. પેલું લંગડા–કેરીનું ઝાડ છે, મારા વડવાએ રોપેલું, દર વર્ષે ફળે છે પણ સરસ. એને માટે મને દુઃખ નથી, કારણ કે જન્મ્યો ત્યારથી એનાં ફળ ખાઈ ખાઈને અરુચિ થઈ ગઈ છે. હવે છૂટથી તમે એનો લાભ લ્યો, ખાઓ, મોજ કરો, વેચો. ”

એ બે પગલાં આગળ વધ્યો ત્યાં સાદીક એના સામે આવીને ઊભો રહ્યો.

મોટી જબરજસ્ત લાકડી હાથમાં, એવો જ ભયંકર ચહેરો, શરીર ઉઘાડું હતું, માંસની પેશીઓ પણ દેખાતી હતી.

રંજને બૂમ પાડી, "ઉંબરમાંથી નીચે આવતો રહે, સાદીક ! અદાલતનો હુકમ પાળવો એ જ ડાહ્યા માણસોનું કામ છે. નકામા ફોજદારી કામમાં દોરાવાથી શું વળવાનું છે ? અને ઘરમાં છે પણ શું ? કાંઈ નથી. જે છે તે વેચશે તો એક પાઈ પણ નહિ મળે. હા, મળશે કાંઈક જમીનમાંથી. બધું છોડીને ચાલ્યો આવ, સાદીક, તારે ઘેર ચાલ."

રંજનના કહેવાની અવગણના સાદીક કરી શક્યો નહિ. લાઠી બગલમાં મારીને એ નીચે આવ્યો અને કહ્યું, "એ ગયો ક્યાં ? એ પોદ્દાર શેઠિયાનો દીકરો ? એક વાર મળે તો દેખાડી આપું કે જપ્તીની કેવી મઝા છે."

પોદ્દાર ક્યાંક સંતાઈ ગયો હતો. તે ફરી દેખાયો નહિ.

૩૨

રોટીની શોધમાં

ગામના માણસોએ રંજનને નાતબહાર મૂક્યો છે. પણ એમાં એને શું લાગે-વળગે છે? સમાજ એને ગ્રહણ ન કરે તો એમાં રંજનને કશી લાભ-હાનિ નહોતી.

સાદીકે એક ઓરડો કાઢી આપ્યો છે. રંજન સ્ત્રી સાથે ત્યાં રહેતો, પણ દિવસ વીતે કેમ કરીને? દરિદ્ર સાદીક પર બોજારૂપ થઈને રહેવાનું એમને માટે અશક્ય હતું.

જ્યાં તે કામ માટે પ્રયત્ન કરવા ગયો ત્યાં એને અપમાન મળ્યું. કોઈએ એને કામ આપ્યું નહિ, કોઈએ એની વાત સાંભળી નહિ.

રંજન હમેશ મ્લાન મુખે પાછો આવે. હતાશાથી એના પગ જાણે ભાંગી પડે.

એક દિવસ રમાએ કહ્યું, "તમે એક વાર કલકત્તા જાઓ, ત્યાં જશો તો ચોક્કસ નોકરી મળશે. પંદર-વીસ રૂપિયા મળે તો એકાદ ઓરડી ભાડે લઈને આપણે રહેશું અને શાક-ભાત ખાઈને જિંદગી વિતાવશું."

રંજને જરા હસીને કહ્યું, "કલકત્તામાં નોકરી! તું જાણે છે રમા કે, કલકત્તામાં નોકરી મળવી બહુ મુશ્કેલ હોય છે? ગામડામાં

કદાચ બેકારો હશે, પરંતુ કલકત્તાની બેકારોની સંખ્યા કરતાં ઓછા. વળી ગરીબી પણ ગામડામાં ઓછી દેખાય છે. અહીં ગમે તે થાય પણ ભૂખે મરી જવાનો વખત ન આવે, પણ જો કલકત્તામાં હોઈએ તો ભૂખે ચોડવાઈ ચોડવાઈને મરવું પડે, કારણ કે એક ગાગર પાણીના પણ ત્યાં તો પૈસા પડે છે."

રમાએ કહ્યું, "પણ આ ગામના જ બેની, હરિ, કેષ્ટો, રાખાલ, મધો–સૌ કલકત્તામાં નોકરી કરવા ગયા છે. ગયા ત્યારે તો એ બધા લખી–વાંચી જાણતા પણ નહોતા, છતાં તેઓએ પણ એકાદ મહિનો મહેનત કરીને નોકરી મેળવી લીધી. તમે તો ઘણું ભણ્યા છો ને તમને નોકરી નહિ મળે?"

"ઘણું ભણ્યો છું! વાત સાંભળીનેય હસવું આવે. કલકત્તા જેવા વસ્તીવાળા શહેરમાં કેટલાય બી. એ.–એમ. એ. થયેલા જુવાનો પણ વીસ–પચીસ રૂપિયાની સામાન્ય નોકરી મેળવી શકતા નથી. કેટલાય ભણેલા બેકારો રસ્તા પર રખડતા માલૂમ પડે છે. ત્યાં જેટલા માણસો વસે છે તેમને યોગ્ય ધંધો આપશે કોણ? કેટલી ઑફિસો, કેટલાં કારખાનાં છે? જેમ નવાં કામો ઊભાં થાય છે તેમ તેમ માણસો ભરાતા જાય છે, પરંતુ બધાને માટે ગુજરાનની જોગવાઈ થઈ છે શું?"

શિક્ષિત બેકારો આપઘાત કરે છે, આત્માનું વેચાણ કરે છે, ચોરી, લૂંટફાટ અને ખૂન કરે છે. રંજન પણ કદાચ તેને માટે એક મુઠ્ઠી અનાજનો ભાગ મેળવી લેશે, પોતાને માટે સાડા ત્રણ હાથ જમીનનો ભાગ મેળવી લેશે. બીજી એની કેટલી યોગ્યતા ગણાય! એક માત્ર દૈહિક શક્તિ એ જ રંજનની પૂંજી છે, એ સિવાય બીજું કશું એની પાસે નથી.

હા; એ પોતાની શક્તિ ખરચીને પૈસા લાવશે, ખોરાક મેળ-

વશે, પરંતુ કલકત્તા જશે શી રીતે ? ટ્રેનભાડું ક્યાંથી કાઢશો ?

અને કલકત્તા જઈ તુરત એને નોકરી મળશે કે નહિ તે પણ નક્કી નથી; એટલે બેત્રણ દિવસના ખોરાકના પૈસા પણ જોઈશે.

રમાના હાથમાં સોનાથી મઢેલી એક ચૂડી હતી, બીજું કશું નહોતું. આટલા દિવસો આવા કષ્ટમાં પસાર કર્યા છતાં રમાએ એને કાઢી નહોતી. સાસુના પહેલા અને છેલ્લા આશીર્વાદરૂપ આ ચૂડીને તે ખૂબ જતનથી જાળવતી હતી.

રંજન તરફ ડાબો હાથ લંબાવીને એણે કહ્યું, "આ સોનું ખોલીને એને વેચી નાંખો, પાંચ–સાત રૂપિયા મળશે."

રંજન મૂંઝાયો. "છીઃ રમા ! તારી ચૂડી પણ ઉતારી લઉં ? મારે એટલી હદ સુધી નથી જવું."

વિનતિભર્યા અવાજે રમાએ કહ્યું, "લઈ લો જોઉં, એમાં કશો જ વાંધો નથી. મૂળ ચૂડી તો મારા હાથમાં જ રહે છે. તમે જીવતા હશો તો મને ઘણીય સોને મઢેલી ચૂડીઓ મળી રહશે."

જીદ છોડીને રંજન બોલ્યો, "તો પછી તું જ ખોલી આપ."

રમાએ કહ્યું, "હું ન ખોલું, તમે જ ખોલી લો. એમાં કંઈ વાંધો નહિ. તમે ખોલી લો."

રંજને એના આગ્રહથી ચૂડી ખોલી નાંખી. પોદ્દાર પાસે ન જતાં સીધો ભટ્ટાચાર્ય મશાય પાસે એ ગયો.

ભટ્ટાચાર્ય મશાય ચૂડીને હેરવી–ફેરવીને બોલ્યા, "બહુ ઓછું સોનું છે, લગભગ કેટલાનું હશે ?"

"બરોબર ખબર નથી, તમે વજન કરો એટલે ખબર પડે."

વજન કરીને જોયું તો તેની કિંમત માંડ સાત રૂપિયા થઈ.

થોડા રૂપિયા રમાને દેતાં રંજને આર્દ્રકંઠે કહ્યું, "જે કદી સ્વપ્ને પણ ધાર્યું નહોતું તે આજે ખરેખર બન્યું છે. હું પોતે તો તને કદી કશું આપી શક્યો નથી, પણ મારી મા તને એનું છેલ્લું ચિહ્ન આપી ગઈ તે પણ મેં લઈ લીધું–નષ્ટ કરી દીધું."

રમાએ સ્વામીના પગે પડી પ્રણામ કરીને કહ્યું, "મને બીજું કશું જોઈતું નથી, માત્ર તમને રોજ પ્રણામ કરી શકું એટલી જ મારી પ્રભુ પાસે પ્રાર્થના છે. આ રૂપિયા લઈને તમે કલકત્તા જાઓ, જઈને નોકરીની તપાસ કરો. નોકરી મળે કે તુરત મને લઈ જજો, ગમે તેમ કરીને હું મારા દિવસો ત્યાં વિતાવીશ"

થોડી વાર અટકીને એણે પૂછ્યું, "મેં સાંભળ્યું છે કે કલકત્તામાં ગરીબ સ્ત્રીઓ ઘરે બેસીને કામ કરીને પૈસા કમાય છે. હું પણ એમ કરીશ. તમે માત્ર નોકરીનો પ્રબંધ કરી આવો. સ્ત્રીઓ સોપારી કાપે, બીડી વાળે, ટોપલીઓ બનાવે–હું પણ એ બધાં કામ કરીને તમને થોડીઘણી મદદરૂપ થઈ શકીશ."

રંજને એક નિસાસો નાખીને કહ્યું, "કદાચ બધુંય કરવું પડે, નોકર પણ થવું પડે."

બોલતાં બોલતાં તે હસ્યો ને બોલ્યો, "સ્ત્રી જ બેકાર સ્વામીને ખવડાવે છે. ભાગ્યવશાત્ આ જાતનું હવે ઘણી જગાએ બનતું જોવામાં આવે છે એટલે તારે શરમાવાને કશું કારણ નથી. લોકો કહેશે કે રમા સ્ત્રી છે, પણ કમાઈને ધણીને ખવડાવે છે–સંસાર ચલાવે છે. આજકાલ એ વાત ઓછા ગર્વની નથી, હો રમા! પછી જોઈએ શું? તું આંખ લાલ કરીને મને વઢીશ, ગુસ્સો કરીને મને ઘરમાંથી બહાર નીકળી જવા કહીશ..."

રમા ગુસ્સે થઈ અને થોડી વાર કશું બોલી નહિ.

પરંતુ જવાબ તો એને દેવો જ પડ્યો. એણે કહ્યું, "આવી

રીતે મારી પાસે હાથ લંબાવવા કરતાં તમે આત્મહત્યા જ કરો. હું પણ કરીશ. હું લખતાં-વાંચતાં જાણતી નથી. દીદીના જેવી કેળવણી મને મળી નથી. હું તો એટલું જાણું કે તમારી સેવા એ જ મારો સાચો ધર્મ છે. તમારા કામમાં જરા મદદ કરી શકું તોયે મારું પરમ સૌભાગ્ય. તમને નીચા બનાવીને હું મોટી થઈ શકું નહિ તે તમે જાણો છો, અને એ જાણવા છતાં વારંવાર તમે આવી રીતે મને સંભળાવો છો..."બોલતાં બોલતાં તે રડી પડી.

વ્યથિત થઈ જઈને રંજન બોલી ઊઠયો, "અરે રે! બાળક જ છો ને? આમ રડી દીધું? મશ્કરીમાં કાંઈક તને કહું તો તું આમ સાચું માની લે છે? ભગવાન કરશે ને હું જ ખર્ચપૂરતું મેળવી શકીશ. તારે કમાવાની જરૂર નહિ પડે. તું મને થોડું શાક ને ભાત કરી દેજે, એ મળશે તો મારાથી બધું જ બનશે."

સાત રૂપિયામાંથી ચાર રૂપિયા રમાને આપી તેણે ત્રણ રૂપિયા પોતાની પાસે રાખ્યા, પરંતુ રમાએ હઠ કરીને એને પાંચ રૂપિયા દીધા અને પોતે બે લીધા. તે બોલી, "હું તો અહીં રહું છું, કોઈક-વાર જ બેચાર પૈસાની જરૂર પડે, પણ તમે જવાના છો ત્યાં તો ડગલે ને પગલે પૈસાની જરૂર પડવાની."

સાદીકને બોલાવીને રુદ્ધસ્વરે રંજને કહ્યું, "રમાને તમારી દેખરેખ નીચે મૂકું છું, સાદીક! હું નોકરીની શોધમાં કલકત્તા જાઉં છું. બેચાર દિવસમાં જ જે મળશે તે નોકરી નક્કી કરી લઈ એને તેડી જઈશ. એની તમે જ સંભાળ રાખજો. તમારા માથે જ એની જવાબદારી મૂકું છું."

સાદીકે અશ્રુપૂર્ણ આંખે જવાબ આપ્યો, "નિશ્ચિંત રહો બાબુજી, સાદીક જીવતો હશે ત્યાં સુધી વહુમાનો એક વાળ પણ કોઈ વાંકો

કરી નહિ શકે. તમે નિશ્ચિંત થઇને જાઓ! નોકરીનું નક્કી કરી લઇને વહુમાને તેડી જજો.”

તે પ્રાણને ભોગે પણ રમાની રક્ષા કરશે એ વિષે રંજનને શંકા નહોતી.

થોડા દિવસ બાદ એક દિવસે સવારની ટ્રેનમાં રંજન કલકત્તા માટે રવાના થઇ ગયો.

૩૩

રમાનાં સુખદુઃખ

રંજન નોકરી શોધે, પણ નોકરી ક્યાં ? રંજન જ્યાં જાય છે ત્યાંથી જવાબ મળે છે કે માણસની જરૂર નથી, અને મ્લાન મુખે તે પાછો ફરે છે.

એના ગામના છોકરાઓ રાખાલ, વજ્રેશ્વર વગેરે કેટલાકે મળીને શ્યામબજારમાં એક ઓરડી ભાડે રાખી હતી. રંજને એમને ત્યાં જ આશરો લીધો હતો.

તેઓની જ મહેનતથી એને એક નોકરી મળી. લોટની ઘંટીએ કામ કરવાનું હતું. રોજના આઠ આના તરીકે પગાર નક્કી થયો.

રોજના આઠ આના એટલે મહિનાના પંદર રૂપિયા થયા.

જો કોઈ જગાએ બે–ત્રણ રૂપિયાના ભાડાથી ઓરડી મળી જાય તો એ અને એની સ્ત્રી બાકીના પૈસામાંથી સારી રીતે ગુજરાન ચલાવી શકે. એ સિવાય જો તે બીજું કાંઈ કામ કરે તો એની પણ આવક થાય.

કારખાનામાં અઠવાડિયે એક દિવસની રજા પડતી. પહેલાં બે અઠવાડિયાં તેણે સખત કામ કર્યું. ત્રીજે અઠવાડિયે શનિવારે રમા માટે એક સાડી, એક કબજો અને એક શંખની ચૂડી લઈને તે રુદ્રપુર ગયો.

એક મહિનો નોકરી કર્યા વિના રમાને તેડી લાવવી એ યોગ્ય નહોતું, એટલે એ વાત સમજાવીને બીજા બે–ત્રણ રૂપિયા રમાને આપીને તે પાછો આવતો રહેશે એમ એણે વિચારી રાખ્યું હતું. એ રૂપિયામાંથી રમા બીજા થોડા દિવસ કાઢી નાખે, એ દરમિયાન રંજન નોકરી કરીને કાંઈક રકમ ભેગી કરે, ઓરડી લે અને પછી રમાને લઈ જાય એવી એની ગણતરી હતી.

રાત્રે લગભગ સાડા આઠે ટ્રેન રુદ્રપુર પહોંચી. શુકલપક્ષી એકાદશીની રાત. શુભ્ર રજત ચંદ્રનો પ્રકાશ ચારે બાજુ પ્રસરી રહ્યો છે.

રંજન ભય જેવી વસ્તુને ઓળખતો નહોતો. રસ્તે આવીને તે ઝટપટ ચાલવા લાગ્યો. માહ મહિનો પૂરો થવા આવ્યો છે. ઠંડી ઘણી ઓછી થઈ ગઈ છે, છતાં ઠંડીની અસર છે. ઝડપથી ચાલતાં એ અસર ઊડી જાય છે. ખુલ્લાં ખેતર ઉપર ચંદ્રનો પ્રકાશ છૂટથી વેરાઈ રહ્યો છે. ક્યાંક કોઈક ખીલેલ આમ્રકળીઓના કુંજમાં કોકિલા અને પપૈયાના કલરવ સંભળાય છે. રજનીગંધા અને આંબાના મોરની મિષ્ટ સુગંધ દક્ષિણનો પવન ખેંચી લાવે છે. એ બધાં તરફ નજર નાખવાનો વખત રંજનને નથી. તે ઉતાવળે પગલે ચાલે છે.

રમાને એણે પત્ર લખીને જણાવ્યું છે કે, નોકરી એને મળી ગઈ છે. બેચાર દિવસમાં તે ઘેર આવશે એમ પણ એણે લખી નાખ્યું હતું. રમાને સ્વપ્ને પણ ખ્યાલ નહિ હોય કે, તેનો સ્વામી એની પહેલી કમાણીમાંથી એને માટે સાડી, કબજો ને શંખની ચૂડી લાવશે, પણ જ્યારે આ બધી ચીજો એના હાથમાં રમા જોશે ત્યારે એ ચોક્કસ કહેવાની કે, “આ બધું કેમ લાવ્યા? શી જરૂર હતી એની?”

રંજન કહેશે, “એ તો મારી મરજી, હું મારી રમાને શણગારવા માટે લાવ્યો છું.”

આ બધી કલ્પના કરતાં કરતાં રંજનનું હૃદય આનંદમાં નાચી ઊઠતું.

ગામમાં પ્રવેશીને તે આગળ ચાલ્યો જતો હતો ત્યાં એને કોઈકે અટકાવ્યો. રસ્તાની પાસે જ ભટ્ટાચાર્ય મશાયનું ઘર હતું. ત્યાં ગામના બધા માણસો ભેગા થયા હતા. હમેશ પ્રમાણે ધમાલ ચાલે છે.

એક જણે બૂમ મારી, " કોણ જાય છે ? "

રંજને ઉત્તર દીધો, " હું, રંજન. "

" રંજન...રંજન..."

બધાનાં મોંમાંથી લગભગ એક સાથે જ રંજનના નામનો ઉચ્ચાર નીકળ્યો.

ભટ્ટાચાર્ય મશાય આગળ આવ્યા. હાથમાં એક ફાનસ હતું. શુભ્ર ચંદ્રનો પ્રકાશ હોવા છતાં ફાનસ ઊંચું કરીને રંજનના મોં પર પ્રકાશ ફેંકીને ગદ્દગદિત સૂરે તેમણે કહ્યું, " ભગવાન સાચો છે ! ભગવાનની કૃપાથી આપણી બૂમ બરોબર પહોંચી. અત્યારે જ સૌને કહેતો હતો કે સવારે જ કોઈ કલકત્તા જાઓ અને બેની અને રાખાલના ઘેર જઈને રંજુની તપાસ કરો ! જુઓ, એ પોતે જ આવી ચડયો ! કોઈને જવું પડયું નહિ ! "

રંજનનો જાણે શ્વાસ બંધ થઈ ગયો. એવી તે શી જરૂર પડી કે એને બોલાવવા માટે કલકત્તા માણસ મોકલવાની જરૂર પડે ? " રમા...રમા તો ઠીક છે ને ? "

પૂછવા ગયો પણ ગળામાંથી અવાજ નીકળી શકયો નહિ, માત્ર " શું થયું છે ? કહો ને ? " એટલું જ એ બોલી શકયો.

ભટ્ટાચાર્ય મશાય બોલ્યા, " એ તો બધું થઈ રહેશે, બાબુજી ! મારા ઓટલે જરા બેસો, જરા આરામ કરો. બધી વાત કહું છું. "

વ્યગ્ર કંઠે રંજને કહ્યું, “ મને બેસવાનો વખત નથી. મારે ઉતાવળ છે. આપને જે કહેવું હોય તે અહીં જ કહો. ”

ભટ્ટાચાર્ય મશાયે ફાનસ ડાબા હાથમાં લઈને જમણે હાથેથી કપાળ કૂટયું, “ હાય હતભાગી ! રસ્તા પર ઊભો રાખીને એ વાત તને કહી શકું, રંજુ ? મેં પહેલેથી જ તને નહોતું કહ્યું કે વહુમાને મારી પાસે રાખી જા ? મારી વાત સાંભળી નહિ ને હવે પોતાના હાથે જ એનું ફળ મેળવ્યું ! ”

રંજન વધુ ઊભો રહી શકયો નહિ, “ તમારે જે કહેવું હોય તે જલદી કહી દો ! ”

ભટ્ટાચાર્ય મશાયે કહ્યું, “ એ વાત તો કહું છું બાબા, ત્રણ દિવસ પછી આજ સાંજે વહુમાનો પત્તો મળ્યો. ”

“ હેં...? ” રંજનને માથે જાણે આભ તૂટી પડયું. ભટ્ટાચાર્ય મશાય બોલવા લાગ્યા, “ ત્યારે હવે હું શું કહું છું રંજુ, ત્રણ દિવસ પહેલાં સાદીક હાંફતો હાંફતો આવ્યો, ‘ વહુમા મળતી નથી.’ સાંભળીને અમારી તો અક્કલ જ બહેર મારી ગઈ. ગામના બધા માણસો શોધવા બહાર નીકળી પડયા. ત્રણ દિવસ સુધી શોધી શોધીને સૌ હેરાન થઈ ગયા ત્યારે આજે સાંજે રાયજીના બાગમાંથી એનો પત્તો મળ્યો. ”

રંજન મંત્રમુગ્ધ બની ગયો ને પૂછયું, “ પછી ? ”

ભટ્ટાચાર્યે કહ્યું, “ પછી વળી શું ? ગઈ છે એ જ સાદીકને ઘેર. એવું તે હવે કોણ હોય કે એને રાખે ? તોપણ જરા વિચાર તો કરવો જોઈએ, એક નાત તો ખરી ને ? સમાજની અંદર આવા બનાવ અમે કદી સહન ન કરી શકીએ. ”

રંજન આગળ સાંભળી શકયો નહિ. તે બે ડગલાં આગળ ચાલ્યો.

સાથોસાથ ચાલતાં ભટ્ટાચાર્ય મશાય ધીરેથી બોલ્યા, "આ બધાં પેલાનાં જ કામ બાપુ, એ સાદીકનું જ કામ, મેં એ વખતે જ કહ્યું હતું..."

રંજન જોર જોરથી પગ ઉપાડવા લાગ્યો, "કામ ગમે તેનું હોય, પણ સાદીક નિરપરાધ છે. એના ઉપર મને વિશ્વાસ છે. ત્યાર–પછી પણ તમારે જો કાંઈ કહેવાનું હોય તો કાલ સવારે એનો વિચાર કરશું. આજ આવ્યા છો એમ કાલે આવજો અને મને નાત બહાર મૂકજો."

સાદીકની ઝૂંપડી નિઃસ્તબ્ધ હતી. વાડામાં ઊભા રહીને રંજને બૂમ મારી, "રમા ?"

જવાબ ન મળ્યો.

રંજને ફરી વાર મોટેથી બૂમ મારી, "રમા ? રમા ?"

ઓરડાનું બારણું ઊઘડયું.

રંજને કહ્યું, "રમા ! હું આવ્યો છું."

ઓરડામાં દીવો ચેત્યો. રમા ઓસરીમાં આવીને ઊભી રહી. સાદીક આવીને રડી પડયો, "હું વહુમા ને સાચવી શકયો નહિ, બાબુજી ! વહુમાને..."

રંજને ગંભીરતાથી કહ્યું, "સાદીક, આજે હું બહુ થાકી ગયો છું, કાલે બધી વાત."

સાદીક ચાલ્યો ગયો. રંજનની સામે જ રમા ઊભી રહી.

રંજને કહ્યું, "મેં આવતાં આવતાં રસ્તામાં બધું જ સાંભળ્યું, રમા ! સાથોસાથ એ વિષે નક્કી પણ કરી નાખ્યું છે."

રમા કંપતી હતી–એક શબ્દ પણ એ બોલી શકી નહિ.

રંજને કહ્યું, "કાલ સવારે ગામના માણસો તારે માટે વિચાર

કરવા અહીં આવશે. એમના આવતાં પહેલાં આપણે ગામ છોડીને ચાલ્યાં જઈએ, તું તૈયાર થા.”

ક્ષીણકંઠે રમાએ પૂછયું, “ ક્યાં ? ”

“ કલકત્તા. ” રંજને જવાબ દીધો.

“ પરંતુ હું...હું...જે...”

પોતાની જાતને સંભાળવા અસમર્થ નીવડેલી રમા પછડાટ ખાઈને રંજનના પગમાં પડી: “ અરે, સાચું કહું છું કે મને ગુંડા જ પકડીને લઈ ગયા હતા. હું તો ખરેખર બધું ગુમાવીને મરવા માટે જ તૈયાર થઈ હતી, એ વખતે જ આત્મહત્યા કરત અને પાછી આવત નહિ, પરંતુ માત્ર એક વાર તમને જોવા માટે થઈને જ પાછી આવી છું. ”

રંજને સ્નેહથી એનો હાથ પકડયો, “ હું એ બધું જાણું છું. હું તારા અંતરને જાણું છું, રમા ! તારે હવે કશું કહેવાનું નથી. હું રમાને ઓળખું છું, એટલે જ આ બધાં હિંસક પશુઓની સામેથી રમાને લઈને ચાલ્યો જવા ઇચ્છું છું. કોનો ડર છે રમા ? તારા સ્વામીનો સ્નેહ-પ્રેમ તેં ગુમાવ્યો નથી. હું તને ગ્રહણ કરું છું, તારો ત્યાગ કરતો નથી. ઊઠ, તારી ચીજ-વસ્તુઓ લઈ લે. ”

રમા ઊઠીને બેઠી થઈ. એના ખોળામાં કલકત્તાથી આવેલ કપડાં ને ચૂડી પડયાં હતાં. બંને હાથે મોં ઢાંકીને રમા અભાગિનીની જેમ રડી પડી.

૩૪

ઘરની વહુ

"કૉલેજ જાઉં છું." કહીને હજુ તો અનૂલા બહાર નીકળી નથી, ત્યાં રંજન આવી ચડયો.

પાંચ–છ વર્ષ પહેલાં ચંદ્રમોહન જીવતા હતા ત્યારે તે આવ્યો હતો. ત્યારપછી પાંચ–છ વરસ તે દૂર ચાલી ગયો હતો. આજે ફરી વાર એ જ મકાનના દરવાજે આવીને તે ઊભો રહ્યો છે.

ડ્રાઈવર મોટરનું હોર્ન વગાડતો હતો તે તરફ ન જોતાં એ રંજન તરફ ફરી.

સુક્કો ચહેરો જોતાં લાગતું હતું કે કાલ આખી રાત એ નથી ઊંઘ્યો કે નથી ખાધું–જાણે એક મોટું વાવાઝોડું એના ઉપરથી પસાર થઈ ગયું છે.

અનૂલા વિસ્મિતભાવે એના તરફ જોઈ રહી. કશું પૂછવા જાય એ પહેલાં જ રંજન બોલી ઊઠયો, "આજે મહાસંકટ આવી પડવાથી તમારી પાસે આવ્યો છું, અનૂલા! તમે ઘણી વખત, ઘણી રીતે, મદદ કરતાં આવ્યાં છો પણ તમારી પાસેથી કદી જરાય મદદ લીધી નથી–લઈશ નહિ એવી પ્રતિજ્ઞા કરી હતી–પરંતુ કમનસીબે તમારી સહાયની અત્યારે મને જરૂર પડી છે. આજ તમારી દયા સિવાય મારે માટે બીજો કશો ઉપાય નથી, અનૂલા! મને મદદ કરનાર આજે કોઈ નથી."

અનૂલાએ કહ્યું, " અંદર આવો, આપણે અંદર નિરાંતે બેસીને વાત કરીએ."

ડ્રાઈવરને બોલાવીને એણે કહ્યું, " ગાડી ગૅરેજમાં લઈ જા, આજે કૉલેજે નથી જવું."

રંજનને સાથે લઈને તે ઉપર પોતાની ઓરડીમાં ગઈ.

એક ખુરસી બતાવીને કહ્યું, "બેસો, શું થયું છે તે હવે કહો."

રંજન બેઠો નહિ. ખુરસીને ટેકો દઈને એ ઊભો જ રહ્યો ને બોલ્યો, " હું તમારી પાસે આશ્રય માગું છું, અનૂલા! આજ મને કે મારી રમાને હવે સમાજ સ્વીકારશે નહિ, મરણ સિવાય મને કે રમાને આજે કશો આશ્રય નથી. હું એને આશ્રય આપત પણ મારે પોતાને જ આશ્રય નથી, દેવામાં ઘરબાર બધું ગયું છે."

અનૂલાએ કહ્યું, " પણ હું તમારું ઘર રાખવા ઇચ્છતી હતી."

" તમે ઇચ્છ્યું પણ મેં લીધું નહિ, કારણ કે ત્યારે ઘર માટે કોઈની મદદ લેવામાં મને નાનપ લાગતી હતી. આજે એ જ હું રંજન તમારી પાસે મદદ માગું છું–આશ્રય માગું છું; મારા માટે નહિ પણ દુર્ભાગી રમા માટે."

એક ક્ષણ ચૂપ રહીને રુદ્ધસ્વરે તે બોલ્યો, " દુર્ભાગી, લૂંટાયલી સ્ત્રી! સમાજ તેને દંડ કરીને હમેશ માટે નાત બહાર મૂકવા અને મારી સાથેનો બધો સંબંધ છોડાવી નાખવા માગે છે. મારાથી એ બની શકે એમ નથી, અનૂલા! તેનો ત્યાગ હું કરી શકયો નહિ અને તેને આશ્રય દેવા માટે મારી પાસે જગા પણ નથી. હું જ બીજાના આશરે રહીને દિવસના આઠ આના કમાઉં છું."

અનૂલા ઉત્તેજિત થઈને બોલી ઊઠી, " તમે દિવસના આઠ આના માટે કામ કરો છો? કયાં? કયાં રહો છો?"

રંજને શુષ્ક હસીને કહ્યું, "લોટની ચક્કીમાં કામ કરું છું ને ગામમાં એક મકાનમાં રહું છું. પણ એ બધી વાત રહેવા દો, અનૂલા ! રમાને હું લઈ આવ્યો છું. ચોરની જેમ અર્ધી રાત્રે એને લઈને ચાલીને સ્ટેશને આવ્યો ને આજ સવારની ટ્રેન પકડી. હવે શું કરું ? એને ક્યાં લઈ જાઉં ? તમારી પાસે એને જગા મળશે કે નહિ ?"

અનૂલાએ વ્યગ્રતાથી પૂછ્યું, "રમા આવી છે ? ક્યાં છે એ ?"

રંજને કહ્યું, "હું જાણતો નહોતો કે તમારી પાસે એને આશ્રય મળશે કે નહિ, એટલે એને હું સ્યાલદા સ્ટેશને મૂકીને આવ્યો છું."

અનૂલાએ પૂછ્યું, "ધારો કે હું આશ્રય ન આપું, તો એને ક્યાં લઈ જશો ?"

એ આવો પ્રશ્ન કરી શકશે એવો ખ્યાલ રંજનને ન હતો, એટલે આ પ્રશ્નથી તે મૂંઝાઈ ગયો. એક ક્ષણ ચૂપ રહીને તેણે કહ્યું, "ક્યાં લઈ જઈશ તેની અત્યારે તો ખબર નથી, જ્યારે લઈ જવી પડશે ત્યારે એ નક્કી થશે. તમે જો આશ્રય નહિ આપો તો એને સાથે લઈને રસ્તા પર મારે રખડવું પડશે. હમેશને માટે રસ્તો જ અમારો આશરો બનશે. એને છોડી દઈ નહિ શકાય, અનૂલા ! કારણ કે સૌનું સૌ કોઈ છે પરંતુ એનું કોઈ નથી–કશું નથી."

અનૂલાએ કહ્યું, "જાણું છું, તમે જાઓ. રમાને લઈ આવો. હું એને મારી પાસે રાખવાનું વચન દઉં છું."

"ઓહ ! મને બચાવ્યો, અનૂલા ! મને તમે..." અનૂલાએ એને રોક્યો, "રહેવા દો, વધારે વખાણની જરૂર નથી. તમે પહેલાં એને લઈ આવો."

ઘંટી વગાડતાં જ નોકર આવીને ઊભો રહ્યો. અનૂલાએ કહ્યું,

" ડ્રાઈવરને કહે કે હમણાં જ બાબુજીને લઈને સ્યાલદા જવાનું છે ને તુરત જ પાછા આવવાનું છે."

રંજને કહ્યું, " ના ના, મોટર નથી લઈ જવી. એની પાસે એમાં બેસવા જેવાં કપડાં પણ નથી, અને મોટરમાં અમ જેવાને બેસવાનું પણ ન શોભે. હું એને રિક્ષા કરીને લઈ આવું છું."

તે ચાલવા લાગ્યો.

અનૂલા સાથોસાથ ચાલતાં બોલી, " પણ એક વાત સાંભળો, તમે પણ અહીં રહેજો. લોટની ચક્કીની નોકરી છોડી દેશો ને ?"

પાછા ફરી તેના તરફ જોઈને રંજને કહ્યું, " એને તમે તમારી પાસે રાખી શકો છો, અનૂલા ! તેની કશી ઓળખ કોઈને ન આપવા છતાં તમે રાખી શકશો, પણ મારું અહીં રહેવાનું તો મુશ્કેલી ઊભી કરશે."

તેની વાત અનૂલા સમજી હતી છતાં પૂછ્યું, " શાની મુશ્કેલી ઊભી થશે ?"

રંજને કહ્યું, " ઓળખાણ આપવાનું મુશ્કેલ બનશે. જ્યારે માણસો પાસે સ્વામી તરીકે મારી ઓળખાણ દેવી પડશે ત્યારે બહુ અગવડતા પડશે, કારણ કે હું મૂર્ખ દરિદ્ર..."

" એ હું જોઈ લઈશ, એ માટે તમારે ચિંતા કરવાની નથી."

રંજન ચાલ્યો ગયો.

નવા ઘરમાં તે દિવસે વાસ્તુ હતું. સૌને આમંત્રણ આપ્યાં હતાં. માયા અને નિરુપમ મુખ્ય માણસો તરીકે વધારે ઉત્સાહથી કામ કરતાં હતાં.

અનુપમ, તેની સ્ત્રી, પુષ્પલ અને અનૂલાનાં મિત્રો અને સખીઓ સૌ મહેમાન બન્યાં છે.

અનૂલાની મશ્કરી કરતાં આજે પુષ્પલ થાકતી નથી. તેણે ...રી પાસ કરીને મેડિકલ કૉલેજમાં નોકરી લીધી છે અને સેવામાં જીવન સમર્પી દીધું છે.

માયાએ સૌને રંજન અને રમાની ઓળખાણ આપી.

બીચારી રમા! શરમથી તે જડવત્ બની ગઈ છે. અનૂલા એને ...જ કાઢવા દેતી નથી.

અનૂલાને જરા દૂર લઈ જઈને પુષ્પલે પૂછ્યું, "આને તું કેવી ...તે સહન કરી શકીશ?"

અનૂલાએ હસીને જવાબ આપ્યો, "બંગાળની સ્ત્રી બધું જ ...હન કરી શકે, પુષ્પલ! એ સહનશક્તિ એને માટે કાંઈ નવીન ...થી. મારામાં એ શક્તિ છે, જો એ શક્તિ એ લોકોને સહેજે ...મ લાગી શકશે તો હું મારું જીવન ધન્ય માનીશ. બાપુજીનો ...આશીર્વાદ હું ભૂલી નથી હો, પુષ્પલ!" હાથ જોડીને એણે ...સ્વર્ગસ્થ પિતાને પ્રણામ કર્યાં.

પુષ્પલે પૂછ્યું, "હવે દીકરીનો હક્ક તારો ન ગણાય, તો તને અમારે શું કહીને બોલાવવી, અનૂલા?"

અનૂલાએ ઓરડા તરફ જતાં જતાં હસીને કહ્યું, "હવે હું દીકરી નથી—બેન નથી, હવે તો હું ઘરની વહુ છું. તમે હવેથી મને ઘરની વહુ જ માનો એવી આશા રાખું છું."

ઓરડામાં આવી ટેબલની પાસે ઊભી રહીને પુષ્પલે કહ્યું, "આજે હું સૌને એક નવા સમાચાર આપું છું. તમો સૌ જાણો છો કે આપણી અનૂલાનું બાળપણમાં લગ્ન થયું હતું અને તેણે બંગાળની વહુનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું, પણ એ વાત આટલા દિવસ સુધી કોઈ જાણતું ન હતું, જુદી જુદી જાતના સંજોગોને લીધે એ વાત છૂપી રહી હતી. આટલા દિવસ પછી આજે હું

તમને સૌને ગર્વ સાથે જણાવું છું કે, અનૂલા આજે પુત્રી નથી—નથી. એને આપણે સૌએ બંગાળની વહુ તરીકે સ્વીકારવાની એટલે હવે આજથી..."

મોટાભાઈ ખૂબ આરામથી પાન ચાવતાં ચાવતાં બોલ્યા, "પિતાજી આજે હોત તો ખરેખર બહુ જ ખુશી થાત!"

માયાએ કહ્યું, "એમનો આત્મા આજે સ્વર્ગમાંથી આશીર્વાદ મોકલે છે. એમણે હમેશ કલ્યાણની ભાવના ભાવી છે એ કારણે જ આજે આ અસંભવિત બનાવ બન્યો, નહિ તો કોઈને આશ નહોતી કે અનૂલા વિલાયત જવાનું માંડી વાળીને સંસાર માંડશે."

મોટાભાઈએ કહ્યું, "ઘર માંડે પછી હમેશ એક વાર રમાના હાથનું શાક ખાવા આવવું જોશે! તું શું કહે છે માયા? ગામડાની સ્ત્રીઓની રસોઈ સુંદર હોય, ખરું ને?"

રમા શરમાઈને એકદમ માથાના વસ્ત્રને આંખ સુધી તાણવા જતી હતી ત્યાં અનૂલાએ તેનો હાથ પકડી લીધો, "વાળી પાછું એનું એ?"

રમાના શરમાયેલ મુખ તરફ જોઈને સૌ હસી પડયાં.

નિસર્ગોપચારની દૃષ્ટિએ ચાલતી ગુજરાતની
એકની એક ગ્રંથાવલિ

આરોગ્ય ગ્રંથાવલિ

ત્રણ વર્ષથી ચાલતી આ ગ્રંથાવલિનાં પ્રકાશનો અનેક ગામમાં અનેક ઘરમાં પહોંચ્યાં છે. આ ગ્રંથાવલિમાં જટિલ કશું છે નહિ. સાદી, સીધી અને સ્પષ્ટ રીતે નિસર્ગોપચારની પદ્ધતિએ રોગોનું નિદાન અને એનું નિવારણ હોય છે. દવાના બાટલા કે ઈંજકશનોના સૂયા ખાવાના આમાં નથી. કુદરતે સર્જેલો આહાર પણ માનવી એવી રીતે ખાતા હોય છે કે એની હોજરી પણ એ પછી જીરવી નથી શકતી. ત્રીજા વર્ષના પહેલા પુસ્તક 'ઉપવાસ કેમ અને કયારે?'માં તમે આ વસ્તુની પિછાન કરજો. બીજું પુસ્તક 'શરીરરચનાનું રહસ્ય' એક નવી દૃષ્ટિ આપે છે. એમાં તેર ચિત્રો છે. 'જાતીય રોગો : એનાં કારણો અને નિવારણ' અને 'સ્ત્રીઓનાં દર્દો અને તેના ઉપાયો'- આ બંને પુસ્તકો અનુક્રમે જુલાઈ અને ઓકટોબરમાં પ્રગટ થશે. બંને પુસ્તકોના પ્રશ્નો આપણા સંસારજીવનના કરુણ અને ગંભીર પ્રશ્નો છે. નિસર્ગોપચાર આ રોગો અને આ પ્રશ્નોમાં શું કહે છે અને શો ઈલાજ બતાવે છે તે વાંચવાનું ન ભૂલતા. અગાઉનાં એકવીસ પુસ્તકોનો પરિચય જો તમે ન કર્યો હોય તો અવશ્ય કરજો. એમાં દવાથી થાકેલા માટે નવું જીવન છે, નવી આશા છે અને એમાં આરોગ્યશાસ્ત્રનું નવું તત્ત્વજ્ઞાન છે.

બાળકોનાં નાનાં હૈયાંમાં આશા અને જ્ઞાન પૂરતી
સચિત્ર ગ્રંથાવલિ

અમારું પુસ્તકમાળા

બાળકો અને કિશોરોને નિર્મળ વાચન અને જ્ઞાન આપતી આ પુસ્તકમાળા એક વરસમાં બાર સચિત્ર પુસ્તિકાઓ આપે છે. પહેલા વર્ષની બાર પુસ્તિકા મોરનાં પીછાં જેવી સુંદર અને આભના ચાંદા જેવી રૂપાળી છે. એમાં શંકરાચાર્યનું પ્રતાપી અને વીર જવાહરલાલનું તેજસ્વી જીવનચરિત્ર છે. ચણીબોર જેવાં મીઠાં બાળગીતોના બે સંગ્રહો છે. સાગરનો ખોળો ખૂંદતા ખારવાની સાહસકથા ‘ભરદરિયે’માં વાંચીને તમનેય જિજ્ઞાસા થશે. રામભાઈના ‘પ્રવાસ-પત્રો’ બાળકોમાં પ્રવાસનો શોખ જગાડશે અને સોમાભાઈની, હેમુભાઈની તથા ચારુદત્તની ટૂંકી વાર્તાના ત્રણ સંગ્રહો આપણા જ આંગણાનાં બાળકોનો અને રહેવાસીનો પરિચય આપશે. ‘સૌની વાતો’માં તારાબેન, મોંઘીબેન તથા બીજા લેખકો સાંજે આંગણામાં ભેગાં મળીને બેસીએ તેમ આ સંગ્રહમાં ભેગાં થયાં છે એનોય સ્વાદ લેવા જેવો છે. અને છેલ્લે સ્વ. ગિજુભાઈએ પોતાના નાનપણનાં સંભારણાં ‘હજીય મને સાંભરે છે’ એમાં લખીને આ પુસ્તકમાળાને શોભાવી છે. તમારાં બાળકોને આ બધા મિત્રોનો પરિચય એક વાર તો કરાવજો.

સામાન્ય જનતાનું સચિત્ર માસિક

નવચેતના

આ પ્રકારનું ગુજરાતમાં આ એક જ માસિક છે. એનું સસ્તાપણું પણ અજોડ છે. દર મહિને ચાલીસ પાનાંનું વાંચન આપતું આ માસિક વાર્તાઓ, લેખો, જીવનચરિત્રો, પ્રવાસવર્ણનો, 'આપણી આસપાસ' અને 'સંસારચક્ર' ઇત્યાદિ સામગ્રી નિયમિત અને સચિત્ર આપે છે. મધ્યમ વર્ગનાં કુટુંબો માટે આની તોલે આવે એવું એક પણ માસિક નથી એવો વિદ્વાનો તથા સામાન્ય લોકોનો અભિપ્રાય છે. કોઈ પણ માસથી એક વર્ષ માટે એના ગ્રાહક થઈ શકાય છે. નવા વરસથી એમાં નવાં આકર્ષણો ઉમેરાયાં છે.

દર વર્ષે બસો પાનાંનું એક સુંદર ભેટપુસ્તક પણ આપે છે.

આ વર્ષનું ભેટપુસ્તક

[illegible]

[સામાજિક નવલકથા]

દેશમાં	બ્રહ્મદેશમાં	પરદેશમાં
૨—૮—૦	૩—૦—૦	૪—૦—૦

[illegible]

[illegible]

[illegible]

JACKET PRINTED BY LORDK N PRINTERY KHADIA-AHMEDABAD